| | | | |
|---|---|---|---|
| કેસ કમીટ કર્યા તારીખ | ૦૭/૧૧/ ૨૦૧૯ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૮/૧૧/ ૨૦૧૯ | | |
| ફેંસલ તારીખ | ૨૨/૦૯/ ૨૦૨૫ | | |
| | વર્ષ | માસ | દિવસ |
| સમયગાળો | **૦૫** | **૦૯** | **૨૫** |

सत्यमेव जयते

# મહે. એડીશનલ પ્રિન્સિપાલ જજ તથા એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં, સિટી સિવીલ એન્ડ સેશન્સ કોર્ટ નં.૦૨, મુ. અમદાવાદ

## સેશન્સ કેસ નંબર:–૪૫૯/૨૦૧૯
## (ચુકાદાની તારીખ:–૨૨/૦૯/૨૦૨૫)

| | |
|---|---|
| **ગુનોઃ–** | વિવેકાનંદનગર પોલીસ સ્ટેશન, ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર –૨૯/૨૦૧૯, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૪૨૭, ૪૦૩, ૫૦૬(૨), ૧૧૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી), ૩૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧)અન્વયે. |

### ફોર્મ–એ

| | |
|---|---|
| **ફરિયાદીઃ–** | શ્રી સરકાર<br>(મૂળ ફરિયાદીઃમોહીતભાઈ સત્પ્રસાદ શર્મા ) |
| **વિ.એડી.પી.પી.શ્રીઃ–** | શ્રી જી.પી.દવે |
| **આરોપીઓઃ–** | (૧) શૈલેષ ઉર્ફે ટાઈગર ગણેશભાઈ રબારી ઉ.વ.૨૭<br>(૨) પાર્થ ઉર્ફે ભોલ્યો જયરામભાઈ રબારી ઉ.વ.૨૪<br>(૩) મહેશ ઉર્ફે માંજરો નવઘણભાઈ રબારી ઉ.વ.૨૨ –**UTP**<br>(૪) અમીત ઉર્ફે અમરત માલજીભાઈ દેસાઈ ઉ.વ.૨૭<br>(૫) વિપુલભાઈ માલજીભાઈ દેસાઈ ઉ.વ.૧૯<br>(૬) બીરજુભાઈ ભલાભાઈ રબારી ઉ.વ.૧૯ –**UTP**<br>(૭) મનુભાઈ ઉર્ફે મનુ ભુવો લીલાભાઈ દેસાઈ ઉ.વ.૩૧<br>(૮) રવિભાઈ મેલાભાઈ રબારી ઉ.વ.૧૯ –**UTP**<br>(૯) પ્રજ્ઞેશભાઈ ઉર્ફે પકો લક્ષ્મણભાઈ રબારી ઉ.વ.૩૦<br>(૧૦)અનિકેત ઉર્ફે અનીકેત ભુવો માલજીભાઈ રબારી ઉ.વ.૨૦<br>(૧૧)જશુભાઈ ઉર્ફે જહુ ભુવો પ્રભાતભાઈ દેસાઈ ઉ.વ.૫૫<br>તમામ રહે.ગામ–હાથીજણ, રબારીવાસ, તા.સિટી પૂર્વે, અમદાવાદ |
| **આરોપી નંબર ૧, ૪, ૫, ૮, ૯ અને ૧૦ તરફે વિ.વકીલશ્રીઃ–** | શ્રી એસ.બી.પ્રજાપતિ |

| | |
|---|---|
| **આરોપી નંબર ૨, ૩, ૬ અને ૭ તરફે વિ.વ.શ્રીઃ–** | શ્રી આર.જે.ગોસ્વામી |
| **આરોપી નંબર ૧૧ તરફે વિ.વકીલશ્રીઃ–** | શ્રી કે.આર.ચકવાવાલા |

## ફોર્મ – બી

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખઃ–** | તા.૨૦/૦૭/૨૦૧૯ |
| **ફરિયાદની તારીખઃ–** | તા.૨૧/૦૭/૨૦૧૯ |
| **ચાર્જશીટની તારીખઃ–** | તા.૧૪/૧૦/૨૦૧૯ |
| **તહોમત ફરમાવ્યાની તારીખઃ–** | તા.૧૭/૦૫/૨૦૨૩ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખઃ–** | તા.૧૩/૦૬/૨૦૨૩ |
| **ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યાની તારીખઃ–** | – |
| **ચુકાદાની તારીખઃ–** | તા.૨૨/૦૯/૨૦૨૫ |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો,** | – – – |

**<u>આરોપીની વિગતઃ–</u>**

| **આરોપી નંબર** | **આરોપીનું નામ** | **ધરપકડની તારીખ** | **જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત** | **ક્યા ગુનાનો આક્ષેપ છે?** | **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ?** | **શું સજા કરી?** | **ક્રિ.પ્રો.કોડ ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે.** |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | શૈલેષ ઉર્ફે ટાઇગર ગણેશભાઈ રબારી | તારીખ ૨૨/૦૭ ૨૦૧૯ | જામીન મુકત છે. | ઈ.પી.કો. કલમ ૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૪૨૭, ૪૦૩, ૫૦૬(૨), ૧૧૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી), ૩૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) | નિર્દોષ | – | – |
| ૦૨ | પાર્થ ઉર્ફે ભોલ્યો જયરામભાઈ રબારી | તારીખ ૨૨/૦૭ ૨૦૧૯ | જામીન મુકત છે. | | નિર્દોષ | – | – |
| ૦૩ | મહેશ ઉર્ફે માંજરો નવઘણભાઈ રબારી | તારીખ ૨૨/૦૭ ૨૦૧૯ | **<u>યુ.ટી.પી.</u>** | | નિર્દોષ | – | – |
| ૦૪ | અમીત ઉર્ફે અમરત માલજીભાઈ | તારીખ ૨૨/૦૭/ ૨૦૧૯ | જામીન મુકત છે. | | નિર્દોષ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | દેસાઈ | | | | | | |
| ૦૫ | વિપુલભાઈ માલજીભાઈ દેસાઈ | તારીખ ૨૬/૦૭ ૨૦૧૯ | જામીન મુકત છે. | | નિર્દોષ | – | – |
| ૦૬ | બીરજુભાઈ ભલાભાઈ રબારી | તારીખ ૨૨/૦૭ ૨૦૧૯ | **<u>યુ.ટી.પી</u>.** | | નિર્દોષ | – | – |
| ૦૭ | મનુભાઈ ઉર્ફે મનુ ભુવો લીલાભાઈ દેસાઈ | તારીખ ૨૬/૦૭ ૨૦૧૯ | જામીન મુકત છે. | | નિર્દોષ | – | – |
| ૦૮ | રવિભાઈ મેલાભાઈ રબારી | તારીખ ૨૬/૦૭ ૨૦૧૯ | **<u>યુ.ટી.પી</u>.** | | નિર્દોષ | – | – |
| ૦૯ | પ્રજ્ઞેશભાઈ ઉર્ફે પકો લક્ષ્મણભાઈ રબારી | તારીખ ૨૬/૦૭ ૨૦૧૯ | જામીન મુકત છે. | | નિર્દોષ | | |
| ૧૦ | અનિકેત ઉર્ફે અનીકેત ભુવો માલજીભાઈ રબારી | તારીખ ૨૬/૦૭ ૨૦૧૯ | જામીન મુકત છે. | | નિર્દોષ | | |
| ૧૧ | જશુભાઈ ઉર્ફે જહુ ભુવો પ્રભાતભાઈ દેસાઈ | તારીખ ૨૬/૦૭ ૨૦૧૯ | જામીન મુકત છે. | | નિર્દોષ | | |

## ફોર્મ – સી

**ફરિયાદપક્ષે/ આરોપી પક્ષે / કોર્ટ દ્વારા મૌખિક પુરાવાની રજૂ થયેલ સૂચિ-**

**<u>(એ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા–</u>**

| **અ.નં.** | **સાહેદનું નામ** | **વિગત** | **આંક** |
|---|---|---|---|
| ૧. | ડો.નિસર્ગ કરસનભાઈ હુમન | પી.એમ. કરનાર | ૧૦૪ |
| ૨. | બાબુભાઈ અમરતલાલ રાઠોડ | પંચ સાહેદ | ૧૦૭ |
| ૩. | સુરેશભાઈ રમણભાઈ ડાભી | પંચ સાહેદ | ૧૧૦ |
| ૪. | કેતન નંદલાલ ભાવસાર | પંચ સાહેદ | ૧૧૨ |
| ૫. | લક્ષ્મણભાઈ હીરાભાઈ મારવાડી | પંચ સાહેદ | ૧૧૫ |

| | | | |
|---|---|---|---|
| ૬. | સચીનભાઈ હરીભાઈ ભરવાડ | મોબાઈલ રીપેરીંગ દુકાનના સાહેદ | ૧૧૯ |
| ૭. | નયન વનરાજભાઈ મેહુરીયા | પંચ સાહેદ | ૧૨૪ |
| ૮. | રોહીત સુભાષભાઈ શર્મા | પંચ સાહેદ | ૧૨૬ |
| ૯. | જગદીશભાઈ રામગોપાલભાઈ મદ્રાસી | પંચ સાહેદ | ૧૩૨ |
| ૧૦. | ડો.વિપુલ પ્રાણલાલ ઠક્કર | મેડીકલ સારવાર કરનાર | ૧૪૭ |
| ૧૧. | કેતન ભીખાભાઈ ઠાકોર | પંચ સાહેદ | ૧૪૯ |
| ૧૨. | સાહીલ જીજ્ઞેશભાઈ મહેતા | પંચ સાહેદ | ૧૬૧ |
| ૧૩. | રોહીત પ્રભુદાસ ઠાકોર | પંચ સાહેદ | ૧૮૬ |
| ૧૪. | ઉદયકુમાર ઉર્ફે ગુડ્ડુ જીતેન્દ્રભાઈ દુબે | પંચ સાહેદ | ૧૮૭ |
| ૧૫. | રામહરી રામદીન શર્મા | મરણજનારના પિતા | ૧૮૮ |
| ૧૬. | પ્રેમ મુકેશભાઈ પટેલ | બનાવ સ્થળના સાહેદ | ૧૯૧ |
| ૧૭. | રીંકેશ દેવીપ્રસાદ ખત્રી | સ્વતંત્ર સાહેદ | ૧૯૨ |
| ૧૮. | અનિરૂધ્ધસિંહ ગજેન્દ્રસિંહ ઝાલા | સ્વતંત્ર સાહેદ | ૧૯૫ |
| ૧૯. | ધનંજય રામહરીભાઈ શર્મા | મરણજનારના ભાઈ | ૧૯૮ |
| ૨૦. | નાથુરામ રામદીન બ્રાહમણ | મરણજનારના સગા | ૨૦૩ |
| ૨૧. | વિપુલ જગદીશભાઈ આચાર્ય | પંચ સાહેદ | ૨૦૫ |
| ૨૨. | મમતાબેન રામહરી શર્મા | મરણજનારના સગા | ૨૦૬ |
| ૨૩. | અર્જુનસિંહ રણજીતસિંહ ઝાલા | સ્વતંત્ર સાહેદ | ૨૦૯ |
| ૨૪. | ડો.શૈલેષભાઈ કનુભાઈ પ્રજાપતિ | મેડીકલ તપાસ કરનાર | ૨૧૪ |
| ૨૫. | મોહીત સતપ્રકાશ શર્મા | મરણજનારના સગા | ૨૨૮ |
| ૨૬. | સરોજબેન વી.બારીયા | પોલીસ સાહેદ | ૨૪૪ |
| ૨૭. | કાનજીભાઈ ડાહયાજી પરમાર | સર્કલ ઓફિસર | ૨૪૯ |
| ૨૮. | હર્ષિલ રાજેન્દ્રકુમાર પટેલ | પોલીસ સાહેદ | ૨૫૭ |
| ૨૯. | રવિરાજસિંહ ભૂપતસિંહ રાણા | તપાસ કરનાર અધિકારી | ૨૬૧ |

**(બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો,**

| **સાહેદ નંબર** | **સાહેદનું નામ** | **કયા પ્રકારનો સાહેદ/પુરાવો** |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો કોઈ હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**ફરિયાદપક્ષે/ આરોપી પક્ષે / કોર્ટ દ્વારા દસ્તાવેજી પુરાવાની રજૂ થયેલ સૂચિ-**

**(એ) ફરિયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઃ–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પી.એમ. કરવા માટે પાઠવેલ યાદી | ૧૦૫ |
| ૨. | પી.એમ. નોટ | ૧૦૬ |
| ૩. | મુદામાલ મોબાઈલ કબજે કર્યાનુ પંચનામુ | ૧૦૮ |
| ૪. | મુદ્દામાલ આર્ટીકલ નં. ૮ માંથી નીકળેલ પંચ સ્લીપ | ૧૦૯ |
| ૫. | આરોપીઓની અટક કર્યાનુ પંચનામુ | ૧૧૧ |
| ૬. | આરોપી અમીત માલજીભાઈ દેસાઈની શરીર સ્થિતિનું પંચનામુ | ૧૧૩ |
| ૭. | મુદ્દામાલ આર્ટીકલ નં. ૭ માંથી નીકળેલ પંચ સ્લીપ | ૧૧૪ |
| ૮. | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૧૬ |
| ૯. | મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ માંથી નીકળેલ પંચ સ્લીપ | ૧૧૭ |
| ૧૦. | મુદ્દામાલ આર્ટીકલ નં. ૨ માંથી નીકળેલ પંચ સ્લીપ | ૧૧૮ |
| ૧૧. | ઈન્કવેસ્ટ પંચનામુ | ૧૨૧ |
| ૧૨. | સગીર આરોપીઓની શરીર સ્થિતિનુ પંચનામુ | ૧૨૫ |
| ૧૩. | ગુનામાં વપરાયેલ હથિયારનુ ડિસ્કવરી પંચનામુ | ૧૨૭ |
| ૧૪. | મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૧ થી ૧૪ માંથી નીકળેલ પંચ સ્લીપો | ૧૨૮ થી ૧૩૧ |
| ૧૫. | મુદામાલ કપડા તથા હથિયાર કબજે કર્યાનુ પંચનામુ | ૧૩૩ |
| ૧૬. | મુદ્દામાલ આર્ટીકલ નં. ૪૬ થી ૫૧માંથી નીકળેલ પંચ સ્લીપો | ૧૩૪ થી ૧૩૯ |
| ૧૭. | મેડીકલ સારવાર અંગેનુ પ્રમાણપત્ર | ૧૪૮ |
| ૧૮. | આરોપીઓના કપડા કબજે કર્યાનું પંચનામુ | ૧૫૦ |
| ૧૯. | મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૫ થી ૨૪ માંથી નીકળેલ પંચ સ્લીપો | ૧૫૧ થી ૧૬૦ |
| ૨૦. | મુદામાલ હથિયાર કબજે કર્યાનું પંચનામુ | ૧૬૨ |
| ૨૧. | આરોપીઓના કપડા કબજે કર્યાનું પંચનામુ | ૧૬૩ |
| ૨૨. | મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૫ થી ૪૫ માંથી નીકળેલ પંચ સ્લીપો | ૧૬૪ થી ૧૮૩ |
| ૨૩. | સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનુ નિવેદન | ૧૯૬ |

| | | |
|---|---|---|
| ૨૪. | સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનુ નિવેદન | ૨૧૦ |
| ૨૫. | મેડીકલ સારવારના પેપર્સ તથા એકસ–રે | ૨૧૫ |
| ૨૬. | મેડીકલ સારવાર અંગેનુ પ્રમાણપત્ર | ૨૧૬ |
| ૨૭. | અસલ ફરિયાદ | ૨૨૯ |
| ૨૮. | ગુનો જાહેર થયાનો રિપોર્ટ | ૨૪૫ |
| ૨૯. | વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનની યાદી | ૨૫૦ |
| ૩૦. | નિવેદન લેવડાવવા મેટ્રો.મેજી. ને પાઠવેલ યાદી | ૨૬૨ |
| ૩૧. | એફ.એસ.એલ. રવાનગી નોંધ | ૨૬૩ |
| ૩૨. | એફ.એસ.એલ. રવાનગી નોંધ | ૨૬૪ |
| ૩૩. | એફ.એસ.એલ. મુદામાલ મળ્યાની પહોંચ | ૨૬૫ |
| ૩૪. | એફ.એસ.એલ.નો પત્ર | ૨૬૬ |
| ૩૫. | એફ.એસ.એલ. અહેવાલ તથા પત્ર | ૨૬૭ |
| ૩૬. | એફ.એસ.એલ. મુદામાલ મળ્યાની પહોંચ | ૨૬૯ |
| ૩૭. | એફ.એસ.એલ.નો અભિપ્રાય | ૨૭૦ |
| ૩૮. | એફ.એસ.એલ. બાયોલોજી વિભાગનો અહેવાલ | ૨૭૧ |
| ૩૯. | એફ.એસ.એલ. નો બાયોલોજી પરીક્ષણ અહેવાલ | ૨૭૨ |
| ૪૦. | સિરોલોજી વિભાગનો અહેવાલ | ૨૭૩ |
| ૪૧. | રવાનગી નોંધ | ૨૭૪ |
| ૪૨. | વિડીયો સ્ક્રીપ્ટ | ૨૭૮ |
| ૪૩. | ઓડીયો સ્ક્રીપ્ટ | ૨૭૯ |
| ૪૪. | આરોપીનુ કંટ્રોલ વોઈસ રેકોડીંગ ફોર્મ | ૨૮૦ |
| ૪૫. | આરોપીનુ કંટ્રોલ વોઈસ રેકોડીંગ ફોર્મ | ૨૮૧ |

## (બી) બચાવપક્ષે દસ્તાવેજી પુરાવો જો હોય તો,

| | | |
|---|---|---|
| ૧. | – | |

## (સી) કોર્ટ દ્વારા દસ્તાવેજી પુરાવો જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

## (ડી) મુદ્દામાલની વિગત

**મુદ્દામાલ પાવતી નં.એમપી.૧/૨૦૧૯, તારીખ ૨૧/૦૭/૨૦૧૯**

| | |
|---|---|
| ૧. | રતાશ પડતા ડાઘાવાળી માટી અને કપચીની કાપડની બેગી |
| ૨. | કંટ્રોલ માટી |
| ૩. | સફેદ કલરની એક અરટીકા ગાડી રજી નં.જીજે–૨૭–કે–૯૯૩૭ |

**મુદ્દામાલ પાવતી નં.એમપી–૨/૨૦૧૯, તારીખ ૨૧/૦૭/૨૦૧૯**

| | |
|---|---|
| ૧. | એક બ્લુ કલરનુ જીન્સ પેન્ટ |
| ૨. | એક આખી બાંયના શર્ટની બાંયનો ટુકડો |
| ૩. | એક મોબાઈલ |

**મુદ્દામાલ પાવતી નં.એમપી–૩/૨૦૧૯, તારીખ ૨૨/૦૭/૨૦૧૯**

| | |
|---|---|
| ૧. | એક મોબાઈલ સેમસંગ ગેલેક્ષી એ–૨૦ મોડલનો |

**મુદ્દામાલ પાવતી નં.એમપી–૪/૨૦૧૯, તારીખ ૨૨/૦૭/૨૦૧૯**

| | |
|---|---|
| ૧. | એક મોબાઈલ વન પ્લસ એ–૬૦૦૦ મોડલનો |

**મુદ્દામાલ પાવતી નં.એમપી–૫/૨૦૧૯, તારીખ ૨૨/૦૭/૨૦૧૯**

| | |
|---|---|
| ૧. | એક ટાટા ઝેસ્ટ ગાડી નં.જીજે–૦૧–ઈટી–૦૬૧૯ |

**મુદ્દામાલ પાવતી નં.એમપી–૬/૨૦૧૯, તારીખ ૨૩/૦૫/૨૦૧૯**

| | |
|---|---|
| ૧. | એક વાસની લાકડી ૫ ફૂટ ૮ ઈંચ |
| ૨. | એક વાસની લાકડી ૫ ફૂટ ૯ ઈંચ |
| ૩. | એક વાસની લાકડી ૫ ફૂટ ૭.૫ ઈંચ |
| ૪. | એક વાસની લાકડી ૫ ફૂટ ૧ ઈંચ |

**મુદ્દામાલ પાવતી નં.એમપી–૭/૨૦૧૯, તારીખ ૨૩/૦૭/૨૦૧૯**

| | |
|---|---|
| ૧. | એક દૂધીયા કલરનું ટૂંકી બાયનુ ટીશર્ટ |
| ૨. | એક કાળા કલરનુ નાઈટ પેન્ટ |
| ૩. | એક સફેદ કલરની આખી બાયનુ બ્લુ આડા પટ્ટાવાળી ટીશર્ટ |
| ૪. | એક કાળા કલરનુ ડીઝાઈન વાળુ શર્ટ |
| ૫. | એક બ્લુ કલરનુ જીન્સ |
| ૬. | એક ઘાટા ક્રીમ કલરનુ આખી બાયનુ શર્ટ |
| ૭. | એક આછા દૂધિયા કલરનૂ ટૂંકી બાયનુ ટીશર્ટ |

**મુદ્દામાલ પાવતી નં.એમપી–૮/૨૦૧૯, તારીખ ૨૭/૦૭/૨૦૧૯**

| | |
|---|---|
| ૧. | એક જુના જેવી લોખંડની પાઈપ ૩ ફૂટ ૩.૫ ઈંચ |
| ૨. | એક વાસની લાકડી ૫ ફૂટ ૭ ઈંચ |
| ૩. | એક જૂના જેવી લોખંડની પાઈપ |
| ૪. | એક વાસની લાકડી ૪ ફૂટ ૧૧ ઈંચ |
| ૫. | એક વાસની લાકડી ૫ ફૂટ ૭.૫ ઈંચ |
| ૬. | એક વાસની લાકડી ૫ ફૂટ ૮ ઈંચ |
| ૭. | એક વાસની લાકડી ૪ ફૂટ ૮ ઈંચ |

**મુદ્દામાલ પાવતી નં.એમપી–૯/૨૦૧૯, તારીખ ૨૭/૦૭/૨૦૧૯**

| | |
|---|---|
| ૧. | એક કાળા કલરનુ આખી બાયનુ શર્ટ |
| ૨. | એક કોફી કલરનુ કોટન જીન્સ |
| ૩. | એક બ્લુ તથા લાલ કલરના ચેકસ લાઈનીગવાળુ શર્ટ |
| ૪. | એક બ્લુ કલરનુ નાઈટ પેન્ટ |
| ૫. | એક કાળા કલરની ગ્રે કલરના ડીઝાઈનવાળી ટીશર્ટ |
| ૬. | એક ગ્રે કલરનુ કોટન જીન્સ પેન્ટ |
| ૭. | એક પોપટી કલરનો આખી બાયનો શર્ટ |
| ૮. | એક ભૂખરા રંગનુ પેન્ટ |
| ૯. | એક કાળા કલરની તથા આછા પીળા કલરની ડીઝાઈનનુ ટૂકી બાયનુ ટીશર્ટ |
| ૧૦. | એક સફેદ કલરનો બ્લુ કલરની પ્રીન્ટેડ શર્ટ |
| ૧૧. | એક કાળા કલરનુ પેન્ટ |
| ૧૨. | એક પીળા કલરની પ્રીન્ટેડ ડીઝાઈનની ટૂંક બાયની ટીશર્ટ |
| ૧૩. | એક કાળા કલરનુ નાઈટ પેન્ટ |

**મુદ્દામાલ પાવતી નં.એમપી–૧૦/૨૦૧૯, તારીખ ૧૦/૦૮/૨૦૧૯**

| | |
|---|---|
| ૧. | એક ટૂંકી બાયનુ આછા બદામી રંગનુ ટીશર્ટ |
| ૨. | એક ગ્રે કલરનુ પેન્ટ |
| ૩. | એક વાસની લાકડી ૫ ફૂટ ૮ ઈંચની |
| ૪. | એક રાખીચા કલરનો આખી બાયનો ફૂલભાતની ડિઝાઈનવાળો શર્ટ |
| ૫. | એક કાળા કલરનુ પેન્ટ |
| ૬. | એક વાસની લાકડી ૫ ફૂટ ૧૦ ઈંચ |

## -: <u>ચુકાદો</u> :-

**૦૧.** આરોપીઓ સામે મારા વિદ્વાન પુરોગામી ન્યાયાધીશશ્રીએ આંક-૮૯ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૪૨૭, ૪૦૩, ૫૦૬(૨), ૧૧૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી), ૩૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. તે તહોમતનો આરોપીઓએ નિવેદન આપી ઈન્કાર કરેલ, આથી કેસ ફરિયાદપક્ષના પુરાવા પર રાખેલો. તે બાદ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૦૨.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમા વિગત જોવામાં આવે તો, આરોપીઓ વિરુધ્ધ આંક-૮૯ થી ફરમાવેલ તહોમતનામા મુજબ,

(૧) આ કામે મરણજનાર જયદીપ રામહરી શર્મા નાઓને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડી મારી નાંખવાના ઈરાદે જીવલેણ હુમલો કરવાનો સામાન્ય ઈરાદો સેવી તમો તમામ આરોપીઓએ એક સંપ થઈ બગાડ કરવા તથા અન્ય ગુન્હા કરવાના સમાન્ય હેતુથી ગેરકાયદેસર મંડળી રચી ગેરકાયદેસર મંડળીના સભ્યો બની તમામ આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૩ મુજબ શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે.

(૨) તમો તમામ આરોપીઓએ એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી રચેલ ગેરકાયદેસર મંડળીના સભ્યો બની પ્રાણઘાતક હથિયાર લાકડીઓ તથા લોખંડની પાઈપો જેવા હથિયારો ધારણ કરી મરણજનાર જયદીપ રામહરી શર્મા નાઓ બનાવ તારીખે સવારના સમયે આશરે નવ સાડા નવ વાગે પોતાનું મોટર સાયકલ લઈને નોકરીએ જતા હતા તે દરમ્યાન રસ્તામાં તમો આરોપી નં. ૧ તથા ૨ નાઓએ તમો આરોપી નં.૧ ની ફોર વ્હીલ ગાડી વડે રસ્તામાં બે ત્રણ વખત કટ મારી ગાડી ઉપર નાંખતા મરણજનાર બાલેશ્વર સોસાયટી આગળ સાઈડમાં ઉભા રહી જતા તમો આરોપીઓ ત્યાંથી જતા રહેલા. ત્યારબાદ મરણજનાર સાંજના નોકરી પરથી પરત ઘરે આવતા હતા તે વખતે તમો તમામ આરોપીઓએ પોતે રચેલ ગુનાહિત કાવતરા મુજબ મરણજનારને આંતરી તેનું મોટર સાયકલ રોડ ઉપર આવેલ બમ્પના કારણે ધીમુ પડતા મોટર સાયકલ ઉભું રખાવી તમો તમામ આરોપીઓએ મરણજનાર જયદીપને ગાળો બોલી લોખંડની પાઈપો તથા લાકડીઓ વડે આડેધડ માર મારી

શરીરે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડી મરણજનારને મારી નાંખવાના ઈરાદે જીવલેણ હુમલો કરી તમો આરોપી નં. ૪ અમીત માલજીભાઇ દેસાઈ નાઓ બનાવના અંતમાં બનાવનો થોડો વિડીયો તમારા મોબાઇલમાં ઉતારેલ જે વિડીયોમાં તમો આરોપી નં. ૩ મહેશ ઉર્ફે માંજરો રબારી તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરો લાકડીઓ વડે મારતા હોય તેવો સ્પષ્ટ વિડીયો મળી આવેલ હોય તેમજ મરણજનારના ગળામાં પહેરેલ સોનાનો દોરો અઢી તોલાનો મારામારી દરમ્યાન પાડી દઈ, મરણજનારનો મોબાઈલ તોડી નાંખી મરણજનારને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૪૨૭, ૪૦૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) સાથે વાંચતા કલમ ૩૪ મુજબ શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે.

(૩) ઉપરોકત બનાવ તારીખે, સમયે અને સ્થળે તમો તમામ આરોપીઓએ મરણજનાર સાંજના નોકરી પરથી પરત ઘરે આવતા હતા તે વખતે તમો તમામ આરોપીઓએ રચેલ ગુનાહિત કાવતરા મુજબ મરણજનારને આંતરી તેનું મોટર સાયકલ રોડ ઉપર આવેલ બમ્પના કારણે ધીમુ પડતા મોટર સાયકલ ઉભું રખાવી તમો તમામ આરોપીઓએ મરણજનાર જયદીપને ગાળો બોલી લોખંડની પાઇપો તથા લાકડીઓ વડે આડેધડ મારમારી શરીરે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડી મરણજનારને મારી નાંખવાના ઈરાદે જીવલેણ હુમલો કરી સ્વેચ્છાપુર્વક મહાવ્યથા પહોંચાડવાના ઈરાદે લોખંડની પાઇપો તથા લાકડીઓ જેવા પ્રાણ ઘાતક હથિયારો વડે મરણજનારના બંન્ને પગ તથા બંન્ને હાથ ભાંગી નાંખી, જમણા હાથે બાવડાના ભાગે તીક્ષ્ણ હથિયાર વડે ઈજાઓ કરી, બરડાના ભાગે તથા શરીરે ઘા મારી સ્વેચ્છા પુર્વક મહાવ્યથા પહોંચાડી મરણજનારનું મૃત્યુ નીપજાવવાના ઈરાદે અથવા મૃત્યુ નીપજે તેવી જાણકારી સાથે હુમલો કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭, ૩૨૫, ૩૨૬ સાથે વાંચતા કલમ ૧૨૦ (બી),૩૪ મુજબ શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે.

(૪) ઉપરોકત બનાવ તારીખે, સમયે અને સ્થળે તમો તમામ આરોપીઓએ મરણજનાર સાંજના નોકરી પરથી પરત ઘરે આવતા હતા તે વખતે તમો તમામ આરોપીઓએ રચેલ ગુનાહિત કાવતરા મુજબ મરણજનારને આંતરી તેનું મોટર સાયકલ રોડ ઉપર આવેલ બમ્પના કારણે ધીમુ પડતા મોટર સાયકલ ઉભું રખાવી તમો તમામ આરોપીઓએ મરણજનાર જયદીપને ૫ લાકડીઓ વડે આડેધડ મારમારી શરીરે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડી મરણજનારને મારી નાંખવાના ઈરાદે

જીવલેણ હુમલો કરી લોખંડની પાઇપો તથા લાકડીઓ જેવા પ્રાણ ઘાતક હથિયારો વડે મરણજનારના બંન્ને પગ તથા બંન્ને હાથ ભાંગી નાંખી, જમણા હાથે બાવડાના ભાગે તીક્ષ્ણ હથિયાર વડે ઈજાઓ કરી, બરડાના ભાગે તથા શરીરે ઘા મારી મરણજનારને ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડી, સારવાર દરમ્યાન મરણજનારનું મૃત્યુ નિપજાવી મરણજનારનું ખૂન કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ સાથે વાંચતા કલમ ૧૨૦ (બી), ૩૪ મુજબ શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે.

(૫) ઉપરોકત તારીખે, સમયે અને સ્થળે અમદાવાદ શહેર પોલીસ કમીશ્નરશ્રીનું હથિયારબંધી અંગેનું જાહેરનામું અમલમાં હોવા છતા તમો આરોપીઓએ જાહેરમાં લોખંડની પાઇપ તથા લાકડીઓ જેવા હથિયારો ધારણ કરી હથિયારબંધી અંગેના જાહેરનામાનો ભંગ કરી જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબ શિક્ષાનેપાત્ર ગુનો આ અદાલતની સ્થાનિક હકુમતમાં કરેલો છે.

આમ, આરોપીઓએ પોતાના પાસે હથિયાર રાખી પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ –૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૪૨૭, ૪૦૩, ૫૦૬(૨), ૧૧૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી), ૩૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

**૦૩.** સદરહુ ગુનાની ફરિયાદ સબબ તપાસ કરનાર અમલદારે ફરિયાદીનું તથા સાહેદોના નિવેદન લઈ તથા જરૂરી પંચનામાની વિગતે પંચનામા કરી, આરોપીઓ વિરૂધ્ધ પૂરતો પુરાવો જણાતાં તપાસ પૂર્ણ થયા બાદ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૪૨૭, ૪૦૩, ૫૦૬(૨), ૧૧૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી), ૩૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનાં ગુન્હા અંગેનું ચાર્જશીટ વિદ્વાન એડીશનલ જ્યુડીશીયલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૧૨, અમદાવાદ ખાતે રજુ કરતા તેને તા.૧૪–૧૦–૨૦૧૯ ના રોજ ક્રિમીનલ કેસ નં.૯૨૪૮૪/૨૦૧૯ થી રજીસ્ટરે લેવાયેલ. સદરહું કેસ સેશન્સ ટ્રાયબલ હોઈ વિદ્વાન એડી.ચીફ મેટ્રો.મેજી., કોર્ટ નં.૧૨ નાઓએ સદર કેસ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૦૯ મુજબ અત્રેની સેશન્સ કોર્ટમાં કમીટ કરેલ છે.

**૦૪.** આરોપીને ધોરણસર પ્રોસેસની બજવણી થતા, પોતાના વિદ્વાન વકિલ સાથે મુદતે હાજર થતાં, આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ હેઠળ પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કરેલ. વિદ્વાન એડિશ્નલ પબ્લીક પ્રોસીક્યુટરે ક્રિમિનલ પ્રોસેજર કોડની કલમ–૨૨૬ અન્વયે કેસ ઓપન કર્યા બાદ, કેસ પેપર્સ વંચાણે લઇ **આંક–૮૯** થી આરોપી ઉપર ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૪૨૭, ૪૦૩, ૫૦૬(૨), ૧૧૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી), ૩૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુન્હાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ. ત્યારબાદ અનુક્રમે આંક–૯૦ થી આંક–૧૦૦ સુધીની આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં જેમાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે, જેથી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૦૫.** ફરિયાદપક્ષે વિ.એડી.પી.પી.શ્રીએ પોતાનો કેસ સાબિત કરવા માટે ઉપર ફોર્મ–C માં જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**૦૬.** ફરીયાદપક્ષે વિ.એડી.પી.પી.શ્રીએ તર્ફે પુરાવો બંઘ કરવાની પુરસીસ આપતા તેને રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે. ત્યારબાદ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વધારાનું નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષની તમામ હકીકતોનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, "અમો નિર્દોષ છીએ. ખોટી ફરિયાદ છે. ખોટો કેસ કરેલ છે. અમને ખોટી રીતે સંડોવેલ છે." આ સિવાય સોગંદ ઉપર પુરાવો આપવો નથી કે બચાવના સાહેદો તપાસવા નથી.

**<u>દલીલોઃ-</u>**

**૦૭.** ફરિયાદપક્ષ દ્વારા વિ .એ.પી.પી.શ્રી મારફતે ફરિયાદીએ આંક–૨૯૩ થી વિગતવારની લેખિત દલીલો રજૂ રાખેલ છે. જેમાં મહદંશે દરેક સાહેદની જુબાનીમાં અપાયેલો મૌખિક પુરાવાનું પુનરાવર્તન કરેલ છે. જેથી અત્રે શબ્દશઃ ટાંકેલ નથી. લેખિત દલીલના સમર્થનમાં વિ.એ.પી.પી.શ્રીએ જણાવેલુ છે કે ફરિયાદપક્ષે જરૂરી સાહેદોના મૌખિક પુરાવા અને દસ્તાવેજી આધાર પુરાવાથી ફરિયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ છે. જેથી નોંધાયેલ પુરાવો ધ્યાને રાખીને આરોપીઓને તકસીરવાન ઠેરવવા જણાવેલ છે.

૦૮. આરોપીઓ તરફે અલગ–અલગ આરોપીઓના જુદા–જુદા ત્રણ વિદ્ધાન વકીલશ્રીઓએ દલીલો કરેલ છે. જેમાં મુખ્યત્વે દલીલ કરેલ છે કે, ફરિયાદપક્ષ દ્ધારા બનાવવાળી જગ્યાએ પહોંચેલા અથવા હાજર હોય તેવા જે ચાન્સ વિટનેસીસ દર્શાવવામાં આવેલા છે તે પાછળથી ઉભા કરેલા છે અને હિત–રસ ધરાવતા સાહેદો છે અને તેઓનો જ વિરોધાભાસી પુરાવો હોય ફરિયાદપક્ષનો હાજર અને ચાન્સ વીટનેસીસનો પુરાવો ટકી શકવાને પાત્ર રહેતો નથી. તેમજ સાથોસાથ જે બનાવ માટે ફરિયાદપક્ષ દ્ધારા બનાવના દિવસે સવારમાં મરણજનાર જયદીપને આરોપી નં.૧ શૈલેષ અને આરોપી નં. પાર્થ સાથે ફોરવીલ ગાડી વડે રસ્તામાં બે–ત્રણ વખત કટ મારીને જે બનાવ બનેલાનું અને તેના સંદર્ભે સાંજે આરોપીઓએ ભેગામળીને મરણજનારને મારેલાનો બનાવ માટે જણાવેલ છે તે ફરિયાદપક્ષના કેસ માટે પણ પુરવાર કરીને આવો હેતુ પણ પુરવાર કરેલ નથી.

૮.૧ વધુમાં આરોપીઓ નં.૧,૪,૫,૮,૯ અને ૧૦ તરફે વિ.વકીલશ્રીની મુખ્યત્વે દલીલ છે કે સાહેદ નં.૧ પી.એમ. કરનાર ડોકટર છે. તેઓના અભિપ્રાયમાં ઈજાના સમય બાબતનો કોઈ અભિપ્રાય આવેલ નથી. મરણજનારને પોસ્ટ માર્ટમ કરતા પહેલા બે હોસ્પિટલમાં સારવાર અપાયેલી છે તે બંને ઈજાઓમાં પણ તફાવત આવેલો છે. મરણજનારનુ લોહી પી.એમ. વખતે પી.એમ.રૂમમાંથી એકત્ર થઈને પોલીસ સ્ટેશને પહોંચ્યુ અને પો.સ્ટેશનેથી એફ.એસ.એલ.માં તપાસ અર્થે ગયેલાનો પુરાવો પણ ફરિયાદપક્ષે પુરવાર કરેલ નથી.

વધુ દલીલમાં જણાવેલ છે કે, સાહેદ નં.૨ પંચ સાહેદની જુબાનીમાં વિડીયો ખોલવામાં આવેલ નથી અને સદરહું સાહેદ જણાવે છે કે પંચનામુ પોલીસ હાથથી લખતી હતી, જ્યારે ખરેખર આંક–૧૦૮ નુ મોબાઈલ કબજે કર્યાનું પંચનામુ ટાઈપડ કોપી છે. વધુમાં સદરહું પંચ સાહેદ પણ સંબંધી સાહેદ છે.

ત્યારબાદ વધુ દલીલમાં જણાવેલ છે કે સાહેદ નં.૪ પંચ સાહેદ ને પણ ઓડિયો કલીપ સંભળાવવામાં કે બતાવવામાં આવેલ નથી જે મુદામાલ આર્ટીકલ નં.૭ થી કબજે થયેલ છે. સદરહું સાહેદ પણ ઉલટતપાસમાં જણાવે છે કે પંચનામુ પોલીસ હાથથી લખતી હતી, જ્યારે આંક–૧૧૩ નું પંચનામુ ટાઈપડ કોપી છે.

ત્યારબાદ વધુ દલીલમાં જણાવેલ છે કે સાહેદ નં.૬ કે જેની પાસેથી મોબાઈલ કબજે થયેલ છે અને આ સાહેદના વોઈસ સેમ્પલ લીધેલ છે. પરંતુ ફરિયાદપક્ષ તરફથી આવા વોઈસ સેમ્પલ માટે કોઈ પુરાવો આ સાહેદનો નોંધાયેલ નથી.

ફરિયાદપક્ષનો કેસ મુજબ આ સાહેદની આરોપી નં.૪ સાથે વાતચીત થયેલી છે. પરંતુ તે ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરેલ નથી અને આ સાહેદની એવી કોઈ વાતચીત સંભળાવીને પુરવાર થયેલ નથી.

ત્યારબાદ વધુ દલીલમાં જણાવેલ છે કે સાહેદ નં.૧૦ ડોકટર સાહેદ મેડીકલ સારવાર આપનાર ડોકટર છે અને તેઓ જણાવેલ છે કે તા.૨૧/૦૭/૨૦૧૯ ના પોતે ફરજ ઉપર હાજર હતા ત્યારે કલાક ૫.૧૭ વાગ્યે મરણજનારને સારવાર માટે લાવવામાં આવેલા. જયારે અન્ય સાહેદો ઈજા પામનારને આ દવાખાનામાંથી ડીસ્ચાર્જ કર્યા બાબતે જુદો-જુદો સમયગાળો જેમ કે ૧૨.૩૦, ૧.૦૦, ૨.૦૦ નો સમય જણાવેલ છે. આમ પ્રથમ દવાખાનેથી બીજા દવાખાને પહોંચ્યા વચ્ચેનો સમયગાળો ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી અને તે સમયગાળામાં ઈજાપામનાર સાથે અન્ય કોઈ બીજો બનાવ બન્યાની સંભાવના રહેલી છે.

ત્યારબાદ વધુ દલીલમાં જણાવેલ છે કે, સાહેદ નં.૨૪ ડો.શૈલેષ કે જેઓ પણ મરણજનારને ગુજરી ગયા પહેલાં સારવાર આપનાર ડોકટર છે. તઓએ પુરાવામાં જણાવેલ છે કે તા.૨૦/૦૭/૨૦૧૯ ના વહેલા ૭.૩૦ વાગ્યે દર્દીને દાખલ કરેલ છે. સાહેદ નં.૧ પી.એમ. કરનાર ડોકટરે પી.એમ. માં જે ઈજાઓ જણાવેલી છે તે ઈજાઓમાં લીપ્સ રેડમાં હોવાનુ જણાવે છે જ્યારે આ સાહેદ નં.૨૪ ના ડોકટરના પુરાવામાં લીપ્સ, રેડ ની ઈજાઓ જણાવતા નથી. વધુમાં આ સાહેદ નં.૨૪ ડો.શૈલેષ કે જેઓ મરણજનારને સૌ પ્રથમ સારવાર આપનાર ડોકટર એલ.જી. હોસ્પિટલના છે અને તેઓને ત્યાં સારવારમાં પોલીસ યાદી સાથે મરણજનારને સારવાર માટે રજૂ રખાયેલ હોવા છતાં ફરિયાદપક્ષ દ્વારા આવી પોલીસની સારવાર યાદી પુરાવામાં રજૂ કરાયેલ નથી તેમજ આ એલ.જી.હોસ્પિટલ દ્વારા પોલીસને વર્ધી અપાયેલ હોવા છતાં આવી વર્ધી પણ રજૂ કરાયેલ ન હોય તેથી આરોપીપક્ષ દ્વારા સાહેદ નં.૨૯ તપાસ કરનાર અધિકારીની ઉલટતપાસમાં આવી આંક-૨૮૫ વાળી વર્ધી રજૂ કરાવવામાં આવેલ છે અને તે વર્ધી મુજબ મરણજનાર માટે તે વખતે "દર્દી ભાનમાં નથી" તેવી સ્પષ્ટ નોંધ કરાયેલ છે અને તે આરોપીપક્ષ બચાવમાં રજૂ રાખવામાં સફળ થયેલ છે. વધુમાં સદરહું ડોકટર સાહેદના પુરાવા પરથી એ પણ પુરવાર થાય છે કે આ પ્રથમ એલ.જી. હોસ્પિટલમાંથી મરણજનારને ડી.એ.એમ.એ. એટલે કે ડીસ્ચાર્જ અગેઈન્સ્ટ મેડીકલ એડવાઈઝ એટલે કે લીધેલ સારવારમાં ડોકટરશ્રીની પરવાનગી વગર ત્યાંથી ડિસ્ચાર્જ લીધેલ છે અને અન્ય સીમ હોસ્પિટલમાં સારવાર માટે ગયેલ છે. જે માટે

અન્ય સાહેદો જેવા કે સાહેદ નં.૧૫ કે જે મરણજનારના પિતા છે તે આશરે બે વાગ્યે એલ.જી. હોસ્પિટલમાંથી સીમ હોસ્પિટલમાં લઈ ગયેલાનું જણાવે છે તેવી જ રીતે સાહેદ નં.૨૫ ફરિયાદી કે જે મરણજનારનો પિતરાઈ થાય છે તે એલ.જી. હોસ્પિટલમાંથી સીમ હોસ્પિટલમાં ૧.૩૦ વાગ્યે લઈ ગયેલાનું જણાવે છે. તે સમયગાળો તેમજ એક હોસ્પિટલમાંથી બીજી હોસ્પિટલે પહોંચવાનો સમયગાળો પણ શંકાસ્પદ રહે છે.

ત્યારબાદ વધુ દલીલમાં જણાવેલ છે કે, સાહેદ નં.૧૬ કે જે બનાવ સ્થળે પહોંચેલા સાહેદ હોવાનું ફરિયાદપક્ષનો કેસ છે. કે જેને ચાન્સ વિટનેસ તરીકે પ્રોસીકયુશન દ્વારા દર્શાવવામાં આવેલ છે. જેનો પુરાવો જોતાં પોલીસ રૂબરૂના નિવેદન કરતાં તેમાં ઘણો ઈમ્પ્રુવમેન્ટ આવેલ છે. જેથી તેઓ સાહેદનો પુરાવો પણ ફરિયાદપક્ષને વિશ્વસનીય નથી. આ સાહેદના પુરાવાની સાથે સાહેદ નં.૧૮ અનિરુધ્ધસિંહ, સાહેદ નં.૨૩ અર્જુનસિંહ અને સાહેદ નં.૨૦ નાથુરામનો પુરાવો ચકાસતાં પણ અંદરો-અંદર વિરોધાભાસી પુરાવા આપતા હોવાનું પુરાવો નોંધાયેલ છે. આ ત્રણેય સાહેદો સાહેદ નં.૧૮ અને સાહેદ નં.૨૩ ના નિવેદનો પોલીસ દ્વારા તારીખ ૨૭/૦૭/૨૦૧૯ અને સાહેદ નં.૨૦ નુ નિવેદન તા.૨૮/૦૭/૨૦૧૯ ના રોજ આમ બનાવથી આશરે અઠવાડિયા પછી નોંધાયેલા છે. વધુમાં હાલના સાહેદ નં.૧૬ કે આ અન્ય સાહેદો સમક્ષ આરોપીઓની ઓળખાણ માટે કોઈ ટી.આઈ. પરેડ કરાવાયેલ નથી.

ત્યારબાદ સાહેદ નં.૧૮ અનિરુધ્ધસિંહ કે જે પોતાના પુરાવામાં બે-ત્રણ જણોને ઓળખી બતાવે છે જેમ કે આરોપીઓમાં આરોપી નં.૮, આરોપી નં.૫ અને આરોપી નં.૧૧ પરંતુ સાહેદ નં.૨૯ તપાસ કરનાર અધિકારીની ઉલટતપાસ દ્વારા બચાવપક્ષ દ્વારા એ પુરવાર કરેલ છે કે આ સાહેદે આ આરોપીઓના નામ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ નથી. આમ આરોપીઓની સંડોવણી પણ ફરિયાદપક્ષ દ્વારા નિઃશંકપણે પુરવાર કરેલ નથી.

ત્યારબાદ દલીલમાં વધુમાં જણાવેલ છે કે, સાહેદ નં.૨૫ ફરિયાદી કે મરણજનારનો પિતરાઈ ભાઈ પણ છે. તેઓના પુરાવામાં આરોપીઓની સંડોવણી માટે આરોપીઓના નામો પોતે ચિઠ્ઠીમાં લખી લીધેલાનું આંક-૨૨૯ ની ફરિયાદમાં ક્યાંય તેમજ પોલીસ રૂબરૂના નિવેદનમાં ક્યાંય જણાવેલ નથી, પરંતુ તેનાથી વિરુધ્ધનો પુરાવો પોતાની સરતપાસમાં આપે છે. આમ આરોપીઓની સંડોવણી

માટેનો ચિઠ્ઠીવાળો પુરાવો પાછળથી ઉભો કરેલાનો અને વિરોધાભાસી પુરાવો છે. ફરિયાદીના આ પુરાવા સાથે સાહેદ નં.૧૫ કે જે મરણજનારના પિતા છે તેઓનો પુરાવો ચિઠ્ઠી માટે આપતા જણાવે છે કે આ લખેલો કાગળ પોતાની પાસે રાખેલ છે. જેથી આ ચિઠ્ઠીની આખી સ્ટોરી શંકાસ્પદ રહે છે. તેની સાથો સાથ સાહેદ નં.૨૯ તપાસ કરનાર અધિકારીના પુરાવામાં આરોપી પક્ષ દ્વારા ઉલટતપાસમાં જે આંક-૨૮૫ થી એલ.જી. હોસ્પિટલમાંથી પોલીસને અપાયેલી વર્ધી રજૂ રખાયેલ છે તેમાં ઈજા પામનાર માટે "નોંધઃ દર્દી ભાનમાં નથી" દ્વારા મરણજનાર એલ.જી. હોસ્પિટલમાં લાવ્યા ત્યારે ભાનમાં ન હોવાનું ફલિત થઈ આવતું હોય તેથી આ મરણજનારે ફરિયાદી સાહેદ નં.૨૫ ને આરોપીઓના નામ આપ્યા હોય અને ફરિયાદીએ ચિઠ્ઠીમાં લખી લીધેલા હોય તે સ્ટોરી પણ શંકાસ્પદ રહે છે. વધુમાં સાહેદ નં.૨૯ તપાસ કરનાર અધિકારી આ સાહેદ નં.૨૫ ફરિયાદીના ફરિયાદ કે વિશેષ નિવેદનમાં ફરિયાદીએ આરોપીઓના નામ ચિઠ્ઠીમાં લખી લીધેલ હોય તેવું જણાવેલ નહી હોવાનું સ્વીકારેલ છે અને તે રીતે ફરિયાદપક્ષનો આરોપીઓની સંડોવણી માટેનો પુરાવો શંકા રહિત રહેતો નથી.

વધુ દલીલમાં જણાવેલ છે કે કહેવાતા ઓડિયો અને વિડીયો અંગે કોઈ પુરાવો નથી. ફરિયાદપક્ષ દ્વારા કહેવાતા જે ત્રણ ચાન્સ વિટનેસો દર્શાવવામાં આવેલા છે તેમાંથી કોઈ વિડીયો ઉતારતા હોવાનું જણાવતા નથી. વધુમાં દલીલમાં જણાવેલ છેકે સાયન્ટીફીક પુરાવામાં જે કાંઈ વોઈસ સેમ્પલ મેળવીને એફ.એસ.એલ.ને પૃથ્થકરણ માટે મોકલવામાં આવેલ છે તે રેકર્ડ મુજબ ચકાસતાં ચાર્જશીટ તારીખ ૧૬/૧૦/૨૦૧૯ ના રોજ રજૂ થયા બાદ આંક-૨૬૦ નુ સેમ્પલ તારીખ ૨૭/૧૨/૨૦૧૯ અને આંક-૨૮૦ તથા ૨૮૧ ના સેમ્પલ વોઈસ માટેના ફોમ તા.૧૭/૧૨/૨૦૧૯ ના રોજ મોકલવામાં આવેલ છે. તેમ માટેનો એફ.એસ.એલ. નો રિપોર્ટ આંક-૨૭૦ વાળો રિપોર્ટ તા.૧૩/૦૧/૨૦૨૦ ના રોજ આવેલો છે. આ સાયન્ટીફીક પુરાવા માટે તપાસ કરનાર અધિકારીશ્રી દ્વારા કોઈ કોર્ટની પરવાનીગી લીધેલ નથી કે વધુ તપાસ અર્થે સી.આર.પી.સી. કલમ-૧૭૩(૮) ની પરવાનગી માંગેલ નથી તેમ છતાં સાહેદ નં.૨૯ તપાસ કરનાર અધિકારી પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે ચાર્જશીટમાં વધુ તપાસની પરવાનગી માંગવાનો ઉલ્લેખ કરેલ છે. આમ પરવાનગી વગરની તપાસ કરેલ છે. આંક-૨૮૦ તથા ૨૮૧ માટે કે જે વોઈસ સેમ્પલ માટેના ફોમ છે તે માટે સાહેદ નં.૬ કે જે સાહેદનો વોઈસ સેમ્પલ

લેવાયેલ તેઓની સરતપાસની જુબાનીમાં આ અંગે ફરિયાદપક્ષે કોઈ રેફરન્સ લઈને પુરવાર કરેલ નથી.આમ વોઈસ રેકોર્ડીંગનો પુરાવો પણ શંકા રહિત નથી. વધુમાં દલીલમાં જણાવેલ છે કે સાયન્ટીફીક પુરાવામાં મરણજનારનું બ્લડગૃપ પણ પુરવાર થયેલ નથી તેમજ આરોપીઓના પણ બ્લડ સેમ્પલ લેવાયેલ નથી. તે રીતે પણ સાયન્ટીફીક પુરાવો શંકા રહિત નથી. આમ આરોપીઓને શંકાનો લાભ આપી મુકત કરવા જણાવેલ છે.

**૦૮.૨** તેવી જ રીતે આરોપી નં.૨,૩,૬ અને ૭ તરફે તેઓના વિ.વકીલશ્રીએ મુખ્યત્વે દલીલમાં જણાવેલછે કે કહેવાતો બનાવ તારીખ ૨૦/૦૭/૨૦૧૯ ના સાંજના કલાક ૧૮.૩૦ નો છે. જે માટે એફ.આઈ.આર. તા.૨૧/૦૭/૨૦૧૯ ના રોજ વહેલી સવારે કલાક ૪.૦૦ વાગ્યે નોંધાઈ છે. આમ ફરિયાદ ૯ થી ૯.૩૦ કલાક જેટલી ડીલે છે. આ ડિલે માટે કોઈ ખુલાસો કરેલ નથી. દલીલમાં જણાવેલ છે કે એક માત્ર ડિલે હોવાના કારણે ફરિયાદપક્ષના કેસને ઘાતક નથી, પરંતુ સમગ્ર સંજોગો અને બનાવ ધ્યાને લેવાનો છે. સાહેદ નં.૨૫ કે જે ફરિયાદી છે તે ફરિયાદમાં જણાવે છે કે સવારનો જે બનાવ બનેલો છે પરંતુ તે માટે કોઈ ફરિયાદ નથી. ફરિયાદમાં જણાવે છે કે ઈજા પામનાર બેભાન જેવી હાલતમાં પડેલો હતો. ત્યાં સ્થળ ઉપર પોલીસ પણ હાજર હતી. જે ગુજરનાર જયદીપ છે તેના ઉપર ૪-૫ ફોજદારી કેસો થયેલા છે. રિક્ષામાં બેઠેલાના કોઈના લોહીવાળા કપડા કબજે કરવામાં આવેલ નથી. મરણજનારને રિક્ષામાં આરોપીઓની સંડોવણી માટે નામ પૂછતા નથી. પરંતુ દવાખાનામાં એકસ-રે કઢાવવા લઈ ગયા ત્યારે આ સાહેદ નં.૨૫ ફરિયાદીને મરણજનાર નામ જણાવે છે તે વર્તણૂંક નોંધવા જેવી અને શંકાસ્પદ છે. સાહેદ નં.૧૮ અનિરુધ્ધ કે જેને આ સાહેદ નં.૨૫ ફરિયાદીએ આરોપીઓના નામ જણાવ્યા આ હકીકતથી વાકેફ છે.તેવી જ રીતે સાહેદ નં.૨૩ અર્જુન પણ આ હકીકતથી વાકેફ છે, પરંતુ તે હકીકત ફરિયાદીની ફરિયાદમાં નથી. આ સાહેદ નં.૧૮ અનિરુધ્ધ અને સાહેદ નં.૨૩ અર્જુન કે જેઓ પણ સ્થળ ઉપર આઈ વિટનેસ છે તઓ દવાખાને જાય છે. તેઓ મરણજનારને પણ ઓળખે છે અને ફરિયાદીને પણ ઓળખે છે.પરંતુ આ બંને સાહેદોના નામ ક્યાંય એફ.આઈ.આર.માં નથી અને તેઓના નિવેદનો અઠવાડિયા બાદ તારીખ ૨૭/૦૭/૨૦૧૯ ના રોજ લેવામાં આવેલ છે, જેથી બંને સાહેદો પાછળથી ઉભા કરેલા સાહેદો છે અને તેવા સાહેદોની વિશ્વસનીયતા ઉપર પ્રશ્નાર્થ ચિહન રહે છે. આ સાહેદો બનાવ બાદ તુરત જ હોસ્પિટલમાં ગયેલા છે, આમ

ઉપલબ્ધ હોવા છતાં તેવા અગત્યા સાહેદોના નિવેદનો મોડા લેવાયેલા છે તે શંકાસ્પદ રહે છે.

વધુ દલીલમાં જણાવેલ છે કે સાહેદ નં.૨૫ ફરિયાદીના પુરાવા મુજબ જો આરોપીઓનો ઈરાદો સવારના બનાવમાં જ મારી નાખવાનો હોત તો તે જ વખતે મરણજનારને મારી નાખ્યો હોત. તેથી એ સૂચવે છે કે ફરિયાદ પક્ષ કોઈ હકીકતો કોર્ટથી છુપાવી રહેલ છે. આંક–૧૦૬ ની પી.એમ. નોટ મુજબ ૧૪ જેટલી ઈજાઓ હોય અને સાહેદો પણ મરણજનારને લોહી નીકળતુ હોવાનું જણાવતા હોય તેવા સંજોગોમાં મરણજનારના કપડા જ્યારે મરણજનારને રીક્ષામાં બેસાડવા ઉચકયા હોય ત્યારે સાહેદોના કપડા લોહીવાળા થાય તેવું નકારી ન શકાય તે માટે આવા કોઈ સાહેદોના કપડા રજૂ કર્યા નથી. આરોપીઓની સંડોવણી વાળી ચિઠ્ઠી કોર્ટમાં સૌ પ્રથમ પહેલીવાર રજૂ કર્યાનું સાહેદ નં.૨૫ ફરિયાદી જણાવે છે. પરંતુ આવી કોઈ ચિઠ્ઠી પોલીસ તપાસમાં રજૂ થયેલ નથી અને કોર્ટમાં પણ રજૂ કરવાનું જણાવેલ હોવા છતાં આવી કોઈ ચિઠ્ઠી કોર્ટમાં પણ રજૂ કરેલ નથી. તેમજ આ ફરિયાદી દ્વારા કે સાહેદો દ્વારા આરોપીઓની ઓળખાણ માટે કોઈ ટી.આઈ. પરેડ કરવામાં આવેલ નથી. આ સાહેદ નં.૨૫ ફરિયાદી પણ સ્વીકારે છે કે બનાવ નજરે જોયેલ નથી.

તેવી જ રીતે વધુ દલીલમાં જણાવે છે કે સાહેદ નં.૧૮ અનિરુધ્ધસિંહ કે જે ચાન્સ વિટનેસ છે. જે બે–ત્રણ આરોપીઓને ઓળખે છે પરંતુ તે માટે કોઈ ટી.આઈ. પરેડ થયેલ નથી. આ સાહેદ મરણજનારને પોતે ઓળખતો હોવા છતાં બનાવમાં ત્યાં તેને બચાવવાનો કોઈ પ્રયત્ન કરતો નથી, પરંતુ ત્યારબાદ પછી પાછળ–પાછળ બાઈક લઈને એલ.જી. હોસ્પિટલે ગયેલાનું જણાવે છે. આ સાહેદના પુરાવા માટે પણ સાહેદ નં.૨૯ તપાસ કરનાર અધિકારીની ઉલટતપાસના પુરાવા દ્વારા આરોપીપક્ષે એ પુરવાર કરેલ છે કે આ સાહેદ જે સરતપાસમાં બે–ત્રણ આરોપીઓના નામ ઓળખી બતાવે છે તેવા નામ પોલીસ નિવેદનમાં લખાવેલ નથી. તેમજ આરોપીઓની સંડોવણી માટે મરણજનારે સાહેદ નં.૨૫ ફરિયાદીને જે નામ જણાવેલા તે નામની ચિઠ્ઠી લખેલી તે હકીકત પણ પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી તે તપાસ કરનાર અધિકારીની ઉલટતપાસ દ્વારા આરોપી પક્ષે પુરવાર કરેલ છે. આ સાહેદ મરણજનારના ખાસ મિત્ર થાય છે, તેથી તેવા મિત્ર સાહેદનો પુરાવો ઝીણવટભરી પૂર્વક કરવો જોઈએ અને તે કરતાં આવા મિત્ર સાહેદ પાછળથી ઉભા થયેલા હોય તેવું પુરવાર થાય છે. વધુમા આ સાહેદ મરણજનારને ત્યાં પ્રથમ સારવાર

એલ.જી.હોસ્પિટલમાં આપવામાં આવેલ તે સારવારના પ્રમાણપત્ર આંક–૨૧૬ માં બનાવની હિસ્ટ્રી આપનાર છે, પરંતુ આ સાહેદ એ ડોકટર સમક્ષની હિસ્ટ્રીમાં આરોપીઓની સંડોવણી માટે કોઈપણના નામ જણાવતા નથી. આમ સમગ્ર રીતે આ સાહેદનો પુરાવો જોતાં બનાવમાં આરોપીઓની સંડોવણી શંકાસ્પદ રહે છે.

વધુ દલીલમાં જણાવેલ છે કે તેવી જ રીતે સાહેદ નં.૨૩ અર્જુનસિંહ કે જે પણ બનાવ વખતે ત્યાંથી નીકળ્યા હોય, ત્યાં ઉભા રહેલા હોય એટલે કે ચાન્સ વિટનેસ હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે. તેઓ પણ બનાવ બાદ મરણજનારની પાછળ–પાછળ હોસ્પિટલે ગયેલા હોવાની તેઓનુ નિવેદન બનાવની આશરે અઠવાડિયા બાદ નોંધાયેલુ છે જે શંકાસ્પદ રહે છે. આ સાહેદ ઉલટતપાસમાં સ્વીકારે છે કે બનાવ પહેલા આરોપીઓને મળવાનો પ્રસંગ બનેલો નથી. તેમ છતાં તેવા સંજોગોમાં તપાસ દરમ્યાન આરોપીઓની ઓળખાણ માટે આવો કોઈ ટી.આઈ. પરેડ થયેલાનો પુરાવો રેકર્ડ ઉપર નથી. આ સાહેદ પણ મરણજનાર, તેમજ સાહેદ નં.૧૮ અનિરુધ્ધસિંહ અને પોતે એકબીજાને ઓળખતા હોય અને ખાસ મિત્રો થતા હોવાનું જણાવે છે. અન્ય ૩ થી ૪ પોલીસ કેસોમાં પોતે સાક્ષી તરીકે રહેલા હોવાનું જણાવેલ છે. તેમજ મરણજનારને અન્ય સાથે દુશ્મનાવટો ચાલતી હોવાનું પણ જણાવે છે જેથી હાલના આરોપીઓની આ બનાવમાં ખોટી રીતે સંડોવણી કરી દીધેલ હોવાનુ નકારી શકાય તેમ નથી અને તેથી આવા સાહેદનો પુરાવો પણ નહી માનવા જણાવેલ છે.

ત્યારબાદ દલીલમાં વધુ જણાવેલ છે કે સાહેદ નં.૨૪ કે જે ડોકટર મરણજનારની સૌ પ્રથમ સારવાર કરનાર ડોકટર છે. તેઓનો સરતપાસનો પુરાવો સમર્થન કરે છે કે મરણજનારની મેડીકલ હિસ્ટ્રી સાહેદ નં.૧૮ અનિરુધ્ધસિંહે આપેલી. આ જ ડોકટર સાહેદ ઉલટતપાસમાં પણ સ્વીકારે છે કે જો દર્દી સભાન અવસ્થામાં હોય અને બોલીચાલી શકતા હોય તો મેડીકલ હિસ્ટ્રી તેમના કહેવા મુજબ લખવામાં આવે છે. જેથી મરણજનારે આરોપીઓના નામ જણાવ્યા હોવાનું પણ શંકાસ્પદ રહે છે. આ ડોકટર સાહેદ એ પણ સ્વીકારે છે કે ડી.એ.એમ.એ. એટલે કે ડિસ્ચાર્જ અગેઈન્સ્ટ મેડીકલ એડવાઈઝ આ કેસમાં લીધેલ છે અને બે–ત્રણ કલાક સુધી સારવાર ન લીધી હોય તો કોમ્લીકેશન થઈ શકે તેવી શકયતા રહેલી છે. જેથી જ્યારે એક હોસ્પિટલથી બીજ હોસ્પિટલ જવાના સમયગાળામાં પણ તફાવત છે તે દરમ્યાન શું બન્યુ અને શું થયું તે પણ ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ નથી.

તેવી જ રીતે ત્યારબાદ વધુમાં દલીલમાં જણાવેલ છે કે સાહેદ નં.૨૦ નાથુરામ કે જે મરણજનારના કાકા છે. તેઓ દ્વારા પણ આરોપીઓની ઓળખાણ માટેની ટી.આઈ. પરેડ કરાવેલ નથી અને આ સાહેદ પણ પાછળથી ઉભા કરેલા સાહેદ છે.

ત્યારબાદ અંતે દલીલમાં જણાવેલ છે કે સાહેદ નં.૨૯ કે જે તપાસ કરનાર અધિકારી છે તેઓએ ઉલટતપાસમાં સ્વીકારેલ છેકે ફરિયાદીના પુરાવા મુજબ બનાવ સ્થળે જે પોલીસ હાજર હતી તેવા કોઈ પોલીસ કર્મચારીના નિવેદન નોંધાયેલા નથી. ફરિયાદીએ ફરિયાદ કે વિશેષ નિવેદનમાં આરોપીઓના નામ ચિઠ્ઠીમાં લખી લીધેલ હોય તેવું જણાવેલ નથી. તીક્ષ્ણ હથિયારથી હુમલો થયો હોય તેવું તપાસમાં ખુલેલ નથી. ફરિયાદીની ફરિયાદમાં કે વિશેષ નિવેદનમાં ફરિયાદી પોતે ઘટના સ્થળે પહોંચ્યા ત્યારે સાહેદ નં.૨૦ નાથુરામ, સાહેદ નં.૧૮ અનિરુધ્ધસિંહ કે સાહેદ નં.૨૩ અર્જુનસિંહ ઘટના સ્થળે પહોંચ્યા હોય તેવું જણાવેલ નથી. તપાસ કરનાર અધિકારીએ એ પણ સ્વીકારેલ છે આ સાહેદોના નિવેદનો અનુક્રમે તા.૨૭/૦૭/૨૦૧૯ અને તા.૨૮/૦૭/૨૦૧૯ ના રોજ નોંધેલા છે. તપાસ કરના અધિકારીએ એ પણ સ્વીકારેલ છે કે આંક–૨૨૯ વાળી ફરિયાદ કઈ જગ્યાએ નોંધવામાં આવી છે તેનો કોઈ શેરો ફરિયાદમાં કરવામાં આવેલ નથી. એ પણ સ્વીકારેલ છે કે ફરિયાદીના કપડા લોહીવાળા થયા હોય તેવું તપાસમાં ખુલેલ નથી. મરણજનાર અને સાહેદ નં.૧૮ અનિરુધ્ધસિંહ અને સાહેદ નં.૨૩ અર્જુનસિંહ મિત્રો થતા હોવાનું તપાસમાં ખુલેલ છે, છતાં મિત્ર સાહેદોના નિવેદનમાં મિત્રો હોવાનું નોંધેલ નથી. તપાસ કરનાર અધિકારીએ એ પણ સ્વીકારેલ છે કે સાહેદો નથુરામ, અનિરુધ્ધસિંહ અને અર્જુનસિહના નિવેદનો એક અઠવાડિયા બાદ નોંધાતા હોય તેવા સાહેદોના બનાવ વખતે મોબાઈલ લોકેશન શું હતા તે અંગે પણ તપાસ કરેલ નથી. આમ અંતે દલીલમાં જણાવેલ છે કે ફરિયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ ન હોય આરોપીઓને મુકત કરવા જણાવેલ છે.

**૦૮.3** આરોપી નં.૧૧ તરફે વિ.વકીલશ્રીની મુખ્યત્વે દલીલ છે કે ફરિયાદપક્ષ તરફે સાહેદ નં.૨૫ કે જે મરણજનારના પિતરાઈ ભાઈ છે. તેઓએ આંક–૨૨૯ વાળી ફરિયાદ આપેલ છે. તેવી જ રીતે ત્રણ સાહેદો જેમ કે સાહેદ નં.૧૮ અનિરુધ્ધસિંહ, સાહેદ નં.૨૦ નાથુરામ અને સાહેદ નં.૨૩ અર્જુનસિંહ આઈ વીટનેસ કે ચાન્સ વીટનેસ છે. ફરિયાદપક્ષ દ્વારા ફરિયાદમાં સવારમાં એક બનાવ બનેલાનું બતાવીને મોટીવ એટલે કે હેતુ હોવાનો પણ ઉલ્લેખ કરેલ છે કે જે હેતુના કારણે પાછળથી બીજા

નંબરના બનાવમાં મારામારી થયેલ હોવાનું દર્શાવેલ છે. પરંતુ સમગ્ર પણે સંજોગો જોતાં મરણજનાર શરૂઆતથી જ બેભાન છે. આઈ વીટનેસો કે ચાન્સ વીટનેસ હોવા છતાં તેઓ ફરિયાદ આપેલ નથી, પરંતુ અન્યએ ફરિયાદ આપેલ છે.

વધુમાં દલીલમાં જણાવેલ છે કે સાહેદ નં.૧૬ નો પુરાવો હિયરસે પુરાવો છે. સાહેદ નં.૨૦ નાથુરામનો પુરાવો ૬૨ વર્ષના પોતે હોય તેઓની વર્તણૂક નોંધવાપાત્ર પુરાવા મુજબ થઈ પડે છે. પોતે બનાવ જોવે છે છતાં ત્યાં છોડાવવા જતા નથી, પરંતુ મરણજનાર પોતાનો ભત્રીજો હોય તેઓના ઘરે વિવેકાનંદનગર જાય છે. આ સાહેદની ઉલટતપાસ જોતાં પણ તે સાહેદ ત્યાં હાજર નથી અને પાછળથી ઉભા કરેલા છે. તેવી જ રીતે સાહેદ નં.૨૩ અર્જુનસિંહ કે જે મરણજનારના કલોઝ ફ્રેન્ડ છે. તેઓનો પુરાવો જોતાં પણ તેઓ બનાવ સ્થળ ઉપર હાજર નથી. ફરિયાદપક્ષ બનાવમાં જે બે બનાવમાં અગાઉનો હેતુ દર્શાવવાનો પ્રયત્ન કરેલ છે, પરંતુ તે વેરભાવ હોવાનું રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તેથી બનાવનો હેતુ પુરવાર થતો નથી અને આરોપીઓનો ઈરાદો પણ પુરવાર થતો નથી.

તેવી જ રીતે વધુ દલીલમાં જણાવેલ છે કે સાહેદ નં.૧૭ રીંકેશ કે જે રિક્ષાવાળો છે તેના પુરાવાથી સાહેદ નં.૨૫ મોહિત કે જે ફરિયાદી છે તે મરણજનારની સાથે રિક્ષામાં હોવાની હકીકતને પણ સમર્થન મળતું નથી. તે રીતે પણ સાહેદ નં.૨૫ ફરિયાદી પાછળથી ઉભા કરેલા સાહેદ હોવાનું અનુમોદન મળે છે.

તેવી જ રીતે વધુમાં દલીલમાં જણાવેલ છે કે સાહેદ નં.૨૪ ડો.શૈલેષ કે જે મરણજનારને એલ.જી.હોસ્પિટલમાં પ્રથમ સારવાર આપનાર ડોકટર છે. તેઓ સમક્ષની હિસ્ટ્રીમાં આરોપીઓના નામ ફરિયાદી આપતા નથી, પરંતુ મરણજનારના મિત્ર સાહેદ નં.૧૮ અનિરુધ્ધસિંહ આપે છે. સદરહું ડોકટર સાહેદ ડી.એ.એમ.એ. એટલે કે ડિસ્ચાર્જ અગેઈન્સ મેડીકલ એડવાઈઝ ને અનુમોદન આપે છે અને આંક–૨૧૫ થી રજૂ થયેલ મેડીકલ સારવારના પેપર્સ મુજબ ડી.એ.એમ.એ. ની નોંધ થયેલાનુ પુરવાર કરેલ છે. જ્યાંથી એટલે કે એલ.જી.હોસ્પિટલેથી તારીખ ૨૦/૦૭/૨૦૧૯ ની રાત્રે ૧.૪૫ કલાકે ડી.એ.એમ.એ. થયા બાદ બીજી સીમ્સ હોસ્પિટલમાં સવારે ૫.૧૭ વાગ્યે દાખલ થયા વચ્ચેના સમયગાળા માટે ફરિયાદપક્ષ કશું જણાવતી નથી. સાહેદ નં.૧૦ ડો.વિપુલ કે જે સીમ્સ હોસ્પિટલમાં મરણજનારને સારવાર આપનાર ડોકટર છે. તે જણાવે છે કે મરણજનારને સારવાર માટે કલાક ૫.૧૭ વાગ્યે લાવવામાં આવેલા. આમ એલ.જી.હોસ્પિટલથી સીમ્સ હોસ્પિટલ ૧૦

થી ૧૫ કિલોમીટરનું અંતર હોવા છતાં એલ.જી.હોસ્પિટલથી રાત્રે ૧.૪૫ વાગ્યે ડી.એ.એમ.એ. થયા બાદ સીમ્સ હોસ્પિટલે કલાક ૫.૧૭ વાગ્યે મરણજનાર પહોંચે છે તે વચ્ચેનો સમયગાળો ઘણો બધો છે.

**૦૯.** આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, મરણજનાર જયદીપ રામહરી શર્મા નુ મૃત્યુ ઈ.પી.કો. કલમ–૨૯૯ હેઠળ સાપરાધ મનુષ્યવધ છે?

(૨) શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ ભેગામળી ગેરકાયદેસર મંડળી રચી એકબીજાની મદદગારીમાં મરણજનાર સાથે બોલાચાલી ઝગડો કરી તારીખ ૨૦/૦૭/૨૦૧૯ ના ૧૮.૩૦ વાગ્યાના સુમારે મરણજનારને ગડદાપાટુનો માર મારી તેમજ ઘાતક હથિયારો ધારણ કરી મરણજનારને મારી નાખવાના ઈરાદે શરીરે જીવલેણ ગંભીર ઈજાઓ ઈજાઓ પહોંચાડેલ. જેથી મરણજનારનું મોત થયેલ. આમ, આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૪૨૭, ૪૦૩, ૫૦૬(૨), ૧૧૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી), ૩૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબ નો શિક્ષાને પાત્ર ગુનો આચરેલ છે?

(૩) શું હુકમ ?

**૧૦.** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નંબર –૦૧ હકારમાં.

(૨) મુદ્દા નંબર –૦૨ નકારમાં.

(૩) મુદ્દા નંબર–૦૩ આખરી હુકમ મુજબ.

**–:<u>કા ર ણો</u>:–**

**<u>મુદ્દા નં.૦૧</u>–**

**૧૧.** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૧ નિસર્ગ કરસનભાઈ હુમનને આંક–૧૦૪ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તા.૨૪.૦૭.૨૦૧૯ ના રોજ સિવિલ હોસ્પીટલના પી.એમ. રૂમ ખાતે તેઓ ફરજ પર હાજર હતા ત્યારે વિવેકાનંદનગર પો.સ્ટેશનના પો.સ.ઈ.શ્રીની યાદી લઈ મૃતક જયદિપ રામહરી શર્માનુ પી.એમ. કરવા માટે લાવેલ અને પી.એમ. નં. ૨૧૩૦/૨૦૧૯ મુજબ તા.૨૪.૦૭.૨૦૧૯ ના રોજ સાંજના ૪.૫૦ વાગે મેં તથા

મારી સાથી પેનલ ડોકટર શ્રી સી.ટી. મહેશ્વરીએ શરૂ કરેલ અને તે જ દિવસે સાંજના ૬.૫૦ વાગે આ મૃતકનુ પી.એમ. પુર્ણ કરેલ હતુ. મૃતકનુ પરીક્ષણ તેમની પેનલ ડોકટર દ્વારા કરતા તે શબ આશરે ૨૦ વર્ષના પુરુષની ઓળખાયેલી લાશ હતી. ગળાના જમણા ભાગે બંને હાથ પર પેટના ભાગે અને ડાબી પીઠના ભાગે હોસ્પીટલનો પાટો હતો. બંને પગના ભાગે પ્લાસટર સાથે હોસ્પીટલનો પાટો હતો. અંગત ભાગો પર હોસ્પીટલનુ ડાયપર પહેરાવેલ હતુ. લાશનો કદ બાંધો સામાન્ય હતો અને તે ઠંડી હતી. લાશની ઉપર રાયગર મોટીસની હાજરી હતી અને અર્ધવિકસિત અવસ્થામાં હતી. પીઠના ભાગે પી.એમ. લીવીડીટીની હાજરી હતી અને તે ફીકસ હતી. શબની આંખો બંધ હતી, મો બંધ હતુ. નાકમાં રૂના પુમરા ભરાવેલા હતા. ડાબા અંગુઠા ઉપર વાદળી સાહીના નિશાન હતા. ગળાના જમણા ભાગે અને પેટના જમણા ભાગે સારવાર માટે લગાડેલા આઈ.વી. ના નિશાન હતા. બાહ્ય જનેદ્રીયો પર કોઈ ઈજાના નિશાન જોવા મળેલ ન હતા.

પી.એમ. નોટમાં કોલમ નં. ૧૭ માં જણાવેલ ઈજાઓ કે જે અલગ પાના નં. ૧,૨,૩ માં જણાવેલ હતી તે નીચે મુજબ છે. **એ.** માથુ ૧. ૦.૭*૦.૭ સેમીના માપનો ઘસરકો નાકની જમણી બાજુએ હતો. ૨. ૦૫.*૦.૫ સેમીનો ચકામો નીચેના હોઠના મધ્યભાગે હતો. ૩. ૦.૫*૦.૫ સેમીના માપનો ઘસરકો રાઈટ એંગલ ઓફ માઉથ પર હતો. **બી.** જમણો હાથ ૧. ૨ સેમીનો ટાકા લીધેલો ઘા કે જે જમણા હાથના બહારના ભાગે નીચેના ૧/૩ ભાગમાં હતો અને તે ઉભો હતો. તે જમણા ખભાથી ૨૨ સેમી નીચે અને જમણી કોણીથી ૯ સેમી ઉપરના ભાગે હતો. તેને ખોલીને જોતા ટાકાઓ ખુબજ સરળતાતી ખુલી જતા હતા અને આ ઘા ૨*૦.૫*૧ સેમીના માપનો છુંદાયેલો ઘા હતો. ૨. ૨ સેમીના માપનો સર્જીકલ ટાકા લીધેલો ઘા જે જમણા હાથના બહારના ભાગે નીચેના ૧/૩ ભાગમાં હતો અને તે ઉભો હતો. તે જમણા ખભાથી ૨૬ સેમી નીચે અને જમણી કોણીથી ૫ સેમી ઉપરના ભાગે હતો. તેને ખોલીને જોતા ટાકાઓ ખુબજ સરળતાતી ખુલી જતા હતા અને આ ઘા ૨*૦.૫*૦.૫ સેમીના માપનો છુંદાયેલો ઘા હતો. ૩. ૧૬*૨ સેમીના માપનો ટ્રામલાઈન પ્રકારનુ ચકામુ જમણા હાથના આગળના ભાગે હતુ કે જે ઉભુ હતુ. ૪. ૯*૩ સેમીના માપનુ ત્રાસુ કે જે નીચે અને બહારની તરફ જતુ હતુ તેવુ ટ્રામલાઈન પ્રકારનુ ચકામુ જમણા હાથના આગળના ભાગે અને મધ્ય ભાગે હતુ. ૫. ૭*૩ સેમીના માપનુ ત્રાંસુ કે જે નીચે અને બહારની તરફ જતુ હતુ તેવુ ટ્રામલાઈન પ્રકારનુ

ચકામુ જમણા હાથના આગળ અને બહારના ભાગે ઉપરની તરફ હતુ. ૬. ૧૦*૬ સેમીના માપનુ પ્રસરેલુ ચકામુ જમણા હાથના આગળના ભાગે અને નીચેના ભાગે હતુ. ૭. ૧૬*૭ સેમી માપના પ્રસરેલુ ચકામુ જમણા હાથના આગળના, બહારના ભાગે નીચેની તરફ હતુ અને તે જમણી કોણીના બહારના ભાગને આવરી લેતુ હતુ. ૮. ૨*૧ સેમીના માપનો ઘસરકો જમણી કોણીના બહારના ભાગે હતો. ૯. ૧૦*૨ સેમીના માપનો ત્રાંસુ કે જે નીચેની તરફ અને અંદરની તરફ જતુ હતુ તેવુ ટ્રામ લાઈન પ્રકારનો ચકામો જમણા હાથના પાછળના અને અંદરની તરફના ભાગે મધ્ય ભાગે હતુ. ઈજા નં. ૧૦.,૧૧,૧૨,૧૩ અને ૧૪ સામાન્ય ઘસરકા પ્રકારની ઈજાઓ હતી જેનુ પુર્ણ વર્ણન પી.એમ.નોટમાં દર્શાવેલ છે. જમણો હાથ સુઝી ગયેલ હતો અને ઘણા બધા બ્લીસ્ટર્સ (ફોલ્લા)હતા કે જેના લીધે ચામડી ઉખડી જતી હતી. **સી.** ડાબો હાથ ૧. ૪૨*૨૪ સેમીના માપનુ પ્રસરેલુ ચકામુ કે જે પુરા ડાબા હાથને આવરી લેતુ હતુ અને ડાબીકોણીને આવરી લેતુ હતુ અને ડાબી અગ્ર બાહુના ઉપરના ભાગને આવરી લેતુ હતુ. ૨. ૮*૧.૫ સેમીના માપનો ત્રાંસુ નીચેની તરફ અને અંદરની તરફ જતુ ટ્રામ લાઈન પ્રકારનુ ચકામુ ડાબી અગ્ર બાહુના પાછળના ભાગે અને મધ્ય ભાગે હતુ. ઈજા ૩. અને ૪. ઘસરકા પ્રકારની ઈજાઓ હતી જેનુ વર્ણન પી.એમ. નોટમાં દર્શાવેલ છે. ડાબો હાથ સુઝી ગયેલ હતો અને ઘણા બધા બ્લીસ્ટર્સ (ફોલ્લા)હતા કે જેના લીધે ચામડી ઉખડી જતી હતી. **ડી.** જમણો પગ ૧. ૧૫*૧૫ સેમીનુ પ્રસરેલુ ચકામુ પગના આગળના અને બહારના ભાગે ઉપરના અને મધ્ય ભાગને આવરી લેતુ હતુ. ૨. ૩.૫*૨.૫ સેમીનુ ચકામુ જમણા ઘુંટણના આગળના ભાગે હતુ. ૩. ૭*૫ સેમીના માપનુ પ્રસરેલુ ચકામુ જમણા ઘુંટણના પાછળના ભાગે હતુ. ઈજા નં. ૪,૫,૬,૭ અને ૮ ઘસરકા પ્રકારની ઈજાઓ હતી જેનુ પુર્ણ વર્ણન પી.એમ. નોટમાં દર્શાવેલ છે. જમણો પગ અને જમણો ઘુંટણ સુઝી ગયેલ હતો અને ઘણા બધા બ્લીસ્ટર્સ (ફોલ્લા)હતા કે જેના લીધે ચામડી ઉખડી જતી હતી. **ઈ.** ડાબો પગ ૧. ૧૯*૭ સેમીના માપનો પ્રસરેલુ ચકામુ પગના આગળના અને અંદરના ભાગે પગના મધ્ય ભાગ અને નીચેના ભાગને આવરી લેતુ હતુ. તે ઉપરાંત બાહ્ય તપાસથી માલુમ પડે તેવુ ડાબા ટીબીયા હાડકાનુ નીચેના ભાગેથી ફ્રેકચર જણાયેલ હતુ. ૨. ૬*૪ સેમીના માપનુ પ્રસરેલુ ચકામુ ડાબા ઘુંટણના પાછળના ભાગે હતુ. ઈજા નં. ૩,૪ અને ૫ ઘસરકા પ્રકારની ઈજાઓ હતી જેનુ પુર્ણ વર્ણન પી.એમ. નોટમાં દર્શાવેલ છે. **એફ.** પીઠ ૧. ૭*૨ સેમીના માપનુ ટ્રામલાઈન પ્રકારનુ ચકામુ

કે જે આડુ હતુ તે પીઠના ઉપરના ભાગે ડાબી તરફ હતુ. ૨. ૧૧*૨ સેમીના માપનુ ત્રાંસુ કે જે નીચેની તરફ અને અંદરની તરફ જતુ હતુ તેવુ ટ્રામલાઈન પ્રકારનુ ચકામુ ડાબી પીઠના ઉપરના ભાગે હતુ. ૩. ૧૬*૨ સેમીના માપનુ ત્રાંસુ કે જે જમણેથી ડાબી તરફ જતુ હતુ તેવુ ટ્રામલાઈન પ્રકારનુ ચકામુ પીઠના મધ્ય ભાગે હતુ. ૪. ૧૧*૨ સેમીના માપનુ ત્રાંસુ કે જે નીચેની તરફ અને અંદરની તરફ જતુ હતુ તેવુ ટ્રામલાઈન પ્રકારનુ ચકામુ ડાબી પીઠના મધ્ય ભાગે હતુ. ૫. ૧૧*૨ સેમીના માપનુ ઉભુ ટ્રામલાઈન પ્રકારનુ ચકામુ ડાબી પીઠના મધ્ય ભાગમાં હતુ. ૬. ૧૯*૨ સેમીના માપનુ ત્રાંસુ કે જે નીચેની તરફ અને અંદરની તરફ જતુ હતુ તેવુ ટ્રામલાઈન પ્રકારનુ ચકામુ પીઠના જમણા ભાગે નીચને ભાગને તથા મધ્ય ભાગને આવરી લેતુ હતુ. ૭. ૧૮*૨ સેમીના માપનુ ત્રાંસુ કે જે નીચેનુ તરફ અને અંદરની તરફ જતુ  હતુ તેવુ ટ્રામલાઈન પ્રકારનુ ચકામુ પીઠના જમણા ભાગે મધ્ય ભાગ અને નીચેના ભાગને આવરી લેતુ હતુ. આ ચકામુ ઉપર જણાવેલ ઈજા એફ.(૬) થી ૨ સેમી બહારની તરફ હતુ અને તે ઈજા નં. એફ(૬) ને સમાંતર હતુ. ૮. ૯*૨ સેમીનુ આડુ ટ્રામલાઈન પ્રકારનો ચકામો ડાબી પીઠના મધ્ય ભાગે હતુ. કે જે ડાબી છાતિના બહારના ભાગ સુધી પહોચતુ હતુ. ૯. ૮*૨ સેમીનુ આડુ ટ્રામલાઈન પ્રકારનો ચકામો ડાબી પીઠના નીચેના ભાગે હતુ.

**જી.** પેટ ૧. ૭*૨ સેમીનુ ત્રાંસુ કે જે નીચેની તરફ અને અંદરની તરફ જતુ હતુ તેવુ ટ્રામલાઈન પ્રકારનો ચકામો પેટના ડાબા ભાગે બહારની તરફ  હતુ. ઉપર જણાવેલ તમામ ચકામાનો રંગ કાળાશ પડતા વાદળી રંગથી બદામી રંગ જેવા હતા અને ઉપર જણાવેલ તમામ ચકામાઓ ઘેરા બદામી રંગનુ ભીંગળુ ધરાવતા હતા. ઉપરોકત તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી.

શબની આંતરીક તપાસ કરતા ડાબા પગ, જમણા પગ અને જમણા હાથ, ડાબા હાથ તથા પીઠના ભાગની સંરચનાઓ ચીરીને જોતા ત્વચા નીચે સંરચનાઓ અને સ્નાયુઓમાં લોહી પ્રસરેલુ જણાયેલ હતુ અને ડાબા ટીબીયા હાડકાનુ નીચેના ભાગેથી અલગ થઈ ગયેલુ ફ્રેકચર જોવા મળેલ હતુ. શબની  આંતરીક  તપાસ  કરતા માથાના ભાગે ૧*૧ સેમીનુ ત્વચા નીચેનુ ચકામુ જમણા પરાઈટલ ભાગમાં હતુ. કોઈ અસ્થિભંગ જોવા મળેલ ન હતુ. મગજ ફીક્કુ(પેલ) અને સોજાયેલુ હતુ. ગળા તેમજ છાતિના ભાગે કોઈ આંતિરક ઈજાઓ ન હતી. બંને ફેફસા ફીક્કા હતા. પેટના ભાગે આંતરીક તપાસ કરતા સ્પ્લીન નજીકના મેઝોકોલોનમાં ચકામુ જોવા મળેલ

હતુ અને પેટમાં ૭૦ મીલી જેટલુ લોહી જોવા મળેલુ હતુ. સ્પ્લીન ચકામાયુકત હતુ. હોજરીમાં ૩૦૦ મીલી જેટલો પીળા રંગનો અર્ધપાચક ખોરાક હતો, હોજરીની ત્વચા સામાન્ય હતી કોઈ અસામાન્ય વાસ આવતી ન હતી. આતરડામાં પાચ્ય પ્રદાર્થ અને મળ પ્રદાર્થ હતો. બાકીના અવયવો ફીકકા હતા. કરોડ તથા કરોડરજ્જુના ભાગે કોઈ ઈજા જોવા મળેલ ન હતી. વધુ પોલીસ તપાસ માટે લોહીના નમુના એક બોટલમાં અને ઈડીટીએ માં વિવેકાનંદનગર પો.સ્ટે.ને સીલબંધ હાલતમાં સોપેલ હતા. તેઓ તથા તેમની પેનલ ડોકટરના અભિપ્રાય મુજબ મૃતકના શરીરપરની ઈજાઓને કારણે વધુ પ્રમાણમાં લોહી વહી જતા અને આઘાત લાગવાના કારણે મૃતકનુ મૃત્યુ થયુ હોવાનુ જણાયેલ હતુ. નિ.૫/૧૮ વાળુ પી.એમ. નોટ બતાવવામાં આવે છે. તેમાં મારી તથા મારા સાથી પેનલ ડોકટરશ્રી સી.ટી. મહેશ્વરીની સહી છે, જે ઓળખે છે, જેને રજુ દાખલ આંક–૧૦૬ આપવામાં આવે છે. ગુજરનારને થયેલી ઈજાઓ સખત, બોથડ અને ખરબચડા પ્રકારના પ્રદાર્થથી થઈ શકે તેવી હતી.

મુદ્દામાલ આર્ટીકલ નં.૧૦ થી ૧૪ અને ૨૬,૨૮ થી ૩૧, ૪૮, ૫૧ બતાવવામાં આવે છે. જે એક સફેદ કપડામાં અલગ અલગ લપેટીને સીલપેક કરેલ છે, જે ના.કોર્ટની પરવાનગીથી તમામ સીલ ખોલીને બતાવવામાં આવે છે, આ તમામ કપડાઓમાંથી અલગ અલગ લાકડીઓ નીકળેલ છે, જે તમામ લાકડીઓને ગાઠો છે, તે જોઈને જણાવે છે કે, આ લાકડીઓ કોઈને મારવાથી ગુજરનારને થયેલી ઈજાઓ જેવી ઈજાઓ થઈ શકે. મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૫ તથા ૨૭ બતાવવામાં આવે છે. જે એક સફેદ કપડામાં અલગ અલગ લપેટીને સીલપેક કરેલ છે, જે ના.કોર્ટની પરવાનગીથી તમામ સીલ ખોલીને બતાવવામાં આવે છે, આ તમામ કપડાઓમાંથી અલગ અલગ બે લોખંડની પાઈપો નીકળેલ છે, જે બંને લોખંડની પાઈપો જોઈને જણાવે છે કે, આ પાઈપો કોઈને મારવાથી ગુજરનારને થયેલી ઈજાઓ જેવી ઈજાઓ થઈ શકે છે.

**૧૧.૧** સદરહું સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે. લાશને ચીરવાનુ કામ તેમણે તથા સાથેના ડોકટરે બંનેએ કરેલુ. જ્યારે ઈજાઓ જોતા હતા ત્યારે સાથેના ડોકટર મહેશ્વરી લખતા હતા અને મહેશ્વરી જોતા હતા ત્યારે પોતે લખતા હતા. તેઓ બંને જે લખતા હતા તે એક જ કાગળ ઉપર લખતા હતા. તે વાત ખરી છે કે પી.એમ. કરતી વખતે કાચી નોંધ તૈયાર કરેલી અને તેની ઉપરથી પી.એમ. નોટ બનાવેલ. તે વાત ખરી નથી કે પી.એમ. નોટમાં કોલમ નં. ૧૭ માં દર્શાવેલ ઈજાઓ સામાન્ય પ્રકારની

ઈજાઓ છે. તે વાત ખરી નથી કે પી.એમ. નોટમાં કોલમ નં. ૨૦ માં દર્શાવેલ ઈજાઓ સામાન્ય પ્રકારની કહેવાય. તેમાં દર્શાવેલ ચકામુ સામાન્ય ગણાય પરંતુ સમગ્ર મગજ પર સોજો હતો એટલે સામાન્ય ન કહેવાય. એવુ જરૂરી નથી કે મગજ ઉપર સોજો આવે ત્યારે માણસ બેભાન થઈ શકે. જેમ જેમ સોજો વધતો જાય તેમ તેમ માણસ બેભાન થતો જાય. તે જરૂરી નથી કે જેમ જેમ સોજો ઓછો થાય તેમ તેમ માણસ ભાનમાં આવે. તે વાત ખરી છે કે માણસને માથામાં વાગે તો તે બેભાન થઈ શકે. તે વાત ખરી નથી કે ગુજરનારને થયેલી ઈજાઓ જેવી ઈજાઓ અકસ્માત થવાથી પણ થઈ શકે. કોલમ નં. ૧૭ માં ઈજા નં. બી(૩,૪,૫,૬,૭), ઈજા નં. સી(૧,૨,), ઈજા નં. ડી (૧,૨,૩), ઈજા નં. ઈ (૧,૨), ઈજા નં. એફ માં જણાવેલ તમામ ઈજાઓ સંયુકત રીતે ગંભીર ઈજાઓ કહેવાય. તેમના કહેવા પ્રમાણે આ ઈજાઓ થવાથી આંતરિક ભાગે રકતસ્ત્રાંવ થવાથી હેમરેજ થવાથી મૃત્યુ નીપજેલ. શબની આંતરિક તપાસમાં કોલમ નં. ૨૨ માં ઈજા નં. આઈ ની વધારાની નોંધમાં શરીરના ડાબા અને જમણા હાથ અને ડાબા અને જમણા પગ તથા સમગ્ર પીઠના ભાગે સંપુર્ણ અવયવોમાં લોહી પ્રસરેલ હતુ. તે વાત ખરી છે કે ફેફસાના ભાગે રક્તસ્ત્રાવ થયો હોય અને જામ થયેલ હોય તેવુ બનેલ નથી.

**૧૧.૨** આમ, સદરહું ડોકટર સાહેદના ઉલટતપાસના પુરાવામાં જ એ પુરવાર થાય છે કે પી.એમ. રિપોર્ટના કોલમ નં.૧૭ માં ઈજા નં.બી (૩,૪,૫,૬,૭), ઈજા નં.સી (૧,૨), ઈજા નં.ડી(૧,૨,૩), ઈજા નં.ઈ (૧,૨), ઈજા નં.એફ માં જણાવેલ તમામ ઈજાઓ સંયુકત રીતે ગંભીર ઈજાઓ કહેવાય. ડોકટર સાહેદ સ્પષ્ટ જણાવે છે કે આ ઈજાઓ થવાથી આંતરિક ભાગે રકતસ્ત્રાવ થવાથી હેમરેજ થવાથી મૃત્યુ નિપજેલ. આમ ઈજાના કારણે મૃત્યુ નિપજેલ છે તે મૃત્યુ કુદરતી નથી.

સદરહું ડો.સાહેદના પુરાવા પરથી એ પણ ફલિત થઈ આવે છે કે પી.એમ. તારીખ ૨૪/૦૭/૨૦૧૯ ના સાંજના કલાક ૪.૫૦ વાગ્યે શરૂ કર્યું, ત્યારે મરણજનાર જયદીપના શબ ઉપર ગળાના જમણા ભાગે, બંને હાથ ઉપર, પેટના ભાગે અને ડાબી પીઠના ભાગે હોસ્પિટલના પાટા હતા. બને પગના ભાગે પ્લાસ્ટર સાથે હોસ્પિટલનો પાટો હતો. આમ પી.એમ. અગાઉ મરણજનારે સારવાર લીધેલાનો પુરાવો છે. તે માટે સારવાર આપનાર ડોકટરનો પુરાવો પણ અગત્યનો થઈ પડે છે જે ડોકટરોનો પુરાવો સાહેદી ક્રમમાં પુરાવો આવશે ત્યારે તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

હાલના પી.એમ. કરનાર ડો.સાહેદના પુરાવા માટે આરોપી પક્ષે દલીલમાં રજૂઆત છે કે અભિપ્રાયમાં ઈજાનો સમય બાબતનો અભિપ્રાય નથી. પરંતુ પી.એમ. કરનાર ડો.સાહેદનો અભિપ્રાય મરણજનારના મૃત્યુ માટે ઈજાઓ પૂરતી છે કે કેમ? તે માટે મહત્વનો થઈ પડે છે. તે અભિપ્રાય આ ડો.સાહેદ દ્બારા અપાયેલ છે. પી.એમ. કરનરા આ ડો.સાહેદ માટે આરોપીપક્ષે બીજી એવી દલીલ છે કે મરણજનારનું બ્લડ સેમ્પલ પી.એમ. રૂમમાંથી લેવાઈને પો.સ્ટેશન અને પો.સ્ટેશનથી એફ.એસ.એલ. માં ગયેલાનો પુરાવો ફરિયાદપક્ષ દ્બારા રજૂ કરાયેલ નથી.તે બાબતે પુરાવો ચકાસતાં આ સાહેદ પી.એમ. કરનાર ડોકટરે પોતાના પુરાવામાં સ્પષ્ટ જણાવેલ છે કે લોહીના નમૂના એક બોટલમાં અને ઈ.ડી.ટી.એ. બલ્બમાં સીલબંધ હાલતમાં વિવેકાનંદનગર પોલીસને સોંપેલ હતા. આમ ડોકટરે સોંપેલાનુ પુરવાર થયેલ છે. પરંતુ તે માટે સાથોસાથ સાહેદ નં.૨૯ તપાસ કરનાર અધિકારનો પુરાવો ચકાસતાં ઉલટતપાસમાં એ સ્વીકારેલ છે કે આ મરણજનારનું લોહીનુ સેમ્પલ રજૂ કરવા માટે કોઈ પંચનામુ થયેલ નથી કે તે સેમ્પલ લઈ આવનાર પોલીસ કર્મચારીનુ તપાસના કામે કોઈ નિવેદન નોંધાયેલ નથી. સાથોસાથ સાયન્ટીફીક પુરાવા સંદર્ભે આંક–૨૬૪થી મુદામાલ રવાનગી નોંધથી આવો લોહીનો નમૂનો પૃથ્થકરણ અર્થે મોકલાયેલ છે અને આંક–૨૭૩થી તે પૃથ્થકરણ અંગેનો અહેવાલ પણ આવેલ છે. તે અહેવાલ મુજબ મરણજનારનું લોહી અને ઈ.ડી.ટી.એ. માટે રૂધિરનુ જુથ–એ તેવું પરિણામ આવેલ છે. આમ**, મુદ્ધા નં.૦૧ નો જવાબ** મરણજનારનું મૃત્યુ સાપરાધ મનુષ્ય વધ હોય **હકારમાં** આપવામાં આવે છે.

**<u>મુદ્ધા નં.૦૨ તથા ૦૩:–</u>**

**૧૨.** હવે મરણજનારના આ સાપરાધ મનુષ્ય વધ માટે આરોપીઓ સંડોવાયેલા છે કે કેમ? તે ચકાસવા માટે ફરિયાદપક્ષ દ્બારા જે પુરાવો નોંધાયેલો છે તેનું મૂલ્યાંકન કરવાનુ રહે છે. તે માટે ક્રમશઃ સાહેદોના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

**૧૩.** બંને તરફેની દલીલને ધ્યાનમાં રાખી રજુ થયેલા પુરાવાઓનું પૃથ્થકરણ અને મુલ્યાંકન કરીએ તો ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૦૨ બાબુભાઈ અમરતલાલ રાઠોડને આંક–૧૦૭ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે**,** તેઓ નિવૃત જીવન જીવે છે. તારીખ ૨૨.૦૭.૨૦૧૯ ના રોજ સાંજે સાડા પાંચ વાગે પોતાના ઘર આગળ બેઠા હતા ત્યારે

પોલીસના સાહેબ આવેલા અને પંચમાં રહેવાનુ કહેતા તેમને પોલીસ સ્ટેશને હાજર થવાનુ કહેલુ એટલે પોણા છ વાગે વિવેકાનંદનગર પો.સ્ટેશનમાં ગયેલા. ત્યાં તેમની સાથે બીજા પણ એક ભાઈ હતા અમરસિંહ વકતસિંહભાઈ હતુ. ત્યાં પોલીસ સ્ટેશનમાં સાહેબ પાસે લઈ ગયેલા અને ત્યાં સાહેબે કહેલુ કે અંદર સચીનભાઈ કરીને હાજર છે. ત્યાં તેઓની હાજરીમાં સચીનની અંગજડતી લીધેલી અને સચીનભાઈના પેન્ટના જમણા ખિસ્સામાંથી એક મોબાઈલ મળી આવેલ. આ ફોન એ એક્સનો હતો. પોલીસે તેમની હાજરીમાં મોબાઈલમાંથી વોટસઅપ ખોલેલુ અને તેમાંથી બે વીડીયો જોયેલા જે સચીનને બતાવેલા અને સચીનને પુછેલુ કે જેને મારી રહ્યા છે તેને તમે ઓળખો છો? તો સચીનભાઈએ જણાવેલુ કે, હું કોઈને ઓળખતો નથી. સાહેબે એમ પણ જણાવેલુ કે,આ વિડીયો તમને કોણે મોકલ્યો? તો સચીને જણાવેલુ કે, આ વીડીયો મને અમિતભાઈએ મોકલેલા છે. ત્યારબાદ બાજુની કેબીનમાંથી અમિતભાઈને બોલાવવામાં આવેલા અને અમિતને પણ તે વિડીયો બતાવેલો. સાહેબે પણ તેમને પુછેલુ કે મારવાવાળા વ્યક્તિઓ અને જેને મારે છે તેને તમે ઓળખો છો? તો અમિતે કહેલુ કે, હું તેઓને ઓળખુ છું. અને અમિતભાઈએ તેમના નામ જણાવેલા. અમિતભાઈએ જે નામ જણાવેલા તે મહેશભાઈ, જીગ્નેશભાઈ, કૃણાલભાઈ, હર્ષભાઈ આ ચાર વ્યક્તિના નામ આપેલા. સાહેબે આ બધી કાર્યવાહીનુ તેમની સામે પંચનામુ લખેલુ અને પંચનામામાં તેઓ બંને પંચોની સહીઓ લીધેલી અને ત્યારબાદ એક નાની ચબરખીમાં પણ સહીઓ લીધેલી. ત્યારબાદ સાહેબે મોબાઈલ ફોન તથા ચબરખી એક બોકસમાં મુકેલી અને બોકસને સીલપેક કરી દીધેલ અને આ તમામ કાર્યવાહી રૂબરૂ સામે કરેલી. નિ.૫/૭ વાળુ અસલ પંચનામુ બતાવવામાં આવે છે, તેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે અને તેમાં પંચ નં. ૨ તરીકે અમરસિંહનાઓની સહી છે, જે ઓળખે છે, જેને રજુ દાખલ **આંક–૧૦૮** આપવામાં આવે છે. પોલીસે કબજે કરેલ મોબાઈલ બતાવવામાં આવે તો તે ઓળખી શકે. મુદ્દામાલ આર્ટીકલ નં. ૮ બતાવવામાં આવે છે, જે પ્લાસ્ટીકનુ એક પારદર્શખ બોકસ સીલબંધ બતાવવામાં આવે છે, જે નામ.કોર્ટની પરવાનગીથી બંને પક્ષકારોની હાજરીમાં ખોલીને બતાવવામાં આવે છે, તેમાંથી એક કાળા કલરનો વન પ્લસ ફોન કે પાછળના ભાગે લાલ કવર છે તે નીકળેલ છે. તે જોઈને જણાવે છે કે, આ ફોન પોલીસે સચીન પાસેથી તેમની હાજરીમાં કબજે કરેલ હતો તે જે છે. આ બોકસમાંથી તેઓ પંચોની સહીઓ વાળી કાપલી પણ નીકળેલ છે, તેમાં પંચં નં. ૧

તરીકે પોતાની સહી તથા પંચ નં. ૨ તરીકે અમરસિહ વખતસિંહની સહી છે, જે ઓળખે છે, જેને રજુ દાખલ **આંક–૧૦૯** આપવામાં આવે છે. પોલીસે સચીન તથા અમીતને જે રીતે ફોનમાં વીડીયો બતાવેલા તે રીતે તેમને પણ તે વિડીયો બતાવેલા જે વિડીયો જોઈને અમિતભાઈએ જેના નામ આપેલા તેમને પણ જોયેલા. પરંતુ તે ચારેય માણસોને ઓળખી શકે નહી. પરંતુ આજ રોજ અમિત નામ.કોર્ટમાં હાજર છે તેમને ઓળખે છે.

સદરહું સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં સ્વીકારેલ છે કે, પોતે ઘરે બેઠા હતા ત્યારે જે પોલીસનો માણસ બોલાવવા આવેલો તેને ઓળખતા નથી. પોલીસ સ્ટેશનમાં આ કાર્યવાહી વખતે અડધો કલાક રોકાયેલ. પોલીસ સ્ટેશનમાં ગયેલ ત્યારે મોબાઈલ ફોન પહેલેથી જ પોલીસવાળા પાસે હતો તેવુ બનેલુ. તે વાત ખરી છે કે મોબાઈલ બતાવ્યા પછી પોલીસે પંચનામુ કરેલુ. ફોનનો ઈ.એમ.આઈ નંબર કહી શકે નહી. ઈ.એમ.આઈ નંબર પોલીસને લખાવેલા નહી. તે ફોનના ઈ.એમ.આઈ નંબર કે તે ફોનના નંબર તેમની હાજરીમાં કાઢેલા નહી. સચીનની ઓળખાણ તે સચિન છે તેવી સાહેબે આપેલી. તે વાત ખરી નથી કે પોલીસે મને કહેલુ કે અમે સચીન પાસેથી મોબાઈલ કબજે કરેલ છે. તેમના ઘરેથી પોલીસ સ્ટેશન અડધો કી.મી. ના અંતરે છે. પોતે પોલીસ સ્ટેશને ચાલતા ગયેલા. પો.સ્ટેશને પહોચતા ૧૫ મીનીટનો સમય થયેલો. પંચનામુ પોલીસ હાથથી લખતી હતી. પોલીસે પંચનામુ લખેલુ. સીલની કાર્યવાહી એટલે દોરી બાંધીને લાખનુ સીલ મારેલુ. તે વાત ખરી છે કે સીલ શું હતુ તે ખબર નથી. તે વાત ખરી નથી કે તેઓ પંચ તરીકે ગયેલ નથી. પોતે રામભાઈને ઓળખે છે. તે વાત ખરી છે કે ગુજરનાર રામભાઈના પિતા થાય છે. તે વાત ખરી છે કે તેમને ત્યાં આવવા જવાનો સંબંધ છે.

**૧૩.૧** સદરહુ પંચ સાહેદનો પુરાવો ચકાસતા તેઓ ઉલટ તપાસમાં એ સ્વીકારે છે કે મરણજનાર જયદીપના પિતા રામભાઈ થાય છે અને આ રામભાઇને પોતે ઓળખે છે અને એમને ત્યાં આવા જવાનો સંબંધ છે. આમ સદરહું પંચ સાહેદ સ્વતંત્ર સાહેદ નથી. વધુમાં સદરહુ સાહેદનો સરતપાસનો પુરાવો જોઈએ તો સાહેદ નંબર ૦૬ સચિનભાઈ હરિભાઈ ભરવાડનાઓ પાસેથી જે મોબાઈલ ફોન મળી આવેલો તે આ પંચ સાહેદની રૂબરૂમાં પોલીસ સમક્ષ રજૂ થયેલાનો ફરિયાદપક્ષનો કેસ છે, પરંતુ આવા સાહેદ નંબર ૦૬ સચિનભાઈ હરિભાઈ ભરવાડની ઓળખાણ માટે સરતપાસમાં જ આ પંચ સાહેદ જણાવે છે કે, પોલીસ સ્ટેશનમાં ગયેલા અને ત્યાં

સાહેદે કહેલું કે અંદર સચિનભાઈ કરીને હાજર છે એટલું જ નહીં પરંતુ ઉલટતપાસમાં પણ સદરહું પંચ સ્વીકારે છે કે સચિનની ઓળખાણ તે સચિન છે તેવી સાહેદે આપેલી. આમ આ પુરાવા ઉપરથી આ પંચની રૂબરૂમાં સાહેદ નંબર ૦૬ સચીને પોતાની ઓળખ આપી હોય તેવું નથી, પરંતુ સચિન છે એવું પોલીસે જ પહેલેથી આ પંચને જણાવેલ છે જેથી અગાઉ જોયું તેમ ફરિયાદપક્ષના સંબંધમાં હોય તેથી હિત–રસ ધરાવનાર પંચ સાહેદ હોય તેથી સ્વતંત્ર સાહેદની સ્વતંત્ર પંચ સાહેદની ભૂમિકા સ્પષ્ટ પુરવાર થતી નથી. વધુમાં આ પંચ સાહેદના પુરાવાની સાથે સાથે સાહેદ નંબર–૦૬ સચિનભાઈ હરિભાઈ ભરવાડનો પુરાવો ચકાસતા પણ કે જેની પાસેથી મુદ્દામાલ આર્ટીકલ નંબર–૮ વાળો oneplus નો મોબાઇલ કબ્જે કરવામાં આવેલ છે અથવા તો મળી આવેલ છે તેઓ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. તેઓ જણાવે છે કે પોતાનો વન પ્લસ મોબાઈલ ફોન પોલીસને આપેલો. પંચ સાહેદ રૂબરૂ રજૂ કર્યો હોય તેવું જણાવતા નથી.

**૧૩.૨** વધુમાં સદરહું પંચ સાહેદનો પુરાવો એવો પણ છે કે તેઓની રૂબરૂમાં પોલીસ સ્ટેશનમાંથી બાજુની કેબિનમાંથી આરોપી નંબર–૦૪ અમિતને બોલાવવામાં આવેલ અને તે અમિતને પણ વિડિયો બતાવવામાં આવેલો અને તે આરોપી નંબર–૦૪ અમિતે તેમાં મારનારમાં કોણ છે તે આરોપીઓના નામ આપેલા. આમ આ પુરાવો આરોપી નંબર–૦૪ નો પોલીસ કસ્ટડી દરમિયાનનો કબુલાતનો પુરાવો છે, પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે આ પંચનામાના પંચ સાહેદનો પુરાવો એવો નથી કે આરોપી નંબર–૦૪ અમિત દ્વારા અપાયેલી માહિતી ઉપરથી ચીજવસ્તુમાં મુદ્દામાલ આર્ટીકલ નંબર–૮ મળી આવ્યો હોય કે જેથી તે ભારતીય પુરાવા અધિનિયમ કલમ–૨૭ અંતર્ગત પડે. હવે જ્યારે આરોપીની માહિતી ઉપરથી આવી કોઈ ચીજ વસ્તુઓ મળી આવેલ ન હોય તેવા સંજોગોમાં પોલીસ કસ્ટડી દરમિયાનની કબુલાતને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૫ અને ૨૬ નો બાધ નડે છે અને આવી કબુલાતને પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહીં. તેથી તે રીતે પણ આ પંચ સાહેદનો સરતપાસનો પુરાવો અને આંક–૧૦૮ નું પંચનામું પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. વધુમાં સદરહુ પુરાવામાં મુદ્દામાલ આર્ટીકલ નંબર–૮ ના મોબાઈલ માંથી મળી આવેલ બે વિડીયો તેઓના રૂબરૂ જોયેલા અને બતાવેલાનો પુરાવો આપે છે જ્યારે ફરિયાદપક્ષ દ્વારા એફ.એસ.એલ. રિપોર્ટના આંક–૨૭૬ અને ૨૭૭ ની સાથે વીડિયોની પરંતુ તેના ફોટા રજૂ થયેલા છે અત્રે પણ ઉલ્લેખનીય છે કે સદર ઉત્પાદન સાહેદને તેઓના

પુરાવા દરમિયાન એવા કોઈ વિડીયો બતાવવામાં આવેલ નથી અને પંચ સાહેદે પણ જણાવેલ છે કે એ વિડીયો જોઈને આરોપી નંબર–૦૪ અમિતે જે નામ આપેલા, એ ચારેય માણસોને હું ઓળખી શકું નહીં. તેમજ તે ઉપરાંત આંક–૨૭૭ ની સાથે રજૂ થયેલા ચાર ફોટોગ્રાફ પણ બતાવવામાં આવતા હોવા છતાં તેઓ જણાવે છે કે, તેમાં બતાવેલા માણસોને પોતે ઓળખી શકે નહીં. આમ આ પંચ સાહેદને રૂબરૂ ફોનમાંથી વિડીયો કબજે થયેલા જે વિડિયો બતાવવામાં આવેલ નથી અને વીડિયોમાંથી કયા સંજોગો હેઠળ ફોટા મેળવેલા છે કે જે ફોટા ને આ પંચ સાહેદ ઓળખી પણ બતાવતા નથી અને તે રીતે પણ આ પંચ સાહેદનો પુરાવો વિશ્વસનીય મનાતો નથી અને તેથી ફરિયાદપક્ષનો કેસ આ પંચના પુરાવા મુજબ પણ શંકા રહિત નથી.

૧૪. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૦૩ સુરેશભાઈ રમણભાઈ ડાભીને આંક–૧૧૦ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેઓ હાલ ખાનગી નોકરી કરે છે. તારીખ ૨૦.૦૭.૨૦૧૯ ના રોજ પોલીસે તેમને વિવેકનંદનગર પોલીસે સ્ટેશને રાત્રે આઠ સાડા આઠ વાગે બોલાવેલ. ત્યાં તેમની સાથે પોલીસે એક બીજા ભાઈને બોલાવેલા તેનુ નામ હાલ યાદ નથી. તેઓ ત્યાં પો.સ્ટેશને સાડા આઠ નવ વાગ્યાની આસપાસ પહોચી ગયેલ. ત્યાં પો.સ્ટેશનમાં પોલીસ સ્ટાફના ઘણાબધા હાજર હતા. ત્યાં રાઈટર સુભાષભાઈને મળેલ. જે બનાવ બનેલો હતો તે બનાવ વિશે સમજાવેલુ અને પંચમાં રહેવાનુ છે તેવી સમજ કરેલી, જેથી તેમને હા પાડેલી. ત્યારબાદ પોલીસે તેમની પાસે સહી કરાવેલી અને ત્યાંથી નીકળી ગયેલ. બીજા ભાઈએ ત્યાં સહી કરેલી કે કેમ? તેની મને ખબર નથી. પોલીસ કોઈ જગ્યાએ લઈ ગયેલ હોય તેવુ બનેલુ નહી. પોલીસે ત્યાં એક ગાડી બતાવેલી અને તે ગાડીમાંથી ચાર માણસોને અટક કરેલા છે તેવુ જણાવેલુ. નામ કહેલા પરંતુ હાલ યાદ નથી. એવુ બનેલુ નહી કે પોલીસ બગોદરા પાટીયા પાસે લઈ ગયેલ હોય અને તે વખતે એક ગાડી આવેલી હોય અને તેને ટોર્ચ તથા હાથના ઈશારા વડે ઉભી રખાવેલ હોય અને તેમાંથી શૈલેષ ઉર્ફે ટાઈગર, પાર્થ ઉર્ફે ભોળો, મહેશ નવઘણ, બીર્જુ રબારી ઉતરેલા હોય અને તેમની અંગજડતી કરી શરીરસ્થિતિનુ પંચનામુ કરેલુ તથા ટાટા જેસ્ટ ગાડી તપાસના કામે કબજે કરેલી. નિ. ૫/૮ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે, તેમાં પંચ નં.૧ તરીકે પોતાની સહી છે, જે ઓળખે છે, જેને રજુ દાખલ **આંક–૧૧૧** આપવામાં આવે છે.

પોલીસે ગાડીમાંથી જે ચાર માણસોને પકડેલાની જણાવેલ હતુ તે ચાર માણસોને પોતે ઓળખતા નથી.

સદરહું પંચ સાહેદ આરોપી નંબર-૧,૨,૩ અને ૬ ને અટક કર્યા અને તેઓની અંગજડતી કરી તે પંચનામાના પંચ સાહેદ છે, પરંતુ તે આંક-૧૧૧ના પંચનામાને સમર્થન કરતા નથી. તેઓની સાથે બીજા કોણ ભાઈ હતા અને પોલીસે કોને બોલાવેલા તેઓનું નામ યાદ નહિ હોવાનું જણાવે છે. આમ સદરહુ સાહેદ આરોપીઓના અટક પંચનામાને સમર્થન કરતા નથી અને તે રીતે અટક પણ શંકાસ્પદ રહે છે.

**૧૫.** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર-૦૪ કેતન નંદલાલ ભાવસારને આંક-૧૧૨ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેઓ પ્રાઈવેટ નોકરી કરે છે. તા.૨૨.૦૭.૨૦૧૯ ના રોજ વિવેકનંદનગર પો.સ્ટેશનને બપોરે સાડા ત્રણથી ચાર વાગે બોલાવેલો. તેમની પાછળ પો.સ્ટેશને એક ભાઈ પણ આવેલા હતા તેમનુ નામ રીપલભાઈ હતુ. પોતે પો.સ્ટેશનમાં ગયા ત્યારે સાહેબ બેઠેલ હતા. ત્યાં એક ભાઈ ઉભો હતો સાહેબે તેનુ નામ પુછેલુ અને તે ભાઈએ પોતાનુ નામ અમિત રબારી, ગામ-હાથીજણ હોવાનુ જણાવેલુ. સાહેબે તેના ખિસ્સામાંથી એક સેમસંગનો મોબાઈલ નીકાળેલો. સાહેબે તે મોબાઈલ ફોનમાં વીડીયો ચેક કરેલા પરંતુ તેમાં વીડીયો હતા નહી. મોબાઈલમાં "માય ફાઈલ"નામનુ ફોલ્ડર હતુ, તેમાં થી એક ઓડીયો મળેલો અને તે સચીનભાઈ નામના માણસને મોકલેલો હતો તેવો અવાજ આવેલો. ત્યારબાદ તે મોબાઈલ સદર સાહેદ તથા રીપલની સહી કરાવીને કબજે કરેલો અને એક ડબ્બીમાં મુકીને સીલ કરેલો અને ત્યાં પંચનામુ બનાવેલુ. નિ.૫/૬ વાળુ અસલ પંચનામુ બતાવવામાં આવે છે, તેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, જેમાં પંચ નં. ૨ તરીકે રીપલભાઈની સહી છે, જે ઓળખી બતાવે છે, જેને રજુ દાખલ આંક-૧૧૩ આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં. ૭ બતાવવામાં આવે છે. જે પ્લાસ્ટીકનુ એક પારદર્શખ બોકસમાં સીલબંધ બતાવવામાં આવે છે, જે નામ.કોર્ટની પરવાનગીથી બંને પક્ષકારોની હાજરીમાં ખોલીને બતાવવામાં આવે છે, તેમાંથી એક કાળા કલરનો સેમસંગ કંપનીનો ફોન નીકળેલ છે. તે જોઈને જણાવે છે કે, આ ફોન પોલીસે અમિત પાસેથી તેમની હાજરીમાં કબજે કરેલ હતો તે જે છે. આ બોકસમાંથી

અમો પંચોની સહીઓ વાળી કાપલી પણ નીકળેલ છે, તેમાં પંચં નં. ૧ તરીકે પોતાની સહી તથા પંચ નં. ૨ તરીકે રીપલભાઈની સહી છે, જે ઓળખે છે, જેને રજુ દાખલ **આંક-૧૧૪** આપવામાં આવે છે. જે અમિતભાઈ પાસેથી પોલીસે આ મોબાઈલ ફોન કબજે કરેલો તેમને પોતે ઓળખે છુે તે આજ રોજ નામ.કોર્ટમાં હાજર છે તેને સાહેદ અમિતભાઈને જોઈને ઓળખી બતાવે છે.

સદરહું સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં સ્વીકારેલ છે કે પંચનામામાં સહી કરી તે વખતે તેઓ સેકટર બી માં વિવેકનંદનગર ખાતે કારખાનામાં નોકરી કરતા હતા. સહી કરી તે દિવસે પોતે રજા ઉપર હતા. પોતે નોકરી કરે છે તે બતાવવા માટેનો કોઈ આધાર નથી. તેમને પોલીસે બોલાવેલ તે વખતે માનસી ટેનામેન્ટ તરફ જતા હતા અને તે પોલીસ સ્ટેશનેથી થોડે આગળ આવેલ છે. તે વખતે તેઓ પોતાના મિત્રને ત્યાં જતા હતા. મિત્ર સેકટર ૧ માં રહે છે અને તેનુ નામ લાલુ છે. તેઓ તેને ફકત મળવા જતા હતા. તેના ઘરે પહોચેલ નહી. તેમને પોલીસવાળા ભાઈએ બોલાવેલો. તેમને જે જગ્યાએથી બોલાવેલ તે જગ્યાએથી પોલીસ સ્ટેશન બે ત્રણ મીનીટના અંતરે આવેલ હતુ. તે વાત ખરી નથી કે હું પહોચ્યો ત્યારે પોલીસવાળા પાસે તે મોબાઈલ જોયેલો હતો. પોતે હરીરામ અને મોહીતભાઈને ઓળખતા નથી. પોતે પહોચ્યા ત્યારે અમિતભાઈ સાહેબના રૂમમાં બેઠા હતા. પંચનામુ હાથથી લખતા હતા. તે વાત ખરી છે કે પંચનામુ લખ્યા પછી તેમની સહી લીધેલી. "ઈન્ટર સ્ટૉરેજ ફાઈલ એપ્લીકેશન" તેની ખબર નથી. એપ્લીકેશન કહેવાય તે સાહેબે કહેલુ. તે વાત ખરી નથી કે મને ઓડીયો સંભળાવેલો તે ખોટુ જણાવુ છું. તે વાત ખરી નથી કે ફોનમાં રેકોર્ડીંગ છે તેવુ પોલીસે કહેલુ, સાંભળેલુ નહી. તે વાત ખરી નથી કે હરીરામ અને મોહીતના કહેવાથી સહી કરેલ છે. તે વાત ખરી નથી કે પોલીસ સ્ટેશનમાં ગયેલ નથી અને તેમની હાજરીમાં પંચનામુ થયેલુ નથી.

**૧૫.૧** સદરહુ સાહેદ કે જે પંચ સાહેદ કેતન નંદલાલ ભાવસાર છે તેમનો પુરાવો ચકાસતા આરોપી નંબર-૪ અમિતની અંગજડતીમાં samsung મોબાઇલ ફોન મુદામાલ આર્ટીકલ નંબર-૭ મળી આવેલ. તે અંગેના આંક-૧૧૩ ના પંચનામાના પંચ સાહેદ તરીકેનો પુરાવો છે, પરંતુ સદરહુ સાહેદની સરતપાસ ધ્યાને લેતા, તેમાં એ સ્પષ્ટ પણે જણાવે છે કે સાહેદે તેના ખિસ્સામાંથી એક samsung નો મોબાઇલ નીકળેલો એટલે કે પોલીસે આરોપી નંબર-૪ અમિતના ખિસ્સામાંથી એક

samsung નો મોબાઈલ ફોન નીકાળેલો. અત્રે પુરવાર થાય છે કે ન તો આ પંચે આરોપી નંબર–૪ અમિતના ખિસ્સામાંથી મોબાઈલ કાઢેલો છે કે ન તો આરોપી નંબર –૪ અમિતે પોતે આ પંચ સાહેદની હાજરીમાં મુદ્દામાલ આર્ટીકલ નંબર–૭ વાળો samsung નો મોબાઈલ ફોન કાઢી આપેલ છે, પરંતુ પોલીસ કસ્ટડીમાં આરોપી હોય ત્યારે પોલીસે જ આરોપીના ખિસ્સામાંથી મોબાઈલ કાઢી આપેલાનો આ પંચાયત પુરાવો આપે છે અલબત્ત આરોપી પક્ષ દ્વારા આ પંચ સાહેબ માટે સ્વતંત્ર સાહેદ ન હોવાનો ઉલટ તપાસમાં પુરાવા લાવવાનો પ્રયત્ન કરેલ છે પરંતુ સદરહુ પંચ સાહેદ સ્વતંત્ર હોવાનું માની શકાય તેમ છે પરંતુ સાથોસાથ એ નોંધવું પણ જરૂરી છે કે ઉલટતપાસમાં આ પંચ સાહેદ સ્પષ્ટપણે જણાવે છે કે, મેં સાંભળેલું નહીં હવે જ્યારે આંક–૧૧૩ ના પંચનામાંથી આ પંચ સાહેદની રૂબરૂમાં આરોપી નંબર–૪ અમિત પાસેથી મુદ્દામાલ આર્ટીકલ નંબર–૭ samsung નો મોબાઈલ ફોન મળી આવેલો કે જેમાં ફરિયાદપક્ષના કેસ મુજબ એક ઓડિયો મળી આવેલો, પરંતુ આવો ઓડિયો શું છે તે આ પંચ સાહેદે સાંભળેલું નથી. અત્રે એ પણ નોંધવું જરૂરી છે કે ફરિયાદપક્ષના કેસ મુજબ સાહેદ આ ઓડિયોમાં આરોપી નંબર –૪ અમિત અને સાહેદ નંબર–૬ સચિનની વાતચીત છે પરંતુ અગાઉ ટાંક્યું તે મુજબ આ સાહેદ નંબર–૬ સચિનભાઈ હરિભાઈ ભરવાડ ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી અને તે સાહેદના પુરાવાની ચર્ચા તે સાહેદનો ક્રમ જ્યારે આવે છે ત્યારે કરેલ છે. આમ આ પંચ સાહેદ સમક્ષ ઓડિયો કબજે થયેલાનું માની લઈએ તો પણ ઓડિયો શું હતો તે આ પંચ સાહેદે સાંભળેલો નથી કે જેને સાહેદ નંબર–૨૯ તપાસ કરનાર અધિકારીએ એફ.એસ.એલ.ના પૃથકરણ માટે મોકલી આપેલ છે અને તે અંગેનો અહેવાલ આંક–૨૮૯ થી આવેલ છે તેની સાથે સરખામણી કરી શકાય. અલબત્ત અત્રે એ પણ નોંધવું જરૂરી છે કે, આ આંક–૨૮૯ ના એફ.એસ.એલ.ના પુરાવા અને તે માટે આરોપી નંબર–૪ અમિતનું વોઈસ સેમ્પલ આંક–૨૮૦ અને સાહેદ નંબર–૬ સચિનભાઈ હરિભાઈ ભરવાડનું વોઈસ સેમ્પલ આંક–૨૮૧ થી રજૂ રાખેલા ફોર્મ માટે સાહેદ નંબર –૨૯ તપાસ કરનાર અધિકારીના પુરાવા વખતે વિસ્તૃતપણે ચર્ચા કરવામાં આવેલ છે. આમ સમગ્ર રીતે જોતા હાલના પંચ સાહેદ કેતન નંદલાલ ભાવસારના સ્વતંત્ર પુરાવા ઉપરથી મોબાઈલ માંથી ઓડિયો કબ્જે કર્યાનું અને એ ઓડિયો હતો તે શું હતો તે પુરવાર થતું ન હોય તે રીતે પણ ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ રહે છે.

૧૬. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૦૫ લક્ષ્મણભાઈ હીરાભાઈ મારવાડીને આંક–૧૧૫થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તારીખ યાદ નથી પંરતુ પોલીસે ચારેક વર્ષ પહેલા વિવેકનંદનગર પો.સ્ટેશનમાં બોલાવીને સહી કરાવેલી. તે સહી શેના માટે કરાવેલી તેની ખબર નથી. પોલીસ કોઈ જગ્યા ઉપર લઈ ગયેલ હોય અને ત્યાં કોઈ વ્યક્તિએ જગ્યા બતાવેલ હોય અને તે જગ્યા પરથી કોઈ વસ્તુ કે વાહન કબજે કરેલ હોય તેવુ બનેલુ નહી. લખાણ ઉપર સહી કરેલી તે વાંચેલુ નહી કે પોલીસે વાંચી સંભળાવેલી નહી. પોલીસે તે લખાણ શું બાબતનુ હતુ તે પણ જણાવેલુ નહી. નિ.પ/૩ વાળુ અસલ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામાં આવે છે, તેમાં પંચ નં. ૨ તરીકે પોતાની સહી છે, જે ઓળખે છે. તેને રજુ દાખલ **આંક–૧૧૬** આપવામાં આવે છે.

મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ બતાવવામાં આવે છે, તે એક સફેદ કલરના કપડામાં સીલબંધ હાલતમાં છે. જે ના.કોર્ટની પરવાનગીથી ખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક સફેદ પ્લાસ્ટીકની થેલીમાંથી માટી તથા કપચી નીકળેલ છે, જે જોઈને જણાવુ છું કે, તે પોલીસે મારી હાજરીમાં કબજે કરેલ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નીકળેલ છે, તેમાં પંચ નં. ૨ તરીકે સહી છે, જે ઓળખી બતાવુ છું, જેને રજુ દાખલ **આંક–૧૧૭** આપવામાં આવે છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૨ બતાવવામાં આવે છે, તે એક સફેદ કલરના કપડામાં સીલબંધ હાલતમાં છે. જે ના.કોર્ટની પરવાનગીથી ખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક સફેદ પ્લાસ્ટીકની થેલીમાંથી કંટ્રોલ માટી તથા કપચી નીકળેલ છે, જે જોઈને જણાવુ છું કે, તે પોલીસે મારી હાજરીમાં કબજે કરેલ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નીકળેલ છે, તેમાં પંચ નં. ૨ તરીકે સહી છે, જે ઓળખી બતાવુ છું, જેને રજુ દાખલ **આંક–૧૧૮** આપવામાં આવે છે.

૧૬.૧ સદરહુ સાહેદ લક્ષ્મણભાઈ હીરાભાઈ મારવાડી જગ્યાના પંચનામા આંક–૧૧૬ વાળા પંચનામાના પંચ સાહેદ છે પરંતુ ફરિયાદ પક્ષના કેસને તે સમર્થન કરતા નથી અને ફરિયાદ પક્ષ આ પંચાયતની ઉલટ તપાસમાં ઈનકારીયત ભર્યા પ્રશ્ન સિવાય બીજી કોઈ હકીકત રેકોર્ડ ઉપર લઈ આવવામાં સફળ થયેલ નથી તેવા સંજોગોમાં બનાવવાની જગ્યા પણ ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરેલ નથી.

૧૭. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૦૬ સચીનભાઈ**

**હરીભાઈ ભરવાડને આંક–૧૧૯ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેઓ મોબાઈલ રીંપેરીંગની દુકાન ધરાવી વિઝોલ સર્કલ પાસે કામકાજ કરે છે. તારીખ યાદ નથી પરંતુ કોરોના પહેલા એટલે કે ત્રણ ચાર વર્ષ પહેલા તેમની દુકાન પર પોલીસ આવેલી અને કહેલુ કે તમારો ફોન આપી દો. જેથી પોતાનો ફોન આપી દીધેલ. વન પ્લસ મોબાઈલ ફોન પોલીસને આપેલો. આ સિવાય બીજુ કઈ જાણતો નથી. ફોનમાં વોટસએપ વાપરુ છું. આ વોટસએપમાં મારા કોઈ મિત્રએ વોટસએપમાં મેસેજ કરેલ હોય કે વીડીયો મોકલેલો હોય અને તે મેં જોયેલો હોય તેવુ બનેલુ નહી. વોટસએપમાં વીડીયોના કારણે પોલીસ મારો ફોન લઈ ગયેલ હોય તો તે મને ખબર નથી. અમિતભાઈ માલજીભાઈ રબારીને ઓળખુ છું તે મારી સાથે કોલેજમાં ભણતો હતો. અમિતે મારા મોબાઈલ ઉપર કઈ મોકલેલુ નહી કે મેં જોયેલુ નહી. પોલીસે મારુ નિવેદન લીધેલુ નથી. મને મારો મોબાઈલ ફોન બતાવવામાં આવે તો તે હું ઓળખી શકુ નહી. મુદ્દામાલ આર્ટીકલ નં. ૮ વાળો મોબાઈલ વન પ્લસ કંપનીનો બતાવવામાં આવે છે. જે જોઈને કહુ છું કે, આ મોબાઈલ ફોન બહુ વર્ષ થઈ ગયેલા હોવાથી ઓળખતો નથી.

**૧૭.૧** સદરહુ સાહેદ સચિનભાઈ હરિભાઈ ભરવાડનો પુરાવો ચકાસતા ફરિયાદ પક્ષના કેસ મુજબ સદરહુ સાહેદના મોબાઈલ માંથી આરોપી નંબર–૪ અમિતે મોકલેલા વિડીયો મળી આવેલા અને આરોપી નંબર–૪ અમિતના ફોનમાંથી આ સાહેદ સાથે થયેલી વાતચીતના ઓડિયો મળી આવેલા, પરંતુ સદરહુ સાહેદ આવા વિડીયો અંગે તો અનુમોદન આપી સમર્થન કરતા નથી, પરંતુ સાથોસાથ ઓડિયો અંગે પણ કે વાતચીત થઈ હોવા બાબતે પણ કોઈ સમર્થન કરતા નથી અને તેવા ઓડિયો અને વિડીયો અંગેના પુરાવા માટે આ સાહેદ નંબર–૨૯ તપાસ કરનાર અધિકારીના પુરાવા દરમિયાન વિસ્તૃત અને તેવા પુરાવાની ચર્ચા કરવામાં આવેલ છે પરંતુ ઉપરોક્ત આ સાહેદના પુરાવા મુજબ પણ ફરિયાદપક્ષ આરોપીની અંગેનો પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકતી નથી.

**૧૮.** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૦૭ નયન વનરાજભાઈ મેહુરીયાને આંક–૧૨૪ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેઓ પ્રાઈવેટ નોકરી કરે છે અને ગેરતપુર સરનામે રહે છે. તા. ૦૯.૦૮.૨૦૧૯ ના રોજ તેઓને વિવેકાનંદનગર પો.સ્ટેશનમાં પોલીસે બોલાવેલો.

ત્યાં પંચનામા માટે બોલાવેલ. ત્યાં બે છોકરાઓનુ પંચનામુ કરવા માટે બોલાવેલ. તે છોકરાઓનુ નામ કુણાલ હતુ અને બીજા છોકરાનુ નામ ખબર નથી. ત્યાં પોલીસે તેમની શરીરસ્થિતિનુ પંચનામુ કરીને તેમની અંગજડતી કરેલી. તેમની પાસેથી કઈ મળી આવેલ નહી. જે અંગેનુ પંચનામુ પોલીસે લખીને તેમાં સહી કરાવેલી. આ સિવાય બીજુ કઈ જાણતો નથી. નિ.૫/૧૬ વાળુ આરોપીઓની શરીરસ્થિતિનુ પંચનામુ બતાવવામાં આવે છે, તેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે તથા બીજા પંચ તરીકે અજયભાઈના નામના વ્યક્તિની સહી છે, જે સાથે બીજા પંચ તરીકે હતા. જે ઓળખે છે. જેને રજુ દાખલ **આંક-૧૨૫** આપવામાં આવે છે.

**૧૮.૧** સદર સાહેદ નયન વનરાજભાઈ કે જેઓ પંચ સાહેદ છે આ પણ સાહેદ આંક-૧૨૫ ના પંચનામા મુજબ બંને કાં.સ.કી.ને અટક કર્યા તેનું અને શરીર સ્થિતિમાં પંચનામા માટેના સાહેદ છે પરંતુ આ સાહેદ તપાસમાં જ આવા બંને કાં.સ.કી.ને ઓળખી શકે નહીં તેમ જણાવે છે અને આમ કોર્ટ રૂબરૂ બંને કાં .સ.કી.ને ઓળખી બતાવેલ નથી. જેથી કાં.સ.કી. ઓ અંગે પણ ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરતી નથી. સંડોવની પણ સાહેદ ઓળખી બતાવતા ન હોય તેવા સંજોગોમાં આંક-૧૧૫ ના પંચનામાના બીજા પંચ અજય રાજેશભાઈ જેડવાલ તપાસવાના અગત્યતા થઈ પડે છે, પરંતુ આવા બીજા પંચને ફરિયાદ પક્ષ દ્વારા તપાસાયેલા નથી.

**૧૯.** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર-૦૮ રોહીત સુભાષભાઈ શર્માને આંક-૧૨૬ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તા.૨૩.૦૭.૨૦૧૯ ના રોજ તેઓ હાથીજણ ખાતે આવેલ પોલીસ ચોકીના સામે ગલ્લા ઉપર ચા પીવા માટે ઉભેલ હતા. ત્યારે સવારના દશેક વાગેલા હશે. ત્યાં એક પોલીસવાળા આવેલા અને કહેલુ કે તમે પંચનામા માટે તૈયાર છો? તો તેમને હા પાડેલી. જેથી તેમની સાથે પોલીસ સ્ટેશને ગયેલ. તેમની સાથે બીજા કોઈ ભાઈ હતા નહી. ત્યાં પોલીસ સ્ટેશનમાં એક બીજા ભાઈ હાજર હતા અને તેમનુ નામ શ્રીનિવાસ હતુ. ત્યાં પોલીસ વાળાએ સાહેબની કેબીનમાં તેઓને લઈ ગયેલા. ત્યાં સાહેબે પોલીસવાળાને જે પાંચ વ્યક્તિઓ હાજર હતા તેમના નામ પુછેલા. તેમાં એક શૈલેષભાઈ હતા, બીજા મહેશભાઈ હતા, અકે પાર્થ ભાઈ હતા અને એક બીર્જુભાઈ હતા તથા પાંચમા ભાઈનુ નામ યાદ નથી. સાહેબ આ લોકોને પોલીસ ચોકીની બહાર લઈ ગયેલા અને તેમની સાથે અમો બંને પંચો પણ બહાર ગયેલા. ત્યાં સાહેબે

આ પાંચેયની તથા તેમની અંગજડતી કરેલી. ત્યારબાદ એકબીજાની અંગજડતી કરેલી અને ગાડીમાં પણ જડતી કરેલી. ગાડીમાં સાહેબ, ડ્રાઈવર, પાંચં આરોપી અને બે પંચો ગાડીમાં બેઠેલા. પોલીસ ચોકીમાંથી નીકળ્યા પછી મહેશભાઈએ કહેલુ કે, ડાબી બાજુ વળી જાવ. ત્યાં આગળ એક સ્મશાન પાસે ઢાળ જેવુ આવેલુ હતુ ત્યાં આવેલ મંદિરની બાજુમાં મહેશભાઈએ કહેલુ કે, મનુભાઈ વાડામાં લાકડીઓ મુકેલી છે, ત્યાં સાહેબે જઈને ઉતારેલા અને ત્યાં વાડામાં બધા ગયા અને ત્યાં લાકડીઓ મુકેલી હતી અને સાહેબે કહેલુ કે બધા પોતાપોતાની લાકડીઓ લઈ લો. જેથી બધાએ લાકડીઓ લઈ લીધેલી. ત્યારબાદ આ પાંચ લાકડીઓ લઈને સાહેબે સીલ કરીને પેક કરી દીધેલી. આ પાંચેય લાકડીઓ પાંચ સાડા પાંચ ફુટની આશરે હશે. તેમાં કેટલી ગાંઠો હતી તે હાલ યાદ નથી. ત્યારબાદ ત્યાં સાહેબે પંચનામુ લખેલુ અને તેમાં બંને પંચો પાસે સાહેબે પંચનામા ઉપર સહીઓ લીધેલી અને રૂબરૂ તરીકે તેમાં સાહેબે પણ સહીઓ કરેલી. ત્યારબાદ તેઓ બંને પંચો ત્યાંથી જતા રહેલા. નિ.૫/૯ વાળુ અસલ પંચનામુ બતાવવામાં આવે છે, તેમાં પંચ નં. ૨ તરીકે પોતાની સહી છે, જે ઓળખે છે, તેમાં પંચ નં. ૧ તરીકે બીજા પંચ શ્રીનિવાસની સહી છે, જે ઓળખે છે, જેને રજુ દાખલ **આંક–૧૨૭** આપવામાં આવે છે. તે છોકરાઓ બતાવવામાં આવે તો પોતે તેમને ઓળખી શકે. નામ.કોર્ટમાં સાહેદને આરોપીઓને ઓળખવાનુ કહેતા સાહેદ આરોપી શૈલેષ તથા આરોપી પાર્થને ઓળખી બતાવે છે, જ્યારે આરોપી મહેશ તથા બીર્જુ કસ્ટડીમાં હોવાથી નામ.કોર્ટમાં હાજર કરેલ નથી. બચાવ પક્ષ તરફથી આરોપી મહેશ,બીર્જુ તથા પાંચમાં આરોપીનુ નામ યાદ નથી તે ત્રણેયની ઓળખ બાબતે તકરાર નથી. મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૧ થી ૧૪ વાળી પાંચ લાકડીઓ બતાવવામાં આવે છે, તે જોઈને કહે છે કે તે જ લાકડીઓ છે જે મનુભાઈના વાડામાંથી પોલીસ દ્વારા તેમની હાજરીમાં કબજે લેવામાં આવેલ. ચારેય મુદ્દામાલ આર્ટીકલ વાળી લાકડીઓમાંથી પંચ સ્લીપો નીકળેલ છે, તેમાં પંચ નં. ૨ તરીકે પોતાની સહીઓ છે, અને પંચ નં. ૧ તરીકે શ્રીનિવાશની સહીઓ છે, જે ઓળખે છે, જેને અનુક્રમે રજુ દાખલ આંક–**૧૨૮ થી ૧૩૧** આપવામાં આવે છે.

સદરહું સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં સ્વીકારેલ છે કે, તે વાત ખરી છે કે હું પંચનામામાં રહ્યો તે દિવસે ડી–૨૫, સીતાબાગ સોસાયટી, સપ્તેશ્વર સોસાયટીની સામે, ગેબનશાહની પીરની પાછળ, ઈશનપુર, ખાતે રહેતો હતો. તે વાત ખરી છે કે શ્રીનિવાશ શર્મા પણ મારી બાજુમાં એટલે કે ડી–૨૬ માં રહેતો હતો.

તે વાત ખરી છે કે મેં સહી કરી તે સમયે હું ફોટોગ્રાફીનો વ્યવસાય કરતો હતો. હું આઉટડોર ફોટો ગ્રાફનો વ્યવસાય કરતો હતો. હું ઘરેથી જ આ વ્યવસાય કરતો હતો. હું ઈશપુર રહેતો હતો ત્યાંથી જ્યાં ચા પીવા ગયેલો તે આશરે પાંચ છ કીલોમીટર દુર હશે. હું તે દિવસે સ્પેશિયલ ચા પીવા માટે ગયેલો નહી. ફરીયાદી મોહીતભાઈ શર્મા મારા કઈ થતા નથી. રામહરી શર્મા મારા કઈ થતા નથી. અમે જે વાહનમાં ગયેલા તે પોલીસની જીપ હતી તે જીપ મેં જોયેલી હતી. અમે આ જીપમાં નવ જણા બેઠેલા હતા. જીપમાં આરોપીઓ ચાર જણા પાછળ બેઠેલ હતા અને એક આરોપી મારી તથા પંચની વચ્ચે બેઢેલા હતા અને પોલીસનો એક માણસ ગાડી ચલાવતો હતા અને સાહેબ તેની બાજુમાં બેઠેલા હતા. જીપમાં પાછળના ભાગે ચાર જણ બેસી શકે તેટલી કેપેસીટી હતી અને આગળના ભાગે બે માણસ બેસી શકે તેટલી કેપેશીટી હતી. જીપની પણ જડતી કરેલી. જીપમાં મેં બેગ જોયેલી નહી. મેં કાપડની થેચલીઓ પણ તે જીપમાં જોયેલી નહી. સીલ કરવાના સાધનો સાહેબ થેલીમાં લઈને આવેલા. સાહેદ હવે જણાવે છે કે તે થેલી મેં જોયેલી નહી પરંતુ સાહેબ સીલ કરતા હતા ત્યારે તે થેલી મેં જોયેલી. સ્લીપો ઉપર અમારી સહીઓ કર્યા પછી લાકડીઓ ઉપર થેલી ચડાવીને લગાડેલી. લાકડી ઉપર ચડાવેથી કાપડની થેલીઓ મેં સ્થળ ઉપર જોયેલી. લાકડીઓ કબજે કર્યા પછી પોલીસવાળા બહાર ગયેલા હોય તેવુ બનેલુ નથી. પાંચ લાકડીઓ પૈકી કઈ લાકડી કયાં આરોપી પાસે હતી તે હું કહુ શકુ નહી. આરોપીઓ લાકડીઓ લીધા પછી એક એક કરીને સાહેબને આપેલી. સાહેબે આ લાકડીઓ ત્યાંને ત્યાં સીલ કરેલી. તે વાત ખરી નથી કે હું પંચ તરીકે ગયેલો જ નથી. તે વાત ખરી નથી કે મેં આ તમામ સહીઓ પોલીસ સ્ટેશનમાં કરેલી. તે વાત ખરી નથી કે આ લાકડીઓ પોલીસવાળા લઈને આવેલા હતા. તે વાત ખરી નથી કે હું પોલીસ સાથે વાહનમાં આરોપીઓ સાથે કઈ ગયેલો જ નથી. તે વાત ખરી નથી કે ફરીયાદી અને સાહેદ રામહરીના કહેવાથી સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

**૧૯.૧** સદરહું સાહેદ રોહિતભાઈ સુભાષભાઈ શર્મા કે જેઓ આંક-૧૨૭ થી બનાવમાં વપરાયેલ હથિયારમાં લાકડીઓનું ડીસ્કવરી પંચનામાના પંચ સાહેદ છે. આ પંચ સાહેદનો પુરાવો ચકાસતા પંચનામાં વખતે પંચ સાહેદ પોલીસ ચોકીના સામે ગલ્લા ઉપર ચા પીવા માટે આવેલા હોય, પોલીસે પંચ તરીકે રાખેલાનું જણાવે છે, જે માટે ઉલટતપાસમાં એ હકીકત ખૂલેલ છે કે આ જગ્યાએથી પાંચ-છ

કિલોમીટર દૂર ઈસનપુર ખાતે પોતે રહ્યા છે અને પોતે ફોટોગ્રાફીનો વ્યવસાય કરે છે અને આ પંચનામાના દિવસે પોતે ત્યાં તે જગ્યાએ સ્પેશિયલ ચા પીવા માટે ગયેલા હોય તેવું બનેલ નથી. આમ આરોપીપક્ષ આ પંચની તે જગ્યાએ હાજરી માટે શંકા ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરેલ છે અને તે ખાસ કરીને એટલા માટે કે જે ગુજરનાર જયદીપ છે તેઓની અટક શર્મા છે ફરિયાદી મોહિત છે તેની અટક શર્મા છે અને ગુજરનાર જયદીપના પિતા રામ હરી તેની અટક શર્મા છે અને આ પંચ સાહેદની પણ અટક રોહિત સુભાષભાઈ શર્મા એટલે કે શર્મા અટક છે અલબત્ત ઉલટ તપાસમાં સદરહુ સાહેદ ફરિયાદી મોહિતભાઈ શર્મા અને સાહેદ રામ હરી શર્મા પોતાના કાંઈ થતા નથી તેઓ જણાવે છે. આમ આરોપીપક્ષ ઉલટ તપાસમાં હિત-રસ ધરાવતા પંચ સાહેદ હોય તેવો પુરવાર કરી શકેલ નથી. જેથી આ જ સાહેદ સમક્ષ આરોપીઓ નંબર-૧,૨,૩,૪ અને ૬ તેમાં ખાસ કરીને આરોપી નંબર-૪ અમિતની માહિતી ઉપરથી ગુનાના કામે વપરાયેલ પાંચ લાકડીયો મુદ્દામલ આર્ટીકલ નંબર ૧૧ થી ૧૪ કબજે લીધેલાનું ફલિત થઈ આવે છે, પરંતુ આ જ લાગ્યું ગુનાના કામે સંડોવણી છે કે કેમ તે અંગે સાયન્ટિફિક પુરાવો ચકાસીએ તો, સાહેદ નંબર-૨૯ તપાસ કરનાર અધિકારીએ આ લાકડીઓ આંક-૨૬૩ના મુદ્દામાલ રવાનગી નોંધથી C1, C2, C4, અને C3 આરોપીઓના ક્રમ મુજબ એફ.એસ.એલ.માં પૃથ્થકરણ અર્થે મોકલી અપાયેલ છે. જે અંગેનો એફ.એસ.એલ.નો આંક-૨૭૨ થી બાયોલોજીનો પૃથકરણનો અહેવાલ રજુ છે. જ જે વંચાણે લેતા, આ પાંચે પાંચ લાકડીઓ ઉપર રુધિરની હાજરી મળી આવેલ નથી. જેથી આ જ લાકડીઓ ગુનાના કામે સંડોવાયેલ હતી કે કેમ? તે શંકાસ્પદ રહે છે, પણ ફરિયાદપક્ષ આ સાહેદ મારફતે કબજે થયેલાનું પુરવાર કરી શકે છે પરંતુ કબજે થયેલી જે લાકડીઓ વપરાઈ હોય તે નિઃશંકપણે પુરવાર કરતી ન હોય આરોપીઓની સંડોવણી પણ પુરવાર કરી શકતી નથી.

૨૦. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર-૦૯ જગદીશભાઈ રામગોપાલભાઈ મદ્રાસીને આંક-૧૩૨ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેઓને તા.૧૦.૦૮.૨૦૧૯ ના રોજ હાથિજણ પોલીસે પોલીસ સ્ટેશને પંચમાં રહેવા બોલાવેલો અને ત્યાં સાથે મનોજભાઈ કરીને બીજા પંચ તરીકે હતા. અમે પો.સ્ટેશન ગયેલા ત્યારે સાહેબ અને બે છોકરાઓ પોલીસ સ્ટેશનમાં હાજર હતા. બીજા ત્યાં પોલીસના માણસો પણ હાજર હતા. જે બે

છોકરાઓ ત્યાં હાજર હતા તેમના નામ સાહેબે પુછેલા તે પૈકી એક માણસે તેનુ નામ કૃણાલ મોહનભાઈ દેસાઈ અને બીજાએ તેનુ નામ હર્ષ ઉર્ફે હસુ વિરમભાઈ રબારી જણાવેલુ. આ સિવાય બીજુ કોઈ ત્યાં હાજર ન હતુ. ત્યારબાદ તેઓ પંચો, સાહેબ, પેલા બે છોકરા બધા પોલીસ સ્ટેશનમાંથી બહાર આવેલા અને ત્યાં એક ફોરવ્હીલર ગાડી ઉભી હતી. ત્યાં હું ગાડીમાં બેસવા જતો હતો અને સાહેબે બહાર બોલાવેલો અને જણાવેલુ કે તમે અંદર બેસતા પહેલા જડતી તમે લઈ લો અને તમારી જડતી અમે લઈએ. જેથી એકબીજાની અંગ જડતી લીધેલી. ત્યારબાદ ગાડીમાં બેસ્યા બાદ હર્ષે કહેલુ કે ગાડી હાથીજણ બાજુ લો. ત્યારબાદ ગાડી હાથીજણ વિસ્તારમાં હર્ષનુ ઘર આવતા આ ગાડીને રોકવાનુ જણાવેલુ. ત્યારબાદ ત્યાં ગાડી રોક્યા બાદ તે પોતાના ઘરમાં ગયેલો અને કબાટમાંથી પેન્ટ શર્ટ લઈને આપેલ. તે શર્ટ બદામી રંગનો અને રાખોડીયા કલરનુ પેન્ટ હતુ. ત્યારબાદ સાહેબે આ કપડા બતાવેલા અને ચેક કરેલા, આ કપડા ઉપર કોઈ ડાઘ ન હતા. ત્યારબાદ આ કપડાને સીલપેક કરેલા. ત્યારબાદ તે ઘરમાંથી હર્ષ લાકડી લઈને આવેલો. સાહેબે તે લાકડીની ગાઠો ગણાવેલી, જે આઠ ગાઠો વાળી લાકડી હતી. આ લાકડીને પણ સાહેબે સીલપેક કરી દીધેલી. ત્યારબાદ જે કૃણાલ કરીને છોકરો હતો તેના ઘરે બધા ગયેલા. તે કૃણાલના ઘરેથી કાળા રંગનુ પેન્ટ અને શર્ટ કબજે લીધેલો, જે શર્ટનો રંગ હાલ યાદ નથી. આ કપડાઓને પણ સાહેબે સીલપેક કરેલા અને તેના ઘરમાંથી કૃણાલ એક લાકડીને લઈને આવેલો. આ લાકડી પણ પેલાના જેવી જ લાકડી હતી અને આ લાકડીને પણ સાહેબે સીલપેક કરેલી. ત્યારબાદ અમે બધા પાછા પોલીસ સ્ટેશને આવેલા. ત્યાં પોલીસ સ્ટેશનમાં પાંચથી છ સહીઓ કરાવેલી અને ત્યારબાદ અમોને ઘરે જવાનુ જણાવતા અમો ઘરે જતા રહેલા. નિ. ૫/૧૭ વાળુ અસલ પંચનામુ બતાવવામાં આવે છે, તેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, તેમાં પંચ નં. ૨ તરીકે મનોજની સહી છે, જે ઓળખે છે જેને રજુ દાખલ **આંક-૧૩૩** આપવામાં આવે છે. જે બે છોકરાઓ હર્ષ અને કૃણાલનુ કહુ છું તે બંને છોકરાઓને ઓળખુ છું. સાહેદને આરોપીઓને નામ.કોર્ટમાં ઓળખવાનુ કહેતા સાહેદ બંને આરોપીઓને ઓળખી બતાવતા નથી અને જણાવેલ કે ઘણો લાબો સમય થઈ ગયેલ હોવાથી હું ઓળખી શકુ નહી. મુદ્દામાલ આર્ટીકલ નં. ૪૬ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં લપેટીને સીલપેક હોય નામ.કોર્ટની પરવાનગીથી ખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક બદામી કલરનુ ફાટેલુ ટીશર્ટ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ તે

જ છે જે પોલીસે તેમની રૂબરૂ કબજે કરેલ. તેમાંથી એક પંચ સ્લીપ નીકળેલ છે, તેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, તેમાં પંચ નં. ૨ તરીકે મનોજની સહી છે, જે ઓળખે છે, જેને રજુ દાખલ **આંક–૧૩૪** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં. ૪૭ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં લપેટીને સીલપેક હોય નામ.કોર્ટની પરવાનગીથી ખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક રાખોડીયા કલરનુ ફાટેલુ પેન્ટ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ તે જ છે જે પોલીસે તેમની રૂબરૂ કબજે કરેલ. તેમાંથી એક પંચ સ્લીપ નીકળેલ છે, તેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, તેમાં પંચ નં. ૨ તરીકે મનોજની સહી છે, જે ઓળખે છુ, જેને રજુ દાખલ **આંક–૧૩૫** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં. ૪૮ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં લપેટેલી બહાર કાઢીને બતાવવામાં આવે છે, તેમાંથી એક આઠ ગાઢો વાળી લાકડી નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ તે જ છે જે પોલીસે તેમની રૂબરૂ કબજે કરેલ. તેમાંથી એક પંચ સ્લીપ નીકળેલ છે, તેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, તેમાં પંચ નં. ૨ તરીકે મનોજની સહી છે, જે ઓળખે છે, જેને રજુ દાખલ **આંક–૧૩૬** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં. ૪૯ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં લપેટીને સીલપેક હોય ના.કોર્ટની પરવાનગીથી ખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક રખીયા કલરનો આખી બાયનો કુલભાત વાળો ફાટેલો શર્ટ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ તે જ છે જે પોલીસે તેમની રૂબરૂ કબજે કરેલ. તેમાંથી એક પંચ સ્લીપ નીકળેલ છે, તેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, તેમાં પંચ નં. ૨ તરીકે મનોજની સહી છે, જે ઓળખે છે, જેને રજુ દાખલ **આંક–૧૩૭** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં. ૫૦ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં લપેટીને સીલપેક હોય ના.કોર્ટની પરવાનગીથી ખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક કાલા કલરનુ ફાટેલુ પેન્ટ નીકળેલ છે, જે જોઈને જણાવુ છું કે આ તે જ છે જે પોલીસે તેમની રૂબરૂ કબજે કરેલ. તેમાંથી એક પંચ સ્લીપ નીકળેલ છે, તેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, તેમાં પંચ નં. ૨ તરીકે મનોજની સહી છે, જે ઓળખે છે, જેને રજુ દાખલ **આંક–૧૩૮** આપવામાં આવે છે.

મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૫૧ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં લપેટેલી બહાર કાઢીને બતાવવામાં આવે છે, તેમાંથી એક લાકડી નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે તે જ છે જે પોલીસે તેમની રૂબરૂ કબજે કરેલ. તેમાંથી એક પંચ સ્લીપ નીકળેલ છે, તેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, તેમાં પંચ નં. ૨ તરીકે

મનોજની સહી છે, જે ઓળખે છે, જેને રજુ દાખલ **આંક–૧૩૯** આપવામાં આવે છે.

સદરહું સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં સ્વીકારેલ છે કે, ગેરતપુર અને હાથિજણ વચ્ચે આશરે દોઢ બે કી.મીનો અંતર હશે. પોલીસે તેમને બોલાવેલ ત્યારે પોલીસ સ્ટેશનની સામે આવેલા મંદિરે ચા પીતા હતા. પોલીસે બોલાવેલ તે સમય દરમિયાન મજુરીનુ કામકાજ કરતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હું ૧૧ વાગ્યા પછી મજુરીકામે ગયેલો. તેમને લઈ ગયેલા હતા તે ઘરો નીચેના ઘરો હતા. કૃણાલ અને હર્ષના ઘરોની વચ્ચે પંદરેક મકાનોનુ અંતર હતુ. તે મકાનોની દિશાઓનો ખ્યાલ નથી. તેઓ ફોરવ્હીલર ગાડીમાં ગયેલા, જીપ ન હતી. ફોર વ્હીલર ગાડી એટલે કઈ ગાડી  હતી તે હું કહી શકુ નહી. તે વાત ખરી છે કે અમે પોલીસની ગાડીમાં ગયેલા નહી. ગાડીનો નંબર નોંધીને પંચનામામાં લખેલ હોય તેવો કોઈ ખ્યાલ નથી. જે ફોરવ્હીલર ગાડીમાં ગયેલ તેનો નંબર કહી શકુ નહી. આ બંને મકાનોમાં કેટલી રૂમો હતી તે કહી શકુ નહી. સાહેદ જણાવે છે તે મકાનમાં ગયેલો નહી. તે વાત ખરી છે કે કપડા અને લાકડીઓ તે બહાર લઈને આવેલા ત્યારે તેમને કપડા અને લાકડીઓની ખબર પડેલી. પોલીસ સ્ટેશનમાં પાંચ છ સહીઓ કરેલી તેનો શું ઉપયોગ પોલીસે કરેલો તેની ખબર નથી.

**૨૦.૧** સદરહુ સાહેદ જગદીશભાઈ રામગોપાલ મદ્રાસી કે જે કાં.સ.કી.ઓ હર્ષ અને કૃણાલ પાસેથી કબજે થયેલા કપડાં અને લાકડીઓ કબજે કર્યા એના પંચ સાહેદ છે. આંક–૧૩૩ નું પંચનામું તે આરોપીઓની માહિતી ઉપરથી બનાવ વખતે પહેરેલા તેમના કપડા અને ગુનામાં વાપરેલી લાકડીઓ ક્યાં રાખેલી છે તે અંગેનું ડિસ્કવરી અને રિકવરી નું પંચનામું હોવાનું ફરિયાદ પક્ષનો કેસ છે, જે માટે આ પંચ પોતાની સરતપાસમાં જણાવે છે કે, કાં.સ.કી. હર્ષના ઘરે ગયેલા અને તે પોતાના ઘરમાં ગયેલો અને કબાટમાંથી પેન્ટ શર્ટ લઈને આવેલો. તેવી જ રીતે તે પોતાના ઘરમાંથી લાકડી લઈને આવેલો હોવાનું સરતપાસમાં જણાવે છે. આમ આ કાં.સ.કી. હર્ષની માહિતી ઉપરથી આ પંચ સાહેદની હાજરીમાં પોલીસ સમક્ષ મળી આવ્યું હોય તેવું પુરવાર થતું નથી. તેવી જ રીતે કાં.સ.કી. કૃણાલ માટે બી તેના ઘરમાંથી લાકડી લઈને આવેલો તેવું જણાવે છે. આમ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ હેઠળનું પંચનામું હોવાનું આ પંચ સાહેદના પુરાવા ઉપરથી પુરવાર થતું નથી. અત્રે એ પણ નોંધવુ જરૂરી છે કે આ મળી આવેલા કપડા અને લાકડીઓ પૈકી કાં.સ.કી.

હર્ષ પાસેથી મળી આવેલું આર્ટીકલ નંબર–૪૬ પેન્ટ, મુદ્દામાલ આર્ટીકલ નંબર–૪૭ અને લાકડી મુદ્દામાલ આર્ટિકલ નંબર–૪૮ તેવી જ રીતે મળી આવેલું શર્ટ મુદામાલ આર્ટીકલ–૪૯ પેન્ટ, મુદ્દામાલ આર્ટીકલ–૫૦ અને લાકડી મુદ્દામાલ આર્ટીકલ નંબર–૫૧ સાહેદ નંબર–૨૯ તપાસ કરનાર અધિકારી દ્વારા આંક–૨૬૪ ના મુદ્દામાલ રવાનગી નોંધથી અનુક્રમે g1, g2, g3, g4, g5 થી એફ.એસ.એલ. ના પૃથકરણ માટે મોકલી અપાયેલ. સાથોસાથ આંક–૨૭૧ થી જે એફ.એસ.એલ.નો બાયોલોજીનો પૃથ્થકરણ અહેવાલ આવેલું છે તેમાં આ તમામે તમામ ઉપર રુધિરની હાજરી મળી આવેલ ન હોવાનો રિપોર્ટ છે અને તે રીતે પણ આ કાં.સ.કી. હર્ષ અને કૃણાલની ગુનામાં સંડોવણી હોવાનું પણ ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરતી નથી.

૨૧. ફરિયાદપક્ષે **સાહેદ નંબર–૧૦ ડો. વિપુલ પ્રાણલાલ ઠકકરને આંક–૧૪૭ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તા.૨૧.૦૭.૨૦૧૯ ના રોજ સીમ્સ હોસ્પીટલમાં તેઓ ફરજ પર હતા ત્યારે તેમની હોસ્પીટલમાં કલાક ૦૫.૧૭ વાગે એક દર્દી ઉ.વ.૨૦ નામે જયદિપ રામહરી શર્મા નાઓને એલ.જી. હોસ્પીટલમાંથી અમારી હોસ્પીટલમાં સારવાર માટે લાવેલ હતા. તેઓને ઈનડોર પેશન્ટ તરીકે દાખલ કરી પોતે તથા તેમના સાથી ડોકટરોએ તપાસેલા. દર્દીને તેમની પાસે લાવ્યા ત્યારે બેભાન હતા અને તે વેન્ટીલેટર ઉપર હતા જેથી તેની સાથે આવેલા તેમના સંબંધીએ હીસ્ટ્રી આપેલ અને તેમને જણાવેલુ કે,"૨૦ જુલાઈના રોજ સાંજે લાઠીથી મુઢમાર મારવામાં આવેલો હતો અને તેઓને એલ.જી. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલા હતા. ત્યાં એલ.જી. હોસ્પીટલમાં બેભાન થવાથી તથા હૃદય બંધ પડી જવાથી વેન્ટીલેટર ઉપર મુકવાની જરુર પડેલ અને ત્યાં લોહીની બોટલ ચડાવવામાં આવેલ હતી. ત્યારબાદ આ દર્દીને તપાસતા તેની શારિરીક કંડીશન અતી ગંભીર હતી. ધબકારા અને બી.પી. અસ્થિર હતા. હોશનુ પ્રમાણ અતિશય નીચુ હતુ એટલે કે બેહોશ કે કોમામાં હતા. તેમની કીડની નબળી પડી ગયેલી હતી. તેના બધા જ હાથપગમાં મુઢમારના કારણે સોજો આવી ગયેલો હતો, ચામડીમાં કાપાઓ પડી ગયેલા અને ટાંકાઓ લીધેલા હતા અને ચામડીનો ઘણો ભાગ મૃત થઈ ગયેલો હતો. બંને હાથપગમાં ચામડી નીચે લોહી ગંઠાઈ ગયેલ હતુ. આ દર્દીને શરીરના એકથી વધારે અંગો ઉપર અસર હતી. દર્દીનુ

લોહી પણ અતિશય પાતળુ થઈ ગયેલ હતુ અને ઘણા પ્રમાણમાં લોહી વહી ગયુ હતુ. આ દર્દીનુ બી.પી. કંટ્રોલમાં રહે તે માટે તેને સપોર્ટ, અતિશય પાતળા લોહી માટે લોહી તથા પ્લાશમા, પ્લેટલેટ્સની બોટલ આપવામાં આવેલ તથા તેનો વેન્ટીલેટર સપોર્ટ પણ ચાલુ રાખેલ. દર્દીને યુરીન ન થવાથી અને શરીરમાં કચરો વધી જવાથી ડાયાલીસીસ કરેલુ. આ બધા પ્રયત્નો કરવાથી દર્દીના બી.પી.માં થોડો સુધારો થયેલો, પરંતુ દર્દી સંપુર્ણ બેહોશ જ રહેલા . આ સમય દરમિયાન અમારી હોસ્પીટલના અલગ અલગ નિષ્ણાંત ડોકટરોએ દર્દીને તપાસેલ અને સારવાર આપવાનો પ્રયત્ન કરેલો, આ ઉપરાંત મગજના ત્રણ જુદા જુદા ડોકટરોઓ પણ દર્દીને સારવાર આપેલી અને મગજના અને પેટના સીટી સ્કેન પણ કરવામાં આવેલા. જેમાં મગજને અતિશય નુકશાન થયેલાનુ જણાયેલુ. ત્યારબાદ આ પ્રમાણેની સારવાર દરમિયાન તા.૨૪.૦૭.૨૦૧૯ ના રોજ બપોરે દર્દીનુ હૃદય બંધ પડી જતા તેને ચાલુ કરવા માટેના પ્રયત્નો કરેલા પરંતુ તે ચાલુ ન થતા દર્દીને મૃત જાહેર કરેલા. આ દર્દીને અમારી હોસ્પીટલમાં ઉપર જણાવ્યા મુજબની જે સારવાર આપેલી તે સારવાર અંગેનુ પ્રમાણપત્ર આપેલુ જેમાં દર્દીને થયેલ ઈજાઓ અને તેને આપવામાં આવેલ સારવાર અંગેની તમામ માહીતી આ સર્ટીમાં લખવામાં આવેલી. આ પ્રમાણપત્ર મારી સુચના મુજબ કોમ્પ્યુટરમાં ટાઈપ કરવામાં આવેલુ, તેમાં પોતાની સહી તથા હોસ્પિટલનો સીક્કો છે, જે આજ રોજ નામ.કોર્ટમાં રજુ કરે છે. જેને રજુ દાખલ **આંક–૧૪૮** આપવામાં આવે છે. આ દર્દીને થયેલ ઈજાઓ લાકડી કે તેવા પ્રકારના સાધનોથી થઈ શકે તેવી ઈજાઓ હતી. આ ઈજાઓ ગંભીર પ્રકારની ઈજાઓ હતી અને તેમાં માણસનુ મૃત્યુ થઈ શકે તે પ્રકારની હતી. મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૦ થી ૧૪ અને ૨૬,૨૮ થી ૩૧, ૪૮,૫૧ વાળી લાકડીઓ તથા ૨૫ અને ૨૭ વાળી પાઈપો બતાવવામાં આવે છે, આ પ્રકારની લાકડીઓ અને પાઈપોથી જો ઈજા કરવામાં આવે તો દર્દીને થયેલ ઈજાઓ જેવી ઈજાઓ થઈ શકે.

**૨૧.૧** સદરહું ડોકટર સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે. જેમાં જણાવેલ છે કે તે વાત ખરી છે કે મેં રજુ કરેલ આંક–૧૪૮ વાળા સર્ટીમાં ડેટ ઓફ એડમીશન સવારના ૫.૧૭ કલાકે બતાવેલુ છે તે દર્દીને અમારી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ તે સમય છે. તે વાત ખરી છે કે ગંભીર પ્રકારની ઈજા થયેલ દર્દીઓને સારવાર માટે ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવે છે. તે વાત ખરી છે કે આ દર્દીને પોલીટ્રોમા થયેલો હતો. તે વાત ખરી છે કે દર્દીને ઘણી બધી બાહ્ય ઈજા થાય તો તેના આંતરિક

અવયવોને નુકશાન થાય. દર્દીએ એલ.જી.હોસ્પીટલમાં જે સારવાર લીધેલી તેના સારવારના પેપર્સ મેં જોયેલા. તે દર્દીના સગાએ આપેલા હશે કે કેમ? તે મને હાલ યાદ નથી. તે વાત ખરી છે કે મેં રજુ કરેલા સર્ટીમાં એલ.જી. હોસ્પીટલના પેપર્સ મેં જોયેલા હોય તે મેં લખેલ નથી. તે વાત ખરી છે કે દર્દીની સારવાર અંગેના કેસ પેપર્સ મેં રજુ કરેલા નથી.

**૨૧.૨** સાહેદ નંબર–૧૦ ડો.વિપુલ પ્રાણલાલ ઠક્કરનો પુરાવો ચકાસતાં આ ડોક્ટર સાહેદે જયદીપને સિમ્સ હોસ્પિટલમાં તારીખ ૨૧/૦૭/૨૦૧૯ ના સવારના કલાક ૫.૧૭ વાગે જ્યારે લઈ આવવામાં આવ્યો ત્યારે તપાસ કરનાર ડોક્ટર છે. તેઓની તપાસમાં જણાવે છે કે એલ.જી. હોસ્પિટલમાંથી મરણજનાર જયદીપને લાવવામાં આવેલો અને ત્યારે તે બેભાન હતો એટલું જ નહી તેઓની સારવાર દરમિયાન પણ તે બેહોશ એટલે કે કોમામાં હતો. આમ તે ગુજરી ગયો તારીખ ૨૪/૦૭/૨૦૧૯ ત્યાં સુધી સંપૂર્ણ બેહોશ જ રહેલાનું આ ડોક્ટર જણાવે છે. ઉલટ તપાસમાં પણ એ સ્વીકારેલ છે કે, તેઓની સિમ્સ હોસ્પિટલમાં આંક–૧૪૮ ના પ્રમાણપત્ર મુજબ ડેટ ઓફ એડમિશન સવારના ૫.૦૦ કલાક અને ૧૭ મિનિટનો બતાવેલ છે તે દર્દીને તેઓની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ તે સમય છે. આમ અહીંયા આરોપીપક્ષ તરફે જે દલીલ કરેલ છે કે અગાઉની એલ.જી. હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ અગેન્સ્ટ મેડિકલ એડવાઈઝ એટલે કે ડામા દર્દીને સાહેદોના પુરાવા મુજબ જુદા–જુદા સમયે સાડા બાર–દોઢ વાગ્યે હોસ્પિટલમાંથી લઈ ગયા બાદ સિમ્સ હોસ્પિટલ કે જે ૧૫ થી ૧૭ કિલોમીટર દૂર એલ.જી. હોસ્પિટલથી છે ત્યાં પહોંચતા અને દર્દીને દાખલ કરતા સવારના ૫.૦૦ વાગીને ૧૭ મિનિટ જેટલો સમય થયેલ છે. આમ ૧૫ થી ૧૭ કિલોમીટરની વચ્ચે આટલો સમયગાળા સુધી આવી ઈજાવાળા દર્દી ક્યાં હતા? તે પણ ફરિયાદપક્ષે શંકાસ્પદ રહે છે. વધુમાં ડોક્ટર સાહેદ ઉલટ તપાસમાં એ પણ સ્વીકારે છે કે એલ.જી. હોસ્પિટલના સારવારના પેપર્સ પોતે જોયેલા તે આંક–૧૪૮ ના પોતાના સારવારના પ્રમાણપત્રમાં જણાવેલ નથી. આમ અગાઉ એલ.જી. હોસ્પિટલમાં અપાયેલી સારવાર આંક–૧૪૮ ના સીમ્સ હોસ્પિટલના સારવારના પ્રમાણપત્રમાં ફલિત થઈ આવતું નથી. વધુમાં આંક–૧૪૮ નું સિમ્સ હોસ્પિટલના ડોક્ટર દ્વારા અપાયેલું પ્રમાણપત્ર ચકાસતાં પણ મરણજનાર જયદીપને દાખલ કર્યા ત્યારે હિસ્ટ્રીમાં લખાવેલ છે કે, તારીખ ૨૦/૦૭/૨૦૧૯ ના અંદાજે સાંજે ૬.૩૦ વાગ્યે માણસોના ટોળાએ મારેલાનું જણાવેલ છે. આમ અત્રે ફરિયાદપક્ષે એ પણ

શંકાસ્પદ રહે છે કે જો અગાઉની એલ.જી. હોસ્પિટલની સારવાર દરમિયાન જયદીપને એક્સરે માટે લઈ જવામાં આવ્યો અને ત્યારે તેને મારનારના નામો જે જણાવ્યા અને તે સાહેદ રામહરી રામદીન શર્મા દ્વારા એક ચિઠ્ઠીમાં લખી લેવામાં આવ્યા. આમ તે નામ અગાઉ જોઈન્ટ થયેલ હોવા છતાં એવી એલ.જી. હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે સિમ્સ હોસ્પિટલમાં તે જ લોકો મરણજનારને લઈને આવેલ છે છતાં આંક-૧૪૮ ની સીમ્સ હોસ્પિટલમાં દાખલ કરતી વખતે લીધેલ હિસ્ટ્રીમાં આ સારવારના પ્રમાણપત્રમાં મારનારમાં કોઈ સ્પષ્ટ માણસોનો ઉલ્લેખ થયેલ નથી, ઉલટાનું માણસના ટોળાએ મારેલાનું હિસ્ટ્રીમાં જણાવેલાનું ફલિત થઈ આવે છે અને તે રીતે પણ આ તબીબી પુરાવાથી આરોપીઓની સંડોવણી શંકાસ્પદ રહે છે.

**૨૨.** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર-૧૧ કેતન ભીખાભાઈ ઠાકોરને આંક-૧૪૯ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તા.૨૩.૦૯.૨૦૧૯ ના રોજ પોતે તથા તેમનો મિત્ર સાંજે સાતેક વાગે માર્કેટમાં હતા ત્યારે બીજા મિત્રએ તેમને કહેલુ કે, પંચમાં સાક્ષી તરીકે વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનમાં સહી કરવાની છે. જેથી પોતે તથા મિત્ર વિપુલ બંને વિવેકાનંદનગર પો.સ્ટેશનમાં ગયેલા. પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે પોલીસના માણસો હાજર હતા અને તે લોકોએ સહી કરવાનુ કહેતા એક લખેલા કાગળમાં સહી કરેલી. તે કાગળમાં શું લખેલુ હતુ તેની ખબર નથી. તે કાગળ પોલીસે વાંચી સંભળાવેલુ નહી કે પોલીસ પાસે વાંચવા માટે માંગેલ નહી. તેઓ પોલીસ સ્ટેશનમાં ગયો ત્યારે પોલીસ સિવાય બીજા કેટલા માણસો હાજર હતા તે યાદ નથી. ત્યાં પોલીસે કપડા બતાવેલા. પરંતુ પોલીસ કોઈ જગ્યાએ લઈ ગયેલ હોય અને ત્યાંથી કપડાઓ કબજે કરવામાં આવેલ હોય તેવુ બનેલુ નહી. નિ.૫/૧૦ વાળુ અસલ પંચનામુ બતાવવામાં આવે છે, જેના પ્રાથમિક પંચનામામાં અને પંચનામાના અંતે જેમાં પંચ નં. ૨ તરીકે પોતાની સહી છે જે ઓળખે છે અને તેમાં બીજી સહી પંચ નં. ૧ તરીકે પોતાના મિત્ર વિપુલની છે, જે ઓળખે છે, જેને રજુ દાખલ **આંક-૧૫૦** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૧૫ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે નામ.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક દુધીયા કલરનુ ટુકી બાયની ટીશર્ટ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે મારી રૂબરૂ કબજે કરેલ હોય તો યાદ નથી. તેમાંથી એક પંચ સ્લીપ

નિકળેલ છે, જેમાં પંચ નં. ૨ તરીકે મારી તથા પંચ નં. ૧ તરીકે તેમના મિત્ર વિપુલની સહી છે, જે ઓળખે છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૫૧** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૧૬ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે નામ.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક કાળા કલરનુ નાઈટી પેન્ટ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે પોતાની રૂબરૂ કબજે કરેલ હોય તો મને યાદ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૨ તરીકે મારી તથા પંચ નં. ૧ તરીકે પોતાના મિત્ર વિપુલની સહી છે, જે ઓળખે છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૫૨** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૧૭ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે નામ.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક સફેદ કલરની આખી બાયનુ બ્લુ આડા પટ્ટાવાળી ટીશર્ટ નીકળેલ છે, જે જોઈને જણાવુ છું કે આ પોલીસે મારી રૂબરૂ કબજે કરેલ હોય તો યાદ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૨ તરીકે પોતાની તથા પંચ નં. ૧ તરીકે મિત્ર વિપુલની સહી છે, જે ઓળખે છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૫૩** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૧૮ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે નામ.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક કાળા કલરના આગળના ઉભા સફેદ પટ્ટાવાળુ નાઈટી પેન્ટ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે પોતાની રૂબરૂ કબજે કરેલ હોય તો યાદ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૨ તરીકે પોતાની તથા પંચ નં. ૧ તરીકે મિત્ર વિપુલની સહી છે, જે ઓળખે છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૫૪** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૧૯ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે ના.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક કાળા કલરનુ સફેદ પ્રીન્ટવાળુ ટુકી બાયનુ શર્ટ નીકળેલ છે, જે જોઈને જણાવુ છું કે આ પોલીસે પોતાની રૂબરૂ કબજે કરેલ હોય તો મને યાદ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૨ તરીકે મારી તથા પંચ નં. ૧ તરીકે મારા મિત્ર વિપુલની સહી છે, જે ઓળખે છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૫૫** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૨૦ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે નામ.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક બ્લુ કલરનુ જીન્સનુ પેન્ટ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ

પોલીસે મારી રૂબરૂ કબજે કરેલ હોય તો યાદ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૨ તરીકે પોતાની તથા પંચ નં. ૧ તરીકે મિત્ર વિપુલની સહી છે, જે ઓળખે છે જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૫૬** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૨૧ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે ના.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક રાતા ક્રીમ કલરનુ ગુલાબી ફુલભાતવાળુ આખી બાયનુ શર્ટ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે તેમની રૂબરૂ કબજે કરેલ હોય તો મને યાદ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૨ તરીકે પોતાની તથા પંચ નં. ૧ તરીકે મિત્ર વિપુલની સહી છે, જે ઓળખે છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૫૭** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૨૨ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે ના.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક ઘાટા છીકણી કલરનુ પેન્ટ નીકળેલ છે, જે જોઈને જણાવુ છું કે આ પોલીસે મારી રૂબરૂ કબજે કરેલ હોય તો મને યાદ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૨ તરીકે મારી તથા પંચ નં. ૧ તરીકે મારા મિત્ર વિપુલની સહી છે, જે હું ઓળખુ છું, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૫૮** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૨૩ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે નામ.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક દુધીયા કલરનુ ટુકી બાયની શર્ટ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે તેમની રૂબરૂ કબજે કરેલ હોય તો યાદ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૨ તરીકે પોતાની તથા પંચ નં. ૧ તરીકે મિત્ર વિપુલની સહી છે, જે ઓળખે છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૫૯** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૨૪ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે નામ.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક કાળા કલરનુ નાઈટી પેન્ટ બંને બાજુ લીલા પટ્ટાવાળુ નીકળેલ છે, જે જોઈને જણાવુ છું કે આ પોલીસે તેમની રૂબરૂ કબજે કરેલ હોય તો યાદ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૨ તરીકે પોતાની તથા પંચ નં. ૧ તરીકે મિત્ર વિપુલની સહી છે, જે ઓળખે છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૬૦** આપવામાં આવે છે.

સદરહું સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન ન કરતાં તેઓને ફરી ગયેલા સાક્ષી જાહેર કરવામાં આવેલા છે, ત્યારબાદ વિદ્વાન પબ્લીક પ્રોસીકયુટર દ્વારા

લંબાણપૂર્વકની ઉલટતપાસ હાથ ધરાયેલ છે, પરંતુ સાહેદે તેમને પૂછાયેલા તમામ સૂચક સવાલોનો ઈનકાર કરી ફરિયાદપક્ષના કેસને બિલકુલ સમર્થન કરેલ નથી.

**૨૨.૧** સાહેદ નંબર–૧૧ કેતન ભીખાભાઈ ઠાકોર કે જેઓ આંક–૧૫૦ ના પંચનામા માટેના પંચ સાહેબ છે જેઓનો પુરાવો ચકાસતા આંક–૧૫૦નું પંચનામું આરોપી નંબર એક શૈલેષ નંબર બે પાર્થ નંબર ત્રણ મહેશ નંબર–૦૪ અમિત અને નંબર–૦૬ બીરજુના કપડાં કબજે કરવા માટે આરોપીઓએ બતાવી ની જગ્યાએથી રિકવર કર્યા અંગેનું પંચનામુ છે, પરંતુ સદર ઉપર સાહેદ આવી ડિસ્કવરી કે રિકવરી માટે ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી, પરંતુ સાથોસાથ આ જ પંચનામાના બીજા પંચ સાહેદ નંબર–૨૧ વિપુલ જગદીશભાઈ આચાર્ય ફરિયાદપક્ષ દ્વારા તપાસાયેલા છે અને તેથી તેઓના પુરાવાની ચર્ચામાં આંક–૧૫૦ ના પંચનામા માટે ચર્ચા કરેલ છે.

**૨૩.** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૧૨ સાહીલ જીજ્ઞેશભાઈ મહેતાને આંક–૧૬૧ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, સને ૨૦૧૯ વર્ષમાં વિવેકાનંદનગર પો.સ્ટેશનની સામે પોતાની ચાલુ નોકરી પર હતા તે વખતે પોલીસે તેમને પોલીસ સ્ટેશનમાં બોલાવેલ. ત્યાં પોલીસે એક કાગળમાં સહી કરાવેલી. તે કાગળમાં શું લખેલુ હતુ તેની ખબર નથી. તે કાગળ પોલીસે વાંચી સંભળાવેલુ નહી કે પોલીસ પાસે વાંચવા માટે માંગેલ નહી. તેમની હાજરીમાં કોઈ કાર્યવાહી થયેલી નહી. પોલીસ સ્ટેશનમાં કોઈ ઈશમો હાજર હોય અને તેમના ખબર હોય તેવુ બનેલુ નથી. પોલીસે તેમની હાજરીમાં કોઈ મુદ્દામાલ કબજે કરેલ હોય તેવુ બનેલુ નથી.

નિ.૫/૧૪ વાળુ અસલ હથિયાર કબજે કર્યાનુ પંચનામુ બતાવવામાં આવે છે, જેના પ્રાથમિક પંચનામામાં અને પંચનામાના અંતે જેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે જે ઓળખે છે, જેને રજુ દાખલ **આંક–૧૬૨** આપવામાં આવે છે. નિ.૫/૧૫ વાળુ કપડા કબજે કર્યાનુ અસલ પંચનામુ બતાવવામાં આવે છે, જેના પ્રાથમિક પંચનામામાં અને પંચનામાના અંતે જેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે જે ઓળખે છે, જેને રજુ દાખલ **આંક–૧૬૩** આપવામાં આવે છે. આ કેસના કોઈ આરોપીઓને ઓળખતા નથી અને તેમની તથા બીજા પંચની હાજરીમાં હથીયારો કે તેમના કપડાઓ શોધીને પોલીસ સમક્ષ રજુ કરેલ હોય તેવુ બનેલ નથી. મુદ્દામાલ

આર્ટીકલ નં.૨૫ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે ના.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક લોખંડની પાઈપ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે આરોપી વિપુલ પાસેથી તેમની રૂબરૂ કબજે કરેલ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, જે ઓળખે છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૬૪** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૨૬ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે નામ.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક વાસની લાકડી નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે આરોપી મનુ ઉર્ફે ભુવા પાસેથી તેમની રૂબરૂ કબજે કરેલ નથી. તેમાંથી કોઈ પંચ સ્લીપ નીકળેલ નથી. મુદ્દામાલ આર્ટીકલ નં.૨૭ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે નામ.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક લોખંડની પાઈપ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે આરોપી રવિ પાસેથી તેમની રૂબરૂ કબજે કરેલ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, જે ઓળખે છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૬૫** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૨૮ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે ના.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક લાકડી નીકળેલ છે, જે જોઈને જણાવુ છું કે આ પોલીસે આરોપી જીગ્નેશ પાસેથી મારી રૂબરૂ કબજે કરેલ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે, જે હું ઓળખુ છું, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૬૬** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૨૯ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે ના.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક લાકડી નીકળેલ છે, જે જોઈને જણાવુ છું કે આ પોલીસે આરોપી અનિકેત પાસેથી રૂબરૂ કબજે કરેલ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૬૭** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૩૦ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે નામ.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક લાકડી નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે આરોપી જડ્ડુ ઉર્ફે જડ્ડુ ભુવો સેથી તેમની રૂબરૂ કબજે કરેલ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૬૮**

આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૩૧ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે નામ.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક લાકડી નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે આરોપી જીગ્નેશ ઉર્ફે જીગર પાસેથી તેમની રૂબરૂ કબજે કરેલ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૬૯** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૩૨ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે ના.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક કાળા કલરનો આખી બાયનો શર્ટ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે આરોપી અનિકેત પાસેથી તેમની રૂબરૂ કબજે કરેલ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૭૦** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૩૩ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે નામ.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક કોફી કલરનુ જીન્સનુ પેન્ટ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે આરોપી અનિકેત પાસેથી તેમની રૂબરૂ કબજે કરેલ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૭૧** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૩૪ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે ના.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક બ્લુ તથા લાલ કલરનો ચેક્સ શર્ટ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે આરોપી વિપુલ પાસેથી તેમની રૂબરૂ કબજે કરેલ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૭૨** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૩૫ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે ના.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક બ્લુ કલરનુ નાઈટ પેન્ટ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે આરોપી વિપુલ પાસેથી તેમની રૂબરૂ કબજે કરેલ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૭૩** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૩૬ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે નામ.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક કાળા કલરની ટુકી ટીશર્ટ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ

પોલીસે આરોપી પ્રગ્નેશ પાસેથી તેમની રૂબરૂ કબજે કરેલ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૭૪** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૩૭ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે ના.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક ગ્રે કલરનુ કોટન જીન્સનુ પેન્ટ નીકળેલ છે, જે જોઈને જણાવુ છું કે આ પોલીસે આરોપી પ્રગ્નેશ પાસેથી તેમની રૂબરૂ કબજે કરેલ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૭૫** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૩૮ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે નામ.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક પોપટી કલરની આખી બાયનો શર્ટ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે આરોપી જડુભાઈ ઉર્ફે જડ્ડુ ભુવો પાસેથી તેમની રૂબરૂ કબજે કરેલ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૭૬** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૩૯ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે નામ.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક ભુખરા રંગનુ પેન્ટ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે આરોપી જડુભાઈ ઉર્ફે જડ્ડુ ભુવો પાસેથી તેમની રૂબરૂ કબજે કરેલ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૭૭** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૪૦ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે ના.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક કાળા તથા સફેદ અને પીળા કલરની ટુકી બાયની ટીશર્ટ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે આરોપી રવી પાસેથી તેમની રૂબરૂ કબજે કરેલ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૭૮** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૪૧ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે ના.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક સીલેટીયા કલરનુ સફેદ ટપકાવાળુ નાઈટ પેન્ટ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે આરોપી રવી પાસેથી તેમની રૂબરૂ કબજે કરેલ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, જે પંચ સ્લીપને રજુ દાખલ

**આંક–૧૭૯** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૭૨ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે ના.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક સફેદ કલરનો બ્લુ પ્રીન્ટ વાળો શર્ટ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે આરોપી મનુભાઈ પાસેથી તેમની રૂબરૂ કબજે કરેલ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૮૦** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૭૩ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે નામ.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક કાળા કલરનુ પેન્ટ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે આરોપી મનુભાઈ પાસેથી તેમની રૂબરૂ કબજે કરેલ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૮૧** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૭૪ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે ના.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક પીળા કલરની વચ્ચે સફેદ પ્રીન્ટેડ ટીશર્ટ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે આરોપી જીગ્નેશ પાસેથી તેમની રૂબરૂ કબજે કરેલ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૮૨** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૭૫ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાં સીલબંધ હાલતમાં છે, જે ના.કોર્ટમાં સીલખોલી બતાવવામાં આવે છે, તેમાંથી એક કાળા કલરનુ નાઈટ પેન્ટ નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે આરોપી જીગ્નેશ પાસેથી મારી તેમની કબજે કરેલ નથી. તેમાંથી એક પંચ સ્લીપ નિકળેલ છે, જેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે, જે પંચ સ્લીપને રજુ દાખલ **આંક–૧૮૩** આપવામાં આવે છે.

**૨૩.૧** સાહેદ નંબર–૧૨ કે જેઓનું ખરેખર નામ રાહીલ છે પરંતુ ટાઈપીંગ ભૂલના કારણે સાહિલ છપાયેલ છે કે જેઓ આંક–૧૬૨ ના હથિયારોમાં બે પાઇપ અને પાંચ લાકડીઓ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. તેવી જ રીતે આંક–૧૬૩ ના પંચનામાના પંચ છે કે જે દ્વારા કપડા કબજે થયેલા છે આ હથિયારો અને કપડાં તે આરોપી નંબર–૦૫ વિપુલ, આરોપી નંબર–૦૭ મનુભાઈ, આરોપી નંબર–૦૮ રવિ, આરોપી નંબર–૦૯ પ્રગ્નેશ, આરોપી નંબર –૧૦ અનિકેત, આરોપી નંબર –

૧૧ જશુભાઈ અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર જીગ્નેશ પાસેથી કબજે કરાયેલા છે, પરંતુ સદરહુ સાહેદ ફરિયાદપક્ષના આ પંચનામાને સમર્થન કરતા નથી તેમ છતાં આ બંને પંચનામાઓ પૈકી જે હથિયાર અને કપડા ઉપર પંચનામાઓ મુજબ લાલ રતાશ પડતા ઢાબા જોવા મળી આવેલા તે પૈકી હથિયારમાં જોઈએ તો, આરોપી નંબર–૦૭ મનુભાઈ પાસેથી મળી આવેલ મુદ્ધામાલ આર્ટીકલ નંબર–૨૬ કે જે લાકડી મુદ્ધામાલ રવાનગી ઈ/૧ થી પૃથ્થકરણ અર્થે એફ.એસ.એલ.માં ગયેલ છે અને તે રીતે કપડાઓ પૈકી આરોપી નંબર–૦૫ વિપુલના કપડા મુદ્ધામાલ આર્ટીકલ નંબર–૩૪ કે જે મુદ્ધામાં નોંધ એફ/૨ થી તેમજ આરોપી નંબર–૦૯ પ્રજ્ઞેશ ના કપડા મુદ્ધામાલ આર્ટીકલ નંબર–૩૭ થી કે જે મુદ્ધામાલ રવાનગી નોંધ માં એફ/૫ થી ગયેલ છે. આમ મુદ્ધામાલ રવાનગી નોંધ આંક–૨૬૩ થી તપાસ કરનાર અધિકારીએ મોકલેલ છે. જે એફ.એસ.એલ. ના પૃથક્કરણ રિપોર્ટ મુજબ તમામે તમામ હથિયારોમાં બે પાઈપો અને પાંચ લાકડીઓ ઉપર રુધિર મળી આવેલ નથી. તેમજ તમામે તમામ કપડા ઉપર પણ રુધિર મળી આવેલ નથી. આમ જે એક લાકડી મુદામાલ આર્ટિકલ નંબર–૨૬ , તેવી જ રીતે કપડામાં મુદ્ધામાલ આર્ટીકલ નંબર–૩૪ એફ/૨ અને મુદ્ધામાલ આર્ટીકલ નંબર–૩૭ એફ/૫ ઉપર પણ જે રતાશ પડતા લાલ ડાઘા હતા તે માનવ રુધિર ન હોવાનું પુરવાર થતું નથી. આમ પંચ સાહેદો પંચનામાને સમર્થન કરતા નથી પરંતુ કબજે લેવાયેલ હથિયારો અને કપડાને પણ સાયન્ટિફિક પુરાવો સમર્થનકારી નથી. તેથી ફરિયાદપક્ષ આ આરોપીઓ પૂરતો પણ નિઃશંકપણે પુરાવો આરોપીઓની સંડોવણી માટે આપી શકેલ નથી.

૨૪. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૧૩ રોહીત પ્રભુદાસ ઠાકોરને આંક–૧૮૬ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તા.૨૯/૦૭/૨૦૧૯ ના રોજ પોલીસે તેમને વિવેકાનંદનગર પો.સ્ટેશનમાં રાત્રીના ૮ થી ૯ ના સમય દરમિયાન બોલાવેલ હતા. ત્યારે સાથે બીજા ભાઈ હતા તેનુ નામ રાહીલ હતુ. તે પણ સાથે પોલીસ સ્ટેશનમાં આવેલા. પોલીસ સ્ટેશનમાં સાહેબને મળેલા અને સાહેબે પુછેલુ કે, તમારે પંચમાં રહેવુ છે? તો અમે હા પાડેલી. તેમના સિવાય પો.સ્ટેશનમાં બીજુ કોઈ હાજર ન હતુ. પોલીસ સ્ટેશનમાં કોઈ આરોપી ન હતા. ત્યારબાદ પોલીસ તેમને તથા રાહીલને ગાડીમાં

બેસાડીને હાથીજણ ખાતે લઈ ગયેલા. ગાડીમાં બે પોલીસના માણસો પણ હતા. ગાડીમાં બીજા કોઈ આરોપીને બેસાડેલા નહી. હાથીજણ મુકામે ગોગા મહારાજના મંદિરની પાછળ લઈ ગયેલા. મંદિરની પાછળ ખેતર જેવુ છે તેમાંથી હથિયારો કાઢેલા. પોલીસે બાંધેલી લાકડી કાઢેલી. કેટલી લાકડીઓ હતી તે મને ખબર નથી પરંતુ બીજી બે પાઈપો પણ હતી. આ લાકડીઓ કપડામાં બાંધેલી અને તે લઈને પોલીસ સ્ટેશને પાછા આવેલા. ત્યાં પોલીસે અમારુ નામ લખેલુ અને સહીઓ કરાવેલી. પોલીસે તેમાં શું લખેલુ તે મેં વાંચેલુ નહી. આ સિવાય પોલીસે બીજુ કઈ કબજે કરેલુ નહી. આંક–૧૬૨ વાળુ અસલ હથિયાર કબજે કર્યાનુ પંચનામુ બતાવવામાં આવે છે, જેના પ્રાથમિક પંચનામામાં અને પંચનામાના અંતે જેમાં પંચ નં. ૨ તરીકે પોતાની સહી છે. આંક–૧૬૩ વાળુ કપડા કબજે કર્યાનુ અસલ પંચનામુ બતાવવામાં આવે છે, જેના પ્રાથમિક પંચનામામાં અને પંચનામાના અંતે જેમાં પંચ નં. ૨ તરીકે પોતાની સહી છે. પોલીસે આગલા દિવસે સાતેક માણસો પોલીસ સ્ટેશનમાં લાવેલા હતા. તેમને જોયેલા. મોઢા પરથી બે ત્રણ જણને ઓળખી શકુ. તેમાં એકનુ નામ અનિકેત, બીજાનુ નામ મનુભાઈ ભુવાજી, ત્રીજો વિપુલ, ચોથો રવી તથા પાંચમો પ્રગ્નેશ છઠ્ઠો જવુભાઈ, આટલા નામો યાદ છે. સાહેદ એક આરોપીને જોઈને જણાવે છે કે આ ભાઈ ત્યાં હતા. તેને ઉભો કરીને તેનુ નામ પુછતા તે પોતાનુ નામ અનિકેત હોવાનુ જણાવે છે. સાહેદ બીજા આરોપીને જોઈને જણાવે છે કે આ ભાઈ વિપુલ ત્યાં હતા. તેને ઉભો કરીને તેનુ નામ પુછતા તે પોતાનુ નામ વિપુલ હોવાનુ જણાવે છે. સાહેદ ત્રીજા આરોપીને જોઈને જણાવે છે કે આ ભાઈ મનુભાઈ ત્યાં હતા. તેને ઉભો કરીને તેનુ નામ પુછતા તે પોતાનુ નામ મનુભાઈ હોવાનુ જણાવે છે. બાકીના આરોપીઓને ઓળખતો નથી. મુદ્દામાલ આર્ટીકલ નં.૨૫ અને અને ૨૭ બતાવવામાં આવે છે, જે સફેદ કપડામાંથી નીકાળી બતાવવામાં આવે છે, તેમાંથી અલગ અલગ કપડામાં વીટાળેલી લોખંડની પાઈપો નીકળેલ છે, જે જોઈને જણાવે છે કે આ પોલીસે તેમની રૂબરૂ મંદિર પાસે આવેલા ખેતરમાંથી કબજે કરેલ તે જ છે. આંક–૧૬૪ તથા ૧૬૫ પંચ સ્લીપો બતાવવામાં આવે છે. જેમાં પંચ નં. ૨ તરીકે પોતાની સહી છે, મુદ્દામાલ આર્ટીકલ નં.૨૬, તથા ૨૮ થી ૩૧ વાળી લાંકડીઓ સફેદ કપડામાંથી નીકાળી બતાવવામાં આવે છે, જે પોલીસે મારી રૂબરૂ મંદિર પાસે આવેલા ખેતરમાંથી કબજે કરેલ તે જ છે. **મને આંક–૧૬૬ થી ૧૬૯** સુધીની સ્લીપો બતાવવામાં આવે છે, તેમાં પંચ નં. ૨ તરીકે

પોતાની સહી છે, મુદ્દામાલ આર્ટીકલ નં.૩૨ થી ૪૫ વાળા કપડા બતાવવામાં આવે છે, જે જોઈને જણાવે છે કે આ કપડા પોલીસે મંદિર પાસે જે પોટલુ પડેલુ હતુ તેમાંથી કબજે કરેલ હતા તે જ છે. આંક-૧૭૦ થી ૧૮૩ વાળી પંચ સ્લીપો બતાવવામાં આવે છે, તેમાં પંચ નં. ૨ તરીકે પોતાની સહીઓ છે.

**૨૪.૧** સાહેદ નંબર-૧૩ રોહિત પ્રભુદાસ ઠાકોર આ સાહેદ પણ આરોપીઓ નંબર-૦૫ વિપુલ, આરોપી નંબર-૦૭ મનુભાઈ, આરોપી નંબર-૦૮ રવિ, આરોપી નંબર-૦૯ પ્રજ્ઞેશ, આરોપી નંબર-૧૦ અનિકેત, આરોપી નંબર-૧૧ જશુભાઈ અને કાયદાથી સંઘર્ષમાં આવેલ કિશોર જીગ્નેશ પાસેથી કબજે કરાયેલ હથિયારોમાં બે પાઈપો પાંચ લાકડીઓ અને તેઓ તમામે બનાવ વખતે પહેરેલા કપડાં કબજે કર્યાના પંચનામાઓ અનુક્રમે આંક-૧૬૨ અને આંક-૧૬૩ ના બીજા પંચ સાહેદ છે. અગાઉ વિસ્તૃતપણે ચર્ચા કરી તેમ સાહેદ નંબર-૧૨ રાહુલ જીગ્નેશભાઈ મહેતા કે જેઓનું નામ સાહિલ ભૂલથી ટાઈપ થયેલ છે તેઓ પણ સમર્થન કરતા નથી. તેવી જ રીતે આ બીજા પંચ રોહિત પ્રભુદાસ ઠાકોર પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. તેમજ અગાઉ સાહેદ નંબર-૧૨ ની જુબાનીમાં પણ વિસ્તૃત અને ચર્ચા કરેલ છે કે કબજે લેવાયેલ હથિયારો અને કપડાને એફ.એસ.એલ. નો સાયન્ટિફિક પુરાવો પણ સમર્થન કરતા નથી. જેથી આ પંચનામાઓ દ્વારા આરોપીઓની સંડોવણીની પણ નિઃશંકપણે પુરવાર થતી નથી

**૨૫.** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર-૧૪ ઉદયકુમાર ઉર્ફે ગુડ્ડુ જીતેન્દ્રભાઈ દુબેને આંક-૧૮૭ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તારીખ તેમને યાદ નથી પરંતુ ચારેક વર્ષ પહેલા પોલીસે તેમને વિવેકનંદનગર પોલીસે સ્ટેશને રાત્રે બોલાવેલ. ત્યાં તેમની સાથે પોલીસે એક બીજા ભાઈ સુરેશ ડાભીને પણ બોલાવેલા. ત્યાં પો.સ્ટેશનમાં પોલીસ સ્ટાફના ઘણાબધા હાજર હતા. તેઓ ત્યાં રાઈટર સુભાષભાઈને મળેલો. જે બનાવ બનેલો હતો તે બનાવ વિશે સમજાવેલુ અને પંચમાં રહેવાનુ છે તેવી સમજ કરેલી, જેથી મેં તેમને હા પાડેલી. ત્યારબાદ પોલીસે મારી પાસે સહી કરાવેલી અને હું ત્યાંથી નીકળી ગયેલો. બીજા ભાઈએ ત્યાં સહી કરેલી કે કેમ? તેની મને ખબર નથી. પોલીસ તેમને કોઈ જગ્યાએ લઈ ગયેલ હોય તેવુ બનેલુ નહી. મને પોલીસે ત્યાં એક ગાડી બતાવેલી અને તે ગાડીમાંથી ચાર કે પાંચ માણસોને અટક કરેલા છે તેવુ મને

જણાવેલુ. નામ મને કહેલા પરંતુ મને હાલ યાદ નથી. એવુ બનેલુ નહી કે મને પોલીસ બગોદરા પાટીયા પાસે લઈ ગયેલ હોય અને તે વખતે એક ગાડી આવેલી હોય અને તેને ટોર્ચ તથા હાથના ઈશારા વડે ઉભી રખાવેલ હોય અને તેમાંથી શૈલેષ ઉર્ફે ટાઈગર, પાર્થ ઉર્ફે ભોળો, મહેશ નવઘણ, બીર્જુ રબારી ઉતરેલા હોય અને તેમની અંગજડતી કરી શરીરસ્થિતિનુ પંચનામુ કરેલુ તથા ટાટા જેસ્ટ ગાડી તપાસના કામે કબજે કરેલી. આંક–૧૧૧ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે, તેમાં પંચ નં.૨ તરીકે મારી સહી છે, જે હું ઓળખુ છું. પોલીસે તેમને ગાડીમાંથી જે ચાર માણસોને પકડેલાની જણાવેલ હતુ તે ચાર માણસોને ઓળખતા નથી તેમને જોયેલા પણ નથી.

**૨૫.૧** સદરહું સાહેદ નંબર–૧૪ કે જેઓ પણ આરોપી નંબર–૧,૨,૩ અને ૬ ના આંક–૧૧૧ ના અટક પંચનામાં અને અંગ ઝડતીના પંચનામાના બીજા પંચ સાહેદ છે, પરંતુ તે પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી અને તેથી આરોપીઓની અટક પણ શંકાસ્પદ રહે છે.

**૨૬.** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૧૫ રામહરી રામદીન શર્માને આંક–૧૮૮ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેઓ વિવેકાનંદનગર, સેકટર ૫ માં, કોમર્શિયલ પ્લોટ નં.૭/૮ માં રહે છે અને વિવેકનંદનગર ખાતે સાગર ફોટો સ્ટુડીઓ ચલાવીને ફોટોગ્રાફીનો વેપાર કરે છે. પોતાને બે દિકરા છે, જેમાં એક શિવમ અને તેનાથી નાનો દિકરો જયદિપ હતો. તા.૨૦.૦૭.૨૦૧૯ ના રોજ સાંજના આશરે પોણા સાત વાગે પોતાની દુકાન ઉપર હાજર હતો ત્યારે તેમની ઉપર કોઈક નો ફોન આવેલો જેનો નંબર ખ્યાલ છે. જે નંબર ૭૦૬૯૬૩૦૬૮૧ હતો. ફોન ઉપર વાત કરનાર ભાઈએ તેમને જણાવેલુ કે," તમારા દિકરા જયદિપને રબારીઓ મારે છે." આ વખતે તેમના સાળાનો છોકરો મોહીત સાથે હતો. ત્યારે તેમણે તેને બુમ મારીને કહેલુ કે, જયદીપને બચાવો, રબારીઓ જયદિપને મારી નાખશે. જેથી ત્યારબાદ માહીત અને પોતાની પત્ની બંનેજણા હાથીજણ ખાતે રોડ પર જે જગ્યાએ બનાવ બનેલો તે જગ્યા પર જવા નીકળી ગયેલા. ત્યારે ૧૦૦ નંબર ઉપર પોલીસને ફોન કરેલો અને પોલીસને બનાવની જાણ કરેલી. ત્યારબાદ પોતે સીધા વિવેકનંદનગર પોલીસ સ્ટેશને ગયેલા. પોતે વિવેકનંદનગર પોલીસ સ્ટેશને પહોચ્યા તે પહેલા પોલીસ બનાવવાળી જગ્યા

પર જવા માટે નીકળી ગઈ હતી. જેથી પોલીસ સ્ટેશનેથી નીકળીને બનાવવાળી જગ્યાએ ગયેલ. ત્યાં પહોચ્યા પછી એક અર્ટીકા ગાડી જોયેલી તેને નંબર યાદ નથી. થોડેક આગળ જઈને પોતાના મોટા દીકરા શિવમ ઉર્ફે ધનંજય હતુ તેને ફોન કરેલો અને પુછેલુ કે જયદીપને ક્યાં લઈ ગયેલા છે. તો તેણે કહ્યુ કે જયદિપને એલ.જી હોસ્પીટલે લઈ ગયેલ છે. જગ્યા પર અર્ટીકા ગાડી જોયેલી તે સિવાય બાજુમાં હનુમાનજીનુ મંદિર પણ આવેલુ છે. આ સિવાય બીજુ કઈ જગ્યા પર જોયેલુ નહી.

ત્યારબાદ પોતે બનાવવાળી જગ્યા પરથી એલ.જી હોસ્પિટલે ગયેલો. ત્યાં ગયા પછી જોયુ તો પોતાના દિકરા જયદીપની સારવાર ચાલતી હતી અને સારવાર દરમિયાન જયદીપ બુમાબુમ કરતો હતો. ત્યાં સારવાર કરનાર ડોકટરોએ તેમને બહાર મોકલેલા. ત્યારબાદ થોડી વાર પછી હોસ્પીટલમાં પોલીસ આવેલી અને તેમણે ફરીયાદ લખવાનુ કહેલુ. તેમણે કહેલુ મારુ મુડ અત્યારે ખરાબ છે, ટેનશનમાં છું, મારો છોકરો સારો થશે ત્યારે હું ફરીયાદ લખાવીશ અને એવુ પણ કહેલુ કે મારો છોકરો સારો થશે ત્યારે એ ફરીયાદ લખાવશે.

થોડીવાર પછી પોતાના દિકરા જયદીપને મોહીત એકસ રે રુમમાં લઈ ગયેલ. ત્યારબાદ એકસ રે રૂમમાંથી થોડીવાર પછી મોહીત જયદીપને લઈને પાછો આવેલો અને મોહીત આવીને મળેલો અને મોહીતે કહેલુ કે,"જયદીપ જે જે નામ બોલ્યો છે તે નામ મેં કાગળમાં લખી લીધેલ છે." પછી તે કાગળ વાંચેલો તો તે કાગળમાં શૈલશ રબારી ઉર્ફે ટાઈગર, મહેશ માંજરો, અમરત અને અમરતનો નાનો ભાઈ, પ્રગ્નેશ, પાર્થ ઉર્ફે ભોલિયો, રવી રબારી, બીર્જુ રબારી, અનિકેત ભુવો, રામજીના પપ્પા, જીગર આ નામો લખેલા હતા. કાગળમાં કુલ ૧૨ નામ લખેલા હતા તેમાંથી જેટલા યાદ છે તેટલા નામ લખાવ્યા. આ નામો લખેલો કાગળ પોતાની પાસે રાખેલ. આ બધા લોકોએ ભેગા મળીને પ્લાનીંગ કરી તેમના છોકરાને લાકડીઓ અને પાઈપોથી મારેલો હતો. દિકરાના જમણા હાથ ઉપર ભુજાના ભાગે ખભાથી નીચે બે કાણા પડેલા હતા અને તેમાંથી લોહી નીકળતુ બંધ થતુ ન હતુ.

ત્યારબાદ પોતાના દિકરા જયદીપની તબીયત બગડતા રાત્રે આશરે ૨ વાગે દિકરાને સીમ્સ હોસ્પીટલમાં વધુ સારવાર માટે લઈ ગયેલા. ત્યાં તેની સારવાર શરૂ કરવામાં આવેલી. પરંતુ તેમના દિકરાની તબીયતમાં કોઈ ફેર પડેલો નહી અને તે ૨૪ મી તારીખે મરણ પામેલ. બનાવ વખતે દિકરા જયદિપે બે અઢી તોલાની સોનાની ચેન ગળામાં પહેરેલ હતી તે તુટી ગયેલી કે પડી ગયેલી તે ખ્યાલ નથી. દિકરા પાસે

એમ.આઈ. કંપનીનો ફોન હતો તે પણ તોડી નાખવામાં આવેલ હતો. આ બનાવની ફરીયાદ મોહીતે લખાવેલી હતી. બનાવ સંબંધે પોલીસે તેમની પુછપરછ કરેલી.

ચીઠ્ઠીમાં જે બાર નામો લખેલા હતા તે પૈકી એક કે બે વ્યક્તિને ઓળખી શકે નહી, પરંતુ બાકીના ને ઓળખી શકે. સાહેદને આરોપીઓ ઓળખવાનુ કહેતા સાહેદ એક આરોપી તરફ આગળીનો ઈશારો કરી જણાવે છે કે આ શૈલેષ ઉર્ફે ટાઈગર છે, આરોપીને તેનુ નામ પુછતા તે પોતાનુ નામ શૈલેષ ઉર્ફે ટાઈગર હોવાનુ જણાવે છે. સાહેદને બીજા આરોપીઓને ઓળખવાનુ કહેતા સાહેદ બીજા આરોપી તરફ આગળીનો ઈશારો કરી જણાવે છે કે આ વિપુલ છે, આરોપીને તેનુ નામ પુછતા તે પોતાનુ નામ વિપુલ હોવાનુ જણાવે છે. સાહેદને બીજા આરોપીઓને ઓળખવાનુ કહેતા સાહેદ ત્રીજા આરોપી તરફ આગળીનો ઈશારો કરી જણાવે છે કે આ મનુ ભુવા છે, આરોપીને તેનુ નામ પુછતા તે પોતાનુ નામ મનુ ભુવા હોવાનુ જણાવે છે. સાહેદને બીજા આરોપીઓને ઓળખવાનુ કહેતા સાહેદ ચોથા આરોપી તરફ આગળીનો ઈશારો કરી જણાવે છે કે આ પાર્થ ઉર્ફે ભોલો છે, આરોપીને તેનુ નામ પુછતા તે પોતાનુ નામ પાર્થ ઉર્ફે ભોલો હોવાનુ જણાવે છે . સાહેદને બીજા આરોપીઓને ઓળખવાનુ કહેતા સાહેદ પાંચમા આરોપી તરફ આગળીનો ઈશારો કરી જણાવે છે કે આ જશુભાઈ રબારી છે, આરોપીને તેનુ નામ પુછતા તે પોતાનુ નામ જશુભાઈ રબારી હોવાનુ જણાવે છે. સાહેદને બીજા આરોપીઓને ઓળખવાનુ કહેતા સાહેદ છઠ્ઠા આરોપી તરફ આગળીનો ઈશારો કરી જણાવે છે કે આ પ્રગ્નેશ છે, આરોપીને તેનુ નામ પુછતા તે પોતાનુ નામ પ્રગ્નેશ હોવાનુ જણાવે છે. સાહેદને બીજા આરોપીઓને ઓળખવાનુ કહેતા સાહેદ સાતમા આરોપી તરફ આગળીનો ઈશારો કરી જણાવે છે કે આ અમિત છે, આરોપીને તેનુ નામ પુછતા તે પોતાનુ નામ અમિત હોવાનુ જણાવે છે. સાહેદને બીજા આરોપીઓને ઓળખવાનુ કહેતા સાહેદ આઠમો આરોપી તરફ આગળીનો ઈશારો કરી જણાવે છે કે આ અનિકેત છે, આરોપીને તેનુ નામ પુછતા તે પોતાનુ નામ અનિકેત હોવાનુ જણાવે છે. સાહેદને બીજા આરોપીઓને ઓળખવાનુ કહેતા સાહેદ બીજા ત્રણ આરોપીઓને તરફ આગળીનો ઈશારો કરી જણાવે છે કે આ ત્રણના નામ મને ખબર નથી, આ ત્રણેય આરોપીને તેમના નામ પુછતા પોતાના નામ અનુક્રમે, હર્ષ, જીગ્નેશ, કૃણાલ હોવાનુ જણાવે છે.

સદરહું સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં સ્વીકારેલ છે કે, વિવેકનંદનગર ખાતે છેલ્લા ૨૫ વર્ષથી રહે છે. તે વાત ખરી છે કે વિવેકનંદનગરની

આજુબાજુના વિસ્તારથી પરીચિત છે. પોતાના સ્ટુડીઓ થી જે અર્ટીકા ગાડી પડેલી હતી તે જગ્યા પોણા બે કી.મી. જેટલા અંતરે હતી. તે વાત ખરી છે કે મંદિરની સામે દશથી બાર દુકાનો આવેલી છે. તે વાત ખરી છે કે ત્યાં કોર્નર ઉપર મેડીકલ સ્ટોર આવેલ છે. તે વાત ખરી છે કે તેનાથી થોડેક આગળ એક મસ્જીદ આવેલી છે. તે વાત ખરી છે કે પોતાના સ્ટુડીઓથી અર્ટીકા ગાડી હતી તે જગ્યાએ આવવામાં જે રોડ છે તે સીંગલ રોડ છે અને બે ગાડીઓ આમને સામને આવી શકે તેવો છે. તે વાત ખરી છે કે બનાવવાળી જગ્યાથી પોલીસ સ્ટેશન અડધા કી.મી. જેટલા અંતરે છે. તે વાત ખરી છે કે હનુમાનજીનુ મંદિર રોડને અડીને આવેલુ છે. તે વાત ખરી છે કે હનુમાનજીના મંદિર પાસે ચાર રસ્તા પડે. તે વાત ખરી છે કે હનુમાનજીના મંદિરને બ્રાઉન્ડ્રી આવેલ છે. તે વાત ખરી છે કે બનાવ નજરે જોયેલો નથી. મોહીતના કપડા લોહીવાળા હતા કે કેમ? તે કહી શકુ નહી. મોહીતના હાથ લોહીવાળા હતા કે કેમ? તે કહી શકુ નહી. કાગળની ચીઠ્ઠી લોહી વાળી ન હતી. તે વાત ખરી છે કે પોલીસે મારો જવાબો ૨૧ મી તથા ૨૫ મી તારીખે લીધેલા હતા. બંને જવાબો વખતે પોતાની પાસે ચીઠ્ઠી છે તેવુ પોલીસને કહેલુ. ચીઠ્ઠી મોહીત લઈને ગયેલો અને ફરીયાદ મોહીતે લખાવેલી. સવાલ– પોલીસે તમારા જવાબો લીધા ત્યારે આરોપીઓના નામ વર્ણન લખાવેલા? જવાબ– મોહીતે જે ચીઠ્ઠી આપેલી હતી તેમાં જે નામો હતા તે મેં પોલીસને લખાવેલા. સવાલ–પોલીસને જે તમે નામો લખાવેલો તેઓને તમે ઓળખો છો, તેવુ તમે પોલીસને જણાવેલુ? જવાબ– હું બધાને ઓળખતો ન હતો, પરંતુ તે બધા રબારીઓના છોકરા છે અને અમિતના પપ્પાને, જશુભાઈને તથા મોહનભાઈને ઓળખતો હતો.

**૨૬.૧** સદરહુ સાહેદની ઉલટ તપાસ ઉપરથી જ એ પુરવાર થાય છે કે સાહેબ બનાવ નજરે જોયેલ નથી તેવા સંજોગોમાં આરોપીઓની માટે સાહેદને ક્યાંથી માહિતી મળી તે પુરાવા ઉપરથી ચકાસીએ તો સાહેદ જણાવે છે કે, પોતાને કોઇકનો ફોન આવેલો જેનો નંબર 7069630681 હતો અને આ ફોન ઉપર વાત કરનારે જણાવેલ કે તમારા દીકરા જયદીપને રબારીઓ મારે છે. અલબત્ત આ અંગે સમગ્ર તપાસ જોતા , આ જણાવનાર કોણ છે ? તે અંગે કોઈ તપાસ થયેલ નથી. હવે આરોપીઓની સંડોવણી માટે આ સાહેદ પુરાવામાં બીજી એ રીતે જણાવે છે કે, એલ.જી. હોસ્પિટલમાં મરણજનાર જયદીપને સાહેદ નંબર ૨૫ મોહિત શર્માનાઓ સારવાર દરમિયાન લઈ

જાય છે અને થોડીવાર પછી પાછો લાવે છે ત્યારે મોહિત આ સાહેદને આવીને કહે છે કે, જયદીપ જે જે નામો બોલ્યો છે તે નામને કાગળમાં લખી લીધા છે અને તે કાગળ સાહેદ વાંચતા તેમાં આરોપી નંબર ૦૧ શૈલેષ, આરોપી નંબર ૦૩ મહેશ, આરોપી નંબર ૦૪ અમિત ઉર્ફે અમૃત અને તેનો નાનો ભાઈ આરોપી નંબર ૯ પ્રજ્ઞેશ, આરોપી નંબર ૦૨ પાર્થ, આરોપી નંબર ૦૮ રવિ, આરોપી નંબર ૦૬ ભેજો, આરોપી નંબર ૧૦ અનિકેત રામજીના પપ્પા અને જીગર નામો લખેલા હતા. આમ આરોપીઓની સંડોવણી માટે મરણજનાર જયદીપે સાહેદ નંબર ૨૫ ફરિયાદી મોહિતને લખાવેલા નામ અને મોહિતે તે લખી લીધેલાની ચિઠ્ઠી છે. આ ચિઠ્ઠી માટે આ સાહિત્ય ઉલટતપાસમાં એવું પણ જણાવે છે કે, પોલીસે તેમના જે બે જવાબો પહેલો તારીખ ૨૧/૦૭/૨૦૧૯ અને બીજો તારીખ ૨૫/૦૭/૨૦૧૯ ના રોજ જવાબો આપતી વખતે પોતે પોલીસને જણાવેલું કે, આ ચિઠ્ઠી પોતાની પાસે છે. અત્રે ઉલ્લેખનીય છે કે પરંતુ આવી કોઈ ચીઠ્ઠી આ સાહેદ પુરાવામાં રજૂ કરતા નથી. હવે આરોપીઓની સંડોવણી માટે મરણજનાર જયદીપે સાહેદ નંબર ૨૫ મોહિતને સારવાર દરમિયાન આપેલ હોય અને તે માહિતી લખી લીધેલા તે માટે તપાસ કરનાર અધિકારી સાહેદ નંબર ૨૯ ની ઉલટતપાસ દરમિયાન આરોપીપક્ષ તરફે આંક–૨૮૫ થી એલ.જી. હોસ્પિટલમાંથી સૌ પ્રથમ મેળવેલી ટેલીફોન વર્ધી રજૂ રાખેલ છે જેમાં સ્પષ્ટ પણે જણાવેલ છે કે, નોંધમાં દર્દી ભાનમાં નથી. આમ મરણજનાર જયદીપે સારવાર દરમિયાન સાહેદ નંબર ૨૫ મોહિતને આરોપીઓની સંડોવણી માટે નામ લખાવેલાનો પુરાવો શંકાસ્પદ રહે છે કે જે માહિતીના આધારે હાલના સાહેદ પણ સંડોવણી અંગેનો પુરાવો આપે છે તેથી આ સાહેદનો પુરાવો પણ શંકાસ્પદ રહે છે

૨૭. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૧૬ પ્રેમ મુકેશભાઈ પટેલને આંક–૧૯૧ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેઓ પોતાના પરિવાર સાથે રહે છે અને વાસ્તુ સેલ્સ વિવેકનંદનગર ખાતે નોકરી કરે છે. તા.૨૦.૦૭.૨૦૧૯ ના રોજ સાંજના સાડા છ સાત વાગે ચા ની કીટલી પર હતો. આ ચા ની કીટલી વિવેકનંદનગર બસ સ્ટેન્ડ પાસે આવેલી છે. ત્યાં પ્બલીક આવતી જતી હતી. ત્યાં તેમણે પબ્લીકના માણસો દ્વારા વાત જાણેલી કે હાથીજણ ખાતે જયદીપને રબારીઓ મારેલો છે. જેથી જયદીપના ભાઈ મોહીતને ફોન કરેલો અને જણાવેલ કે હાથીજણ ખાતે મગજમારી થયેલી છે. ત્યારબાદ પોતે ચા ની

કીટલી થી ઘર તરફ જતો હતો ત્યારે સ્ટુડીઓ પાસે લોકોની ભીડ થઈ ગયેલી હતી ત્યાં ઉભા રહેલા. ત્યાં પ્બલીકના માણસો હતા અને મોહીત તથા જયદીપની માતા પણ ત્યાં હતા. તેઓ બંને હાથીજણ ખાતે બાઈક લઈને ગયેલા. ઘરના માણસોએ તેમને કહેલુ કે તુ ઘરે આવતો રે, જેથી હું ઘરે જતો રહેલો. ત્યારબાદ રાત્રે મોડા જાણ થયેલી કે જયદીપને દવાખાને લઈ ગયેલા છે. પોતે પણ એલ.જી.હોસ્પીટલમાં જ્યાં જયદીપને દાખલ કરેલ હતો ત્યાં ગયેલો. ત્યાં કલાક દોઢ કલાક રોકાયેલા. ત્યાંથી જયદીપને બીજી હોસ્પીટલે વધુ સારવાર માટે ગયેલ. પોતે પણ તેની સાથે બીજી હોસ્પીટલે ગયેલા. તે બીજી હોસ્પીટલ પ્રાઈવેટ હોસ્પીટલ હતી. હોસ્પીટલમાં જયદીપની સારવાર ચાલુ થયેલી. સવારના બે ત્રણ વાગ્યા સુધી રોકાયેલ અને પછી પોતે ઘરે આવી ગયેલ. એટલી જ ખબર હતી કે જયદીપને રબારીઓ સાથે ઝઘડો થયેલો છે. કુલ ૧૧ રબારીઓ હતા તેવુ જાણેલુ. તેમને રબારીઓના નામ ખબર છે, જેમાં શૈલેષ, ભોલો, બીરજુ, મહેશ, રવી, રામજીના પપ્પા, અમિતભાઈ, અમિતનો નાનો ભાઈ, મનુ ભુવાજી, પ્રગ્નેશ નાઓ હતા. આ લોકોએ જયદીપને કયાં હથિયારોથી મારેલુ તે જાણેલુ નહી. આ લોકોએ જયદીપને પગમાં, હાથ ઉપર વિગેરે જગ્યાએ મારેલુ હતુ.

તેમને જયદિપ સાથે વાતચિત થયેલી નહી. આ નામો ત્યાં ભેગા થયેલા લોકો બોલતા હતા તેથી જાણેલા. હોસ્પીટલમાં જયદીપ બે ત્રણ દિવસ સુધી સારવાર હેઠળ હતો ત્યારબાદ તે ગુજરી ગયેલાનુ જાણવા મળેલુ. પોલીસે પોલીસ સ્ટેશનમાં બોલાવેલો અને પુછપરછ કરીને જવાબ નોંધેલો. જયદીપને તથા રબારીઓને કેમ ઝઘડો થયેલો તેની ખબર નથી. જેના નામ આપ્યા તેમને ઓળખે છે. તે તમામ આજ રોજ નામ.કોર્ટમાં હાજર છે.

સદર સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં સ્વીકારેલ છે કે તે વાત ખરી છે કે હું, ગુજરનાર જયદીપ, અર્જુનસિંહ રણજીતસિંહ ઝાલા, અનિરૂદ્ધસિંહ ગજેન્દ્રસિંહ ઝાલા ખાસ મિત્રો છીએ. અમે બધા ચાની કીટલી ઉપર બેસતા હતા. તે વાત ખરી છે કે હું ચાની લારી પર હતો ત્યારે અર્જુનસિંહ રણજીતસિંહ ઝાલા, અનિરૂદ્ધસિંહ ગજેન્દ્રસિંહ ઝાલા બંને તથા બીજા લોકો પણ ત્યાં હતા. ચાની કીટલીએથી બનાવવાળી જગ્યા એકથી દોઢ કીલોમીટર હશે. એલ.જી.હોસ્પીટલ હું કેટલા વાગે પહોચેલો તે મને અત્યારે યાદ નથી. જયદીપને એલ.જી. હોસ્પીટલમાંથી ખાનગી હોસ્પીટલમાં કેટલા વાગે લઈ ગયેલા તે મને યાદ નથી. સાહેદ જણાવે છે કે

રાતનો સમય હતો તેથી મને સમય યાદ નથી. જયદીપને ખાનગી હોસ્પીટલમાં ખાનગી વાહનમાં લઈ ગયા હોય તો મને ખ્યાલ નથી. તેને રીક્ષામાં કે ફોરવ્હીલરમાં લઈ ગયા હોય તો તે પણ મને ખ્યાલ નથી. એલ.જી. હોસ્પીટલથી ખાનગી હોસ્પીટલ કેટલા કી.મી. હશે તેનો મને ખ્યાલ નથી. તે વાત ખરી છે કે એલ.જી. હોસ્પીટલથી ખાનગી હોસ્પીટલ આશેર ૧૫–૨૦ કીમી.ના અંતરે હશે. તે વાત ખરી છે કે મેં બનાવ નજરે જોયેલો નથી.

**૨૭.૧** સદરહું સાહેદનો પુરાવો ચકાસતા, તે પણ આરોપીઓની સંડોવણી માટે પોતાનો સીધો પુરાવો આપતા નથી. સરતપાસમાં જણાવે છે કે, પોતાને મરણજનાર જયદીપ સાથે કોઈ વાતચીત થયેલી નહીં. આરોપીઓના નામ ત્યાં ભેગા થયેલા લોકો બોલતા હતા તેથી પોતે જાણેલાનું જણાવે છે. આમ આ સાહેદનો પુરાવો પણ હિયરસે એવિડન્સ છે. અત્રે એ પણ નોંધવું જરૂરી છે કે, ત્યાં આજુબાજુમાં ઘણી દુકાનો, મંદિર, જાહેર જગ્યા હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદ કે જેમણે આરોપીઓની જાણકારી હોય તેવું પુરવાર થયેલ નથી. તેવા સંજોગોમાં ભેગા થયેલા લોકો પાસેથી આ સાહેદે મેળવેલી આરોપીઓના નામની માહિતી પણ શંકાસ્પદ રહે છે. વધુમાં સદરહુ સાહેદ ઉલટતપાસમાં એ પણ સ્વીકારે છે કે, પોતે તેમજ મરણજનાર જયદીપ તેમજ સાહેદ નંબર ૧૮ અનિરુદ્ધસિંહ અને સાહેદ નંબર ૨૩ અર્જુનસિંહ ખાસ મિત્રો છે. એ પણ સ્વીકારે છે કે તેઓ બધા ચા ની કીટલી ઉપર બેસતા હતા. સાથો સાથ એ પણ સ્વીકારે છે કે જ્યારે બનાવના દિવસે ચા ની કીટલી પર હતા ત્યારે સાથે સાહેદ નંબર ૧૮ અનિરુદ્ધસિંહ અને સાહેદ નંબર ૨૩ અર્જુનસિંહ પણ આ સાહેદની સાથે હતા અને આ ચા ની કીટલી બનાવવાળી જગ્યાએથી આશરે એક દોઢ કિલોમીટર દૂર હોવાનું આ સાહેદ ઉલટતપાસમાં જણાવે છે. સાહેદ નંબર ૧૮ અનિરુદ્ધસિંહ અને સાહેદ નંબર ૨૩ અર્જુનસિંહના પુરાવાની ચર્ચા દરમિયાન આ બંને સાહેદોની હાજરી ક્યાં હતી ? અને ક્યાંથી ક્યાં પહોંચ્યા ? તે અંગે ચર્ચા કરવામાં આવેલ છે, પરંતુ આ મિત્ર સાહેદના પુરાવા ઉપરથી પણ આરોપીઓની સંડોવણી શંકાસ્પદ યથાવત રહે છે

૨૮. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૧૭ રીંકિશ દેવીપ્રસાદ ખત્રીને આંક–૧૯૨ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેઓ પોતાના પરિવાર સાથે રહે છે અને રીક્ષા ચલાવે છે. તારીખ યાદ

નથી પરંતુ બનાવ આશરે ચારેક વર્ષ પહેલા બનેલો. બનાવના દિવસે તેઓ વિવેકનંદનગરથી પોતાની રીક્ષા લઈને સાંજના સમયે મણીનગર ખાતે જતો હતો. ત્યારે હાથીજણ વડ પાસે પોલીસે મારી રીક્ષા ઉભી રખાવેલી, જેથી રીક્ષા ઉભી રાખેલી. રીક્ષા ઉભી રાખ્યા પછી ગાડીમાં એક બહેનને બેસાડેલા, તે બહેનનુ નામ ખબર નથી. રીક્ષામાં બીજા એક છોકરાને બેસાડેલો તે છોકરો ભાનમાં ન હતો. તેનુ નામ ખબર નથી. આ સિવાય બીજા કોઈને બેસાડેલા નહી. પોલીસના માણસો તેમની રીક્ષામાં બેસેલા નહી. પોતાની રીક્ષામાં આ બહેન અને છોકારને બેસાડીને એલ.જી.હોસ્પીટલે લઈ ગયેલો અને ત્યાં તેમને ઉતારીને રેલવે સ્ટેશને જતો રહેલો. તે છોકરો બે ભાન કેમ થયેલો હતો તેની તેમને ખબર નથી. મારી તે બહેન કે છોકરા સાથે રીક્ષામાં વાતચીત થયેલી નહી. તે છોકરા કે બહેનના નામ મને પછીથી પણ જાણવા મળેલી. રીક્ષામાં બેસેલા છોકરાને પછીથી શુ થયેલુ તે મને જાણવા મળેલુ નહી. પોલીસે પુછપરછ કરેલી નથી.

**૨૮.૧** સદરહું સાહેદનો પુરાવો ચકાસતા, બનાવવાળી જગ્યાએથી મરણજનારને રીક્ષામાં લઈ જનાર રીક્ષા ડ્રાઈવર છે. અલબત્ત સ્વતંત્ર સાહેદ છે. બનાવવાળી જગ્યાએ પોતે રિક્ષા લઈને સાંજના સમયે જતા હતા, ત્યાં તેઓની રીક્ષા ઉભી રખાવી અને તેમાં મરણજનારને લઈ જઈ એલ.જી. હોસ્પિટલે પહોંચાડેલ હોવાનુ જણાવે છે. ફરિયાદપક્ષ દ્વારા આ સાહેદ પોતાના કેસને સમર્થન કરતા ન હોય ઉલટતપાસ લેવાયેલ છે, પરંતુ તેમાં ઈનકારીયત ભરેલા જવાબો નોંધવા સિવાય બીજી કોઈ હકીકત રેકોર્ડ ઉપર લઈ આવવા માટે ફરિયાદપક્ષ સફળ થયેલ નથી. સાહેદ માત્ર હોસ્ટાઈલ થવાથી ન માનવો જોઈએ તેઓ પ્રસ્થાપિત સિદ્ધાંત નથી. સાહેદે સરતપાસમાં કેટલી હકીકત જણાવી છે તે પણ મૂલવવાનું રહે છે. આ સાહેદ રિક્ષામાં બેસાડેલ છોકરો બેભાન કેમ થયેલ હતો? તેની પોતાને ખબર નહીં હોવાનુ જણાવે છે. આ સાહેદ સમક્ષ રિક્ષામાં મરણજનાર જયદીપને દવાખાને લઈ જવામાં આવેલ હતો તે રસ્તા દરમિયાન જયદીપ બેભાન હોવાનું ફલિત થઈ આવે છે. આરોપીપક્ષ દ્વારા ઉલટતપાસ લેવાઈ ને આ સાહેદનો પુરાવો નોંધાયેલ છે, પરંતુ તેમાં પણ ક્યાંય આરોપીની સંડોવણી માટે મરણજનાર જયદીપે રસ્તા દરમિયાન જણાવ્યું હોય તેવું ફલિત થઈ આવતું નથી. તેથી આ સાહેદના પુરાવામાં પણ આરોપીઓની સંડોવણી ખુલેલ નથી.

૨૯. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૧૮ અનિરૂધસિંહ ગજેન્દ્રસિંહ ઝાલાને આંક–૧૯૫થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, પોતાના પરિવાર સાથે રહે છે અને જય માતાજી ટ્રાવેલ્સના નામથી ધંધો કરે છે. બનાવ તા.૨૦.૦૭.૨૦૧૯ ના રોજ સાંજના સવા છ વાગ્યાની આસપાસ હાથીજણ વડ પાસે બનેલો. તે વખતે પોતે ચીકન લેવા જવા માટે જતા હતા અને વડ પાસેથી પસાર થતા હતા ત્યારે એક ટોળુ જોયેલુ, તે ટોળામાં આશરે ૧૫–૨૦ માણસો હતા, આ લોકો જયદિપને મારતા હતા. આ લોકો જયદીપને લાકડીઓ અને પાઈપોથી મારતા હતા. આ બધા લોકો ત્યાંથી ભગાડતા હતા અને કહેતા હતા કે આગળ જા આગળ જા, જેથી પોતે થોડો આગળ ગયેલો અને પાછો ઉભો રહેલો. ત્યાં ઉભા રહીને પણ જયદીપને આ લોકો દ્વારા લાકડીઓથી મારતા જોયેલો. આ જે મારતા હતા તેમાંથી બે ત્રણ જણને ઓળખે છે, બાકીનાને ઓળખતા નથી. આ લોકો જયદીપને મારીને ત્યાંથી ભાગી ગયેલા. તે દરમિયાન જયદીપની માતા અને મોહીત બંને ત્યાં આવેલા. તે જ વખતે પાછળને પાછળ પોલીસ પણ ત્યાં આવી ગયેલી. જેથી પોતે પણ ત્યાં ગયેલ. આ વખતે ૧૦૮ એમ્બ્યુલન્સને કોઈકે ફોન કરેલો. પરંતુ એમબ્યુલન્સ જલદીથી આવેલી નહી. તે વખતે ત્યાંથી એક રીક્ષા પસાર થતી હતી તેને ત્યાં પોલીસે અને બધાએ રીક્ષા ઉભી રખાવેલી અને જયદીપને ઉચકીને રીક્ષામાં બેસાડેલો. તે રીક્ષામાં જયદીપની માતા અને મોહીતભાઈ પણ બેઠેલા અને તેને લઈને એલ.જી. હોસ્પીટલ સારવાર માટે લઈ ગયેલા અને પોતે પણ તેમની પાછળ પોતાનુ બાઈક લઈને એલ.જી.હોસ્પીટલ ગયેલ. હોસ્પીટલમાં એમરજન્સી વોર્ડમાં જયદીપને લઈ ગયેલા. ત્યાં તે બુમાબુમ પાડતો હતો. ડોકટર તેને તપાસતા હતા અને ત્યાં ભીડ થઈ ગયેલી. અને ત્યાં એક બે જણને અંદર રાખીને બાકીનાને ડોકટરે બહાર મોકલેલ. પંદર એક મીનીટ પછી જયદીપને બહાર કાઢીને એકસરે રૂમમાં લઈ ગયેલા. એકસ રે રૂમમાં મોહીત અને જયદીપનો બીજો ભાઈ પણ રૂમમાં ગયેલા અને તેઓ બધા બહાર ઉભેલા હતા. થોડી વાર પછી મોહીતભાઈ કાગળમાં લખેલા નામો લઈને બહાર આવેલા અને તેમને જણાવેલુ કે આ કાગળમાં જે નામો લખેલા છે તે જયદીપને મારવાવાળા હતા અને આ નામો જયદીપે લખાવેલા છે. તેઓ અડધો પોણો કલાક ત્યાં બેઠેલો ત્યારબાદ પોતાના ઘરે પત્નીની તબીયત સારી ન હોય ગયેલ. જયદીપને લોહી પણ નીકળેલુ હતુ, તેની સાફસફાઈ કરેલી. ત્યારબાદ રાત્રીના સાડા અગિયાર વાગે એલ.જી.

હોસ્પિટલે ગયેલો. ત્યાં જયદીપના સગાવહાલા હતા અને રાત્રે બાર સાડા બાર વાગ્યાની આસપાસ જયદીપને સીમ્સ હોસ્પીટલમાં લઈ ગયેલો. સીમ્સ હોસ્પીટલમાં સાથે ગયેલો નહી. ત્યાં જયદીપને ત્રણ ચાર દિવસ એડમીટ રાખેલો અને ૨૪ મી તારીખે તેને હોસ્પીટલમાં મૃત જાહેર કરેલો.

આ બનાવ સંબંધે પોલીસે પુછપરછ કરેલી અને જવાબ નોંધેલો. જેને તેમણે જોયેલા તેમના નામ પોલીસને જણાવેલ હતા. જેમાં સૈલેષ ટાઈગર, મહેશ, રવી, વિપુલ અને એક કાકા હતા તેમનુ નામ ખબર નથી તથા પાર્થ હતો. આ બધાને ઓળખે છે. સદરહું સાહેદને નામ.કોર્ટમાં આરોપીઓને ઓળખી બતાવવાનુ કહેતા સાહેદ એક આરોપીને બતાવીને જણાવે છે કે આ શૈલેષ છે. આરોપીને ઉભો કરીને તેનુ નામ ઠામ પુછતા પોતે શૈલેષ હોવાનુ જણાવે છે. સાહેદ ત્રીજા વ્યક્તિને બતાવીને જણાવે છે કે આના જેવો એક હતો તે વ્યક્તિને તેનુ નામ પુછતા તે પોતાનુ નામ રામજી ગોવિંદભાઈ રબારી હોવાનુ જણાવે છે. (આ વ્યક્તિ આ કેસમાં આરોપી નથી.) સાહેદ ચોથા વ્યક્તિને બતાવીને જણાવે છે કે આ વિપુલ હતો. તેને ઉભો કરીને તેનુ નામ પુછતા પોતાનુ નામ હર્ષ હોવાનુ જણાવે છે. સાહેદ પાંચમાં વ્યક્તિને બતાવીને જણાવે છે કે આ પાર્થ હતો. તેને ઉભો કરીને તેનુ નામ પુછતા પોતાનુ નામ પાર્થ હોવાનુ જણાવે છે.સાહેદ છઠ્ઠા વ્યક્તિને બતાવીને જણાવે છે કે આ કાકા પણ હતા. તેમને ઉભા કરીને નામ પુછતા પોતાનુ નામ જસુભાઈ હોવાનુ જણાવે છે. આરોપી નં.૩,૬ અને ૮ હાલ જ્યુડીશીયલ કસ્ટડીમાં હોવાથી બચાવપક્ષ દ્વારા હાજરીમુક્તિની અરજી આપેલ છે અને આરોપીની ઓળખ અંગે કોઈ તકરાર નથી. જયદીપને આ લોકો જે લાકડીઓ અને પાઈપોથી મારતા હતા તે લાકડીઓ અને પાઈપો પૈકી કઈ લાકડી અને કઈ પાઈપ કોના હાથમાં હતી તે હું કહી શકુ નહી. સાહેદને મુદ્દામાલમાંથી તમામ લાકડીઓ અને પાઈપો બતાવવામાં આવે છે તે જોઈને જણાવે છે કે આ લોકો પાસે આવી જ લાકડીઓ અને પાઈપો હતી. બનાવના બે ત્રણ મહીના પછી સમન્સ આવેલો. આ સમન્સ બીજી કોર્ટમાંથી આવેલો હતો. તે સમન્સના આધારે હું મેટ્રો કોર્ટમાં ૧૨ ની કોર્ટમાં ગયેલો. ત્યાં જજ સાહેબે આ બનાવ બાબતે બધુ પુછેલુ અને આ જે હકીકત લખાવી તે તમામ હકીકત જજ સાહેબ પાસે લખાવેલી અને તેમાં પોતાની સહી કરેલી. આ નિવેદન મેટ્રો કોર્ટમાં જજ સાહેબ સમક્ષ લખાવેલ હતુ તે જ છે, તેમાં પોતાની સહી છે, જે ઓળખે છે, જેને રજુ દાખલ **આંક-૧૯૬** આપવામાં આવે છે.

સદરહું સાહેદની આરોપી નં. ૧ થી ૧૦ તરફે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ હાથ ધરાયેલ છે. જેમાં સ્વીકારેલ છે કે, તે વાત ખરી છે કે હાથીજણ વિસ્તારમાં જ્યાં બનાવ બનેલો તે વિસ્તારનો હું જાણકાર છું. તે વાત ખરી છે કે વડની સામે રહેણાંકના મકાનો આવેલા છે. જ્યાં બસ સ્ટેન્ડ આવેલો છે તેને જ વડવાળો વિસ્તાર આવેલો છે. તે વાત ખરી છે કે ત્યાં એક કાચુ ઘર પણ આવેલુ છે. તે વાત ખરી નથી કે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં આરોપીઓના પુરા નામ, સરનામા અને વર્ણન લખાવેલા નથી. મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં રવી, વિપુલ અને કાકા ના નામો ન આપેલા હોય તો તે મને હાલ ખ્યાલ નથી. તે વાત ખરી છે કે એકઝી.મેજી. રૂબરૂ ઓળખપરેડ મારી પાસે કરાવેલી નહી. તે વાત ખરી છે કે જયદીપને રીક્ષામાં બેસાડયો તે વખતે તેને ઉચકવામાં હું પણ હતો. સાહેદ જણાવે છે કે તેને હાથ પરથી લોહી નીકળતુ હતુ. મારા કપડા લોહીવાળા થયેલા નહી.

તે વાત ખરી છે કે જયદીપને ૧૫ મીનીટ પછી એકસ રે રૂમમાં લઈ ગયેલાની હકીકત મેં મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. તે વાત ખરી છે કે જયદીપે મને કહેલુ હોય અને પોલીસને મેં લખાવેલ હોય તેવુ બનેલુ નહી. તે વાત ખરી છે કે મેં જયદીપને પણ પુછેલુ નહી. એકસ રે રૂમમાં મોહીતની સાથે જયદીપનો ભાઈ પણ ગયેલો તે હકીકત પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ હોય કે કેમ તે મને હાલ યયાદ નથી. તે વાત ખરી નથી કે એકસ રે રૂમમાંથી મોહીત કાગળમાં નામો લખીને બહાર આવેલાની હકકીત હું ખોટી કહુ છું. તે વાત ખરી છે કે જયદીપને લોહી નીકળેલુ હતુ અને સાફ સફાઈ કરેલી તે હકીકત પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી.

આરોપી નં. ૧૧ તરફે વિ.વ.શ્રી કે. આર. ચકવાવાલા દ્વારા ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં સ્વીકારેલ છે તે વાત ખરી છે કે ગુજરનાર જયદીપ મારો ખાસ મિત્ર થાય હતો. તે વાત ખરી છે કે પ્રેમ મુકેશભાઈ પટેલને પણ હું સારી રીતે ઓળખુ છું. તે વાત ખરી છે કે અર્જુનસીંહ રણજીતસિંહ ઝાલાને પણ સારી રીતે ઓળખુ છું. તે વાત ખરી છે કે આ ત્રણેય સાથે મારે બેસવા ઉઠવાનો સંબંધ છે. તે વાત ખરી છે કે ચા ની કીટલી પાસે અમે ઘણી વખત સાથે બેસતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કોઈક વખત બેસતા હતા. મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં જયદિપ મારો ખાસ મિત્ર છે તેવુ મેં લખાવેલુ હતુ. તે વાત ખરી છે કે જયદીપ મારો મિત્ર છે તેવુ મેં મારા નિવેદનમાં લખાવેલુ નથી. તે વાત ખરી નથી કે હું જયદીપના માતાપિતા અને

કુંટુંબીજનોને પણ સારી રીતે ઓળખુ છું.

**૨૯.૧** સદરહું સાહેદનો પુરાવો ચકાસતાં, ફરિયાદ પક્ષના કેસ મુજબ આરોપીઓની માટે એક તો નજરે જોનાર સાહેદ છે અને એલ.જી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન મરણજનાર જયદીપે સાહેદ નંબર ૨૫ ફરિયાદી મોહિતને એક્સ–રે રૂમમાં જે નામો જણાવેલા તે નામો લખી લીધેલા તે ચિઠ્ઠીમાં લખેલા નામો મોહિતે આ સાહેદને જણાવેલા. આમ પ્રથમ નજરે જોનાર સાહેદ તરીકેનો પુરાવો જોઈએ તો, પોતે બનાવ વખતે ત્યાંથી પસાર થતો હતો અને ૧૫–૨૦ માણસોનું ટોળું જયદીપને મારતું હતું. માણસો હતા તેમાંથી બે–ત્રણ જણને પોતે ઓળખતા હતા અને બાકીનાને ઓળખતા ન હતા તેવો પુરાવો આપે છે. આ સાહેદ ઉલટતપાસમાં એ પણ સ્વીકારે છે કે, ગુજરનાર જયદીપ પોતાનો ખાસ મિત્ર થાય છે. તેવી જ રીતે સાહેદ નંબર ૧૬ પ્રેમ મુકેશભાઈ પટેલને પણ સારી રીતે ઓળખે છે, તેવી જ રીતે સાહેદ નંબર ૨૩ અર્જુનસિંહ રણજીતસિંહ ઝાલાને પણ સારી રીતે ઓળખે છે અને આ ત્રણેય સાથે બેસવા ઉઠવાનો સંબંધ છે અને ચાની કીટલી પાસે ઘણી વખત બેસતા હોય છે. અગાઉ ચર્ચા કરી તે મુજબ, સાહેદ નંબર ૧૬ પ્રેમ મુકેશભાઈ પટેલ તેઓના પુરાવામાં સ્પષ્ટપણે જણાવી ગયેલ છે કે, આ બનાવની સાંજે ચા ની કીટલીએ એ પ્રેમ અને હાલના સાહેદ અનિરુદ્ધસિંહ અને સાહેદ નંબર ૨૩ અર્જુનસિંહ બનાવથી આશરે કિલોમીટર દૂર ચાની કીટલી એ હતા, જેથી હાલના સાહેદ અનિરુદ્ધસિંહ જે બનાવ વખતે ત્યાંથી પસાર થતા હોવાનું જણાવે છે તે શંકાસ્પદ રહે છે. બીજી રીતે પુરાવો ચકાસીએ તો, આ સાહેદ પાછળ પાછળ એલ.જી. હોસ્પિટલ પણ પહોંચે છે અને એલ.જી. હોસ્પિટલે સારવાર આપનાર ડોક્ટર સાહેદ નંબર ૨૪ ડોક્ટર શૈલેષ કનુભાઈ પ્રજાપતિ સમક્ષ મેડિકલ હિસ્ટ્રી આપનાર પણ આ જ સાહેદ અનિરુદ્ધસિંહ છે પરંતુ તેઓ બનાવ નજરે જોયેલ હોવા છતાં અને પોતે બે–ત્રણ જણને ઓળખતા હોવા છતાં મારનારમાં આ ઈસમોના નામ જણાવેલ નથી અને માત્ર મોંઘમ સામેવાળી પાર્ટીએ મારેલાનું જણાવેલ છે. તે રીતે પણ આ સાહેદ નજરે જોનાર હોવાનું પુરાવો શંકાસ્પદ રહે છે. આ સાહેદ અનિરુદ્ધસિંહ નજરે જોનાર સાહેદ હોય કોર્ટ રૂબરૂ આરોપીઓની ઓળખાણમાં એક એવા ઈસમને આ ગુનાના આરોપી તરીકે ઓળખી બતાવે છે કે જેનું નામ કોર્ટ રૂબરૂ પૂછતા રામજી ગોવિંદભાઈ રબારી હોવાનું એ સમયે જણાવેલ છે કે જે ઈસમ એ કેસમાં આરોપી નથી. બીજા એક અન્ય સમયે

આરોપી નંબર પાંચ વિપુલ તરીકે ઓળખી બતાવે છે જે ઈસમને નામ પૂછતા તે પોતાનું નામ હર્ષ જનાવે છે. આમ કોર્ટ રૂબરૂ પણ ઓળખાણ અંગેનો પુરાવો શંકાસ્પદ રહેલ છે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે, આ સાહેદ પોતાની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપીઓની ઓળખ પરેડ તેઓના દ્વારા કરાવેલ નથી. જે હકીકતને સાહેદ નંબર ૨૯ તપાસ કરનાર અમલદાર રવિરાજસિંહ ભૂપતસિંહ રાણા પણ પુરવાર કરે છે કે, આરોપીઓની સંડોવણી માટે ઓળખ પરેડ થયેલ નથી. આમ જ્યારે નજરે જોનાર સાહેદ તરીકે આ સાહેદના પુરાવા મુજબ મારનારમાં બે–ત્રણ જણને ઓળખતા હતા અને બાકીનાને ઓળખતા ન હતા તે માટે કોઈ ઓળખ પરેડનો પુરાવો નથી અને કોર્ટ રૂબરૂ પ્રથમવાર જે ઓળખી બતાવે છે તેમાં પણ તમામે તમામ આરોપીઓને સ્પષ્ટ ઓળખી બતાવેલ નથી, પરંતુ ઓળખાણમાં પણ શંકા રહેલ છે. વધુમાં આ નજરે જોનાર સાહેદ ગુજરનાર જયદીપને મારનાર લોકો પૈકી કોના હાથમાં શું હતું? તે પણ કહી શકે નહીં એમ હથિયાર અંગે પણ શંકા રહિત પુરાવો આપતા નથી. આમ નજરે જોનાર સાહેદ તરીકેનો આરોપીઓની સંડોની માટેનો પુરાવો શંકાસ્પદ રહે છે.

હવે આરોપીઓની સંડોવણી માટે બીજો એક પુરાવો ફરિયાદપક્ષના કેસ મુજબ આ સાહેદ એવો આપે છે કે, એલ.જી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન મરણજનાર જયદીપ એ સાહેદ નંબર ૨૫ ફરિયાદી મોહિતને મારનારના નામ જણાવેલા અને તે મોહિતે એક ચિઠ્ઠીમાં લખી લીધેલા, પરંતુ અગાઉ વિસ્તૃતપણે ચર્ચા કરી તે મુજબ પુનરુક્તિ ના જોડે પણ નોંધવું જરૂરી છે કે, સાહેદ નંબર ૨૯ તપાસ કરનાર અધિકારી રવિરાજસિંહ ભૂપતસિંહ રાણાના પુરાવા દરમિયાન ઊલટ તપાસમાં બચાવપક્ષે આ જ એલ.જી. હોસ્પિટલની ટેલીફોન વર્ધી આંક ૨૮૫ થી રજૂ રાખેલ છે જેમાં કરેલ નોંધ મુજબ દર્દી ભાનમાં નથી તેવી નોંધ છે. આમ મરણજનારે લખાવેલાનું પણ શંકાસ્પદ રહે છે. આ પુરાવા માટે આ સાહેદ અનિરુદ્ધસિંહ વધારે પડતો પુરાવો આપતા હોવાનું પણ ઉદાહરણ પૂરું પાડે છે. જેમકે પોતાની સર તપાસમાં એક્સ–રે રૂમ માટે પુરાવા આપે છે કે એકસ–રે રૂમમાં સાહેદ નંબર ૨૫ ફરિયાદી મોહિત અને મરણજનાર જયદીપનો બીજો ભાઈ પણ રૂમમાં ગયેલા. આમ ફરિયાદ પક્ષનો જે કેસ છે કે, મરણજનાર જયદીપને એક્સ–રે રૂમમાં લઈ ગયા વખતે સાથે મોહિત હોય, મોહિતને નામ જણાવેલા અને મોહિતે ચિઠ્ઠી લખેલી તે માટે વધારાના પુરાવામાં આવા મોહિતની સાથે મરણજનાર જયદીપનો એક બીજો ભાઈ

પણ રૂમમાં ગયેલાનું વધારાનું પુરાવો સરતપાસમાં આપે છે જે માટે આરોપી પક્ષ દ્વારા ઉલટતપાસમાં સ્પષ્ટપણે પુછાય છે કે, એક્સ–રે રૂમમાં મોહિતની સાથે જયદીપનો ભાઈ પણ ગયેલો તે હકીકત પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ હોય કે કેમ તે પોતાને યાદ નહીં હોવાનું આ સાહેદ અનિરુદ્ધસિંહ જણાવે છે. આમ આ સાહેદ અતિશયોકિતપૂર્વકનો પુરાવો આપે છે. અત્રે એ પણ નોંધવું જરૂરી છે કે આ સાહેદ બનાવ તારીખ ૨૦/૦૭/૨૦૧૯ ના રોજ પાછળ–પાછળ જયદીપને એલ.જી. હોસ્પિટલ લઈ ગયેલ છે ત્યાં પહોંચે છે હાજર છે. સારવાર આપનાર ડોક્ટરને મેડિકલ હિસ્ટ્રી લખાવે છે તેમ છતાં આવા નજરે જોનાર સાહેદનો એક અઠવાડિયા પછી એટલે કે તારીખ ૨૭/૦૭/૨૦૧૯ ના રોજ તપાસના કામે નિવેદન નોંધાયેલ છે. જે માટે આ સાહેદ ઉલટતપાસમાં એમ જણાવે છે કે, પોલીસ સાથે મારે બીજા દિવસે વાત થયેલી. આમ સમગ્ર રીતે સદરહુ સાહેદનો પુરાવો શંકાસ્પદ રહે છે અને તેઓ બનાવ વખતે હાજર હતા તે માટે તેમજ આરોપીઓની સંડોવણી માટે આરોપીઓની ઓળખાણની શંકા યથાવત રહે છે

**૩૦.** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૧૯ ધનંજય રામહરીભાઈ શર્માને આંક–૧૯૮થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, સરનામે સેકટર ૫ ખાતે પરિવાર સાથે રહે છે અને પરિવારમાં માતાપિતા છે અને એક નાનો ભાઈ હતો જેનુ નામ જયદીપ શર્મા હતુ, જે સદર કેસમાં મરણજનાર છે. પોતે ફોટો સ્ટુડીયો ધરાવી વેપાર ધંધો કરે છે. બનાવની તારીખ હાલ યાદ નથી પરંતુ સદર બનાવ ચાર વર્ષ પહેલા બનેલો. તે વખતે પોતે સાંજના સાડા છ વાગ્યાની આસપાસ પિતા સાથે પોતાના સ્ટુડીયો પર હતો. ત્યારે તેમના પિતાના ફોન ઉપર કોઈનો ફોન આવેલો અને પિતાએ જણાવ્યુ કે, હાથીજણ પાસે મારા ભાઈને ઘેરી લીધો છે અને મારા ભાઈને મારે છે. ત્યારબાદ પોતે બાઈક લઈને તે જગ્યાએ જવા માટે નીકળ્યો. તે દરમિયાન માતા તથા મોહી બંને ત્યાં જવા નીકળી ગયેલ હતા. હાથીજણ જવા નીકળ્યો તે વખતે રસ્તામાં વચ્ચે પોલીસ સ્ટેશન આવતુ હોય પોલીસ સ્ટેશને ગયેલો. ત્યાંથી ખબર પડેલી કે પોલીસ ત્યાંથી બનાવવાળા સ્થળે જવા નીકળી ગયેલ છે. ત્યારબાદ પોલીસ સ્ટેશનેથી હાથીજણ ખાતે વડ પાસે જવા માટે નીકળી ગયેલો. ત્યાં બનાવવાળી જગ્યાએ પહોંચીને જોયુ તો એક ગાડી અર્ટીકા પડેલ હતી અને ત્યાં ભીડ હતી. પોલીસ પણ

ત્યાં પહોચેલી હતી. ત્યાં જઈને ખબર પડેલી કે મારા ભાઈ જયદીપને હોસ્પીટલ લઈ જવા માટે નીકળી ગયેલ છે. ત્યાંથી પોતે બાઈક લઈને હોસ્પીટલ જવા નીકળ્યો અને ચાલુ બાઈકે મેં મોહીતભાઈને ફોન કરીને પુછેલુ કે કયાં હોસ્પીટલ ખાતે લઈ જાય છે. તો મોહીતે જવાબ આપેલો કે, અમે જશોદા ચોકડી પહોચેલ છું અને એલ.જી. હોસ્પીટલ ખાતે લઈ જઈએ છીએ. ત્યારબાદ હું પણ એલ.જી. હોસ્પીટલ જવા માટે નીકળી ગયેલ. પછી હું એલ.જી. હોસ્પીટલ પહોચેલો અને ત્યાં મારા ભાઈ જયદીપને ટ્રોમા વોર્ડમાં દાખલ કરેલ હતો. ત્યાં મારો ભાઈ જોર જોરથી બુમો પાડીને પાણી માગતો હતો. મારા ભાઈ જયદીપને મેં જોયેલ તો તેના શરીર પર ઘણી ઈજાઓ હતી અને તેની સારવાર ચાલુ હતી, જેથી ડોકટરોએ અમને બહાર જવાનુ કહેલુ. ત્યારબાદ અમો બધા બહાર આવી ગયેલા અને ત્યાં મારા ભાઈ પાસે મોહીતભાઈ હતા. ત્યારબાદ દશ સાડા દશ વાગ્યાની આસપાસ મોહીતભાઈ બહાર આવેલા અને તેમણે મને જણાવેલુ કે, જ્યારે તે જયદીપને એકસરે માટે લઈ જતા હતા ત્યારે જયદીપને પુછેલુ કે, કોણે કોણે તેને મારેલ છે? તો ત્યારે જયદીપે મોહીતને જે નામો જણાવેલ હતા તે મોહીતભાઈએ ચીઠ્ઠીમાં લખી લીધેલ હતા અને મેં તે ચીઠ્ઠી બતાવેલ. તે ચીઠ્ઠીમાં શૈલેષ રબારી ઉર્ફે ટાઈગર, પાર્થ ઉર્ફે ભોલીયો રબારી, મહેશ માંજરો, અનિકેત ભુવો, મનુ ભુવો, જીગર દેસાઈ, રામજીના પપ્પા, રવી રબારી, અમરત રબારી અને તેનો નાનો ભાઈ, બીરજુ રબારી/દેસાઈ, પ્રગ્નેશ રબારી નાઓએ જયદીપને લાકડી તથા લોખંડની પાઈપોથી બહુ માર મારેલ હતો. ત્યારબાદ રાત્રે બે વાગ્યાની આસપાસ મારા ભાઈની તબીયત બગડતા અમે તેને સીમ્સ હોસ્પીટલ સોલા ખાતે લઈ ગયેલ. ત્યાં તેની સારવાર કરેલી. ત્યાં ૨૬ તારીખના રોજ તેને ડોકટરશ્રીએ મરણ જાહેર કરેલ. તે બાબતે પોલીસે મારી પૂછપરછ કરીને મારુ નિવેદન નોંધેલુ.

સદરહું સાહેદની આરોપી નં. ૧ થી ૧૦ તરફે વિ.વ.શ્રીદ્વારા ઉલટતપાસ શરૂ.ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ સમયે હું એન્જીનીયરીંગનો અભ્યાસ કરતો હતો. ગુજરાતી પુરુ આવડતુ નથી. પોલીસ સાથે વાતચિત ગુજરાતીમાં થયેલી હતી. મોહીતભાઈને સાંજના સાત સવા સાત વાગ્યાની આસપાસ ફોન કરેલો, ત્યારબાદ પોતે એલ.જી. હોસ્પીટલ ગયેલો હતો. એલ.જી. હોસ્પીટલ હું કેટલા વાગે પહોચેલો તે ચોકકસ યાદ નથી. વિવેકનંદનગર પોલીસ સ્ટેશનેથી એલ.જી. હોસ્પીટલ પહોચવાનો રસ્તો આશરે

પચ્ચીસથી ચાલીસ મીનીટનો થાય. મારા ઘરેથી વિવેકાનંદરનગર પોસ્ટે.ને પહોચતા વધુમાં પાંચથી દસ મીનીટ થાય. એલ.જી. હોસ્પીટલ પહોચ્યો ત્યારે પોલીસ ત્યાં હાજર હતી કે કેમ? તે ધ્યાન નથી. ત્યારબાદ ત્યાં પોલીસ આવેલી અને પુછપરછ કરેલી. પોલીસે ફરીયાદ લખાવવાનુ કહેલુ પરંતુ તેમને ના પાડેલી, હું ગભરાયેલો હતો અને મેં તેમને જણાવેલ કે, ફરીયાદ જયદીપ જ લખાવશે. તે વાતની મને ખબર નથી કે મોહીતભાઈએ પણ ફરીયાદ લખાવવાની ના પાડેલી. તે વાત ખરી છે કે મોહીતભાઈની પોલીસ સાથે વાતચિત થયેલી. ત્યાં બીજા કોઈની સાથે પોલીસની વાતચિત થયેલી તેની મને ખબર નથી. નાથુરામભાઈ મારા મોટા પપ્પા છે. તે વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ ઘણા લોકો રહે છે અને ત્યાં દુકાનો પણ આવેલી છે. અર્જુનસિંહ રણજીતસિંહ ઝાલા અને અનિરૂધ્ધ ગજેન્દ્રસિંહ ઝાલા નાઓને હું ઓળખુ છુ પરંતુ તેમની સાથે મારી મિત્રતા નથી. હું પ્રેમ મુકેશભાઈ પટેલને ઓળખુ છું. અર્જુનસિંહ રણજીતસિંહ ઝાલા અને અનિરૂધ્ધ ગજેન્દ્રસિંહ ઝાલા આ બંને વિવેકાનંદનગરમાં રહે છે. હું હોસ્પીટલ પહોચ્યો તે વખતે મારો ભાઈ જયદીપ બોલી શકતો હતો. તે વાત ખરી છે કે જયદીપે કે કોઈ પોલીસને ફરીયાદ લખાવેલ નહી. સાહેદ જણાવે છે કે જયદીપની સારવાર ચાલુ હતી. મેં જયદિપને પુછેલુ નહી કે તેને કોણે મારેલુ છે. તે વાત ખરી છે કે જયદિપ મને કહેલુ નહી કે તેને કોણે મારેલુ છે. સાહેદ જણાવે છે કે તે સમયે જયદિપ તેને થયેલી ઈજાઓને કારણે બુમો પાડતો હતો. તે વાત ખરી છે કે ચીઠ્ઠીનુ વર્ણન મેં પોલીસને કરેલુ નહી. તે વાત ખરી છે કે બનાવ તા.૨૦.૦૭.૨૦૧૯ ના રોજ બનેલો. તે વાત ખરી છે કે મારા ઘરેથી પોલીસ સ્ટેશને આશરે અડધો કી.મી. દુર હશે. બનાવ બન્યો તે દિવસથી ૨૬ તારીખ સુધીમાં પોલીસ મને એકવાર એલ.જી. હોસ્પીટલમાં મળેલી, તે સિવાય પોલીસ મને મળેલી નહી. બનાવ બાદથી ૨૭ તારીખ સુધીમાં હું પોલીસ સ્ટેશને ગયેલો કે કેમ? તે મને યાદ નથી.

**સવાલ**– તમે ચીઠ્ઠી પોલીસને આપવા ગયેલા? **જવાબ**– ચીઠ્ઠી મારી પાસે હતી જ નહી. મેં મોહીતભાઈને એવુ જણાવેલુ નહી કે, ચીઠ્ઠી આપડે પોલીસ સ્ટેશને આપી દીઈએ. તે વાત ખરી છે કે ચીઠ્ઠી પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા માટે મેં કોઈ પ્રયત્ન કરેલા નથી.

તે વાત ખરી નથી કે મેં મારી સરતપાસમાં "તે વખતે હું સાંજના સાડા છ વાગ્યાની આસપાસ મારા પિતા સાથે અમારા સ્ટુડીયો પર હતો. ત્યારે મારા પિતાના

ફોન ઉપર કોઈનો ફોન આવેલો અને મારા પિતાએ જણાવ્યુ કે, હાથીજણ પાસે મારા ભાઈને ઘેરી લીધો છે અને મારા ભાઈને મારે છે. ત્યારબાદ હું બાઈક લઈને તે જગ્યાએ જવા માટે નીકળ્યો. તે દરમિયાન મારી માતા તથા મોહીત નઓા ત્યાં જવા નીકળી ગયેલ હતા. હાથીજણ જવા નીકળ્યો તે વખતે મારા રસ્તામાં વચ્ચે પોલીસ સ્ટેશન આવતુ હોય હું પોલીસ સ્ટેશને ગયેલો. ત્યાંથી મને ખબર પડેલી કે પોલીસ ત્યાંથી બનાવવાળા સ્થળે જવા નીકળી ગયેલ છે. ત્યારબાદ હું પોલીસ સ્ટેશનેથી હાથીજણ ખાતે વડ પાસે જવા માટે નીકળી ગયેલો. ત્યાં બનાવવાળી જગ્યાએ પહોંચીને મેં જોયુ તો એક ગાડી અર્ટીકા પડેલ હતી અને ત્યાં ભીડ હતી. પોલીસ પણ ત્યાં પહોચેલી હતી. ત્યાં જઈને મને ખબર પડેલી કે મારા ભાઈ જયદીપને હોસ્પીટલ લઈ જવા માટે નીકળી ગયેલ છે. ત્યાંથી હું બાઈક લઈને હોસ્પીટલ જવા નીકળ્યો અને ચાલુ બાઈકે મેં મોહીતભાઈને ફોન કરીને પુછેલુ કે કયાં હોસ્પીટલ ખાતે લઈ જાય છે. તો મોહીતે મને જવાબ આપેલો કે, અમે જશોદા ચોકડી પહોચેલ છું અને એલ.જી. હોસ્પીટલ ખાતે લઈ જઈએ છીએ. ત્યારબાદ હું પણ એલ.જી. હોસ્પીટલ જવા માટે નીકળી ગયેલ. પછી હું એલ.જી. હોસ્પીટલ પહોચેલો અને ત્યાં મારા ભાઈ જયદીપને ટ્રોમા વોર્ડમાં દાખલ કરેલ હતો. ત્યાં મારો ભાઈ જોર જોરથી બુમો પાડીને પાણી માગતો હતો. મારા ભાઈ જયદીપને મેં જોયેલ તો તેના શરીર પર ઘણી ઈજાઓ હતી અને તેની સારવાર ચાલુ હતી, જેથી ડોકટરોએ અમને બહાર જવાનુ કહેલુ. ત્યારબાદ અમો બધા બહાર આવી ગયેલા અને ત્યાં મારા ભાઈ પાસે મોહીતભાઈ હતા. ત્યારબાદ દશ સાડા દશ વાગ્યાની આસપાસ મોહીતભાઈ બહાર આવેલા અને તેમણે મને જણાવેલુ કે, જ્યારે તે જયદીપને એકસરે માટે લઈ જતા હતા ત્યારે જયદીપને પુછેલુ કે, કોણે કોણે તેને મારેલ છે? તો ત્યારે જયદીપે મોહીતને જે નામો જણાવેલ હતા તે મોહીતભાઈએ ચીઠ્ઠીમાં લખી લીધેલ હતા અને મેં તે ચીઠ્ઠી બતાવેલ. તે ચીઠ્ઠીમાં શૈલેષ રબારી ઉર્ફે ટાઈગર, પાર્થ ઉર્ફે ભોલીયો રબારી, મહેશ માંજરો, અનિકેત ભુવો, મનુ ભુવો, જીગર દેસાઈ, રામજીના પપ્પા, રવી રબારી, અમરત રબારી અને તેનો નાનો ભાઈ, બીરજુ રબારી/દેસાઈ, પ્રગ્નેશ રબારી નાઓએ જયદીપને લાકડી તથા લોખંડની પાઈપોથી બહુ માર મારેલ હતો" તેવી હકીકત હું ખોટી જણાવુ છું. તે વાત ખરી છે કે બનાવ મેં નજરે જોયેલો નથી, બનાવ વિશે મને જાત માહીતી નથી.

**૩૦.૧** સદરહું સાહેદનો પુરાવો ચકાસતા, જેઓ મરણજનાર જયદીપનો મોટો ભાઈ છે તે ઉલટતપાસમાં સ્વીકારે છે કે બનાવ પોતે નજરે જોયેલ નથી. આમ આ સાહેદ હિયર સે પુરાવો આપતા સાહેદ છે. જેમ કે સાહેદ જણાવે છે કે, બનાવના દિવસે પિતાની સાથે સાંજે સ્ટુડિયો ઉપર હતા ત્યારે તેમના પિતાના ફોન ઉપર કોઈક નો ફોન આવેલો અને પિતાએ જણાવેલું કે હાથીજણ પાસે ભાઈને ઘેરી લીધેલો છે આ પિતા એટલે સાહેદ નંબર ૧૫ રામહરી રામદિન શર્મા કે જેઓના પુરાવાની ચર્ચા દરમિયાન નોંધેલ છે કે, આ માહિતી જે મોબાઈલ નંબર ઉપરથી મળેલ તે મોબાઈલ નંબર લખાવેલ હોવા છતાં ફરિયાદપક્ષ દ્વારા એ પુરવાર થયેલ નથી કે આવી માહિતી આપનાર કોણ છે ? અને ક્યાંથી માહિતી મળી છે? આમ હાલના સાહેદ ધનંજય ને પણ આ માહિતીનો સ્ત્રોત તેઓના પિતા તરફથી મળે છે અને તેઓના પિતાને અજાણ્યા મોબાઈલ નંબર ઉપરથી મળે છે કે, જે સ્ત્રોત નિઃશંકપણે પુરવાર થયેલ નથી. વધુમાં હાલના સાહેદ સરતપાસમાં હાથીજણ પાસે ઘેરી લીધો છે તેવું માત્ર જણાવે છે પણ કોને ઘેરી લીધો છે? તે અંગે પણ આરોપીઓની સંડોવણી આ સાહેદના પુરાવા ઉપરથી નિઃશંકપણે ફલિત થઈ આવતી નથી.

આરોપીઓની માટે આ સાહેદને બીજી માહિતી સાહેદ નંબર ૨૫ ફરિયાદી મોહિત દ્વારા જ્યારે મરણજનાર જયદીપને એલ.જી. હોસ્પિટલમાં સારવાર અપાતી હતી ત્યારે એક્સ–રે રૂમમાં મોહિત જયદીપ સાથે ગયેલો ત્યારે મોહિતને જયદીપે જણાવેલા નામ કાગળમાં લખી લીધેલા અને તે ચિઠ્ઠી મોહિતે આ સાહેદને બતાવેલી જેમાં આરોપીઓના નામ લખેલા હતા, પરંતુ અગાઉ વિસ્તૃતપણે ચર્ચા કરી તે મુજબ, સારવાર દરમિયાન મરણજનાર જયદીપ સાહેદ નંબર ૨૯ તપાસ કરનાર અધિકારીશ્રીના ઉલટતપાસ દરમિયાન આરોપી પક્ષ દ્વારા રજૂ કરાયેલ એલ.જી. હોસ્પિટલની ટેલીફોન વર્ધી મુજબ તેમાં જણાવેલ નોંધમાં દર્દી ભાનમાં નથી તેવો સ્પષ્ટ ઉલ્લેખ છે. જેથી મરણજનારે ચિઠ્ઠીમાં નામ લખાવેલાનું શંકાસ્પદ રહે છે અને તેવી માહિતી હાલના સાહેદને મળેલી છે તે માહિતી પણ નિઃશંકપણે આરોપીઓની સંડોવણી પુરવાર કરતી નથી.

વધુમાં આ સાહેદ તેઓના પિતા સાહેદ નંબર ૧૫ રામહરી રામદીન શર્મા ની જેમ પોતે પણ જણાવે છે કે, હોસ્પિટલે પોલીસે ફરિયાદ લખાવાનું કહેલું પરંતુ પોતે ના પાડેલી અને જણાવેલું કે મરનાર જયદીપ જ લખાવશે. આમ આ સાહેદ અને તેઓના પિતા બંનેએ ફરિયાદ પણ લખાવેલ નથી. દવાખાને મોહિત હાજર હોય આ

સાહેદ સ્વીકારે છે કે મોહિતની પોલીસ સાથે વાતચીત થયેલી અત્રે એ પણ નોંધવું જરૂરી છે કે ફરિયાદી સાહેદ નંબર ૨૫ મોહિત શત પ્રકાશ શર્માએ આપેલી છે જેથી એ સાહેદ નંબર ૨૫ના પુરાવાની ફરિયાદ અંગે ચર્ચા કરીશું ત્યારે ફરિયાદ અને ફરિયાદીના પુરાવાની ચર્ચા કરવામાં આવેલ છે, પરંતુ સાથોસાથ આ સાહેદ ઉલટ તપાસમાં અતિશયોકિત પૂર્વકનો પુરાવા આપે છે જેમાં જણાવે છે કે, પોતે હોસ્પિટલ પહોંચ્યો તે વખતે મરણજનાર જયદીપ બોલી શકતો હતો. પરંતુ સાથોસાથ એ પણ સ્વીકારે છે કે જયદીપ એ કોઈ પોલીસને ફરિયાદ લખાવેલ નહીં. સાથોસાથ પોતે એ પણ જણાવે છે કે પોતે જયદીપને પૂછેલું નહીં કે તેને કોને મારેલું છે અને જયદીપ એ આ સાહેદને કહેલું નહીં કે તેને કોને મારેલું છે ? આમ સમગ્ર રીતે આ સાહેદનો પુરાવો જોઈએ તો પણ આરોપીઓની સંજ્ઞાઓની નિશંકપણે પુરવાર થતી નથી. આ મરણજનાર જયદીપનો આ સાહેદ નંબર ૨૩ અર્જુનસિંહ, સાહેદ નંબર ૧૮ અનિરુદ્ધસિંહ અને સાહેદ નંબર ૧૬ પ્રેમને ઓળખતા હોવાનું પણ ઉલટતપાસમાં સ્વીકારે છે કે જેઓ ત્રણેય મરણજનાર જયદીપના મિત્રો છે.

૩૧. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૨૦ નાથુરામ રામદીન બ્રાહ્મણ ને આંક–૨૦૩ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેઓ લાંભા મુકામે મારા પરિવાર સાથે રહે છે અને સાગર ફોટો સ્ટુડિયો ધરાવી ફોટોગ્રાફીનો વેપાર ધંધો કરુ છુ. તા.૨૦.૦૭.૨૦૧૯ ના રોજ વિનોબાભાવેનગરમાં પોતાની દુકાન આવેલ છે તે સાફસફાઇ કરી પોતાના ભાઇ રામહરિને મળવા જતો હતો તે વખતે સાંજે ૦૫.૩૦ વાગ્યાનો સમય હતો અને હાથીજણ ખાતે મેડિકલ દુકાન આગળથી પસાર થતો હતો ત્યારે ત્યાં છોકરાઓ ઝઘડો કરી મારામારી કરતા હતા જેથી મેં જોયેલ તો મારો ભત્રીજો જયદીપ ત્યાં હતો અને તેમના ભત્રીજા જયદીપને માર મારી નીચે પાડી દીધેલ હતો. ત્યારબાદ સીધો વિવેકાનંદનગર ખાતે ભાઇને ત્યાં ગયેલો અને ત્યાં દુકાન બંધ હતી અને મારા ભાઈ લોકો દુકાનેથી નીકળી ગયેલ હતા. જેથી હું મારા ઘરે આવી ગયેલો અને મારા દિકરાએ મને કહેલ કે મારા પર ફોન આવેલ છે અને જયદીપને માર મારેલ હોય એલ.જી. હોસ્પિટલ લઈ ગયેલ છે. જેથી હું એલ.જી. હોસ્પિટલ ગયેલો. ત્યાં જયદીપની સારવાર ચાલુ હતી. ત્યાં જયદીપની સારવાર સારી નહિ ચાલે તેવું લાગતા અમો તેને રાત્રે ૧ વાગે સીમ્સ હોસ્પિટલ ખાતે લઇ ગયેલ અને ત્યાં તેની

સારવાર ચાલતી હતી અને સારવાર દરમિયાન ૨૫ તારીખે તેનુ અવસાન થયેલુ. પોલીસે મારુ નિવેદન નોંધેલ નથી. હવે કહુ છુ કે પોલીસ ચોકીએ મારુ નિવેદન નોંધેલુ. મેં જે છોકરાઓને હાથીજણ મેડિકલ દુકાન પાસે જોયેલ તેમના નામ મને ખબર નથી તેઓને જોયે હું ઓળખી શકુ. સાહેદ કોર્ટ રૂબરૂ આરોપી પ્રજ્ઞેશ, પાર્થ, જીગ્નેશ, કૃણાલ, જશુભાઇ, અમિત, વિપુલ, હર્ષનાઓને ઓળખી બતાવે છે.

સદરહું સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં સ્વીકારેલ છે કે, મોબાઇલ રાખતો નથી. બનાવ સમયે હું મોબાઇલ સાથે રાખતો ન હતો. મારે આંખોના નંબર છે અને બનાવ સમયે મારે આંખોના ૩ નંબરના ચશ્મા છે. એ વાત ખરી છે કે પોલીસે મારી એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂ આરોપીઓની ઓળખ પરેડ કરાવેલ નહિ. હું ૨૦.૦૭.૧૯ ના રોજ સાંજના આશરે ૦૬.૩૦ વાગે મારા ભાઇને ત્યાં પહોંચેલો. એલ.જી. હોસ્પિટલ હું આશરે ૯–૯.૩૦ ની આસપાસ પહોંચેલો. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા ભરચક વિસ્તાર છે. આશરે ૧ વાગે અમે સીમ્સ હોસ્પિટલ પહોંચેલા હોઇશુ. એ વાત ખરી છે કે એલ.જી હોસ્પિટલ અને સીમ્સ હોસ્પિટલમાં પોલીસ અમને મળેલી. મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં જયદીપને મારીને નીચે પાડી દીધેલો તેવુ લખેલુ નથી. એ વાત ખરી છે કે આરોપીઓને હું બનાવ પહેલા ઓળખતો નથી. એ વાત ખરી છે કે કોઇના ચહેરા અને બાંધો જોઇને ખબર પડે નહિ કે આ વ્યક્તિ કઇ જ્ઞાતિનો છે. એ વાત ખરી છે કે મેં પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નહિ કે ત્યાં રબારીના છોકરાઓ હતા કે ત્યાં રબારીઓનું ટોળુ હતુ. એ વાત ખરી છે કે પોલીસે મારુ નિવેદન લીધુ ત્યારે ફરિયાદી મોહિત અને મારા ભાઇ હાજર હતા. આજરોજ જુબાની આપવા આવતા પહેલા હું કોર્ટમાં ૪–૫ વખત આવેલો છુ. એ વાત ખરી છે કે કોર્ટરૂમમાં હું થોડો સમય બેઠેલો પછી બહાર નીકળી ગયેલો. મને યાદ નથી કે મારા ભાઇની જુબાની થઇ ત્યારે હું કોર્ટરૂમમાં હાજર હતો. આજરોજ પણ મારા ભાઇ મારી સાથે હાજર રહેલા છે. એ વાત ખરી છે કે બનાવ બાદ તા.૨૮.૦૭.૧૯ સુધી મેં પોલીસને કોઇ નિવેદન આપેલ નથી.

આરોપી નં. ૧૧ તરફે વિ.વ.શ્રી દ્વારા કે.આર.ચકવાવાલા દ્વારા ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં, એ વાત ખરી નથી કે હું મોબાઇલ ફોન મારી સાથે રાખુ છુ. સાહેદ જણાવે છે કે મારા મોબાઇલનો નંબર ૯૮૯૮૪૯૯૫૮૫ છે. મારો મોબાઇલ હું સામાન્ય રીતે મારી દુકાનમાં રાખુ છુ જરૂર પડયે મારી સાથે રાખુ છુ. મોટેભાગે હું દુકાને બેસતો નથી મારો દીકરો બેસે છે. મારી દુકાન અને મારા ઘર વચ્ચે ચાલીને

જવામાં ૫ મિનિટનો રસ્તો છે અને હું ચાલીને જ જઉ છુ. મારી દુકાનથી મારા ભાઇ રામહરીનું ઘર આશરે ૧૪–૧૫ કિમી હશે. સામાન્ય રીતે વાહન ઉપર જતા મારી દુકાનથી મારા ભાઇને ઘરે જવામાં અડધો કલાક જેટલો સમય થાય. હું મોટરસાઇકલ ચલાવુ છુ. હાલમાં ચલાવતો નથી. મારી દુકાનથી મારા ભાઇને ઘરે જઉ હોય તો વચ્ચે હાથીજણ આવે. એ વાત ખરી છે કે બનાવવાળા સ્થળેથી મારા ભાઇને ઘરે જતા રસ્તામાં વિવેકાનંદનગર પો.સ્ટેશન આવે. આ મોટુ પો.સ્ટેશન છે અને ત્યાં પોલીસવાળા સતત હાજર હોય તેવી મને ખબર નથી. એ વાત ખરી છે કે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં હું મારી દુકાને સાફસફાઇ કરવા ગયેલો તેવુ લખેલુ નથી. એ વાત ખરી છે કે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં હું આરોપીને જોયે ઓળખુ તેવુ લખેલુ નથી.

એ વાત ખરી છે કે અગાઉ મને કોર્ટમાંથી સમન્સ મળેલો પરંતુ ત્યારે હું કોર્ટમાં આવેલો નહિ. સાહેદ જણાવે છે કે તે સમય દરમિયાન હું અમદાવાદમાં હાજર ન હતો. એ વાત ખરી છે કે મારા ભત્રીજાને ઈજા થયેલી તે બાબતે મેં પોલીસને કોઇ ફોન કરેલ નહિ. એ વાત ખરી છે કે મારા ભાઇના ઘરેથી હું મારી દુકાને પરત ગયો ત્યારે મેં પોલીસને કોઈ જાણ કરેલી નહિ અને મેં મારા ભાઇને પણ ફોન કરીને કોઈ પૂછપરછ કે જાણ કરેલી નહિ. એ વાત ખરી નથી કે મેં કોઈ બનાવ જોયેલ જ નથી હું બનાવ સ્થળે હાજર જ ન હતો અને હાલ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**૩૧.૧** સદરહું સાહેદનો પુરાવો ચકાસતાં, સદર સાહેદ ચાન્સ વિટનેસ તરીકે દર્શાવેલ છે કે, જેઓ બનાવ વખતે ત્યાંથી પસાર થઈ રહ્યા હોય તેઓએ બનાવ નજરે જોયેલ છે. જે માટે ફરિયાદપક્ષના કેસ મુજબ આ સાહેદ પોતે લાંભા ગામે રહે છે ત્યાંથી આ સાહેદ પોતે પોતાની જે બે દુકાનો વિનોબાભાવેનગર માં આવેલી છે ત્યાં જવા માટે નીકળેલા. પોતાની દુકાને થોડો રોકાયેલા અને સાંજના છ સવા છ વાગે સાહેદના નાના ભાઈ સાહેદ નંબર ૧૫ રામહરી રામદિન શર્માના ઘરે આવવા માટે નીકળેલા. સદરહુ સાહેદના ઉલટ તપાસના પુરાવા ઉપરથી એ પુરવાર થાય છે કે લાંભાથી વિનોબાભાવે નગર કે જ્યાં સાહેદની બે દુકાનો છે તે આશરે ૧૦ કિલોમીટર દૂર છે. આ વિનોબાભાવે નગર કે જ્યાં સાહેદની બે દુકાનો આવેલી છે ત્યાંથી તેમના નાનાભાઈ સાહેબ નંબર ૧૫ રામહરી રામદીન શર્મા કે જેઓ વિવેકાનંદનગરમાં રહે છે તે ચાર–પાંચ કિલોમીટર દૂર છે. આ સાહેદ પણ સ્વીકારે છે કે સામાન્ય રીતે પોતાની

દુકાને ચાલતા જાય છે પરંતુ આ બનાવના દિવસે મોટરસાયકલ લઈને નીકળેલ છે ઉલટમાં એ પણ પુરાવામાં આવેલ છે કે આ સાહેદને આંખના ત્રણ નંબરના ચશ્મા છે ઉંમર પણ ૬૨ વર્ષની છે તેમ છતાં સાથોસાથ એ પણ સ્વીકારે છે કે પોતાને રોજ વિનોબાભાવેનગર જવાનું થતું નથી તેમજ બનાવવાની જગ્યાએ પણ કે જે હાથીજણ વડ પાસે આવેલી છે ત્યાં પણ રોજ જવાનું થતું નથી, તેમ છતાં ચાન્સ વીટનેસ તરીકે બનાવના દિવસે ત્યાંથી કદાચ નીકળ્યા હોય તો પણ અસામાન્ય જણાઈ આવે છે. જેમ કે નજર સમક્ષ જે છોકરાને મારતા હતા તે સાહેદનો ભત્રીજો હોવા છતાં બનાવવાળી જગ્યા છોડીને તેમના નાના ભાઈ સાહેદ નંબર ૧૫ રામહરી રામદિન શર્માના ઘરે જાય છે, ત્યાં કોઈ ના મળતા તેઓ પાછા પોતાનું ઘર જે આશરે ૧૪ થી ૧૫ કિલોમીટર દૂર છે ત્યાં પરત જાય છે અને ત્યાં તેમના પુત્રને ફોન ઉપર કોઈનો ફોન દ્વારા માહિતી મળતા પાછા એલ.જી. હોસ્પિટલે જાય છે. આ સાહેદને તેમ છતાં ચાન્સ વીટનેસ તરીકે મૂલવીને તેઓના પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો પણ તેઓ તપાસમાં જણાવે છે કે, પોતે હાથીજણ ખાતે મેડિકલ દુકાન પાસેથી પસાર થતા હતા ત્યારે ત્યાં છોકરાઓ ઝઘડો કરી મારામારી કરતા હતા. જેથી પોતે જોયેલ તો પોતાનો ભત્રીજો જયદીપ ત્યાં હતો. આમ જે છોકરાઓ ઝઘડો કરતા અને મારામારી કરતા હતા તે આ ચાન્સ વિટનેસે જોયેલા છે તે માટે આ ચાન્સ વીટનેસ તપાસમાં જણાવે છે કે, જે છોકરાઓને હાથીજણ મેડિકલ દુકાન પાસે જોયેલ તેમના નામ પોતાને ખબર નથી પરંતુ તેઓને જોયેથી ઓળખી શકે અને તેમ કરીને પ્રથમવાર આરોપી નંબર ૯ પ્રજ્ઞેશ, આરોપી નંબર ૨ પાર્થ, ૩ ત્રણ કાયદાથી સંઘર્ષમાં આવેલ કિશોર, આરોપી નંબર ૧૧ જશુભાઈ, આરોપી નંબર ૪ અમિત અને આરોપી નંબર ૫ વિપુલને ઓળખી બતાવે છે હાજર હોય ઓળખી બતાવે છે, પરંતુ આ ઓળખાણ ના પુરાવા માટે સાથોસાથ ઉલટ તપાસમાં એ મુલાવવું જરૂરી છે કે આ સાહેદ સ્વીકારે છે કે પોલીસને બનાવ સ્થળે હાજર વ્યક્તિઓનું વર્ણન પોતે લખાવેલ નથી પોલીસના નિવેદનમાં આરોપીઓના નામ લખાવેલ નથી અને એ પણ સાથોસાથ સ્વીકારે છે કે પોલીસે એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ રૂબરૂ આરોપીઓની ઓળખ પોતાના દ્વારા કરાવેલ નથી. આ ઓળખ પરેડના પુરાવા માટે સાહેદ નંબર ૨૯ તપાસ કરનાર અધિકારી પણ સ્વીકારે છે કે ઓળખ થયેલ નથી. આમ આ સાહેદને ચાન્સ વીટનેસ તરીકે મુલવવામાં આવે તો પણ તેવા ચાન્સ વીટનેસ દ્વારા આરોપીઓની સંડોવણી માટે પ્રથમ વાર આરોપીઓને ઓળખી બતાવેલ છે અને તે અગાઉ તપાસ દરમિયાન

કોઈ ઓળખ પરેડ થયેલ નથી. આવા સંજોગોમાં ઉલટતપાસમાં આ સાહેદ જે જણાવે છે તે પણ નોંધવું જરૂરી છે જેમ કે, સાહેદ ઉલટતપાસમાં સ્વીકારે છે કે જુબાની આપવા આવતા પહેલા પોતે ચાર–પાંચ વખત કોર્ટમાં આવેલા છે કોટ રૂમમાં થોડો સમય બેઠા પછી બહાર પણ નીકળી ગયેલા છે અને જ્યારે સ્પષ્ટ પૂછવામાં આવે છે કે સાહેદ નંબર ૧૫ રામહરી રામદિન શર્મા કે જેઓ સાહેદના નાના ભાઈ થાય છે તેમની જુબાની થઈ ત્યારે પોતે કોર્ટ રૂમમાં હાજર હતા. તો તે માટે આ સાહેદ પોતાને યાદ નહીં હોવાનું જણાવે છે. આમ આ સાહેદ દ્વારા કોર્ટ રૂમમાં જે પ્રથમવાર આરોપીઓની ઓળખાણ થયેલ છે તે પહેલા આ સાહેદ ચાર–પાંચ વખત કોર્ટમાં આવેલ છે અને અન્ય સાહેદના પુરાવા વખતે પણ કોર્ટ રૂમમાં ઉપસ્થિત છે તેવા સંજોગોમાં આ સાહેદ દ્વારા આરોપીઓની થયેલી ઓળખાણ શંકા રહિત રહેતી નથી. જેથી આ ચાન્સ વીટનેસ દ્વારા પણ આરોપીઓની સંડોવણી અંગેનો ઓળખ અંગેનો પુરાવો ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકતી નથી.

વધુમાં આ સાહેદ ઉલટતપાસમાં એમ પણ સ્વીકારે છે કે પોતે જ્યારે ચાન્સ વીટનેસ છે કે જે હોય મારનારને જોયેલા છે તેમ છતાં બનાવ જે તારીખ ૨૦/૦૭/૨૦૧૯ ના રોજ બનેલો છે તેના માટે એક અઠવાડિયા પછી એટલે કે તારીખ ૨૮/૦૭/૨૦૧૯ ના રોજ પોલીસ જવાબ નોંધાવેલ છે. જેથી પણ ચાન્સ વિટનેસ હોવાનું શંકાથી રહિત રહેતું નથી.

૩૨. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૨૧ વિપુલ જગદીશભાઈ આચાર્ય ને આંક–૨૦૫ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, આશરે પાંચેક વર્ષ પહેલા તેઓ વિવેકાનંદનગર બસ સ્ટેન્ડથી નીકળેલ ત્યારે પોલીસે તેમને બોલાવેલ અને પંચમાં રહેવા માટે સમજ કરેલી અને પોલીસ સ્ટેશન લઇ ગયેલ. તેમની હાજરીમાં પોલીસે પાંચ આરોપી પોલીસ સ્ટેશનમાં હતા તેમની સાથે સાહેબની ચેમ્બરમાં લઇ ગયેલ. તેમની હાજરીમાં પોલીસે પાંચ આરોપી જે પોલીસ સ્ટેશનમાં ઉભા હતા તેની કોઇ પૂછપરછ કરેલી નહિ. જે પાંચ આરોપીઓમાં પાર્થ ઉર્ફે ભોલો, શૈલેશ ઉર્ફે ટાઇગર, બિરજુ, અમિત અને મહેશ ઉર્ફે માંજરો હતા. પોલીસ સાથે એક વાનમાં હું, એક કોન્સ્ટેબલ, એક સાહેબ, પાંચ આરોપી પોલીસ સ્ટેશનથી બહાર નીકળતા ડાબા હાથે વિવેકાનંદનગર સ્મશાન આગળ જતા હાથીજણ ગામ આવતા રબારીવાસ છે તેની અંદર ગાડી લઇ

ગયેલ ત્યારે પાર્થે કહેલ કે અહીંયા મારુ ઘર આવેલુ છે તો સાહેબશ્રીએ ગાડી ઉભી રાખેલ અને પાર્થે તેનુ ઘર બતાવેલ. જેથી સાહેબ, હું, એક કોન્સ્ટેબલ અને પાર્થ ગાડીમાંથી નીચે ઉતરેલા અને મકાનમાં જઇ સદર મકાન પોતાનું હોવાનુ જણાવેલ અને મકાનની અંદર જઇ ભીંતકબાટમાંથી એક દૂધિયા કલરનું ટી શર્ટ અને બ્લેક કલરની નાઇટી બહાર કાઢી રજૂ કરેલ જેની પંચનામામાં નોંધ કરેલ અને પંચનામાની વિગતે કબજે કરેલ. ત્યારબાદ શૈલેશ ઉર્ફે ટાઇગરના કહેવા મુજબ તેના ઘરે ગયેલા અને તેણે તેના ઘરના ભીંતકબાટમાંથી એક સફેદ કલરનો ટૂંકા બાંયનો શર્ટ અને કાળા કલરની નાઇટી કાઢીને રજૂ કરેલી જે બંને વસ્તુ પણ પોલીસે પંચનામામાં નોંધ કરી કબજે કરેલ. ત્યારબાદ મહેશ ઉર્ફે માંજરાનાઓના બતાવ્યા મુજબ તેના ઘરે ગયેલા અને તેના ઘરેથી તેણે પણ દિવાલ કબાટમાંથી એક જીન્સનું પેન્ટ અને એક ટીશર્ટ કાઢીને રજૂ કરેલ જે પણ પોલીસે પંચનામાની વિગતે નોંધ કરી કબજે કરેલ. ત્યારબાદ બિરજુના બતાવ્યા મુજબ બિરજુના ઘરે ગયેલા અને બિરજુએ દિવાલ કબાટમાંથી એક શર્ટ અને એક પેન્ટ કાઢીને રજૂ કરતા જે પંચનામાની વિગતે નોંધ કરી પોલીસે કબજે કરેલ. ત્યારબાદ ત્યાંથી અમિતે તેના ઘરે જવા માટેનો રસ્તો બતાવેલ અને તે મુજબ અમિતના ઘરે ગયેલા અને તેના ઘરમાંથી ભીંત કબાટમાંથી કપડા કાઢી રજૂ કરેલા જે એક શર્ટ જેવુ હતુ જેમાં પીળા કલરના ડાઘા હતા અને એક પેન્ટ કાઢીને આપેલ જે પોલીસે પંચનામાની વિગતે નોંધ કરી કબજે કરેલ. ત્યારબાદ સાહેબે અમો પંચોની કાપલીમાં સહીઓ લીધેલી અને સિક્કા મારેલા. જેનું પંચનામુ કરેલુ અને તેમાં મેં સહી કરી આપેલી. મને આંક-૧૫૦ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં પ્રાથમિક પંચનામામાં તેમજ દરેક પાના પર પંચ નં. ૧ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. હું આ પાંચ આરોપીઓને જોયે ઓળખુ છુ. તે આરોપીઓ પૈકી આજરોજ ના.કોર્ટમાં પાર્થ, શૈલેશ ઉર્ફે ટાઇગર અને અમિતનાઓ હાજર છે.

આ આરોપીઓએ રજૂ કરેલ કપડા બતાવવામાં આવે તો ઓળખી શકુ. મુદ્દામાલ આર્ટિકલ નં. ૧૫ અને ૧૬ બતાવવામાં આવે છે જે પાર્થે રજૂ કરેલ તે કપડા છે. મુદ્દામાલ આર્ટિકલ નં. ૧૭ બતાવવામાં આવે છે જે લગભગ શૈલેશ ઉર્ફે ટાઇગરે રજૂ કરેલ તે કપડા છે. મુદ્દામાલ આર્ટિકલ નં. ૨૨ બતાવવામાં આવે છે જે બિરજૂએ રજૂ કરેલ તે પેન્ટ છે. મુદ્દામાલ આર્ટિકલ નં. ૧૮ બતાવવામાં આવે છે જે શૈલેશે રજૂ કરેલ તે નાઇટી પેન્ટ છે. મુદ્દામાલ આર્ટિકલ નં. ૨૧ બતાવવામાં આવે છે જે

બિરજૂએ રજૂ કરેલ તે શર્ટ છે. મુદ્દામાલ આર્ટિકલ નં. ૧૯ બતાવવામાં આવે છે જે મહેશે રજૂ કરેલ તે શર્ટ છે. મુદ્દામાલ આર્ટિકલ નં. ૨૩ બતાવવામાં આવે છે જે અમિતે રજૂ કરેલ તે ટીશર્ટ છે. મુદ્દામાલ આર્ટિકલ નં. ૨૦ બતાવવામાં આવે છે જે બિરજૂએ રજૂ કરેલ તે જીન્સનું પેન્ટ છે. હવે કહે છે કે બિરજુનુ નહિ પણ મહેશે રજૂ કરેલ તે પેન્ટ છે. મુદ્દામાલ આર્ટિકલ નં. ૨૪ બતાવવામાં આવે છે જે અમિતે રજૂ કરેલ તે નાઈટી પેન્ટ છે. આંક-૧૫૧ થી ૧૬૦ સુધીની પંચસ્લિપ બતાવવામાં આવે છે તેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે તે ઓળખી બતાવે છે.

આરોપી નં.૧ થી ૧૦ તરફે સદરહું સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં સ્વીકારેલ છે કે, હાથીજણ એરિયામાં ૨૦ વર્ષથી રહે છે. હાથીજણ વિસ્તારથી માહિતગાર છે. પ્રેમ પટેલને ઓળખતો નથી. મરણ જનારના પિતાને ઓળખે છે. સાહેદ જણાવે છે તેઓનો સ્ટુડિયો છે તેથી આવતા જતા જોયેલા છે. એ વાત ખરી છે કે ગુજરનારના માતા પિતા અને હું આજરોજ કોર્ટરૂમમાં સાથે બેઠેલા હતા. હું જે વિવેકાનંદનગર બસ સ્ટેન્ડ પાસે બેઠો હતો ત્યાં ઘણી બધી ચા ની કિટલી આવેલી છે. હું બસ સ્ટેન્ડ પાસે ચા પીવા ગયેલો. હું પ્રાઈવેટ કંપનીમાં સેટેલાઇટ ખાતે નોકરી કરુ છુ. જેમાં હું લોડિંગ રિક્ષા ચલાવુ છુ. એ વાત ખરી છે કે ગુના રજિસ્ટર નંબર અને કાયદાની કલમો વિશે હું જાણતો નથી. મારી નોકરીનો સમય સવારે ૧૦ થી સાંજે ૬ સુધીનો હોય છે. વિવેકાનંદનગરથી સેટેલાઇટ આશરે ૨૫ કિમી દૂર હશે. એ વાત ખરી છે કે વિવેકાનંદનગર પોલીસ સ્ટેશન રોડ ઉપર આવેલુ છે. મેં વિવેકાનંદનગર સ્મશાન જોયેલ છે. એ વાત ખરી છે કે સેટેલાઇટથી હાથીજણવાળો આવવાનો રસ્તો ટ્રાફિકવાળો રસ્તો છે. એ વાત ખરી છે કે એવુ બનેલ નથી કે હું લખાવતો હોઉ અને તે હકીકત પોલીસે લખેલ હોય. આંક-૧૫૦ વાળા પંચનામામાં મેં સહી પંચનામુ જયાં કર્યુ ત્યાં કરેલી. ચોક્કસ જગ્યા યાદ નથી. પંચનામામાં મેં આશરે પાંચેક જગ્યાએ સહી કરેલી. મને પ્રાથમિક પંચનામાવાળી સહી બતાવવામાં આવે છે તે ચોક્કસ કઇ જગ્યાએ કરી તે યાદ નથી. મેં પ્રાથમિક પંચનામા અને આખરી પંચનામામાં મેં કરેલી સહીઓ પોલીસ સ્ટેશનમાં કરેલી કે હાથીજણમાં કરેલી તે યાદ નથી. પોલીસ સ્ટેશને હું બસ સ્ટેન્ડ હતો ત્યારે બોલાવવામાં આવેલો. હું પોલીસ સાથે જે વાહનમાં ગયેલો તે બોલેરો ગાડી હતી તેનો નંબર ૧૨૯૮ હતો. અમે પંચમા ગયા ત્યારે મારી સાથે ગાડીમાં પોલીસના ત્રણ વ્યક્તિ હતા તે પૈકી બે કોન્સ્ટેબલ અને એક સાહેબ હતા. હું ગાડીમાં વચ્ચેની સીટમાં બેઠેલો અને આરોપીઓ પાછળ

બેઠેલા હતા. ગાડીમાં આગળ પોલીસના સાહેબ બેઠેલા હતા. વચ્ચેની સીટમાં મારી સાથે એક કોન્સ્ટેબલ હતા અને એક કોન્સ્ટેબલ પાછળની સીટમાં આરોપીઓ સાથે હતા. એ વાત ખરી છે કે આગળ જે સાહેબ બેઠેલા હતા તે કોઇ લખવાની કામગીરી કરતા ન હતા. આગળ જે સાહેબ બેઠા હતા તેનુ નામ આર.બી.રાણા હતુ. મારી આજુબાજુમાં બેઠેલા પોલીસકર્મીનું નામ હું કહિ શકુ નહિ. એ વાત ખરી છે કે હાથીજણ વડ વિસ્તારથી હું જાણકાર છુ. હું રબારીવાસ વિસ્તારથી જાણકાર નથી. એ વાત ખરી છે કે હાથીજણ વડની સામેના ભાગે રબારીવાસ આવે છે. એ વાત ખરી છે કે રબારીવાસની આજુબાજુમાં બીજા ઘણા વાસ આવેલા છે. એ વાત ખરી છે કે હાથીજણ વડથી રબારીવાસ જવાનો રસ્તો ટૂંકો અને સાંકડો છે.

**૩ર.૧** સાહેદ નંબર–ર૧ વિપુલ જગદીશભાઈ આચાર્ય આંક–૧૫૦ના પંચનામા માટે તપાસાયેલા છે અને તે પંચનામુ આરોપી નંબર –૦૧ શૈલેષ, નંબર–૦ર પાર્થ, નંબર–૦૩ મહેશ, નંબર–૦૪ અમિત, નંબર–૦૬ બીજુ નાઓના કપડા આરોપીઓ એ બતાવેલી જગ્યાએથી મળી આવવા બદલનું પંચનામું છે. જે સદરહું પંચ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરે છે. જેમ કે આરોપી નંબર ૦૧ શૈલેષ ના કપડા માર્ક–ડી/ર અને ડી/૩ તેવી જ રીતે નંબર–૦ર પાર્થ ના કપડા માર્ક ડી અને માર્ક ડી/૧ તેવી જ રીતે આરોપી નંબર–૦૩ મહેશના કપડા માર્ક ડી/૪ અને ડી/૫ તેવી જ રીતે આરોપી નંબર–૦૪ અમિતના કપડા માર્ક ડી/૮ અને માર્ક ડી/૯ અને તેવી જ રીતે આરોપી નંબર–૦૬ બિરજુ ના કપડા માર્ક ડી/૬ અને ડી/૭ થી તપાસ કરનાર અધિકારી દ્વારા આંક–ર૬૩ ના મુદ્દામાલ રવાનગીથી અર્થે મોકલી અપાયેલ છે, જે અંગે એફ.એસ.એલ. નો રિપોર્ટ આંક–ર૭ર થી રજૂ રખાયેલ છે તે ચકાસતા આ કબજે લેવાયેલા કપડાં પૈકી આરોપી નંબર–૦ર પાર્થ ના કપડા માર્ક ડી અને ડી/૧ ઉપર રુધિરની હાજરી મળી આવેલ અને તેવી જ રીતે આરોપી નંબર ૦૧ શૈલેષ ના કપડા માર્ક ડી/ર અને માર્ક ડી/૩ ઉપર રુધિરની હાજરી મળી આવેલ, પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે આ જ મુદ્દામાલ રવાનગીની સાથે જે આંક–ર૭૩ થી સિરોલોજીકલ રિપોર્ટ રજૂ રાખેલ છે તેમાં મરણજનારનું બ્લડ ડીશ ઇન્ટીગ્રેટેડ આવેલ છે. અત્રે પણ ઉલ્લેખનીય છે કે તપાસ દરમિયાન આરોપીઓના લોહીના કોઈ નમૂના લેવામાં આવેલ નથી અને તેથી આ બે આરોપીઓના કપડા ઉપર મળી આવેલ રુધિર કોનું છે? તે પણ શંકાસ્પદ રહે છે. આમ આ પણ સાહેદ મારફતે કપડા કબજે

થયેલાનું પુરવાર થાય છે પરંતુ તે દ્વારા આરોપીઓની સંડોવણી હોય તેવું નિઃશંકપણે પુરવાર થતું નથી. વળી આ જ સાહેદનો પુરાવો આંક–૧૫૦ના પંચનામાના બીજા પંચ સાહેબ નંબર–૧૧ કેતનભાઇ ભીખાભાઈ ઠાકોર કે જેઓ પંચનામાને સમર્થન કરતા નથી તેના પરિપ્રેક્ષ્યમાં જોવામાં આવે તો, હાલના જે પંચ સાહેદ વિપુલ જગદીશભાઈ આચાર્ય છે તે સ્વતંત્ર પંચ સાહેદ છે કે કેમ? તે પણ ચકાસવાનું રહે છે. જે માટે તેઓની ઉલટતપાસ જોતા આ પંચ સાહેદ મરણજનાર જયદીપના પિતા સાહેદ નંબર–૧૫ રામ હરી રામદેવ શર્માને ઓળખતા હોવાનું સ્વીકારે છે. એ પણ સ્વીકારે છે કે જુબાનીના દિવસે કોડ રૂમમાં તેઓની સાથે જ પોતે બેઠેલા પણ હતા. ઉલટમાં એ પણ સ્વીકારે છે કે પંચનામાના દિવસે એટલે કે આંક–૧૫૦ નું આ પંચનામુ જોઈએ તો તારીખ ૨૩/૦૭/૨૦૧૯ ના કલાક ૧૯.૫૫ વાગ્યે પોતે વિવેકાનંદનગર બસ સ્ટેન્ડ પાસે બેઠા હતા ત્યાં ઘણી બધી ચા ની કીટલીઓ આવેલી હોય ત્યાં બસ સ્ટેન્ડ પાસે ચા પીવા ગયેલ અને તે રીતે તેમને પંચમાં પોલીસે બોલાવ્યા હોય તેવું જણાવવું છે. સાથો સાથ આ પંચ સાહેદ ઉલટતપાસમાં એ પણ સ્વીકારે છે કે પોતે સેટેલાઈટ ખાતે પ્રાઈવેટ કંપનીમાં લોડિંગ રિક્ષા ચલાવવાનું કામ કરે છે અને તેઓનો નોકરીનો સમય સવારના ૧૦ થી સાંજના ૬ સુધીનું હોય છે. સાથે સાથે એ પણ સ્વીકારે છે કે વિવેકાનંદનગર થી સેટેલાઈટ આશરે ૨૫ કિલોમીટર દૂર હશે આમ સદરહુ સાહેદ સ્વતંત્ર સાહેદ હોવાનો તેમજ પંચનામા વખતે તેમના કહ્યા મુજબ ઉપલબ્ધ હોય તે માટે નિઃશંકપણે પુરાવા આપતા હોવાનું ફલિત થઈ આવતું નથી.

૩૩. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૨૨ મમતાબેન રામહરિ શર્માને આંક–૨૦૬ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, વિવેકાનંદનગર ખાતે પોતાના પરિવાર સાથે રહે છે. તેના પતિ સાગર ફોટો સ્ટુડિયો ચલાવે છે. સંતાનમાં બે દિકરા ધનંજય ઉર્ફે શિવમ તથા જયદિપનો હતો. બનાવ તારીખ ૨૦ જુલાઇના રોજ બનેલો તેનુ વર્ષ ખબર નથી પરંતુ ૪ વર્ષ પહેલા બનેલો. તે વખતે હું મારા ઘરે હતી અને મારી સાથે મારો ભત્રીજો મોહિતનો હતો. ત્યારે પ્રેમ પટેલનો ફોન મોહિતના ફોન પર આવેલો અને તેણે એવુ જણાવેલ કે હાથીજણના રબારીઓએ જયદિપને ઘેરી લીધેલ છે. જેથી હું તથા મારો ભત્રીજો ત્યાં ગયેલ હતા. ત્યારે ત્યાં દુકાન પર ઘણી ભીડ હતી અને લોકો કહેતા હતા કે જયદિપને

મારે છે. મેં તથા મારા ભત્રીજાએ ત્યાં જઇ જોયેલ તો મારો દિકરો જયદિપ ત્યાં વડ પાસે રસ્તા પર પડેલ હતો જેને બહુ જ માર મારેલ હતો અને તેને દવાખાને લઇ જવા માટે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલ પરંતુ તેને વાર થતા જયદિપને રિક્ષામાં લઇને નીકળેલા. ત્યારે મારો દિકરો જયદિપ એવુ કહેતો હતો કે મને સફલમાં લઇ જાઓ પરંતુ તેને ઘણી ઈજાઓ થયેલ હોય અમે વિચારેલ કે સફલમાં સારવાર નહિ મળે માટે એલ.જી.હોસ્પિટલ ખાતે લઇ ગયેલા અને ત્યાં તેને દાખલ કરેલ. ત્યારબાદ મારા પતિ તથા બીજા લોકો ત્યાં હોસ્પિટલ આવી ગયેલા અને મારા દિકરાની સારવાર ચાલુ કરેલી અને મને ઘરે મોકલી દીધેલી. જેથી હું ઘરે આવેલ. ત્યારબાદ સવારે મારા પતિએ મને જણાવેલ કે અમે જયદિપને સીમ્સ હોસ્પિટલમાં લઇને આવેલા છીએ. એલ.જી.હોસ્પિટલમાં સારવાર બરાબર થતી ન હતી. જેથી હું સીમ્સ હોસ્પિટલ ખાતે ગયેલી અને જયદિપને આઇ.સી.યુમાં દાખલ કરેલ હતો અને મેં મારા ભત્રીજા મોહિતને પૂછેલુ કે જયદિપે શું કીધુ કોણે શું મારેલુ તેવુ પૂછેલુ તેથી મોહિતે મને કહેલુ કે એક્ષ–રે માટે તેને લઇ જતા હતા ત્યારે મેં જયદિપને પૂછેલુ ત્યારે જયદિપે મોહિતને જણાવેલુ કે મને મારવાવાળાના નામ મેં ચિઠ્ઠીમાં લખેલ છે જેમાં શૈલેશ રબારી, ભોલિયો, મહેશ, અમિત અને તેનો નાનો ભાઇ, જીગર, મનુ, રવિ, અનિકેત, પ્રજ્ઞેશ તથા રામજીના પિતા અને બિરજુના નામ જણાવેલા. આ લોકોએ લાકડીઓથી જયદિપને માર મારેલાનુ જણાવેલુ. સારવાર દરમિયાન મારો દિકરો જયદિપ સીમ્સ હોસ્પિટલમાં મરણ ગયેલ. પોલીસે પૂછપરછ કરી મારુ નિવેદન નોંધેલુ.

સદરહુ સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસ રૂબરૂના નિવેદનમાં એલ.જી. હોસ્પિટલમાં પોતાના પતિ તથા બીજા લોકો પણ હોસ્પિટલમાં આવી ગયેલા તેવુ લખાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે નિવેદનમાં મારા પતિ તથા મારો મોટો દિકરો ધનંજય પણ આવી ગયેલ તેવુ લખાવેલ છે. એ વાત ખરી નથી કે મેં મારી સરતપાસમાં "પ્રેમ પટેલનો ફોન મોહિતના ફોન પર આવેલો અને તેણે એવુ જણાવેલ કે હાથીજણના રબારીઓએ જયદિપને ઘેરી લીધેલ છે. જેથી હું તથા મારો ભત્રીજો ત્યાં ગયેલ હતા. ત્યારે ત્યાં દુકાન પર ઘણી ભીડ હતી અને લોકો કહેતા હતા કે જયદિપને મારે છે. મેં તથા મારા ભત્રીજાએ ત્યાં જઇ જોયેલ તો મારો દિકરો જયદિપ ત્યાં વડ પાસે રસ્તા પર પડેલ હતો જેને બહુ જ માર મારેલ હતો અને તેને દવાખાને લઇ જવા માટે ૧૦૮

એમ્બ્યુલન્સને ફોન કરેલ પરંતુ તેને વાર થતા જયદિપને રિક્ષામાં લઈને નીકળેલા. ત્યારે મારો દિકરો જયદિપ એવુ કહેતો હતો કે મને સફલમાં લઈ જાઓ પરંતુ તેને ઘણી ઈજાઓ થયેલ હોય અમે વિચારેલ કે સફલમાં સારવાર નહિ મળે માટે એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ ગયેલા અને ત્યાં તેને દાખલ કરેલ. ત્યારબાદ મારા પતિ તથા બીજા લોકો ત્યાં હોસ્પિટલ આવી ગયેલા અને મારા દિકરાની સારવાર ચાલુ કરેલી અને મને ઘરે મોકલી દીધેલી. જેથી હું ઘરે આવેલ. ત્યારબાદ સવારે મારા પતિએ મને જણાવેલ કે અમે જયદિપને સીમ્સ હોસ્પિટલમાં લઈને આવેલા છીએ. એલ.જી.હોસ્પિટલમાં સારવાર બરાબર થતી ન હતી. જેથી હું સીમ્સ હોસ્પિટલ ખાતે ગયેલી અને જયદિપને આઈ.સી.યુમાં દાખલ કરેલ હતો અને મેં મારા ભત્રીજા મોહિતને પૂછેલુ કે જયદિપે શું કીધુ કોણે શું મારેલુ તેવુ પૂછેલુ તેથી મોહિતે મને કહેલુ કે એક્ષ–રે માટે તેને લઈ જતા હતા ત્યારે મેં જયદિપને પૂછેલુ ત્યારે જયદિપે મોહિતને જણાવેલુ કે મને મારવાવાળાના નામ મેં ચિઠ્ઠીમાં લખેલ છે જેમાં શૈલેશ રબારી, ભોલિયો, મહેશ, અમિત અને તેનો નાનો ભાઈ, જીગર, મનુ, રવિ, અનિકેત, પ્રજ્ઞેશ તથા રામજીના પિતા અને બિરજુના નામ જણાવેલા. આ લોકોએ લાકડીઓથી જયદિપને માર મારેલાનુ જણાવેલુ" એવી હકીકત ખોટી જણાવેલ છે.

**૩૩.૧** આમ, સદરહુ સાહેદનો પુરાવો ચકાસતા, આરોપીઓની સંડોવણી અંગે ચકાસતા પુનરાવર્તનના જોડે જોડે ટાંકવું જરૂરી થઈ પડે છે કે, બે રીતે સંડોવણી અંગે સાહેદને માહિતી મળે છે. જેમ કે બનાવના દિવસે પોતે અને પોતાના ભત્રીજા સાહેદ નંબર ૨૫ ફરિયાદી મોહિત ઘરે હતા, ત્યારે મોહિતના ફોન ઉપર પ્રેમ પટેલ નો ફોન આવેલો અને ફોનમાં એવું જણાવેલ કે, હાથીજણના રબારીઓએ જયદીપને ઘેરી લીધેલ છે. આમ અહીં હાથીજણના રબારીઓ એવી સંડોવણી ખુલે છે, પરંતુ સાહેદ નંબર ૧૬ પ્રેમ નો પુરાવો અગાઉ વિસ્તૃતપણે ચર્ચ્યો તેમ જ્યારે તે સાહેદ પ્રેમ જ હિયરસે જેમ કે તેઓ પોતે જ જણાવે છે કે પબ્લિકના માણસો દ્વારા વાત જાણેલી કે હાથીજણ ખાતે જયદીપને રબારીઓએ મારેલ છે. આમ આ સાહેદ પ્રેમ પબ્લિક પાસેથી જાણે છે તે જેવા કોઈ પબ્લિકના સ્વતંત્ર માણસ તપાસાયેલ નથી. તે પ્રેમ ફોન ઉપર સાહેદ નંબર ૨૫ મોહિતને જાણ કરે છે અને આ સાહેદ નંબર ૨૫ મોહિત હાલના સાહેદ મમતાબેનને જાણ કરે છે આમ આ માહિતીહિયર સે માહિતી છે.

આરોપીઓની સંડોવણી માટે આ સાહેદને જે બીજી રીતે માહિતી મળે છે તે

સાહેદ નંબર ૨૫ મોહિત મરણજનાર જયદીપની સારવાર દરમિયાન હાજર હોય એક્સ–રે રૂમમાં સાથે લઈ ગયેલ તે વખતે જયદીપના જણાવવાથી મોહિતે ચિઠ્ઠીમાં આરોપીઓના નામ લખી લીધેલ. અહીં પુનરાવર્તનના જોડે અગાઉ જેમ વિસ્તૃતપણે ચર્ચા કરી તે મુજબ, મરણજનાર જયદીપના હોશ હવાસ માટે સાહેદ નંબર ૨૯ તપાસ કરનાર અધિકારી દ્વારા ઉલટ તપાસમાં આરોપી પક્ષ એલ.જી. હોસ્પિટલની ટેલીફોન વર્ધી આંક–૨૮૫ રજૂ કરાવેલ છે અને તેમાં થયેલી નોંધ મુજબ દર્દી ભાનમાં નથી તેઓ સ્પષ્ટ ઉલ્લેખ કરાયેલ છે. આમ આ માહિતી દ્વારા સંડોવણી શંકાસ્પદ રહે છે. આ માહિતી માટે બીજી રીતે આ સાહેદ મમતાબેનનો પુરાવો મૂલવીએ તો આ સાહેદ બનાવવાળી જગ્યાએથી સાહેદ નંબર ૨૫ મોહિતની સાથે મરણજનાર જયદીપને રિક્ષામાં સાથે લઈ આવનાર સાહેદ છે કે જેઓ એલ.જી. હોસ્પિટલે પહોંચ્યા છે તે દરમિયાન મરણજનાર જયદીપે આ સાહેદને મારનારના નામો જણાવ્યા હોય તેવું જણાવતા નથી. આ સાહેદ મમતાબેન એલ.જી. હોસ્પિટલ ખાતે પહોંચ્યા બાદ મરણજનાર જયદીપની સારવાર ચાલુ થઈ ગયેલ હોય રાત્રે પોતાના ઘરે પરત પણ કરેલ છે અને બીજે દિવસે સવારના સિમ્સ હોસ્પિટલ અમદાવાદ ખાતે જયદીપને ટ્રાન્સફર કર્યા બાદ તે બીજા દિવસના સાંજે સાહેદ નંબર ૨૫ મોહિત દ્વારા આ મારનારના નામો ચિઠ્ઠીમાં લખી લીધેલાની માહિતી મેળવનાર છે હિયર સે છે. આમ સદરહુ સાહેદના પુરાવા ઉપરથી પણ આરોપીઓની સંડોવણી ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

૩૪. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૨૩ અર્જુનસિંહ રણજીતસિંહ ઝાલાને આંક–૨૦૯ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેઓ હાથિજણ વિવેકાનંદનગર ખાતે રહે છે અને રીક્ષા ચલાવે છે. પોતાની રીક્ષાનો નંબર જી.જે.૨૭.વાય.૩૩૪૧ છે. તારીખ ૨૦.૦૭.૨૦૧૯ ના રોજ વિવેકાનંદનગર થી જશોદા ચોકડી તરફ જવા માટે આશરે સાડા છ વાગે સાંજના નિકળેલ હતો. તે વખતે હાથિજણ વડની પાસે પહોચેલ તો ત્યાં પબ્લિકનુ ટોળુ જોયેલુ અને રીક્ષા સાઈડમાં ઉભી રાખેલ અને ત્યાં નજીક જઈ જોયેલુ તો ત્યાં તેમના ત્યાંનો એક છોકરો જયદિપ ને ટોળામાંથી લોકો મારઝુડ કરતા હતા અને તેમની પાસે લાકડી અને પાઈપ હતી તેનાથી માર મારતા હતા. ત્યારબાદ મેં તરત પોલીસને ફોન કરેલો અને ત્યાંથી જે છોકરાઓ પસાર થયેલ તેમાં શૈલેષ

રબારી, મહેશ રબારી, પાર્થ ઉર્ફે ભોલિયો, અમિત રબારી, બીર્જુ રબારી, તે સિવાય બીજા સાતથી આઠ જણા રબારી કોમના હતા તેમના નામ મને ખબર નથી તેઓ હતા. ત્યારબાદ ત્યાં પોલીસ આવી ગયેલી હતી. અને ૧૦૮ ને પબ્લીકના માણસે ફોન કરેલો. તે દરમિયાન જયદીપની માતા અને તેની ફઈનો છોકરો મોહીત પણ ત્યાં આવી ગયેલા. ત્યાં એમ્બુલન્સ ન આવતા પોલીસે રીક્ષા ઉભી રખાવી, તેમાં જયદીપને તેની માતા તથા મોહીત એલ.જી. હોસ્પીટલમાં લઈ ગયેલા અને હું પણ તેમની પાછળ પાછળ હોસ્પીટલે ગયેલો. ત્યાં એલ.જી. હોસ્પીટલ ખાતે પહોચ્યા બાદ ઘણા બધા લોકો આવી ગયા હતા અને ત્યાં અનીરૂધસિંહ ઝાલા પણ આવી ગયો હતો. ત્યાં જયદીપના કપડા કાઢેલા અને તેના શરીર પર જોતા તેને ખુબ જ ઈજાઓ થયેલી હતી. ત્યારબાદ હું ત્યાંથી મારા ઘરે જવા નીકળી ગયેલા. ત્યારબાદ જયદીપને સીમ્પ હોસ્પીટલે લઈ ગયેલાનુ મેં બીજા દિવસે જાણેલુ. ત્યારબાદ તેના ચાર દિવસ પછી આ જયદિપનુ મૃત્યુ થયેલાનુ જાણેલુ. આ બાબતે મને પોલીસે પૂછપરછ કરેલી અને આ સિવાય કોર્ટ નં. ૧૦ ઘીંકાટા ખાતે નિવેદન નોંધવા માટે લઈ ગયેલા અને ત્યાં મારુ નિવેદન મેજીસ્ટ્રેટ સાહેબને આપેલુ. મેં નિવેદન આપ્યા બાદ તેમાં મારી સહી કરેલી હતી. જેને રજુ દાખલ **આંક–૨૧૦** આપવામાં આવે છે.

સદરહું સાહેદની આરોપી નં. ૧,૩ થી ૬, ૮ થી ૧૦ તરફે ઉલટતપાસ હાથ ધરાયેલ છે. જેમાં સ્વીકારેલ છે કે, તે વાત ખરી છે કે મેં પોલીસને આરોપીઓના આખા નામ સરનામા લખાવેલા નહી. તે વાત ખરી છે કે બનાવ પહેલા આરોપીઓને મારે મળવાનો પ્રસંગ બનેલો નહી. તે વાત ખરી છે કે બનાવ પહેલા હું આરોપીના નામ કે સરનામા જાણતો ન હતો. તે વાત ખરી છે કે આરોપીઓની ઓળખપરેડ એકજી.મેજી. રૂબરૂ કરાવેલ નથી. તે વાત ખરી નથી કે હું બનાવ સમયે હાજર ન હોવા છતા ખોટી જુબાની આપુ છું.

આરોપી નં. ૧૧ તરફે ઉલટતપાસ હાથ ધરાયેલ છે, જેમાં સ્વીકારેલ છે કે, હું ૭ ધોરણ સુધી ભણેલો છું. મને અંગ્રેજી લખતા વાંચતા આવડતુ નથી. મને ગુજરાતી લખતા વાંચતા ઓછુ ફાવે છે. આજ રોજ નામ.કોર્ટમાં જે લખાય છે તે હું થોડુ ઘણુ વાંચી શકુ છું. તે વાત ખરી છે કે મને અંગ્રેજીની એબીસીડી પણ આવડતી નથી. મરનાર જયદીપને હું સારી રીતે ઓળખતો હતો. તે વાત ખરી છે કે હું ફરીયાદી મોહીતને ઓળખુ છું. હું અનિરૂદ્ધસિંહ ગજેન્દ્રસિંહ ઝાલાને તથા પ્રેમ મુકેશ પટેલને ઓળખુ છું. તે વાત ખરી છે કે હું, અનિરૂદ્ધસિંહ, પ્રેમ, જયદિપ સારા મિત્રો હતા. તે

વાત ખરી છે કે અમે બધા મોટે ભાગે ચાની કીટલી પર બેસતા હતા. તે વાત ખરી છે કે બનાવ તા.૨૦.૦૭.૨૦૧૯ ના રોજ સાંજના સમય સાડા છ વાગે થોડુઘણુ અંધારુ થઈ ગયુ હતુ. તે વાત ખરી નથી કે આવા સમયે ત્રીસ ચાલિસ ફુટ દુરથી કઈ દેખાઈ શકે નહી. સાહેદ જણાવે છે કે આછુપાતળુ દેખાય. તે વાત ખરી છે કે બનાવના દિવસે સાંજે સાડા છ વાગ્યાના અરસામાં હું વિવેકાનંદનગર બસ સ્ટેન્ડ પાસે આવેલી ચાની કીટલી પાસે પ્રેમ મુકેશ પટેલ સાથે હાજર હતો. તે વાત ખરી છે કે વિવેકાનંદનગર બસ સ્ટેન્ડવાળી ચાની કીટલીથી બનાવવાળુ સ્થળ દોઢથી બે કી.મી. દુર છે. તે વાત ખરી છે કે પ્રેમ પટેલે મોહીતને ફોન કરેલો નહી, તે પણ હું જાણતો નથી. તે વાત ખરી નથી કે મેજી. સાહેબ રૂબરૂ નિવેદન આપવા માટે મોહીત તથા તેના પરિવારજનોએ જણાવેલુ. મને પોલીસે મેજી.સાહેબ રૂબરૂ નિવેદન આપવા જવા માટે જણાવેલુ. પોલીસે મને બનાવના સ્થળે કોણ હાજર હતુ તેના નામ જણાવેલા અને તેવુ જણાવવા કહેલુ. તે વાત ખરી છે કે હું સ્વેચ્છાએ મેજી. રૂબરૂ નિવેદન લખાવવા ગયેલો નહી. આંક-૨૧૦ વાળુ નિવેદન બતાવવામાં આવે છે તેમાં એ.આર.ઝેડ લખેલુ છે તે જોઈને કહુ છું કે તે સિવાય મને અંગ્રેજીનો અક્ષર લખતા આવડતો નથી. તે વાત ખરી છે કે મેં આંક-૨૧૦ વાળુ નિવેદન વાંચેલુ નથી. તે વાત ખરી છે કે આ નિવેદન મને વાંચીને સમજાવેલુ નથી. તે વાત ખરી છે કે આ નિવેદન કેટલા શરૂ થયુ અને કેટલા વાગે પુરુ થયુ તે મને ખ્યાલ નથી. તે વાત ખરી છે કે હું આ કેસ સિવાય અન્ય ત્રણથી ચાર પોલીસ કેસમાં સાક્ષી તરીકે રહેલો છું. હું જાણુ છું કે જયદિપની વિરૂદ્ધ પોલીસ કેસ થયેલા.

**૩૪.૧** સદરહું સાહેદનો પુરાવો ચકાસતા, આરોપીઓની સંડોવણી સંદર્ભે આ સાહેદ અર્જુનસિંહ ઝાલા નજરે જોનાર સાહેદ હોય તેઓના પુરાવાનું મૂલ્યાંકન અગત્યનું થઈ પડે છે કે, તેઓ જણાવે છે કે બનાવવાળી જગ્યાએ બનાવના દિવસે આશરે ૬.૩૦ વાગ્યાના આસપાસ ત્યાંથી નીકળેલ હતા, પબ્લિકનું ટોળું જોયું ત્યાં અમારા ત્યાંનો એટલે કે વિવેકાનંદનગર નો છોકરો જયદીપ હતો અને તેને ટોળામાંથી લોકો મારઝૂડ કરતા હતા તેમ સરતપાસમાં જણાવે છે, ત્યારબાદ સરતપાસમાં જે છોકરાઓ ત્યાંથી પસાર થયેલા તેમાં આરોપી નંબર ૦૧ શૈલેષ, આરોપી નંબર ૦૨ પાર્થ, આરોપી નંબર ૦૩ મહેશ, આરોપી નંબર ૦૪ અમિત, આરોપી નંબર ૦૬ બિરજુ અને બીજા ૭-૮ જણા હતા તેવું જણાવે છે. હવે આ સાહેદ માટે બનાવવાળી જગ્યાએથી

પોતાને પસાર થવાનું પુરાવો જે જણાવે છે તે ચકાસીએ તો આ સાહેદ ઉલટ તપાસમાં સ્વીકારે છે કે જયદીપને સારી રીતે ઓળખે છે તેના પિતરાઈ ભાઈ સાહેદ નંબર ૨૫ ફરિયાદી મોહિતને સારી રીતે ઓળખે છે. સાહેબ નંબર ૧૮ અનિરુદ્ધસિંહને, સાહેબ નંબર ૧૬ પ્રેમને પણ પોતે ઓળખે છે. એટલું જ નહીં પરંતુ એ પણ સ્વીકારે છે કે પોતે સાહેદ નંબર ૧૮ અનિરુદ્ધસિંહ, સાહેદ નંબર ૧૬ પ્રેમ અને મરણજનાર જયદીપ સારા મિત્ર હતા અને મોટેભાગે ચા ની કીટલી ઉપર બધા બેસતા હતા. જ્યારે સાહેદ નંબર ૧૬ પ્રેમ અગાઉ તેમના પુરાવામાં ચર્ચા કરી તે મુજબ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે ચાની લારી પર હતો ત્યારે અર્જુનસિંહ એટલે કે હાલના સાહેદ અને સાહેદ નંબર ૧૮ અનિરુદ્ધસિંહ પણ ત્યાં હતા અને આ ચા ની કીટલી બનાવવાળી જગ્યાએથી એક–દોઢ કિલોમીટર દૂર હશે. આમ હાલના સાહેદ અર્જુનસિંહ બનાવ વખતે દોઢેક કિલોમીટર દૂર ચાની કીટલી એ ત્રણેય મિત્રો સાહેદ નંબર ૧૬ પ્રેમ, સાહેદ નંબર ૧૮ અનિરુદ્ધસિંહ અને હાલના સાહેદ પોતે ત્યાં હતા તેવું પુરવાર થાય છે. આ સાહેદ પણ ઉલટતપાસમાં ચાની કીટલી પાસે મિત્ર સાથે હાજર હતા હોવાના જવાબમાં જણાવે છે કે ૬.૩૦ વાગે ત્યાંથી નીકળી ગયેલા અને બનાવનું સ્થળ પણ દોઢથી બે કિલોમીટર દૂર હોવાનું આ સાહેદ જણાવે છે. હવે જ્યારે ચા ની કીટલી ઉપર હતા ત્યારે સાહેદ નંબર ૧૬ પ્રેમને પબ્લિકના માણસો દ્વારા જાણ થયેલી અને તે સાહેદ નંબર ૧૬ પ્રેમે આગળ સાહેદ નંબર ૨૫ મોહિત ને જાણ કરેલી અને હાલના સાહેદ અર્જુનસિંહ એ સાહેદ નંબર ૧૬ પ્રેમ સાથે ચા ની કીટલી એ જ હોય તેઓએ જાણેલાનું પણ માની શકાય અને ત્યાંથી એ બનાવવાળી જગ્યાએ આવવા માટે નીકળ્યા હોય તેમ માની શકાય તેમ છે, પરંતુ આ હકીકત માટે આ સાહેદ અર્જુનસિંહ પોતાની ઉલટતપાસમાં સવાલ પૂછતા એ જણાવે છે કે પોતે ચોક્કસ એ કહી શકે નહીં કે બનાવના દિવસે પ્રેમ સાહેદ નંબર ૧૬ ના એ ૬.૩૦ વાગ્યાના અરસામાં સાહેદ નંબર ૨૫ મોહિત ને ફોન કરીને જાણ કરેલી. અત્રે ફરિયાદ મુજબ બનાવનો જે સમયગાળો છે તે પણ અત્રે આ સાહેદ ક્યારે પહોંચ્યા તે માટે અગત્યનો થઈ પડે છે . બે ઘડી માની પણ લઈએ કે આ સાહેદ અર્જુનસિંહ બનાવવાળી જગ્યાએ પહોંચ્યા ત્યારે મરણજનાર જયદીપને ટોળામાંથી લોકોમાં કરતા હતા અને એ મારઝૂડ કરનારને આ સાહેદે નજરે જોયા હોય પરંતુ સાથોસાથ ઉલટ તપાસમાં એ પણ સ્વીકારેલ છે કે પોલીસને પોતે આરોપીઓના આખા નામ સરનામા લખાવેલા. તેમજ એ પણ સ્વીકારે છે કે બનાવ પહેલા આરોપીઓને પોતાને

મળવાનો પ્રસંગ બનેલો નહીં. આમ આરોપીઓને અગાઉથી તેઓ ઓળખતા ન હતા નામ સરનામાં જાણતા ન હતા તેમ છતાં કોર્ટ રૂબરૂની સરતપાસમાં બનાવ વાળી જગ્યાએથી પસાર થયેલા છોકરાઓમાં આરોપી નંબર ૦૧ શૈલેષ, આરોપી નંબર ૦૨ પાર્થ, આરોપી નંબર ૦૩ અને આરોપી નંબર ૦૪ અમિત, આરોપી નંબર ૦૬ બિરજુ નાઓને નામજોગ હોવાનું જણાવે છે. અત્રે એ પણ નોંધનીય છે કે સાથોસાથ સાત-આઠ જણા રબારી કોમના હોવાનું જણાવેલ છે, પરંતુ તે માટે ઉલટતપાસમાં એ સ્વીકારેલ છે કે એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ શ્રી રૂબરૂ આવી કોઈ ઓળખ પરેડ થયેલ નથી અને તેથી અત્રે ઉલ્લેખનીય છે કે કોર્ટ રૂબરૂ જે કોઈ આરોપીઓના નામ જણાવેલા છે તે પ્રથમવાર જણાવેલા છે. સાથોસાથ આ જ સાહેદ અર્જુનસિંહ પોતાની સર તપાસમાં જણાવે છે કે જેના નામ આપ્યા તે પૈકીના નામવાળા આરોપીઓના ચહેરા હાલ પોતે ઓળખી શકે નહીં અને તે રીતે બનાવ વખતે ટોળા પૈકીના બે વ્યક્તિઓને ઓળખી બતાવે છે, જેમાં એક જીગર રબારી અને એક પ્રજ્ઞેશ રબારી. હવે આ જે બે વ્યક્તિઓને જોયેથી ઓળખી બતાવે છે તો તેઓના નામ પોતાની સરતપાસમાં પસાર થયેલા છોકરાઓના જે નામ લખાવ્યા છે તેમાં આ સાહેદ આ બે વ્યક્તિઓના નામ જણાવતા નથી. એટલું જ નહીં પરંતુ આ સાહેદ અર્જુનસિંહ પોતાની સરતપાસ પોતાની ઉલટ તપાસમાં જણાવે છે કે આંક-૨૧૦ વાળા નિવેદનમાં કે જે મેજિસ્ટ્રેટ શ્રી રૂબરૂ લેવાયેલ છે તેમાં પોલીસે પોતાને બનાવના સ્થળે કોણ હાજર હતા તેના નામ જણાવેલા અને તેવું જણાવવા પોતાને કહ્યું સાથો સાથ એ પણ જણાવે છે કે પોતે સ્વેચ્છાએ મેજિસ્ટ્રેટ શ્રી રૂબરૂ નિવેદન લખાવવા ગયેલા નહીં. આમ આ સાહેદ અર્જુનસિંહનો સરતપાસનો અને ઉલટ તપાસનો સમગ્ર રીતે પુરાવો ચકાસતા આરોપીઓની સંડોવણી શંકાસ્પદ રહે છે. તદુપરાંત તેઓના મૌખિક પુરાવાને સમર્થનકારી પુરાવો જે આંક-૨૧૦ વાળું મેજિસ્ટ્રેટ રૂબરૂનું નિવેદન છે તે નિવેદનમાં પણ હાજર હોય તેવા ઈસમોના નામ જણાવવા પોલીસે જણાવેલાનું પુરાવા આપે છે. આમ આ સમર્થનકારી નિવેદનનો પુરાવો પણ આરોપીઓની સંડોવણી અંગે ઓળખનો પુરાવો નિઃશંકપણે પુરવાર કરતી નથી.

૩૫. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર-૨૪ ડૉ.શૈલેષભાઈ કનુભાઈ પ્રજાપતિને આંક-૨૧૪ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની

જુબાનીમાં પુરાવો આપેલ છે કે, ગઈ તા.૨૦.૦૭.૨૦૧૯ ના રોજ સાંજના ૭.૩૦ કલાકે દર્દી નામે જયદીપ રામહરી શર્માને એલ.જી. હોસ્પીટલ સારવાર માટે લાવતા એમ.એલ.સી. નંબર ૩૮૨૪ તથા ઈન્ડોર રજી. નં.૨૫૪૪૭ થી દાખલ કરી ઈન્ડોર સારવાર આપવામાં આવેલ. દર્દીની તપાસ ડો. મોનીલ પટેલ દ્વારા કરવામાં આવેલ. દર્દીની હીસ્ટ્રી દર્દીના મિત્ર અનિરૂદ્ધ ઝાલા દ્વારા લખાવવામાં આવેલી . તેમણે લખાવેલ હીસ્ટ્રી મુજબ હાથીજણ પાસે સામેવાળી પાર્ટી દ્વારા આશરે સાંજના ૬.૪૫ કલાકે બોથડ પ્રદાર્થ વડે દર્દીને મારવામાં આવેલ. દર્દીને માથાના ભાગે ઈજા થયેલ હતી. શરીરના પાછળના ભાગે ઈજા થયેલ હતી તથા બંને પગ તેમજ જમણી બાજુના બાહુ તથા અગ્રબાહુના ભાગે ઈજા થયેલ હતી. દર્દી બેભાન થઈ ગયેલ તેવી પણ હીસ્ટ્રી લખાવેલ. આ સિવાય દર્દીને ઉલટી થઈ હોય, કાન, નાક તથા ગળામાંથી લોહી નીકળ્યુ હોય કે ખેચ આવી હોય તેવી હીસ્ટ્રી ન હતી. ડોકટરશ્રીએ દર્દીને તપાસતા નીચે મુજબની ઈજાઓ જોવા મળેલ.૧.ડાબા પગના ભાગે ૧*૧ સેમીના માપનુ સી.એલ.ડબલ્યુ જોવા મળેલ. ૨.જમણા બાહુના ભાગે ૪*૨ સેમીના માપનુ કપાયેલો ઘા જોવા મળેલ. ૩. ડાબા પગના ભાગે ૨*૩ સેમીના માપનુ સી.એલ.ડબલ્યુ જોવા મળેલ. ૪. શરીરના પાછળના ભાગે સોળ પડયા હોય તેવા પ્રકારના ચકામા જોવા મળેલ. ડોકટરશ્રી દ્વારા દર્દીને તપાસતા દર્દી સભાન અવસ્થામાં હતુ. દર્દીના વિવિધ એક્સ રે કરાવવામાં આવેલા. એકસ રે માં ૧. ડાબા પગના ટીબીયા નામના હાડકાનુ ફ્રેકચર જોવા મળેલ. ૨.ડાબા પગના ટીબીયા નામના હાડકાના લેટરલ કોન્ડાઈલ ભાગનુ હેરલાઈન ફ્રેકચર જોવા મળેલ. દર્દીની વધુ સારવાર માટે હોસ્પીટલના એનેસ્થેસીયા વિભાગ, મેડીસીન વિભાગ, ઓર્થો વિભાગ ને રીફર કરવામાં આવેલ. સારવાર દરમિયાન દર્દીએ તા.૨૧.૦૭.૨૦૧૯ ના રોજ ડામા ડીસ્ચાર્જ લીધેલ. સદર સર્ટીફીકેટ ડો.મોનીલ પટેલ દ્વારા લખવામાં આવેલ છે. તા. ૨૦.૦૭.૨૦૧૯ થી તા. ૨૧.૦૭.૨૦૧૯ સુધી કરેલ દર્દીની સારવાર પેપર્સ તથા એક્સ રે ના.કોર્ટમાં લાવેલ છે, જે અનુક્રમ નં. ૧ થી ૩૧ તેમજ ૧૩ એક્સ રે ફોટા રજુ કરે છે, જેને સંયુક્ત રજુ દાખલ **આંક–૨૧૫** આપવામાં આવે છે. નિ.૯/૪ વાળુ દર્દીની સારવાર કર્યા અંગેનુ સર્ટી બતાવવામાં આવે છે, તેમાં ફરજ પરના મેડીકલ ઓફીસર ડો. મોનીલ પટેલ નાઓની સહી છે, આ સર્ટી તેમના હસ્તાક્ષરમાં તૈયાર કરેલ છે, તે અમારી હોસ્પીટલના રેસીડેન્ટ ડોકટર હતા તેમની સહી હું ઓળખુ છું, ડો.મોનીલ પટેલ રેસીડેન્ટશીપ પૂરી થાત તેઓ હોસ્પીટલ છોડી

દીધેલ છે. જેને રજુ દાખલ **આંક–૨૧૬** આપવામાં આવે છે. મુદ્દામાલ હથિયાર બતાવવામાં આવે છે, તે જોઈને જણાવુ છું કે આંક–૨૧૬ વાળા સર્ટીમાં દર્શાવેલ ઈજાઓ આવા હથિયારથી સંભંવિ શકે. આંક–૨૧૬ વાળા સર્ટીમાં દર્શાવેલ દર્દીની ઈજાઓ મલ્ટીપલ ઈજાઓના કારણે રક્તસ્ત્રાવ અને શોક થવાથી આવી ગંભીર પ્રકારની ઈજાથી મૃત્યુ સંભવી શકે છે.

સદરહું સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં સ્વીકારેલ છે કે, આંક–૨૧૬ ના સર્ટીમાં ત્રીજી લાઈનમાં વાદળી પેનથી અંડર લાઈન કરેલ છે તે દર્દીની જાતિ વિશે તથા અંદર રહેલ દર્દી વિશેની તથા તેણે હોસ્પીટલ છોડેલ છે તે વિશે તથા તેને યાદી સાથે રજુ કરેલ છે તે વિશેની છે. આજ રોજ મેં કોઈ પોલીસ યાદી રજુ કરેલ નથી. સર્ટીમાં એવુ લખેલ છે કે દર્દીને પોલીસ યાદી સાથે રજુ કરેલ છે. તે વાત ખરી છે કે દર્દી સભાન અવસ્થામાં અને બોલી ચાલી શકતો હોય તો હીસ્ટ્રી તેના કહેવા મુજબ લખવામાં આવે છે. તે વાત ખરી છે કે આંક–૨૧૬ વાળા સર્ટીમાં હીસ્ટ્રી ઓફ ઈન્ફોર્મન્ટ લખેલ છે તેના પછી ચેકચાક કરેલ છે. તે વાત ખરી છે કે આ સર્ટીમાં હુમલો કરનાર વ્યક્તિનુ, નામ કયાં હથિયારથી ઈજા છે તે લખાવેલ નથી. તે વાત ખરી છે કે કયાં વિસ્તારમાં બનાવ બન્યો તે ચોકકસ વિસ્તાર લખાવેલ નથી. ઈજા કેટલા સમય પહેલાની છે તે ઈજાના કલર પરથી ખબર પડે. તે વાત ખરી છે કે આ સર્ટીમાં ઈજા કેટલા સમય જુની હતી તે દર્શાવેલ નથી. તે વાત ખરી છે કે ઈજાની લંબાઈ, પહોળાઈ અને ઉંડાઈથી ખબર પડે કે કેટલા માપની ઈજા છે. તે વાત ખરી નથી કે આંક–૨૧૬ વાળા સર્ટીમાં ઈજાની લંબાઈ અને પહોળાઈ દર્શાવેલ નથી. તે વાત ખરી છે કે ઈજાની ઉંડાઈ દર્શાવેલ નથી. તે વાત ખરી છે કે સર્ટીમાં ઈજાની લંબાઈ, પહોળાઈ લખેલ છે અને ઉંડાઈ લખેલ નથી તેથી ઈજા બોથડ પ્રદાર્થથી થયેલ છે કે તીક્ષ્ણ હથિયારથી થયેલ છે તે હું કહી શકુ નહી. આ દર્દીએ મેડીકલ એડવાઈઝની વિરૂદ્ધ ડીસ્ચાર્જ લીધેલ હતુ. તે વાત ખરી છે કે મેડીકલ એડવાઈઝ વિરૂદ્ધ ડીસ્ચાર્જ લીધેલ હોય અને બે ત્રણ કલાક સુધી સારવાર ન લીધી હોય તો કોમ્પ્લીકેશન થઈ શકે છે. તે વાત ખરી નથી કે ઈજાની સારવાર માટે ટાકા લીધેલા હોય અને પછી સારવાર ન લેવામાં આવે તો તે ભાગની ચામડી મરી જાય છે. તે વાત ખરી છે કે આ સર્ટી મુજબ દર્દીને કોઈ ટાકા લીધેલ હોયે તેવુ જણાય આવતુ નથી. તે વાત ખરી છે કે ટાકા લેતી વખતે યોગ્ય ધ્યાન રાખવામાં ન આવે તો લોહી વહી જવાનુ પ્રમાણ વધી જાય છે. તે વાત ખરી નથી કે લોહી વહી જવાનુ પ્રમાણ વધી

જાય તો પોલીટ્રોમા થઈ શકે છે. તે વાત ખરી છે કે કોઈ વ્યક્તિને અકસ્માત થાય તો પોલીટ્રોમા થઈ શકે છે. કપાયેલો છુંદાયેલો ઘા (સી.એલ.ડબલ્યુ) તે તલવારથી થઈ શકે છે. તે વાત ખરી છે કે કપાયેલો ઘા તીક્ષ્ણ હથિયારથી થઈ શકે. તે વાત ખરી છે કે દર્દીને પાછળના ભાગે સોળ પડેલા હતા તેની લંબાઈ, પહોળાઈ બતાવેલ નથી. તે વાત ખરી છે કે આ ઈજા કેટલી જુની હતી તે સર્ટીમાં દર્શાવેલ નથી કે આ ઈજાનો કલર બતાવેલ નથી. તે વાત ખરી છે કે દર્દીને સર્ટીમાં બતાવેલ ઈજાઓ તથા ફ્રેકચર સિવાય બીજી કોઈ ઈજાઓ ન હતી. તે વાત ખરી નથી કે આંક–૨૧૬ ના સર્ટીમાં ડો. મોનીલ પટેલ નો હોદ્દો લખેલ નથી. સાહેદ જણાવે છે કે રેસીડેન્શીયલ મેડીકલ ઓફીસર તેવો કોઈ હોદ્દો સર્ટીમાં લખવામાં આવતો નથી પરંતુ મેડીકલ ઓફીસર લખવામાં આવે છે. તે વાત ખરી છે કે ૨૦૦૯ માં શુન્ય છે ત્યાં એક કરેલ છે તે જગ્યાએ કોઈની સહી નથી. તે વાત ખરી છે કે ગુજરનાર જયદીપની મેં સારવાર કરેલી નથી. તે વાત ખરી છે કે આંક–૨૧૬ વાળા સર્ટીમાં કોઈ આરોપીનુ નામ નથી.

**૩૫.૧** સદરહુ ડોક્ટર સાહેદ ગુજરનાર જયદીપને જ્યારે એલ.જી. હોસ્પિટલમાં લાવવામાં આવ્યો ત્યારે સારવાર કરનાર ડોક્ટર નથી, પરંતુ સારવાર કરનાર ડોક્ટર મુનીલ પટેલ એલ.જી. હોસ્પિટલમાં રેસીડેન્ટ ડોક્ટર છે અને તેઓ રેસિડેન્સી પૂરી થતાં હોસ્પિટલ છોડી ગયેલ હોય આ ડોક્ટર સાહેદ તેમની સહી ઓળખતા હોય તેઓએ આપેલી સારવારના કાગડોમાં તારીખ ૨૦/૦૭/૨૦૧૯ થી તારીખ ૨૧/૦૭/ ૨૦૧૯ સુધી કરાયેલ સારવાર પેપર્સ ક્રમ નંબર ૧ થી ૩૧ અને એક્સ–રે જે જુદા–જુદા ૧૩ છે તે રજુ કરનાર છે અને તેના ઉપરથી જે સારવારનું પ્રમાણપત્ર ડોક્ટર મોનિલ પટેલે આપેલું તે આંક–૨૧૬ થી ડોક્ટર મોનિલ પટેલની સહી ઓળખી બતાવી રજૂ કરનાર ડોક્ટર સાહેદ છે.

આ ડોક્ટર સાહેદ દસ્તાવેજી પુરાવા ઉપરથી સરતપાસમાં જણાવે છે કે દર્દીની હિસ્ટ્રી દર્દીના મિત્ર સાહેદ નંબર ૧૮ અનિરુદ્ધસિંહે આપેલી અને હિસ્ટ્રી મુજબ હાથીજણ પાસે સામેવાળી પાર્ટી દ્વારા બોથડ પદાર્થ પડે દર્દીને મારવામાં આવેલ છે. આમ ક્યાંય સામેવાળી પાર્ટીમાં મારનારના નામ હિસ્ટ્રીમાં જણાવેલ નથી. અગાઉ વિસ્તૃતપણે સાહેદ નંબર ૧૮ અનિરુદ્ધસિંહની પુરાવાની ચર્ચા કરી તેમાં ટાંકયા મુજબ, આ સાહેદે કોઈ ઈજા કરનારના નામ જણાવતા નથી. વધુમાં આ ડોક્ટર સાહેદ એ પણ સરતપાસમાં નોંધે છે કે, દર્દી બેભાન થઈ ગયેલ તેવી પણ હિસ્ટ્રી

લખાવેલ છે આ સરતપાસના પુરાવા માટે ઊલટ તપાસમાં ડોક્ટર સાહેદ સ્વીકારે છે કે દર્દી સભાન અવસ્થામાં અને બોલી ચાલી શકતો હોય તો હિસ્ટ્રી તેના કહેવા મુજબ લખવામાં આવે છે, સાથોસાથ એ પણ સ્વીકારે છે કે આંક-૨૧૬ વાળા સર્ટીમાં હિસ્ટ્રીમાં ઈન્ફોર્મન્ટ હિમ સેલ્ફ પૈકી હિમ સેલ્ફ પેનથી ચકેલું છે અને પછી પેશન્ટ્સ ફ્રેન્ડ (અનિરુદ્ધ ઝાલા) તેવું જણાવેલ છે. આમ સદરહુ તબીબી પુરાવા ઉપરથી પણ આરોપીઓની સંડોવણી નિઃશંકપણે પુરવાર થતી નથી. અત્રે એ પણ સાથો સાથ ધ્યાને લેવુ ઘટે છે કે, આ એલ.જી. હોસ્પિટલમાંથી જે ટેલીફોનિક વર્ધી વિવેકાનંદ નગર પોલીસ સ્ટેશનને આપવામાં આવેલી તે આંક-૨૮૫ સાહેદ નંબર ૨૯ રવિરાજસિંહ ભૂપતસિંહ રાણા તપાસ કરનાર અમલદારના ઉલટતપાસ દ્વારા આરોપી પક્ષે રજૂ રખાવેલ છે અને તેમાં નોંધમાં દર્દી ભાનમાં નથી તેવી સ્પષ્ટ નોંધ જણાઈ આવે છે. આમ દર્દી શરૂઆતથી ભાનમાં ન હોવાનું પુરવાર થાય છે અને તેથી સાહેદ નંબર ૨૫ ફરિયાદી મોહિત ફરિયાદ પક્ષના કેસ મુજબ જણાવે છે કે, આ એલ.જી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન એક્સ-રે રૂમમાં જયદીપે જણાવ્યા મુજબ મારનાર ના નામો ચિઠ્ઠીમાં લખી લીધેલા તે જણાવવાની હકીકતને મરણજનાર જયદીપ પ્રથમ સારવાર દરમિયાનથી જ ભાનમાં ન હોય આ તબીબી પુરાવાથી પણ આ હકીકતને અનુમોદન મળતું નથી અને તેથી તે રીતે તે ચિઠ્ઠી વાળી હકીકત પણ શંકાસ્પદ રહે છે.

**૩૫.૨** વધુમાં આ ડોક્ટર સાહેદના પુરાવા ઉપરથી મરણજનાર જયદીપને તારીખ ૨૦/૦૭/૨૦૧૯ ના રોજ કલાક ૭.૩૦ વાગે સાંજે દાખલ કરવામાં આવેલા અને તારીખ ૨૧/૦૭/૨૦૧૯ એટલે કે એ જ તારીખ ૨૦ મીથી ૨૧ ની મધ્યરાત્રીએ સાહેદોના જણાવ્યા મુજબ ૧૨.૩૦ કે દોઢ વાગે દરમિયાન એટલે કે ડિસ્ચાર્જ અગેન્સ્ટ મેડિકલ એડવાઈઝ લઈ લીધેલ છે. હાલના ડોક્ટર સાહેદ ઉલટ તપાસમાં એ પણ સ્વીકારે છે કે મેડિકલ એડવાઈઝ વિરુદ્ધ ડિસ્ચાર્જ લીધેલ હોય અને બે-ત્રણ કલાક સુધી સારવાર ન લીધી હોય તો કોમ્પ્લિકેશન થઈ શકે છે. અત્રે સાથો સાથ એ પણ ટાકવુ જરૂરી છે કે અગાઉ વિસ્તૃતપણે સાહેદ નંબર ૧૦ ડોક્ટર વિપુલ પ્રાણલાલ ઠક્કર કે જે સીમ્સ હોસ્પિટલના સારવાર આપનાર ડોક્ટર છે તેઓએ જણાવેલ છે કે, તારીખ ૨૧/૦૭/૨૦૧૯ ના વહેલી સવારના પાંચ વાગ્યાની આજુબાજુ તેઓની સિમ્સ હોસ્પિટલમાં મરણજનાર જયદીપને દાખલ કર્યા છે. આમ

એલ.જી. હોસ્પિટલ માંથી ૨૦મી ની મધ્યરાત્રીએ ૧૨.૩૦ – ૧.૦૦ વાગ્યા બાદ સવારના પાંચ કલાકે સિમ્સમાં દાખલ કરેલા છે અને તે બે વચ્ચેનો ગાળો ચારથી પાંચ કલાકનો છે. અત્રે પણ નોંધનીય છે કે આ બંને હોસ્પિટલની વચ્ચેનું એટલું અંતર નથી કે એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચવા માટે ચારથી પાંચ કલાકનો સમય લાગે તેવા સંજોગોમાં ઈજાઓની કોમ્પ્લિકેશન થયેલાનું નકારી શકાય તેમ નથી.

**૩૫.૩** વધુમાં અગાઉ મુદ્દા નંબર–૦૧માં ચર્ચા કરી તે મુજબ સાહેદ નંબર ૦૧ ડોક્ટર નિસર્ગ કરશનભાઈ હુમન કે જેઓ પી.એમ. કરનાર છે સાહેદ નંબર ૧૦ ડોક્ટર વિપુલ પ્રાણલાલ ઠક્કર કે જો સીમ્સમાં સારવાર કરનાર ડોક્ટર છે અને હાલના સાહેદ કે જેઓએ એલ.જી. હોસ્પિટલમાં તેઓના રેસિડેન્ટ ડોક્ટર શ્રી મોનીલ પટેલ ના હોય સારવાર આપેલ છે તે અંગેનો તબીબી પુરાવો ચકાસતા અગાઉ પણ નોંધ્યું તે મુજબ, દર્દીને મલ્ટિપલ ઈજાઓના કારણે રક્તસ્ત્રાવ અને શોક થવાથી શોક થી મૃત્યુ સંભવી શકે તેવી ઈજાઓ હતી. આમ ઈજાઓ સાપરાધ મનુષ્યવધની છે તે પુરવાર થાય છે, પરંતુ તે સાપરાધ મનુષ્યવધમાં આવી ઈજાઓ માટે આરોપીઓની સંડોવણી છે તે તબીબી પુરાવાથી પણ નિઃશંકપણે પુરવાર થતું નથી.

**૩૬.** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૨૫ મોહીત સતપ્રકાશ શર્મા ને આંક–૨૨૮ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, મારા પરિવારમાં અમે ત્રણ ભાઈઓ, ત્રણ બહેન તથા માતાપિતા અને દાદી છીએ. બનાવ સમયે જે.સી.ફાયર ડોર, વટવા ખાતે નોકરી કરતો હતો. બનાવ તા.૨૦.૦૭.૨૦૧૯ ના રોજ બનેલો. તે દિવસે સવારે પોણા દશ વાગે મારી ફઈના દિકરા જયદીપનો મારી ઉપર ફોન આવેલો અને મને જણાવેલ કે, "હું નોકરી પર જતો હતો ત્યારે હાથિજણ ગામના શૈલેષ રબારી ગાડી લઈને મારી પાછળ આવેલો અને મને બે ત્રણ વાર કટ મારીને ગાડી મારી ઉપર ચડાવવાનો પ્રયત્ન કરતા હું બાલેશ્વર સોસાયટી આગળ સાઈડમાં ઉભો રહી ગયેલો. ત્યારબાદ તે ત્યાંથી જતો રહેલો. ત્યારબાદ હું નોકરી ઉપર ગયેલો." ત્યારબાદ મેં જયદીપને ફોનમાં જણાવેલ કે, તું સાજે આવજે આપડે કેસ કરવા જઈશુ. ત્યારબાદ તે દિવસે સાંજે પોણા સાત વાગે હું મારી ફઈના ઘરે બેઠો હતો ત્યારે મારી ઉપર વિવેકાનંદનગરના પ્રેમ પટેલનો ફોન આવેલો અને મને જણાવેલ કે, જયદીપને હાથિજણના રબારીઓએ ઘેરી લીધેલ

છે અને તેઓ તેને મારી રહેલ છે. જેથી હું તથા મારી ફઈ મમતાબેન મારી બાઈક હતી તેના પર ત્યાં જવા નીકળેલ. ત્યાં બહાર મારા કુવા ઉભા હતા તેઓ બુમો પાડતા હતા કે હાથિજણના રબારીઓએ જયદીપને ઘેરી લીધેલ છે. હું અને મારી ફઈ બાઈક પર હાથિજણ પહોચેલા. ત્યાં પહોચ્યા બાદ જોતા હાથિજણ ખાતે વડનુ ઝાડ હતુ ત્યાં રોડની સાઈડમાં જયદીપ પડેલ હતો. તેને જોતા જયદીપના હાથમાં અને પગમાં વાગેલાના નિશાન હતા. અમો ગયા તે પહેલા ત્યાં પોલીસવાળા આવી ગયેલ હતા. ત્યાંથી ૧૦૮ ને ફોન કરેલો પરંતુ ૧૦૮ ને આવતા મોડુ થતુ હતુ જેથી ત્યાં રોડ પર રીક્ષા ઉભી રાખેલી અને તે રીક્ષામાં જયદીપને બેસાડી હું અને મારી ફઈ એલ.જી. હોસ્પીટલમાં લઈ ગયેલા. જયદીપ રસ્તામાં બુમો પાડતો હતો અને પાણી માંગી રહ્યો હતો. ત્યારબાદ એલ.જી.હોસ્પીટલમાં લઈ જઈ જયદીપને સારવાર માટે દાખલ કરેલ. ત્યાં હોસ્પીટલમાં જયદીપના મેં કપડા કાઢેલા અને જોયુ તો તેના બંને હાથ અને પગ તુટેલા હતા અને તેના શરીરના પાછળના બરડાના ભાગે લોખંડની પાઈપો અને લાકડીઓના નિશાનો હતા, તેના હાથમાંથી લોહી વહેતુ હતુ. ત્યારબાદ તેને એક્સરે રૂમમાં લઈ ગયેલા. ત્યાં મેં જયદીપને પુછેલુ કે તને મારવામાં કોણ કોણ હતુ તો તેણે બધાનુ નામ મને જણાવેલ. જેમાં શૈલેષ રબારી, પાર્થ ઉર્ફે ભોલિયો, મહેશ માંજરો, અમિત દેસાઈ અને તેનો નાનો ભાઈ, મનુ ભુવા, બીરજુ, અનિકેત, રવી, પ્રગ્નેશ, રામજીના પપ્પા તે સિવાય બીજા એકાદ છે જેના નામ મને હાલ યાદ આવતુ નથી, હવે કહુ છું કે, તેમાં જીગર પણ હતુ તે રીતેના મારવામાં હોવાનુ જયદીપે જણાવેલ. જયદીપે જણાવેલ કે લાકડી અને લોખંડના પાઈપથી બહુ માર મારેલ છે. ત્યારબાદ ડોકટર આવેલા અને જયદીપને એકસ રે રૂમમાં લઈ ગયેલા. ત્યાં જયદીપ પાસે એમ.આઈ. કંપનીનો ફોન હતો તે પણ તેના ખિસ્સામાં તુટી ગયેલો હતો અને જયદીપના ગળામાં સોનાની ચેન હતી તે પણ તુટીને પડી ગયેલ હતી. ત્યારબાદ થોડા સમય પછી હોસ્પીટલમાં જયદીપ બેભાન થઈ ગયેલ. ત્યારબાદ જયદીપની તબિયત વધારે બગડતા એલ.જી.હોસ્પીટલમાંથી રજા લઈ સીમ્સ હોસ્પીટલમાં લઈ ગયેલા અને ત્યાં તેની સારવાર ચાલુ કરાવેલ અને ત્યાં ચાર દિવસ સુધી દાખલ કરેલ. સારવાર દરમિયાન તારીખ ૨૪.૦૭.૨૦૧૯ ના રોજ બપોરના સમયે ડોકટરોએ જયદીપ મૃત્યુ પામેલ છે તેવુ જણાવેલુ. જયદીપે એલ.જી.હોસ્પીટલમાં એકસ રે રૂમ પાસે મને જે મારવાના નામો આપેલા તે નામો મેં લખી લીધેલા, જે નામ વાળુ લીસ્ટ હું આજ રોજ ના.કોર્ટમાં રજુ કરુ છું. ત્યારબાદ મેં પોલીસમાં ફરીયાદ

આપેલી. જયદીપને આ લોકોએ પ્લાનીંગથી જ મારેલો. મને જયદીપે જે નામો આપેલા તે માણસોને હું ઓળખુ છું, તેમાંથી આજ રોજ ના.કોર્ટમાં હાજર છે. જેમાં સદર સાહેદ આંગળી ચીધીને શૈલેષ ઉર્ફે ટાઈગર રબારી હોવાનુ ઓળખી બતાવે છે જેને ઉભો કરીને નામ પુછતા તે પોતાનુ નામ શૈલેષ ઉર્ફે ટાઈગર હોવાનુ જણાવે છે. ત્યારબાદ સાહેદ બીજા ઈસમને આંગળી ચીધીને પાર્થ ઉર્ફે ભોલીયો રબારી હોવાનુ ઓળખી બતાવે છે જેને ઉભો કરીને નામ પુછતા તે પોતાનુ નામ પાર્થ ઉર્ફે ભોલીયો હોવાનુ જણાવે છે. સાહેદ આંગળી ચીધીને અમિત દેસાઈ હોવાનુ ઓળખી બતાવે છે જેને ઉભો કરીને નામ પુછતા તે પોતાનુ નામ અમિત દેસાઈ હોવાનુ જણાવે છે.સાહેદ આંગળી ચીધીને અમિત દેસાઈનો ભાઈ હોવાનુ ઓળખી બતાવે છે જેને ઉભો કરીને નામ પુછતા તે પોતે અમિત દેસાઈનો ભાઈ હોવાનુ જણાવે છે. સાહેદ આંગળી ચીધીને મનુ ભુવા હોવાનુ ઓળખી બતાવે છે જેને ઉભો કરીને નામ પુછતા તે પોતે મનુ ભુવા હોવાનુ જણાવે છે. સાહેદ આંગળી ચીધીને જીગર હોવાનુ ઓળખી બતાવે છે જેને ઉભો કરીને નામ પુછતા તે પોતે જીગર હોવાનુ જણાવે છે. સાહેદ આંગળી ચીધીને પ્રગ્નેશ હોવાનુ ઓળખી બતાવે છે જેને ઉભો કરીને નામ પુછતા તે પોતે પ્રગ્રનેશ હોવાનુ જણાવે છે. સાહેદ આંગળી ચીધીને અનિકેત હોવાનુ ઓળખી બતાવે છે જેને ઉભો કરીને નામ પુછતા તે પોતે અનિકેત હોવાનુ જણાવે છે. મહેશ માંજરો, બીરજુ બંનેને ઓળખુ છું, જે કોર્ટમાં હાજર નથી. સાહેદ સાક્ષી બોકસમાંથી બહાર આવીને ટી.વી.સ્ક્રીનમાં જોઈને આંગળી ચીધીને આરોપી મહેશ માંજરો તથા બીરજુને ઓળખી બતાવે છે. બંને આરોપીઓને ઉભા કરી તેમનુ નામ પુછતા તેઓ પોતાનુ નામ મહેશ માંજરો તથા બીરજુ હોવાનુ જણાવે છે. નિ.પ/૧ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે તે મારા લખાવ્યા મુજબની ફરીયાદ છે અને આ ફરીયાદના દરેક પાને અને છેલ્લા પાને પોતાની સહી છે, જે ઓળખે છે, જેને રજુ દાખલ **આંક–૨૨૯** આપવામાં આવે છે.

આરોપી નં.૧,૪,૫,૮,૯,૧૦ તરફે સદરહું સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં સ્વીકારેલ છે કે, મને ગુજરાતી આવડતુ નથી. આંક–૨૨૯ વાળી ફરીયાદ મેં સીમ્સ હોસ્પીટલમાં આપેલી હતી. હું એલ.જી.હોસ્પીટલે ગયેલો ત્યારે ત્યાં પોલીસ પણ હતી. પોલીસે એલ.જી.હોસ્પીટલમાં મને પુછેલુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે સમયે મેં પોલીસને જણાવેલુ કે હમણા સારવાર કરાવવાની હોય પછી પુછજો. તે વાત ખરી છે કે હું હોસ્પીટલે જયદીપને લઈ ગયો તે પહેલા બનાવવાળા

સ્થળે પોલીસ મળેલી. તે વાત ખરી છે કે હાથિજણ અને વિવેકાનંદનગર વચ્ચે બે કે ત્રણ કીલોમીટરનુ અંતર છે. હું આઠેક વર્ષથી આ વિસ્તારમાં રહુ છું. હું વટવામાં જે.સી.ફાયર ડોર માં નોકરી કરુ છું એટલે કે અલગ અલગ જગ્યાએ ડોર લગાવવા જઉ છું તે અંગેનો કોન્ટ્રાક્ટ લઉ છું અને તેમાં મારા કામનો કોઈ ફીકસ સમય હોતો નથી, પરંતુ અમારી મરજી મુજબ કામ કરવા જઈએ છીએ. જયદીપ કયાં નોકરી કરતો હતો તે મને ખબર છે પરંતુ હાલ મને યાદ આવતુ નથી. તે પ્લાસ્ટીક મોલ્ડીંગનુ કામ હતુ તેમાં તે જતો હતો અને તેને તે નોકરી ચાલુ કરે એક મહીના જેટલો સમય થયેલો હતો. જયદીપ સવારે નવ, સાડા નવ, પોણા દશ વાગ્યાની આસપાસ જતો હતો અને તેનો સાંજે પાંચ વાગ્યાની આસપાસ છુટવાનો સમય હતો. જયદીપને નોકરીમાં જવાનો સમય અને આવવાનો સમય ફીકસ હતો નહી કે કેમ? તે મને ખબર નથી. તે વાત ખરી છે કે વડની લાઈનમાં રબારી વાસ, પઠાણ વાસ, મલેક વાસ આવેલા છે. રાવલ વાસ આવેલ છે કે કેમ તે મેં જોયેલ નથી. તે વાત ખરી છે કે ત્યાં આજુ બાજુ લોકોના રહેવાના મકાનો આવેલા છે. તે વાત ખરી છે કે બનાવવાળી જગ્યાની સામેની બાજુ દુકાનો આવેલી છે. તે વાત ખરી નથી કે દુકાનોની બાજુમાં મસ્જીદ આવેલી છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે દુકાનોની પેલી બાજુ મસ્જીદ આવેલી છે. રોડથી ત્રીસ ચાલીસ ફુટ દુર દુકાનો તથા મકાનો આવેલા છે. તે વાત ખરી છે કે વડ રોડની બાજુમાં આવેલો છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે વડથી આશરે એકાદ કી.મી. દુર હશે. તે વાત ખરી છે કે મહેમદાવાદ હાઈવે જવા માટે બે રસ્તા આવેલા છે. તેમાંથી બીજો બડોદા ગામ વાળો રસ્તો આવેલો છે. ત્યાંથી વડવાળી જગ્યા આવે છે કે કેમ? તે મને ખબર નથી. તે વાત ખરી છે કે મારી ફરીયાદમાં જયદીપનો મોબાઈલ નંબર લખાવેલ નથી. તે વાત ખરી છે કે મારી ફરીયાદમાં પ્રેમ પટેલનો પણ મોબાઈલ નંબર લખાવેલ નથી. તે વાત ખરી છે કે મેં મારી ફરીયાદમાં " અને બહાર મારા કુવા બુમો પાડતા હતા કે હાથિજણ રબારીઓએ ઘેરી લીધેલ છે" તેવુ લખાવેલ નથી. તે વાત ખરી છે કે જયદીપને અમોએ ઉચકીને રીક્ષામાં બેસાડેલ. હું પણ રીક્ષામાં બેસેલો. જયદીપને હાથે અને પગે લોહી નીકળતુ હતુ. મેં લોહી બંધ કરવાનો પ્રયાસ કરેલ નહી. મારા કપડા લોહી વાળા થયેલા નહી પરંતુ પેન્ટમાં થોડોક ડાઘ લાગી ગયેલ. જયદીપની માતાના લોહીવાળા કપડા થયેલા કે કેમ તેની મને ખબર નથી. જયદીપને મેં તથા બીજા બે ત્રણ જણાએ ઉચકીને રીક્ષામાં બેસાડેલ. બીજા બે ત્રણ જણના કપડા લોહી વાળા થયેલા કે કેમ તેની મને ખબર નથી. મારા હાથ લોહી

વાળા થયેલા કે કેમ તે મને હાલ યાદ નથી. રીક્ષામાં લોહી પડેલુ કે કેમ તે મને ખબર નથી. રીક્ષાવાળો મારા ઓળખીતામાં ન હતા. રીક્ષાનો નંબર મને ખબર નથી અને મેં જોયેલો પણ ન હતો. હું બનાવવાળી જગ્યાએ ચાર પાંચ મીનીટમાં પહોચી ગયેલો. મેં ૧૦૮ ને ફોન કરેલો નહી. રીક્ષાનુ ભાડુ તે સમયે આપેલુ નહી, પરંતુ તે પછીથી લઈ ગયેલો. એલ.જી.હોસ્પીટલથી સીમ્સ હોસ્પીટલમાં કેટલા વાગે પહોચેલા તે મને હાલ યાદ નથી. હું આરોપીઓને બનાવ પહેલાથી જ ઓળખુ છું. તે વાત ખરી છે કે બનાવ મેં નજરે જોયેલ નથી. હું અનિરૂદ્ધસિંહ ગજેન્દ્રસિંહ ઝાલા તથા અર્જુનસિંહ રણજીતસિંહ ઝાલાને ઓળખુ છું. જયદિપની સામે મારામારિનો કેસ થયેલ. તે વાત ખરી છે કે મેં મારી પોલીસ રૂબરૂની ફરીયાદ તથા મારા વધારાના નિવેદનમાં "જયદીપે એલ.જી.હોસ્પીટલમાં એકસ રે રૂમ પાસે મને જે મારવાના નામો આપેલા તે નામો મેં લખી લીધેલા"તે હકીકત લખાવેલ નથી. તે વાત ખરી છે કે ફરીયાદ કર્યા બાદ આજ દીન સુધી મેં હું કહુ છું તેવુ લીસ્ટ મેં પોલીસને રજુ કરેલ નથી. તે વાત ખરી નથી કે મેં જયદીપનો એમ.આઈ. કંપનીનો ફોન પોલીસમાં જમા કરાવેલ નથી. તે વાત ખરી છે કે પોલીસે મારો મોબાઈલ પોલીસે જમા લીધેલ નથી. તે વાત ખરી છે કે જયદીપને માથા પર કોઈ ઈજા થયેલી નઈ. તે વાત ખરી છે કે મેં ડોકટર સાહેબને જયદીપને કોણે મારેલ છે તેવુ કહેલ નથી. તે વાત ખરી છે કે મેં મારી ફરીયાદમાં જયદીપને કઈ વ્યક્તિએ કયાં હથિયારથી કઈ જગ્યાએ માર મારેલી તેવી હકીકત જણાવેલ નથી. તે વાત ખરી છે કે મારી જુબાની દરમિયાન જયદીપના પિતા હાજર હતા. તે વાત ખરી નથી કે જયદિપના પિતાના કહેવાથી હું આરોપીઓને ખોટી રીતે ઓળખી બતાવુ છું. તે વાત ખરી નથી કે આરોપીઓને સંડોવવા સારુ આખી ઘટના ચર્ચા કરીને ખોટો બનાવ ઉભો કરેલ છે. તે વાત ખરી છે કે મારા કપડા પોલીસે કબજે લીધેલ નથી. તે વાત ખરી છે કે આરોપીઓની કોઈ ઓળખપરેડ મારી રૂબરૂ કરાવેલ નથી.

**૩૬.૧** સદરહુ ફરિયાદી ઉલટતપાસમાં સ્વીકારે છે કે, પોતે બનાવ નજરે જોયેલ નથી. આમ આરોપીઓની જે સંડોવણી છે તે આ સાહેદ દ્ધારા ફરિયાદ પક્ષના કેસ મુજબ મરણજનાર જયદીપને એલ.જી. હોસ્પિટલ લાવવામાં આવ્યો ત્યારે સારવાર દરમિયાન એક્સ-રેમાં મરણજનાર જયદીપે આ ફરિયાદીને મારનારના નામો આપેલા અને તે આ ફરિયાદીએ લખી લીધેલા અને તે વાળું લિસ્ટ એટલે કે ચિઠ્ઠીનું

મુખ્ય સ્ત્રોત છે. અત્રે ઉલ્લેખનીય છે કે સરતપાસમાં આ ફરિયાદી જણાવે છે કે જયદીપે એલ.જી. હોસ્પિટલમાં એક્સ–રે રૂમ પાસે મને જે મારનારના નામો આપેલા તે નામો મેં લખી લીધેલા જે નામ વાળું લિસ્ટ હું આજરોજ નામદાર કોર્ટમાં રજૂ કરું છું પરંતુ અત્રે એ નોંધવું જરૂરી છે કે ન તો ફરિયાદ પક્ષ દ્વારા આવો પુરાવો હોવા છતાં આવું કોઈ લિસ્ટ રજૂ થયેલ નથી કે જુબાની નોંધતી વખતે તત્કાલીન પ્રિસાઈડિંગ ઓફિસર શ્રી એ પુરાવાના કામે કોઈ આંકે આપેલ છે. આમ આવા દસ્તાવેજી પુરાવાના અભાવમાં આ સંડોવણી અંગેનો ફરિયાદીનો પુરાવાની ચર્ચા કરવાની રહે છે. આજે હકીકત ફરિયાદીએ સરતપાસમાં જણાવી છે તેના માટે ઉલટ તપાસમાં એ સ્વીકારે છે કે આંક–૨૨૯ વાળી ફરિયાદ કે પોતાનું વધારાનું નિવેદન તારીખ ૨૫ જુલાઈ ૨૦૧૯ મા સરતપાસમાં જે જણાવે છે તેવા નામો લખી લીધેલાની લિસ્ટ વાળું હકીકત લખાવ્યું નથી. એટલું જ નહીં પરંતુ ઉલટ તપાસમાં એ પણ સ્વીકારે છે કે ફરિયાદ કર્યા બાદ આજ દિન સુધી પોતે જે કહે છે તેવું લિસ્ટ પોલીસમાં રજૂ કરેલ નથી. આમ સરતપાસમાં પણ પહેલ વહેલી વાર આ ફરિયાદી નામો લખી લીધેલાની લિસ્ટ અંગેની હકીકત જણાવે છે અને રજુ કરું છું તેવું જણાવે છે અલબત્ત રજૂ થયું નથી અને પુરાવાના કામે આંકે અપાયેલ નથી તે બીજા નંબરની વાત છે, પરંતુ આવો મૌખિક પુરાવો પણ આ ફરિયાદી પહેલ વહેલની વાર કોર્ટમાં આપે છે જેથી ગુનાના કામે આરોપીઓની સંડોવણી માટેનો મુખ્ય સ્ત્રોત રૂપી જે આ પુરાવો છે તેમાં જ આ ફરિયાદીનો વિરોધાભાસી પુરાવો ફરિયાદ પક્ષના કેસને શંકા રહિત કરતો નથી જેથી સંડોવણી માટે શંકા યથાવત રહે છે.

**૩૬.૨** આ ફરિયાદી સાહેદ ગુનાના હેતુ અને કારણ માટે આંક–૨૨૯ ની ફરિયાદ અને સરતપાસના પુરાવામાં બનાવના દિવસે તારીખ ૨૦/૦૭/૨૦૧૯ ના રોજ સવારે બનેલો બનાવ જણાવે છે. જેમાં ગુજરનાર જયદીપ આ ફરિયાદીને ફોન કરે છે અને કહે છે કે પોતે નોકરી જતો હતો તે વખતે બાલેશ્વર નજીક હાથીજણ ગામનો શૈલેષ રબારી ફોરવીલ ગાડી લઈને આવેલો અને રસ્તામાં બે ત્રણ વાર કટ મારી ગાડી ઉપર નાખતા જયદીપ બાલેશ્વરમાં આગળના ભાગે ઉભો રહી ગઈ અને તે લોકો ત્યાંથી જતા રહેતા પોતે સીધો નોકરી ઉપર ગયો ત્યારે આ ફરિયાદીએ જયદીપ ને એવી વાત કરે કે તું સાંજે આવશે ત્યારે આપને કેસ કરવા જઈશું આ સવારના બનાવવા માટે ફરિયાદી પોતે સવારથી જાણતા હોવા છતાં અને સાંજના સમયે આ

ફરિયાદી મરણજના જયદીપના ઘરે જઈને જયદીપની માતા સાહેદ નંબર ૨૨ મમતાબેન સાથે ઘરે બેઠેલો હોય છે. ઘરના આગળના ભાગે સ્ટુડિયોમાં જયદીપના પિતા સાહેદ નંબર ૧૫ રામહરે રામદિન શર્મા હોય છે તેમની સાથે જયદીપનો ભાઈ સાહેદ નંબર ૧૯ ધનંજય રામહરી શર્મા હોય છે તેમ છતાં આ બનાવની વાત આ ફરિયાદી આ ત્રણેય કુટુંબીજનોને કરતા નથી. જેથી સમગ્ર પુરાવા દરમિયાન આ હકીકત આ ત્રણે કુટુંબીજનોએ ક્યાંય જણાવેલ નથી અને ફરિયાદી સૌપ્રથમ પહેલીવાર ફરિયાદમાં આંક−૨૧૯ માં જણાવે છે કે જે ફરિયાદ માટે ફરિયાદી પોતે ઉલટ તપાસમાં જણાવે છે કે આ ફરિયાદ પોતે સીમ્સ હોસ્પિટલમાં આપેલી હતી એ પહેલા એલજી હોસ્પિટલમાં ગયેલા ત્યારે ત્યાં પોલીસ હતી પોલીસે ત્યાં પૂછેલું એ પહેલા બનાવ સ્થળે ફરિયાદી અને સાહેદ નંબર ૨૨ મમતાબેન ગયેલા ત્યાં સ્થળ ઉપર પોલીસ આવી ગયેલી ક્યાંય જણાવેલ નથી. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે બનાવ જે સાંજના છ સાડા છ ના અરસામાં બનેલ છે અને તે બનાવનો હેતુ અને કારણ આ ફરિયાદી સવારથી જાણતા હોવા છતાં સ્થળ ઉપર પોલીસને નથી જણાવતા. એલ.જી. હોસ્પિટલની સારવાર દરમિયાન પોલીસને નથી જણાવતા અને છેક સિમ્સ હોસ્પિટલમાં ૨૧મી તારીખના વહેલી સવારના ૫.૦૦ વાગ્યે પહોંચ્યા બાદ ફરિયાદમાં આ હકીકત જણાવે છે જે માટે સાથોસાથ સાહેદ નંબર ૨૯ તપાસ કરનાર અધિકારી રવિરાજસિંહનો ઉલટતપાસ નો પુરાવો ચકાસતાએ સ્વીકારે છે કે આંક−૨૨૯ વાળી ફરિયાદ તે કઈ જગ્યાએ નોંધવામાં આવી છે તેનો કોઈ શેરો કરેલ નથી. આમ આ ફરિયાદ ક્યાં નોંધાઈ તે પુરવાર થતી નથી, સાથોસાથ તપાસ કરનાર અધિકારીશ્રી એ પણ જણાવે છે કે ગુનો જાહેર થયાનો સમય દર્શાવેલ છે તે પહેલા ફરિયાદ નોંધવામાં આવેલ અને એ પણ સ્વીકારે છે કે ફરિયાદ તારીખ ૨૧/૦૭/૨૦૧૯ ના રોજ સવારના ૪.૦૦ વાગે નોંધવામાં આવેલી છે.

**૩૬.૩** હવે જ્યારે ફરિયાદી બનાવ માટેનો હેતુ અને કારણ જણાવવાની હકીકત વાળો શંકાસ્પદ પુરાવો આપે છે ત્યારે તેવા સંજોગોમાં કાયદાના પ્રબંધમાં ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ−૬, ૮ ના પ્રબંધ નીચે મુજબ ટાંકેલ છે.

"**કલમ−૬ એક જ વ્યવહારના ભાગરૂપ હોય તેવી હકીકતોની પ્રસ્તુતાઃ−**

હકીકતો કે જે મુદ્દા માંહેની ન હોય− (છતાં) મુદ્દા માંહેની હકીકત સાથે એવી રીતે સંકળાયેલી હોય કે એક જ વ્યવહારનો ભાગ બને− તે પ્રસ્તુત છે, પછી ભલે તે એક જ સમય અને સ્થળ પર બની હોય કે અલગ સમય અને સ્થળોએ."

"**કલમ–૮ હેતુ, તૈયારી તથા પહેલાનુ કે પછીનુ વર્તનઃ–**

કોઈ હકીકત પ્રસ્તુત છે કે જે મુદ્દા માહેની કોઈ હકીકત અથવા પ્રસ્તુત હકીકત માટેનો હેતુ અથવા તૈયારી દર્શાવતી હોય કે નિરમાણ કરતી હોય, કોઈ દાવા કે કાર્યવાહીના કોઈ પક્ષકાર અથવા પક્ષકારના પ્રતિનિધિનુ આવા દાવા કે કાર્યવાહીને લગતુ વર્તન અથવા તેમાં મુદ્દા માંહેની હકીકતોને લગતુ અથવા તેને પ્રસ્તુત તથા જેની સામેનો ગુનો કોઈ કાર્યવાહીનો વિષય હોય તેવી કોઈ વ્યકિતનુ વર્તન પ્રસ્તુત છે, જો આવું વર્તન મુદ્દા માંહેની કોઈ હકીકત અથવા પ્રસ્તુત હકીતક પર અસર કરતુ હોય અથવા તેની અસરના કારણે હોય તથા તેના પહેલાનુ હોય કે પછીનુ હોય

સમજુતી ૧ – આ કલમમાં શબ્દ "વર્તન" માં નિવેદનોનો સમાવેશ થતો નથી, સિવાય કે તેવા નિવેદનો નિવેદન ઉપરાંત કૃત્ય સાથે સંલગ્ન અથવા સમજૂતી આપતા હોય, પરંતુ આ અધિનિયમની અન્ય કોઈ કલમ હેઠળની નિવેદનની પ્રસ્તુતાને આવી સમજૂતીથી કોઈ અસર થશે નહી.

સમજુતી ૨– જ્યારે કોઈ વ્યકિતનુ વર્તન પ્રસ્તુત હોય ત્યારે તેનો હાજરીમાં તથા સાંભળતા અથવા તેને કરેલુ કોઈ નિવેદન કે જે આવા વર્તનને અસર કરતુ હોય તે પ્રસ્તુત છે."

**૩૬.૪** તેવી જ રીતે ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ –૮ કે જેમાં હેતુ તૈયારી અને પૂર્વ અથવા ત્યાર પછીનું વર્તન માટે અગત્યની થઈ પડે છે અને આરોપીઓનો આવો કોઈ હેતુ હોય આવી કોઈ તૈયારી હોય બનાવ બનતા પૂર્વનું કે ત્યાર પછીનું કોઈ સંલગ્ન વર્તન હોય તો તેવી કોઈ હકીકત બનેલ બનાવવા માટે યથાર્થ યોગ્ય હોય તેવું માની શકાય પરંતુ સાથોસાથ આ અંગેની જાણકારી અથવા માહિતી જે કોઈને હોય તેઓએ ત્વરિત જાહેર કરવી જોઈએ અને તેવી જાહેરાત ત્વરિત ન થાય અને પાછળથી વિનંતી આવી જાહેરાત થાય તો તે શંકાના દાયરામાં આવી પડે છે. તે માટે નાના સુપ્રીમ કોર્ટનો ચુકાદો **વિરેન્દ્ર વિરુદ્ધ સ્ટેટ ઓફ એમપી 2022 8SC સી668** થી પ્રસિદ્ધ થયેલ ચુકાદો ટાંકીએ તો તેમાં ઠેરવેલ છે કે, Section 6 is an exception to rule of evidence that he is a evidence is not admisable taste for applying rule of Race guest day is that statement in bracket or fact (over should be spontaneous and shoe form part of the same transaction ruling out any

possibility of concortion.

આમ ફરીયાદીનો આ અંગેનો પુરાવો ત્વરિત હોવો જોઈતો હતો અને વિલંબથી આપે છે તેથી તેમાં બનાવટની શંકા નકારી શકાય નહીં. આમ ફરિયાદીનો પુરાવો પણ સમગ્ર રીતે ચકાસતા વિશ્વસનીય ન હોય ફરિયાદ પક્ષ નિશંક પણે આરોપીઓની સંડોવણી પુરવાર કરી શકતી નથી.

**૩૭.** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૨૬ સરોજબેન વી.બારીયાને આંક–૨૪૪ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, ગઈ તા. ૨૭.૦૭.૨૦૧૯ ના રોજ વિવેકાનંદનગર પો.સ્ટે. ખાતે પો.સ.ઈ તરીકે હું ફરજ ઉપર હતી તે દરમિયાન એલ.જી. હોસ્પીટલ ખાતેથી વર્ધી મળતા ત્યાં હોસ્પીટલ પહોચેલા અને ત્યાં જઈ ફરીયાદી મોહીતભાઈ સપ્તાપ્રસાદ શર્માને મળેલ અને ત્યાં ઈજા પામનાર ફરીયાદીના ભાઈ જયદીપને સીમ્સ હોસ્પીટલમાં ખાતે દાખલ કરેલ હોય અમો સીમ્સ હોસ્પીટલ પહોચેલા. ત્યાં સીમ્સ હોસ્પીટલે પહોચીને ફરીયાદી મોહીતના લખાવ્યા મુજબની ફરીયાદ આરોપીઓ વિરૂદ્ધની લખી લીધેલી. આંક–૨૨૯ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જે ફરીયાદ આપનાર તરીકે ફરીયાદી મોહીત તથા રૂબરૂ તરીકે પોતાની સહી છે, જે ઓળખે છે. ત્યારબાદ ગુનો રજીસ્ટર કરવા સારુ સુચીપત્રની યાદી પી.એસ.ઓ. તરફ ફરીયાદના કાગળો સાથે મોકલી આપેલ. ત્યારબાદ આ કામે ફ.ગુ.ર.નં.૨૯/૨૦૧૯ થી ઈ.પી.કો. કલમ ૩૦૭,૩૨૬,૩૨૫,૪૨૭,૪૦૩ વિગેરે મુજબનો ગુનો આરોપીઓ વિરૂદ્ધ દાખલ કરવામાં આવેલો. નિ.૫/૨ વાળુ સુચીપત્ર બતાવવામાં આવે છે, તે પી.એસ.ઓ તરફ ફરીયાદ સાથે મોકલી આપેલ તે જ છે. જેને રજુ દાખલ આંક–૨૪૫ આપવામાં આવે છે.

સદરહું સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં સ્વીકારેલ છે કે, તે વાત ખરી છે કે આ ગુનાની તપાસના કામે મેં ફરીયાદ નોંધ્યા સિવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી. તે વાત ખરી નથી કે મેં ફરીયાદીના લખાવ્યા મુજબ ફરીયાદ નોંધેલ નથી.

**૩૭.૧** સદરહું સાહેદનો પુરાવો ચકાસતાં, જેઓ પોલીસ સબ ઈન્સ્પેક્ટર છે તેઓને એલ.જી. હોસ્પિટલ ખાતેથી વર્ધી મળેલ છે કે જે તપાસ કરનાર અધિકારી સાહેદ નંબર–૨૯ ના પુરાવા દરમિયાન ઉલટ તપાસમાં આરોપીપક્ષ દ્વારા આંક–૨૮૫ થી

રજૂ રખાવેલ છે જે એલજી હોસ્પિટલમાં પણ તેના જોડે પુનરોક્તિ ના જોડે ટાપુ જરૂરી છે કે દર્દી ભાનમાં નથી તેવી નોંધ છે આવી વર્ધીના આધારે હાલના સાહેબ એલજી હોસ્પિટલ પહોંચેલા ત્યાં સાહેદ નંબર ૨૫ ફરિયાદી મોહિત ને મળેલા ત્યારબાદ ઈજા પામનાર જયદીપ ને સિમ્સ હોસ્પિટલ લઈ ગયેલા હોય ત્યાં સ્કીમ શોર્ટ હોસ્પિટલ પહોંચીને સાહેદ નંબર ૨૫ ફરિયાદી મોહિતની ફરિયાદ નોંધેલ છે આમ આ સાહેબ દ્વારા માત્ર ફરિયાદ નોંધાયેલી છે અને તે વખતે ઈજા પામનાર જયદીપ ને ઈજાઓ થયેલ હોય ઈ.પી.કો. કલમ–૩૦૭ મુજબ ની ફરિયાદ લીધેલીપરંતુ તેઓના પુરાવા ઉપરથી એ પુરવાર થાય છે કે એલજી હોસ્પિટલમાંથી સૌપ્રથમ વર્ધી મળેલ છે અને તે વર્ધીમાં ઈજા પામનાર જયદીપ ભાનમાં ન હોત ન હોત હોવાનું પુરવાર થાય છે.

૩૮. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૨૭ કાનજીભાઈ ડાહ્યાજી પરમારને આંક –૨૪૯ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેઓ સને–૨૦૧૯ માં મામલતદાર ઓફિસ, વટવા ખાતે સર્કલ ઓફિસર તરીકે વટવા વિસ્તારમાં ફરજ બજાવતા હતા. તે દરમ્યાન વિવેકાનંદનગર પોલીસ દ્વારા ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા બાબતની યાદી અમોને મળેલી. પોલીસ સ્ટેશન દ્વારા યાદી મળતા તેની સાથે ગુનાવાળી જગ્યાનું પંચનામુ પણ મોકલી આપેલું. જે જોતા ગુનાવાળી જગ્યા હાથીજણ વડ પાસે રબારીવાસના નાકા ઉપર હાથીજણથી વિવેકાનંદનગર તરફ જતા રોડ ઉપરની હતી. આ ગુનાવાળી જગ્યા વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનના માણસે મને બતાવેલી. તે જગ્યા ઉપર હું તા.૦૩.૦૯.૨૦૧૯ ના રોજ ગયેલો અને ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરેલો તથા મારા હોદ્દાનો સિક્કો લગાવી મારી સહી કરીને પોલીસને આપેલ. જે નકશો મેં વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનને તે જ દિવસે યાદી સાથે પાઠવેલો. મને નિ.૦૯/૦૩ વાળી વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનને પાઠવેલ અસલ યાદી તથા તેની સાથેનો નકશો બતાવવામાં આવે છે તેમાં પોતાની સહીઓ છે જે બંને દસ્તાવેજને **સંયુક્ત આંક–૨૫૦** આપવામાં આવે છે.

સદરહું સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, પોલીસે મને જે યાદી મોકલેલી તે અસલ યાદી આજરોજ હું મારી સાથે લાવેલ નથી કે મેં રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, આંક–૨૫૦ વાળા ફોરવર્ડીંગ લેટરમાં ટુંકી સહી છે અને તેની નિચે કોઈ નામ લખેલ નથી. એ વાત ખરી નથી કે, હું

જગ્યા ઉપર ગયેલ નથી કે મેં આવો કોઈ નકશો બનાવેલ નથી. એ વાત ખરી નથી કે, મેં પોલીસ યાદીમાં મળેલી વિગત મુજબ ખોટો નકશો તૈયાર કરી આપેલો છે.

**૩૮.૧** સદરહું સાહેદનો પુરાવો ચકાસતાં, સર્કલ ઓફિસર છે કે જે ગુનાવા વાળી જગ્યાનો નકશો તૈયાર કરેલ છે અને તે આંક–૨૫૦ થી રજુ છે પરંતુ ઉલટ તપાસમાં એ સ્વીકારેલ છે કે એ નકશો તૈયાર કરવા માટે જે પોલીસી યાદી મળેલી તે અસલ લાવેલ નથી અને પુરાવાના કામે રજૂ પણ કરેલ નથી તેઓના પુરાવા ઉપરથી એ પણ ફલિત થઈ આવે છે કે જગ્યા ઉપર નો નકશો તારીખ ૦૩/૦૯/૨૦૧૯ ના રોજ તૈયાર કરેલ છે જ્યારે બનાવ તારીખ ૨૦/૦૭/૨૦૧૯ ના સાંજનો છે તેમ છતાં આંક–૨૫૦ નો નકશો જોઈએ તો ક્રમ નંબર–૨ ઉપર લઈ જવા રતાશ પડતા ડાંગર જોવા મળેલ હોવાનું જણાવેલ છે તેમજ સફેદ કલરની ertiga ગાડી તેમજ હીરો હોન્ડા સ્પ્લેન્ડર પટેલ હોવાનું જેને આવે છે આમ બનાવ બન્યા બાદ એક સવા મહિના પછી નકશો તૈયાર થતો હોય ત્યારે પણ આવી ચીજ વસ્તુ ત્યાં જ પડેલ હોવાનું નોંધવું શંકાસ્પદ જ નહીં આવે છે, તેથી ઉલટ તપાસમાં આરોપી પક્ષ દ્વારા એ જે શંકા ઉત્પન્ન કરેલ છે કે પોલીસ યાદીમાં મળેલ વિગત ઉપરથી જ નકશો તૈયાર કરી આપેલ છે કે જેને આ સાહેબ ઈનકારે છે પરંતુ તે શંકા રહિત નકશો રહેતો નથી તેથી તે રીતે આ સાહેબ પણ ફરિયાદ પક્ષના કેસને શંકા રહિત પુરાવો આપીને સમર્થન આપતા નથી વળી આ સાહેદને પોલીસ દ્વારા જગ્યા બતાવવામાં આવેલા નું પોતે જણાવે છે એટલે કે ફરિયાદ પક્ષ દ્વારા બનાવવામાં કહેવાતા હાજર સાહેદ કે ચાન્સ વિટનેસ હોવા છતાં તેઓ દ્વારા આ સર્કલ ઓફિસરને બનાવવાળી જગ્યા નો નકશો તૈયાર કરવા માટે બતાવવામાં આવેલ નથી.

**૩૯.** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૨૮ હર્ષિલ રાજેન્દ્રકુમાર પટેલ.ને આંક–૨૫૭ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, ગઈ તા.૨૪.૦૭.૨૦૧૯ ના વર્ષમાં પો.સ.ઈ તરીકે વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનમાં પોતાની ફરજ ઉપર હતા તે દરમિયાન ફ.ગુ.ર.નં.૨૯/૨૦૧૯ ના કામે ઈ.પી.કો. ૩૦૨,૩૦૭ વિગેરે ગુનાના કામે મરણજનાર જયદીપ હરીરામ શર્મા નાઓનુ સારવાર દરમિયાન સિમ્સ હોસ્પીટલ અમદાવાદ ખાતે મરણ થયેલ હોવાનુ પી.એસ.ઓ દ્વારા જાણવા મળતા તેમજ અમોને મરણજનારની લાશ પર ઈન્કવેસ્ટ પંચનામુ કરવા બાબતે ત્યાં જવા જણાવતા અમો સીમ્સ હોસ્પીટલના આઈ.સી.યુ.

વોર્ડ ખાતે ગયેલા તેમજ બે પંચો બોલાવી પંચનામાની વિગતે ગુજરનારની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં વિગતવારનુ પંચોના લખાવ્યા મુજબનુ લખી લીધેલુ. **આંક–૧૨૧** વાળુ ગુજરનારની લાશનુ અસલ ઈન્કવેસ્ટ પંચનામુ બતાવવામાં આવે છે, તેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ છે જે ઓળખી બતાવે છે.

**૩૯.૧** સદરહું સાહેદનો પુરાવો ચકાસતાં, સદરહુ પોલીસ સાહેદ દ્વારા મરણજનાર જયદીપના લાશનુ ઈન્કવેસ્ટ પંચનામું થયેલું છે. જે આંક–૧૨૧ વાળું પંચનામાના બે પંચો વિશાલ રામાશરે યાદવ અને કૃણાલ રાજેન્દ્રભાઈ પટેલ નાઓને આરોપી પક્ષ દ્વારા કબુલાતથી પુરાવાના કામે આંકે પડાવેલ હોય ફરિયાદ પક્ષ દ્વારા આ બે પંચ સાહેદોને તપાસવામાં આવેલ નથી, પરંતુ હાલના પોલીસ સાહેદ દ્વારા પણ આંક–૧૨૧ વાળું ઈન્કવેસ્ટ પંચનામું રજૂ રખાયેલ છે, પરંતુ એટલા માત્ર થી આરોપીઓની આ મરણજનાર જયદીપની હત્યામાં સંડોવણી હોવાનું અગાઉ વિસ્તૃતપણે પુરાવામાં ચર્ચા કરી તે મુજબ પુરવાર થતું નથી. તેથી એકમાત્ર આવા આંક–૧૨૧ ના ઈન્કવેસ્ટ પંચનામા ઉપર આધાર રાખીને નિઃશંકપણે સંડોવણી પુરવાર થતી નથી.

**૪૦.** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૨૯ વીરાજસિંહ ભુપતસિંહ રાણાને આંક–૨૬૧થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, ગઈ તા.૨૧.૦૭.૨૦૧૯ ના રોજ તેઓ પો.સ.ઈ તરીકે વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા તે દરમિયાન ફ.ગુ.ર.નં.૨૯/૨૦૧૯ ના કામે ઈ.પી.કો. ૩૦૭,૩૨૫ વિગેરે ગુનાના કામની તપાસ અમોને મળતા તપાસ સંભાળી ભારે ગુનાનો રીપોર્ટ કરવામાં આવેલ. બાદ બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરવામાં આવેલ. **આંક–૧૧૬** વાળુ બનાવવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી છે જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. બાદ આ કામેના ગુજરનારના કપડા તથા મોબાઈલ ફોન ફરીયાદીએ રજુ કરેલ જે તપાસના કામે કબજે કરવા અંગે પંચનામુ કરવામાં આવેલ. **આંક–૧૨૦** વાળુ ગુજરનારના કપડા તથા ફોન કબજે કર્યાનુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી છે જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. જે કપડા પૈકી એક બ્લુ રંગનુ જીન્સનુ પેન્ટ તથા શર્ટનો ટુકડો રજુ

કરેલો અને મોબાઈલ ફોન તુટેલી હાલતમાં હતો. આ કપડા ઉપર લોહીના ડાઘા હતા.

બાદ આરોપી અમિત માલજીભાઈ દેસાઈને અટક કરવામાં આવેલ જે અંગે અટક પંચનામુ કરેલ. અટક કરતી વખતે આરોપી અમિતનો મોબાઈલ કબજે કરવામાં આવેલ જેમાં તેના ફોનની અંદર આરોપીઓ દ્વારા ગુજરનારને માર મારતા હોય તેવો વીડીયો મળી આવેલ તથા એક કોલ રેકોર્ડીંગ મળી આવેલ જેમાં આરોપી આ કામેના સાહેદ સચિન ભરવાડ સાથે ગુનાને લગતી વાતચિત કરતો હોય તે રીતેનો ઓડીયો મળી આવેલ. **આંક–૧૧૩** વાળુ આરોપી અમિતનુ શરીરસ્થિતિનુ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી છે જે જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે.

બાદ આરોપીઓ શૈલેષ, પાર્થ, મહેશ ઉર્ફે માંજરો તથા બીરજુ નાઓને અટક કરવામાં આવેલ. જે અંગેનુ પંચનામુ કરવામાં આવેલ. **આંક–૧૧૧** વાળુ આરોપી શૈલેષ, પાર્થ તથા મહેશની શરીરસ્થિતિનુ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી છે જે ઓળખે છે જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. આરોપી શૈલેષ પાસેથી ટાટા જેસ્ટ ગાડી તપાસના કામે કબજે લેવામાં આવેલ.

આ કામે સાહેદ સચિન ભરવાડ પાસેથી મોબાઈલ ફોન કબજે કરવામાં આવેલ જે અંગેનુ પંચનામુ કરવામાં આવેલ. જે મોબાઈલ ફોનમાં આરોપીઓ ગુજરનારને માર મારતા હોય તેવો વીડીયો મળી આવેલ. **આંક–૧૦૮** વાળુ સાહેદ સચિન ભરવાડ પાસેથી મોબાઈલ કબજે કર્યાનુ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં બે પંચ બાબુભાઈ અમરતભાઈ તથા અમરસિંહ નાઓની તથા રૂબરૂ તરીકે પોતાની સહી છે જે ઓળખે છે જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે.

આ કામે આરોપીઓ અમિત, શૈલેષ, મહેશ, બીરજુ, પાર્થ હથીયાર બાબતે કઈ જણાવવા માંગતા હોય જેથી બે પંચો સાથે અરસપરસ તથા સરકારી વાહનની જડતી કરી આરોપીઓના જણાવ્યા પ્રમાણે મનુભાઈ ભુવાના વાડામાંથી આરોપીઓ દ્વારા આગળ ચાલી પોતપોતાના ગુનામાં વાપરેલ લાકડીઓ શોધી લઈ આવતા હથીયારો રીકવર કરવામાં આવેલ જે પંચનામાની વિગતે કબજે કરેલ. **આંક–૧૨૭** વાળુ આરોપી શૈલેષ, પાર્થ, મહેશ, બીરજુ તથા અમીત નાઓએ ગુનામાં વાપરેલ હથીયાર કબજે કરેલ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં બે પંચોની તથા રૂબરૂ

તરીકે પોતાની સહી છે જે ઓળખે છે જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે.

ત્યારબાદ આ કામે આરોપી શૈલેષ, પાર્થ, મહેશ, બીરજુ તથા અમીત નાઓના બનાવ વખતે પહેરેલ કપડા તેઓના ઘરેથી પંચનામાની વિગતે કબજે કરેલ. આરોપી પાર્થ ઉર્ફે ભોલિયાના ઘરે રૂમમાંથી એક દુધિયા રંગનુ ટુકી બાયનુ ટીશર્ટ જેમાં લોહી જેવા રતાશ પડતા ડાઘા આછા છુટાછવાયા જોવા મળેલ તથા એક કાળા રંગનુ નાઈટ પેન્ટ જેમાં ઘુંટણના નીચને ભાગે લોહી જેવા ડાઘા જણાયેલા જે બેગીમાં મુકી તેમાં પંચો તથા પોતાની સહી વાળી કાપલી મુકવામાં આવેલી. આરોપી શૈલેષ ઉર્ફે ટાઈગરના ઘરે રૂમમાંથી એક દિવાલ કબાટમાંથી એક જોડી કપડા બહાર કાઢેલ તેમાં એક સફેદ રંગનુ આખી બાયનુ બ્લુ આડા પટ્ટાવાળુ ટીશર્ટ જેમાં આગળના ભાગે લોહી રતાશ પડતા ડાઘા આછા છુટાછવાયા જોવા મળેલ તથા એક કાળા રંગનુ નાઈટ પેન્ટ જેમાં આગળના ભાગે સફેદ રંગના ઉભા પટ્ટા વાળુ જેમાં જમણા પાઈચા ઉપર ઘુંટણના ભાગે લોહી જેવા ડાઘા જણાયેલા જે બેગીમાં મુકી તેમાં પંચો તથા મારી સહી વાળી કાપલી મુકવામાં આવેલી. આરોપી મહેશના ઘરે રૂમમાંથી એક દિવાલ કબાટમાંથી એક જોડી કપડા કાઢેલ જેમાં એક કાળા રંગનુ સફેદ પ્રીન્ટેડ ડીઝાઈન વાળુ ટુંકી બાયનુ શર્ટ તથા એક બ્લુ રંગનુ જીન્સ જેમાં જીન્સના ઘુટણના ભાગે ફાટેલાની ડીઝાઈન છે જેમાં કોઈ લોહીના ડાઘા જોવા મળેલ નહી. જે એક બેગીમાં મુકી તેમાં પંચો તથા મારી સહી વાળી કાપલી મુકવામાં આવેલી. આરોપી બીરજુના ઘરે રૂમમાંથી એક દિવાલ કબાટમાંથી એક જોડી કપડા બહાર કાઢેલ તેમાં એક ઘાટા ક્રીમ કલરનો ગુલાબી કુલભાતના ડીઝાઈન વાળો આખી બાયનો શર્ટ તથા એક ઘાટા છીંકણી કલરનુ પેન્ટ હતુ જેમાં લોહી રતાશ પડતા ડાઘા જોવા મળેલ નહી. જે બેગીમાં મુકી તેમાં પંચો તથા મારી સહી વાળી કાપલી મુકવામાં આવેલી. આરોપી અમિતના ઘરે રૂમમાંથી એક દિવાલ કબાટમાંથી એક જોડી કપડા બહાર કાઢેલ તેમાં એક આછા દુધીયા રંગનુ ટુકી બાયનુ ટીશર્ટ હતુ જેમાં આગળ પેટના ભાગે તથા બંને બગલના ભાગે પીળાશ પડતા ડાઘા હતા. તથા એક કાળા રંગનુ નીચેના ભાગે બંને બાજુ લીલા પટ્ટા વાળુ નાઈટી પેન્ટ જેમાં કોઈ ડાઘા જોવા મળેલ નહી જે કપડા બેગીમાં મુકી તેમાં પંચો તથા મારી સહી વાળી કાપલી મુકવામાં આવેલી. **આંક–૧૫૦** વાળુ આરોપી શૈલેષ, પાર્થ, મહેશ, બીરજુ તથા અમીત નાઓએ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કરેલ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી છે જે ઓળખે છે જે તપાસના કામે

સામેલ રાખેલ તે જ છે.

બાદ આ કામે તા.૨૪.૦૭.૨૦૧૯ ના રોજ પી.એસ.ઓ. નાઓને ટેલીફોન વર્ધી આવેલ જેમાં ગુજરનાર હોસ્પીટલમાં મરણ ગયેલ હોય જેથી સાથેના પો.સ.ઈ શ્રી એચ.આર.પટેલ નાઓને હોસ્પીટલમાં મોકલવામાં આવેલ. તેમણે હોસ્પીટલ માંથી આવી ઈન્કવેસ્ટ પંચનામુ, મરણોત્તર ફોર્મ તથા લાશના કબજા મેળવવા અંગે હોસ્પીટલને લખેલ યાદીની નકલ તથા પી.એમ. કરવા માટે સી.એમ.ઓ. સિવિલ હોસ્પીટલને લખેલ યાદીની નકલ આપતા તપાસના કામે સામેલ રાખેલ. **આંક–૧૨૧** વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ બતાવવામાં આવે છે જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. બાદ આ કામે આરોપીઓ વિપુલભાઈ, મનુભાઈ, રવીભાઈ મેલાભાઈ, પ્રગ્નેશભાઈ, અનિકેત, જશુ ભુવા, કા.સં.કી.૧ નાઓની અટક કરવામાં આવેલી. જે અંગે તેઓની શરીરસ્થિતિનુ પંચનામુ બે પંચોની હાજરીમાં કરી તપાસના કામે સામેલ રાખેલ. **આંક–૧૪૦** વાળુ સદર પંચનામુ બતાવવામાં આવે છે તેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી છે. જે ઓળખે છે.

ત્યારબાદ આ કામેના આરોપીઓ વિપુલભાઈ, મનુભાઈ, રવીભાઈ મેલાભાઈ, પ્રગ્નેશભાઈ, અનિકેત, જશુ ભુવા, કા.સં.કી.૧ નાઓ ગુનાના કામે વાપરેલ હથીયાર બાબતે જણાવવા માંગતા હોય બે પંચો તથા સરકારી વાહનની અરસપરસ જડતી કરી આરોપીઓએ હાથીજણ વડ પાસેથી ડાબી બાજુ ગોગા મહારાજના મંદિરના પાછળના ભાગે ગાડી ઉભી રખાવી આરોપી વિપુલ તથા રવી રબારી મંદિરના પાછળના ભાગે બાવળની બાજુ હાથનો ઈશારો કરી હથીયારો બાવળીયામાં મુકેલા છે તેવુ જણાવતા બંને આરોપીઓને સદર જગ્યાએ લઈ જઈ તપાસ કરતા ત્યાંથી બે લોખંડની પાઈપો તથા પાંચ લાકડીઓ બહાર કઢાવી તમામ આરોપીઓને પોતપોતાના હથિયારો લઈ લેવા જણાવતા વિપુલભાઈએ લોખંડની પાઈપ, મનુભાઈએ વાંસની લાકડી, રવીભાઈએ લોખંડની પાઈપ, પ્રગ્નેશભાઈએ વાંસની લાકડી, અનિકેતે વાંસની લાકડી, જશુભાઈએ વાંસની લાકડી, કા.સં.કી.૧.એ વાંસની લાકડી પોતાની પાસે લઈ લીધેલ. આ તમામ પાઈપો અને લાકડીઓ મુદ્દામાલ અલગ અલગ બેગીમાં મુકી પંચોની તથા મારી સહી વાળી કાપલીઓ તેમાં મુકી પંચનામાની વિગતે કબજે કરેલ. **આંક–૧૬૨** વાળુ આરોપીઓ પાસેથી હથિયારો કબજે કર્યાનુ પંચનામુ બતાવવામાં આવે છે, તેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી છે જે ઓળખે છે, જે તપાસના કામે સામેલ રાખેલ. બાદ

આ કામે આરોપીઓ વિપુલભાઈ, મનુભાઈ, રવીભાઈ મેલાભાઈ, પ્રગ્નેશભાઈ, અનિકેત, જશુ ભુવા, કા.સં.કી.૧ નાઓ બનાવ વખતે પહેરેલ કપડા તેઓના ઘરેથી પંચનામાની વિગતે કબજે કરેલ.

આરોપી અનિકેતના ઘરે રૂમમાંથી દિવાલ કબાટમાંથી એક કાળા રંગનો આખી બાયનો શર્ટ તથા એક કોફી રંગનો કોટન જીન્સ પેન્ટ કાઢેલ હતા તેમાં કોઈ નોધપાત્ર નિશાન કે ડાઘા જોવા મળેલ નહી. જે બેગીમાં મુકી તેમાં પંચો તથા મારી સહી વાળી કાપલી મુકવામાં આવેલી. આરોપી વિપુલે તેના ઘરના પ્રથમ રૂમમાં આવેલી લોખંડની તિજોરીમાંથી એક બ્લુ તથા લાલ રંગના ચેક્સ અને સફેદ લાઈનીંગ વાળી શર્ટ કાઢેલ જેમાં જમણા હાથની બાય ઉપર આછા રતાશ પડતા લોહી જેવા ડાઘ જણાયેલા. તથા એક બ્લુ રંગનુ નાઈટ પેન્ટ કાઢેલ હતા તેમાં કોઈ નોધપાત્ર નિશાન કે ડાઘા જોવા મળેલ નહી. જે બેગીમાં મુકી તેમાં પંચો તથા પોતાની સહી વાળી કાપલી મુકવામાં આવેલી. આરોપી પ્રગ્નેશે તેના ઘરના રૂમમાં દિવાલમાં બનાવેલ ખાનામાંથી એક કાળા રંગનુ ગ્રે રંગની ડીઝાઈન વાળુ ટુકી બાયનુ ટીશર્ટ તથા ગ્રે રંગનુ કોટનનુ જીન્સ પેન્ટ પેન્ટ કાઢેલ હતા જેમાં પેન્ટમાં આછા પીળાશ પડતા ડાઘા તથા જમણા પાઈચા ઉપર પાછળના ભાગે રતાશ પડતા ડાઘા જોવા મળેલ. જે બેગીમાં મુકી તેમાં પંચો તથા પોતાની સહી વાળી કાપલી મુકવામાં આવેલી. આરોપી જશુ ભુવા નાઓએ તેના ઘરમાં એંગલ ઉપર ટીંગાળેલ એક પોપટી રંગનો આખી બાયનો શર્ટ તથા ભુખરા રંગનુ પેન્ટ કાઢેલ હતા. તેમાં કોઈ નોધપાત્ર નિશાન કે ડાઘા જોવા મળેલ નહી. જે બેગીમાં મુકી તેમાં પંચો તથા પોતાની સહી વાળી કાપલી મુકવામાં આવેલી. આરોપી રવીએ તેના ઘરમાં દિવાલમાં બનાવેલ ખાનામાંથી એક કાળા રંગનુ સફેદ તથા આછા પીળા રંગનુ ફાટેલા જેવી ડીઝાઈનનુ ટુકી બાયનુ ટીશર્ટ તથા સીલેટીયા રંગનુ નાઈટ પેન્ટ કાઢેલ હતા. જે પેન્ટના જમણા પાઈચા ઉપર ઘુંટણ નીચે ફાટેલુ હતુ. તેમાં કોઈ નોધપાત્ર નિશાન કે ડાઘા જોવા મળેલ નહી. જે બેગીમાં મુકી તેમાં પંચો તથા પોતાની સહી વાળી કાપલી મુકવામાં આવેલી.

આરોપી મનુ ભુવા નાઓએ તેના ઘરમાં આવેલ લોખંડની તિજોરીમાંથી એક સફેદ રંગનો બ્લુ રંગની પ્રીન્ટેડ ડીઝાઈન વાળુ ટુકી બાયનુ શર્ટ તથા કાળા રંગનુ પેન્ટ કાઢેલ હતા. તેમાં કોઈ નોધપાત્ર નિશાન કે ડાઘા જોવા મળેલ નહી. જે બેગીમાં મુકી તેમાં પંચો તથા પોતાની સહી વાળી કાપલી મુકવામાં આવેલી. આરોપી કા.સં.કી.૧ તેના ઘરમાં આવેલ દિવાલના કબાટમાંથી એક પીળા રંગની વચ્ચેના

ભાગે સફેદ પટ્ટામાં પ્રીન્ટેડ ડીઝાઈન કરેલ ટુકી બાયની ટીશર્ટ કાઢેલ જે ટીશર્ટની જમણી બાજુ કમરના ભાગે તથા પાછળના ભાગે છુટાછવાયા રતાશ પડતા લોહીના ડાઘા જણાયેલા. તથા એક કાળા રંગનુ નાઈટ પેન્ટ કાઢેલ હતુ. તેમાં કોઈ નોધપાત્ર નિશાન કે ડાઘા જોવા મળેલ નહી. જે બેગીમાં મુકી તેમાં પંચો તથા પોતાની સહી વાળી કાપલી મુકવામાં આવેલી. **આંક–૧૬૩** વાળુ આરોપીઓએ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનુ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી છે. જે ઓળખે છે.

બાદ આ કામે કા.સં.કી.૨ તથા કા.સં.કી.૩ ને અટક કરેલ જેનુ શરીરસ્થિતિનુ બે પંચોની હાજરીમાં પંચનામુ કરી તપાસના કામે સામેલ રાખેલ. બાદ આ કામે કા.સં.કી.૨ તથા કા.સં.કી.૩ નાઓએ બનાવ વખતે પહેરેલ કપડા તથા ગુનામાં વાપરેલ હથિયાર બાબતે કઈ કહેવા માંગતા હોય બે પંચો તથા સરકારી વાહનની અરસપરસ જડતી કરી પોલીસ સ્ટેશનથી બહાર નીકળી લાલગેબી થી થોડેક આગળ જતા કા.સં.કી.૩એ મનુભાઈ ભુવાજીના મકાનની આગળ પહોચી ગાડી ઉભી રાખવાનુ જણાવતા ગાડી ઉભી રાખી. બાદ કા.સં.કી.૩એ ત્યાં પોતાના મકાનમાં પ્રથમ રૂમની દિવાલમાં બનાવેલ ખાનામાંથી એક ટુંકી બાયનુ આછા બદામી રંગનુ જુના જેવુ ટીશર્ટ જેમાં અંગ્રેજીમાં ઓલવેઝ નંબર વન લખેલ તથા એક પેન્ટ ગ્રે રંગનુ પેન્ટ કાઢેલ હતા જેમાં કોઈ નોંધપાત્ર નિશાન કે ડાઘા જોવા મળેલ નહી. તથા અંદરના રૂમના ખુણામાંથી એક લાકડી લઈ કા.સં.કી.૩ પોતે બનાવ વખતે તે લાકડીનો ઉપયોગ કરેલ હોવાનુ જણાવેલ. જે લાકડીમાં છુટા છવાયા લાલ રંગના ડાઘા જોવા મળેલ હતા. ત્યારબાદ આ કામે કા.સં.કી.૨ નાઓએ પોતાના મકાનમાં પ્રથમ રૂમની દિવાલમાં બનાવેલ ખાનામાંથી એક રખીયા જેવા રંગનુ આખી બાયનો ડીઝાઈન વાળો શર્ટ તથા કાળા રંગનુ પેન્ટ કાઢેલ હતા જે પેન્ટ ઉપર આગળના ભાગે સફેદ જેવા તથા અન્ય છુટાછવાયા ડાઘા જોવા મળેલ હતા. બાદ બાજુના રૂમમાંથી એક લાકડી લઈ કા.સં.કી.૨ પોતે બનાવ વખતે તે લાકડીનો ઉપયોગ કરેલ હોવાનુ જણાવેલ. જે લાકડીમાં કોઈ નોંધપાત્ર ડાઘાના નિશાન જોવા મળેલા નહી. **આંક–૧૩૩** વાળુ કા.સં.કી.૩ તથા કા.સં.કી.૨ નાઓએ બનાવ વખતે પહેરેલ કપડા તથા ગુનામાં વાપરેલ હથિયારો કબજે કર્યાનુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી છે. જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે.

બાદ સિવિલ હોસ્પીટલ અમદાવાદ ખાતેથી ડોકટરશ્રીએ ગુજરનાર જયદીપ

શર્માનાઓની પી.એમ. નોટ મોકલી આપતા તપાસના કામે સામેલ રાખેલ. બાદ સર્કલ ઓફીસર શ્રી વટવા અમદાવાદ નાઓની કચેરી ખાતેથી ગુનાવાળી જગ્યાનો નકશો મેળવી તપાસના કામે સામેલ રાખેલ. બાદ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા જે તપાસના કામે સામેલ રાખેલ. તેમજ સાહેદ અર્જુનસિંહ તથા અનિરૂદ્ધસિંહના સીઆરપીસી ની કલમ ૧૬૪ મુજબના નિવેદન લેવડાવવા તજવીજ કરેલી. **નિ.૦૯/૦૫** વાળી મેટ્રો પોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ કોર્ટ નં. ૧૨ નાઓને સાહેદોના નિવેદન લેવડાવવા માટે પાઠવેલ યાદીની સ્થળપ્રતની બતાવવામાં આવે છે જે મારા દ્વારા તૈયાર કરેલ તેમાં પોતાની સહી છે જેને રજુ દાખલ **આંક–૨૬૨** આપવામાં આવે છે.

તપાસના કામે ઈજા પામનાર મરણ જતા મેટ્રો મેજી.કોર્ટમાં કલમ ઉમેરો કરવાનો રીપોર્ટ કરવામાં આવેલો. તપાસના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફએસએલ કચેરીમાં પૃથ્થકરણ માટે મોકલી આપેલ. બાદ ગુજરનારનુ એલ.જી.હોસ્પીટલ તથા સીમ્સ હોસ્પીટલમાં થયેલ સારવારનુ સર્ટી મેળવી તપાસના કામે સામેલ રાખેલ. **નિ.૫/૧૩** વાળી એફએસએલ.ને મુદ્દામાલ મોકલ્યાની રવાનગી નોંધની સ્થળપ્રત બતાવવામાં આવે છે. જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. જેને રજુ દાખલ **આંક–૨૬૩** આપવામાં આવે છે. **નિ. ૫/૧૯** વાળી એફએસએલ.ને મુદ્દામાલ મોલ્યાની રવાનગી નોંધની સ્થળપ્રત બતાવવામાં આવે છે. જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. જેને રજુ દાખલ **આંક–૨૬૪** આપવામાં આવે છે. **નિ.૫/૨૦** વાળી એફએસએલ.ને મુદ્દામાલ મળ્યાની પહોંચ નકલ બતાવવામાં આવે છે. જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. જેને રજુ દાખલ **આંક–૨૬૫** આપવામાં આવે છે. **નિ.૫/૨૧** વાળી ડી.એફ.એશ. ગાંધીનગરનો પત્ર બતાવવામાં આવે છે. જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. જેને રજુ દાખલ **આંક–૨૬૬** આપવામાં આવે છે. **નિ.૫/૨૨** વાળી ડી.એફ.એશ. ગાંધીનગર. વિભાગનો અહેવાલ તથા તેની સાથેનો ભા.પુ.એ.ની કલમ ૬૫(બી) મુજબનુ સર્ટીની નકલ બતાવવામાં આવે છે. જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. બચાવ પક્ષના વિ.વ.શ્રી ગોસ્વામીની રજુઆત છે કે આ કેસામાં એફએલએલ રીપોર્ટ આપનાર અધિકારીને તપાસવામાં આવેલ ન હોય સદર રીપોર્ટને આંક આપવા સામે સખત વાંધો છે. આ તબક્કે ક્રી.પો.કો.ની કલમ ૨૯૩ ને ધ્યાનમાં લેતા સદર રીપોર્ટને રજુ દાખલ **આંક–૨૬૭** આપવામાં આવે છે.

**નિ.૫/૨૩** તથા **નિ.૫/૨૪** વાળી એફએસએલ વિભાગને મુદ્દામાલ મળ્યાની પહોંચો બતાવવામાં આવે છે. જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. જેને રજુ દાખલ **આંક–૨૬૮ અને ૨૬૯** આપવામાં આવે છે.

**નિ.૫/૨૫** ડી.એફ.એશ. ગાંધીનગર. વિભાગનો અહેવાલ બતાવવામાં આવે છે. જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. બચાવ પક્ષના વિ.વ.શ્રી ગોસ્વામીની રજુઆત છે કે આ કેસામાં એફએલએલ રીપોર્ટ આપનાર અધિકારીને તપાસવામાં આવેલ ન હોય સદર રીપોર્ટને આંક આપવા સામે સખત વાંધો છે. આ તબક્કે ક્રી.પો.કો.ની કલમ ૨૯૩ ને ધ્યાનમાં લેતા સદર રીપોર્ટને રજુ દાખલ **આંક–૨૭૦** આપવામાં આવે છે. **નિ.૦૫/૨૬** વાળો એફએસએલના બાયોલોજી વિભાગનો અહેવાલ બતાવવામાં આવે છે. જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. બચાવ પક્ષના વિ.વ.શ્રી ગોસ્વામીની રજુઆત છે કે આ કેસામાં એફએલએલ રીપોર્ટ આપનાર અધિકારીને તપાસવામાં આવેલ ન હોય સદર રીપોર્ટને આંક આપવા સામે સખત વાંધો છે. આ તબક્કે ક્રી.પો.કો.ની કલમ ૨૯૩ ને ધ્યાનમાં લેતા સદર રીપોર્ટને રજુ દાખલ **આંક–૨૭૧** આપવામાં આવે છે. **નિ.૦૫/૨૭** વાળો એફએસએલના બાયોલોજી વિભાગનો પત્ર સહીતનો અહેવાલ બતાવવામાં આવે છે. જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. બચાવ પક્ષના વિ.વ.શ્રી ગોસ્વામીની રજુઆત છે કે આ કેસામાં એફએલએલ રીપોર્ટ આપનાર અધિકારીને તપાસવામાં આવેલ ન હોય સદર રીપોર્ટને આંક આપવા સામે સખત વાંધો છે. આ તબક્કે ક્રી.પો.કો.ની કલમ ૨૯૩ ને ધ્યાનમાં લેતા સદર રીપોર્ટને રજુ દાખલ **આંક–૨૭૨** આપવામાં આવે છે. **નિ.૦૫/૨૮** વાળી એફએસએલના સીરોલોજી વિભાગનો અહેવાલ બતાવવામાં આવે છે. જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. બચાવ પક્ષના વિ.વ.શ્રી ગોસ્વામીની રજુઆત છે કે આ કેસામાં એફએલએલ રીપોર્ટ આપનાર અધિકારીને તપાસવામાં આવેલ ન હોય સદર રીપોર્ટને આંક આપવા સામે સખત વાંધો છે. આ તબક્કે ક્રી.પો.કો.ની કલમ ૨૯૩ ને ધ્યાનમાં લેતા સદર રીપોર્ટને રજુ દાખલ **આંક–૨૭૩** આપવામાં આવે છે. **નિ.૦૫/૨૯** વાળી એફએસએલને મુદ્દામાલ મોકલ્યાની રવાનગી નોંધની સ્થળપ્રત બતાવવામાં આવે છે. જેને રજુ દાખલ **આંક–૨૭૪** આપવામાં આવે છે. **નિ.૦૯/૦૧** વાળી એફએસએલને મુદ્દામાલ મળ્યા અંગની પહોંચ બતાવવામાં આવે છે. જેને રજુ દાખલ **આંક–૨૭૫** આપવામાં આવે છે. **નિ.૦૯/૦૨** વાળો ડીએફએસ ગાંધીનગર

એફએસએલનો પત્ર બતાવવામાં આવે છે. જેને રજુ દાખલ **આંક–૨૭૬** આપવામાં આવે છે. **નિ.૦૯/૦૬** ડીએફએસ. ગાંધીનગર એફએસએલ વિભાગ દ્બારા **એનેક્ષર એ–૧** થી મોકલી આપેલ કાગળો કે જે બનાવના વિડીયોમાંથી મેળવેલા ફોટોગ્રાફ છે જે **કુલ પેજ ૦૪** છે. જે તપાસના કામે આવતા સામેલ રાખેલ તે જ છે. આ દસ્તાવેજોનો આંક આપવા રજુઆત કરેલ તે સામે બચાવપક્ષે વિ.વ.શ્રી પ્રજાપતીની રજુઆત છે કે આ ડોક્યુમેન્ટને તૈયાર કરનાર અધિકારીને તપાસમાં આવેલા નથી માટે આંક આપી શકાય નહી. આ તબક્કે **એનેક્ષર એ–૧** ધ્યાનમાં લેતા તે મુળભુત રીતે **આંક–૨૭૭** થી રજુ થયેલા એફએલએલના રીપોર્ટનો જ ભાગ છે આ સંજોગોમાં આ દસ્તાવેજોને અલગથી આંક આપવાની જરૂરીયાત રહેતી નથી અને આ દસ્તાવેજોને **આંક–૨૬૭** સાથે રાખવા.

બાદ આ કામે એફએસએલમાંથી પૃથ્થકરણ થઈને આવેલી સીલ્ડ અને અનસીલ્ડ સીડી પૈકીની અનસીલ્ડ સીડીમાં આરોપી અમીતભાઈ તથા ગુજરનાર વચ્ચે વીડીયોમાં થયેલ વાતચિત તેમજ એક ઓડીયો ક્લીપ જેમાં આરોપી અમિતભાઈ તથા સાહેદ સચિન ભરવાડ વચ્ચેની વાતચિત હોય જેની સ્ક્રીપ્ટ બનાવી વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી માટે સીલ્ડ સીડીઓ તેમજ રીપોર્ટ સાથે એફએસએલ.માં મોકલવામાં આવેલ. તેમજ આરોપી અમીતભાઈ તથા સાહેદ સચીનના કંટ્રોલ વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી માટે ડીએફએસ કચેરી ગાંધીનગર ખાતે મોકલી આપેલ. **નિ.૨૬૦/૧** વાળા વીડીયોની સ્ક્રીપ્ટ બતાવવામાં આવે છે જે ડીએફએસ કચેરી ગાંધીનગર ખાતે મોકલી આપેલ તે જ છે. તે સ્ક્રીપ્ટમાં મોકલનાર તરીકે પોતાની સહી છે. જે ઓળખે છે જેને રજુ દાખલ **આંક–૨૭૮** આપવામાં આવે છે. **નિ.૨૬૦/૨** વાળા ઓડીયોની સ્ક્રીપ્ટ બતાવવામાં આવે છે જે ડીએફએસ કચેરી ગાંધીનગર ખાતે મોકલી આપેલ તે જ છે. તે સ્ક્રીપ્ટમાં મોકલનાર તરીકે મારી સહી છે. જેને રજુ દાખલ **આંક–૨૭૯** આપવામાં આવે છે. **નિ.૨૬૦/૩** વાળા જે ડીએફએસ કચેરી ગાંધીનગરનુ આરોપી અમિત ઉર્ફે અમરત માલજીભાઈ દેસાઈનુ કંટ્રોલ વોઈસ રેકોર્ડીંગ ફોર્મ બતાવવામાં આવે છે. તેમાં આરોપી અમિત ઉર્ફે અમરત માલજીભાઈ દેસાઈની તથા સાઈન્ટીફીક ઓફીસરની સહી છે તથા આરોપીને વોઈસ રેકોર્ડીંગ માટે સાથે લઈ જનાર મારા તાબાના હેડ.કો. શ્રી પોપટભાઈ કટારા નાઓએ પણ તપાસ કરનાર અમલદાર વતી તેમાં સહી કરેલી છે તથા જે હું ઓળખુ છું. જેને રજુ દાખલ **આંક–૨૮૦** આપવામાં આવે છે.

**નિ.૨૬૦/૪** વાળા ડીએફએસ કચેરી ગાંધીનગરનુ સાહેદ સચિનભાઈ હરીભાઈ ભરવાડનુ કંટ્રોલ વોઈસ રેકોર્ડીંગ ફોર્મ બતાવવામાં આવે છે. તેમાં સાહેદ સચિન હરીભાઈ ભરવાડની તથા સાઈન્ટીફીક ઓફીસરની સહી છે તથા સાહેદને વોઈસ રેકોર્ડીંગ માટે સાથે લઈ જનાર મારા તાબાના હેડ.કો. શ્રી પોપટભાઈ કટારા નાઓએ પણ તપાસ કરનાર અમલદાર વતી તેમાં સહી કરેલી છે તથા જે હું ઓળખુ છું. જેને રજુ દાખલ **આંક–૨૮૧** આપવામાં આવે છે.

આ કામે કા.સં.કી.૧, કા.સં.કી.૨, કા.સં.કી.૩ નાઓ ત્રણેય જુવેનાઈલ હોય અને તેમની વિરૂદ્ધ પુરતા પુરાવા મળતા મે.પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટ જે.જે.બી. ને રીપોર્ટ કરવામાં આવેલ. ત્રણેય જુવેનાઈલને હું જોયેથી ઓળખી શકુ. સાહેદ જણાવે છે કે કા.સં.કી.૧ સિવાયના બંને કોર્ટમાં હાજર છે. સાહેદ બાકીને બંને કા.સં.કી.ને ઓળખી બતાવે છે. કા.સં.કી.૧ની ઓળખ અંગે તકરારની ન હોવાની તથા હાજરી માફી અંગે વિ.વ.શ્રી દ્વારા અરજી આપેલ છે.

સાહેદ સચીન હરીભાઈ ભરવાડ નાઓએ મારી રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે,"ગઈ કાલ તા.૨૦.૦૭.૨૦૧૯ ના રોજ સાંજના સાતેક વાગ્યાના સુમારે હાથીજણ ગામના મારા મિત્ર અમિત માલજીભાઈ રબારીએ તેમના મોબાઈલમાંથી બે અલગ અલગ વોટ્સએટ મેસેજ કરેલા, જે મેસેજ મેં ડાઉનલોડ કરીને જોયેલ તો હાથીજણ ગામના છોકરાઓ એક છોકરાને લાકડીઓ વડે આડેધડ મારતા હતા જેથી મેં અમિતને ફોન કરીને પુછેલ કે શું થયેલુ હતુ, શેની મગજમારી હતી? તેવુ પુછતા અમિતે મને જણાવેલ કે," નગરમાં પહેલા મગજમારી થઈ હતી ત્યારે તેણે મારા ભાઈને છરી મારી હતી અને આજે વડ આગળથી નીકળતા માર્યો છે. તેવી વાત કરેલી. જેથી મેં તેને કહેલ કે માથામાં વાગ્યુ નથી ને? તેવુ પછતા અમીતે કહેલ કે,ના માથામાં વાગ્યુ નથી, હું બધાને એ જ સલાહ આપતો હતો. આ તો થોડોક જ વિડીયો છે, દસથી પંદર મીનીટ મારેલ અને બધા જોતા હતા તેમ મારલ છે. તેવી વાત કરેલી. અને આજ રોજ મારી ઓફીસે આપ સાહેબે આવીને આ વીડીયો બાબતે પુછતા મારા મોબાઈલમાં મોકલેલ વિડીયો આપ સાહેબને બતાવેલ છે."

સાહેદ રીંકેશ દેવીપ્રસાદ ખત્રી નાઓએ મારી રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે,"ગઈ તા.૨૦.૦૭.૨૦૧૯ ના રોજ સાંજના સાડા છ વાગ્યાની આસપાસ મારી રીક્ષામાં વિવેકનંદનગર ખાતેથી પેસેન્જર ભરીને મણીનગર ખાતે જવા નીકળેલો અને હાથીજણ રબારી વાસના નાકે પહોચતા રબારી વાસના નાકા

પાસે માણસોનુ ટોળુ ભેગુ થયેલ હતુ તથા પોલીસ પણ હાજર હતી, જ્યાં રબારી વાસના નાકા પાસે પોલીસે મારી રીક્ષા સાઈડમાં ઉભી રખાવેલ અને પેસેન્જરને ઉતારી દીધેલ, આ વખતે મેં જોયેલ તો સાગર સ્ટુડીઓ વાળા સાગરભાઈનો છોકરો જયદીપ રોડની બાજુમાં પડેલ હતો અને બુમાબુમ કરતો હતો. જેને કોઈએ ખુબ જ માર મારેલ હતો અને જયદીપના મમ્મી અને તેનો ભાઈ મોહીત પણ ત્યાં હાજર હતા. આ જયદીપને શરીરે ખુબ જ ઈજાઓ થયેલ હોય અને ૧૦૮ ને મોડુ થાય તેમ હોય જેથી આ જયદીપને મારી રીક્ષામાં બેસાડીને જયદીપના મમ્મી અને તેનો ભાઈ મોહીત સાથે જયદીપને દવાખાને લઈ જવા નીકળેલા. આ જયદીપ રસ્તામાં ખુબ જ બુમો પાડતો હતો અને પાણી પણ માંગતો હતો. જયદીપે રસ્તામાં કહેલ કે મને સફલ હોસ્પીટલમાં લઈ ચલો, તેવુ કહેતો હતો. પરંતુ જયદીપની માતા તથા મોહીતે મને એલ.જી.હોસ્પીટલમાં લઈ જવાનુ કહેતા હું સીધો એલ.જી.હોસ્પીટલ લઈ જવા નીકળેલો અને મારી રીક્ષાની સાથે અનિરૂદ્ધસિંહ ઝાલા પણ તેમની બાઈક લઈને આવતા હતા અને હોસ્પીટલમાં પહોચતા હોસ્પીટલના માણસો સ્ટ્રેચર લઈને આવી જતા જયદીપને સ્ટ્રેચરમાં સુવડાવીને હોસ્પીટલમાં લઈ જતા હું ત્યાંથી મણીનગર ખાતે પેસેન્જરો માટે આવતો રહેલો. આ જયદીપને સીમ્સ હોસ્પીટલ અમદાવાદ ખાતે દાખલ કરેલ હતો. જ્યાં ત્રણ ચાર દિવસ પછી સારવાર દરમિયાન તે મરણ ગયેલ છે. આ જયદીપને હાથીજણ ગામમાં રબારીઓ મારેલ છે તેવુ મને જાણવા મળેલ છે."

**૪૦.૧** સદર સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે ચાર્જશીટ દાખલ કરી તે વખતે તેઓ પો.સ.ઈ તરીકે ફરજ બજાવતા હતા. એ વાત ખરી છે કે ગુજરનારને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરેલા અને ત્યાંથી વર્ધી આવેલી. એ વાત ખરી છે કે આવી કોઈ વર્ધી આ કેસમાં રજુ કરેલી નથી. મને તપાસના કાગળોમાંથી સદર એલ.જી.હોસ્પીટલની વર્ધી બતાવવામાં આવે છે જે જોઈને જણાવુ છું કે, આ વર્ધીમાં એવુ લખેલ છે કે જયદીપ રામહરી વર્માને હાથીજણ વડની નજીક સામાવાળાએ હુમલો કરી મારામારી થયેલ તેમને શરીરે ઈજા થતા રીક્ષામાં લાવી તા.૨૦.૦૭.૧૯ ના કલાક ૧૯.૩૦ વાગે ટ્રોમા વોર્ડમાં દાખલ કરેલ છે તો સારવાર યાદી આપી યોગ્ય કરશોજી. આ વર્ધીમાં નોંધ કરેલ છે કે, દર્દી ભાનમાં નથી. આ વર્ધીને રજુ દાખલ **આંક–૨૮૫** આપવામાં આવે છે. એ વાત ખરી છે કે ફરીયાદીએ એવુ જાહેર કરેલ છે કે તેઓ બનાવ સ્થળે ગયેલા ત્યારે ત્યાં ઘણા બધા

પોલીસ કર્મચારી હાજર હતા. એ વાત ખરી છે  કે તપાસના કામે મેં આવા બનાવ સ્થળે હાજર કોઈ પોલીસ કર્મચારીનુ નિવેદન નોંધેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદ કે વિશેષ નિવેદનમાં ફરીયાદીએ આરોપીઓના નામ ચીઠ્ઠીમાં લખી લીધેલ હોય તેવુ કઈ જણાવેલ નથી કે તપાસના કામે આવી કોઈ ચીઠ્ઠી મારી સમક્ષ રજુ કરેલી નથી. એ વાત ખરી છે કે ફરીયાદી કે સાહેદોએ આરોપીઓના આખા નામ, સરનામા અને વર્ણન જણાવેલા નથી. એ વાત ખરી છે કે કોઈપણ સાહેદો મારફતે આરોપીઓની ઓળખપરેડ કરાવવામાં આવી હોય તેવુ બનેલ નથી. ચોકકસ સમયની ખબર નથી કે ક્યારે ગુજરનારને તેમના સગાસંબંધી એલ.જી.હોસ્પીટલમાં અન્ય હોસ્પીટલમાં વધુ સારવાર માટે લઈ ગયેલા. એ વાત ખરી છે કે ફરીયાદમાં રાત્રીના કલાક દોઢથી બે વાગ્યા દરમિયાન ઈજા પામનાર જયદીપને અન્ય હોસ્પીટલમાં લઈ જવા માટે એલ.જી.હોસ્પીટલમાંથી લઈ ગયેલા તેવુ જાહેલ કરેલ છે. એલ.જી.હોસ્પીટલથી સીમ્સ હોસ્પીટલ સોલા ખાતે જવુ હોય તો ૧૫–૨૦ મીનીટ સમય લાગે તે હું ચોકકસ જણાવી શકુ નહી. એલ.જી.હોસ્પીટલથી સીમ્સ હોસ્પીટલ વચ્ચેનુ અંતર મને ખ્યાલ નથી. અમારા પોલીસ સ્ટેશનેથી સીમ્સ હોસ્પીટલ સોલા અંદાજે ૧૫ કી.મી. થતુ હશે. એ વાત ખરી છે કે અમારા પોલીસ સ્ટેશનથી એલ.જી.હોસ્પીટલ આશરે ૭–૮ કી.મી. થતુ હશે. એ વાત ખરી છે કે તે રીતે એલ.જી. હોસ્પીટલથી સીમ્સ હોસ્પીટલ આશરે ૭–૮ કી.મી. દુર આવેલુ કહેવાય. એ વાત ખરી છે કે ગુજરનારને જે રીક્ષામાં હોસ્પીટલમાં લઈ જવામાં આવેલ તે રીક્ષાની અમે તપાસ કરેલી નહી. ઘટના ઘટ્યા બાદ ઘટના સ્થળે પહોચેલા પોલીસ કર્મચારીઓ પૈકી કોઈએ ગુજરનારની સારવાર ચાદી આપી હોય તેવુ બનેલુ નહી. એ વાત ખરી છે કે ગુજરનાર ઉપર તીંક્ષ્ણ હથિયારથી હુમલો થયો હોય તેવુ મારી તપાસમાં ખુલેલુ નથી. એ વાત ખરી છે કે ફરીયાદમાં કે ફરીયાદીના વિશેષ નિવેદનમાં તેઓ ઘટના સ્થળે પહોચ્યા ત્યારે નાથુરામ રામદીન, અનિરૂદ્ધસિંહ ગજેન્દ્રસિંહ ઝાલા અને અર્જુનસિંહ રણજીતસિંહ ઝાલા હાજર હોય તેવુ લખાવેલુ નથી. એ વાત ખરી છે કે મેં અનિરૂદ્ધસિંહ ગજેન્દ્રસિંહ ઝાલા અને અર્જુનસિંહ રણજીતસિંહ ઝાલા નાઓના નિવેદન તા.૨૭.૦૭.૨૦૧૯ ના રોજ નોંધેલા. એ વાત ખરી છે કે નાથુરામ રામદીનનુ નિવેદન તા.૨૮.૦૭.૨૦૧૯ ના રોજ નોંધેલ. એ વાત ખરી છે કે અનિરૂદ્ધસિંહ ગજેન્દ્રસિંહ ઝાલા અને અર્જુનસિંહ રણજીતસિંહ ઝાલા નાઓએ બનાવના બે ત્રણ દિવસની અંદર આરોપીઓના પોલીસ સમક્ષ જાહેર કર્યા

હોય તેવુ બનેલુ નહી. એ વાત ખરી છે કે આંક–૨૨૯ વાળી ફરીયાદમાં તે કઈ જગ્યાએ નોંધવામાં આવી છે તેનો કોઈ શેરો કરેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા પબ્લીકની અવરજવર વાળો રોડ છે. એ હકીકત હાલ મને યાદ નથી કે બનાવ સ્થળની બાજુમાં વડની પાસે ફકીરનુ ઘર આવેલુ છે. એ વાત ખરી છે કે વડની સામેની બાજુ ઘણી દુકાનો આવેલી છે અને આજુબાજુમાં રહેણાંક વિસ્તાર આવેલો છે. એ વાત ખરી છે કે આ કેસમાં અમોએ કોઈ સીસીટીવી કેમેરા કે ફુટેજો કબજે કરેલા નથી. સાહેદ સ્પષ્ટતા કરે છે કે ત્યાં કોઈ સીસીટીવી કેમેરા ન હતા. એ વાત ખરી છે કે સામાન્ય રીતે જુલાઈ મહીનો વરસાદનો મહીનો કહેવાય. એ વાત ખરી છે કે ઘટનાસ્થળેથી કોઈ ટાયરમાર્ક કે ફુટમાર્ક મેળવેલા નથી . આ બનાવમાં ફરીયાદીના કપડા લોહીવાળા થયા હોય તેવુ મારી તપાસમાં ખુલેલુ નથી. એ વાત ખરી છે કે આંક–**૨૭૫** વાળા સુચીપત્રમાં તૈયાર કરનારની સહી નથી. ફરીયાદ નોંધવા માટે હું ગયેલો નથી.

ગુનો જાહેર થયાનો સમય દર્શાવેલ છે તે પહેલા ફરીયાદ નોંધવામાં આવેલી. એ વાત ખરી છે કે ફરીયાદ તા.૨૧.૦૭.૨૦૧૯ ના રોજ સવારના ૦૪–૦૦ વાગે નોંધાયેલ. એ વાત ખરી છે કે ફરીયાદની કોપી તાત્કાલીક સંબંધિત મેજીસ્ટ્રેટ તરફ મોકલવાની હોય છે. સાહેદ સ્પષ્ટતા કરે છે કે ફરીયાદ ૨૪ કલાકમાં મોકલી આપવાની હોય છે. તા.૨૧.૦૭.૨૦૧૯ ના રોજ હું પોલીસ સ્ટેશન ઓફીસર ઈન્ચાર્જ તરીકેનો હોદ્ધો ધરાવતો હતો. **સવાલ**–આ ગુનાની ફરીયાદ તમોએ તા.૨૩.૦૭.૨૦૧૯ ના રોજ મેજીસ્ટ્રેટ સાહેબ તરફ મોકલેલી છે? **જવાબ**– તા.૨૨.૦૭.૨૦૧૯ ના રોજ ફરીયાદ મોકલેલી છે. મારી કેસ ડાયરીમાં આ અંગે કોઈ ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે મારી તપાસ દરમિયાન કોઈપણ સાક્ષીએ પોતાના નિવેદનમાં એવુ જણાવેલુ નથી કે ત્યાં ઘટનાસ્થળે બનાવનો વિડીયો ઉતારતો હોય.

એ વાત ખરી છે કે આ ગુનાનુ ચાર્જશીટ તા.૧૬.૧૦.૨૦૧૯ ના રોજ કરવામાં આવેલુ છે. એ વાત ખરી છે કે આ ગુનાની ફરીયાદ નોંધાઈ તે પહેલા આરોપીઓ અને મરણજનાર વચ્ચે ઝઘડો થયા અંગેની બનાવના દિવસે તા.૨૦.૧૦.૨૦૧૯ ના રોજ કોઈ ફરીયાદ નોંધાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે આ કીસ્સામાં વધુ તપાસ માટે કોર્ટની પરવાનગી મેળવેલ નહી. સાહેદ સ્પષ્ટતા કરે છે કે ચાર્જશીટમાં વધુ તપાસની પરવાનગી માંગવાનો ઉલ્લેખ કરેલ છે. એ વાત ખરી છે કે અમોએ ગુજરનારના લોહીના નમુના મેળવેલાનુ પંચનામુ કરેલુ નહી. એ વાત ખરી છે કે

ગુજરનારના લોહીના નમુના મેળવનાર પોલીસ કોન્સ્ટેબલનુ નિવેદન મેં નોંધેલુ નથી. એ વાત ખરી છે કે મેં આરોપીઓના લોહીના નમુના મેળવેલા નથી. એ વાત ખરી છે કે મેં તપાસના કામે ગુજરનાર કે ફરીયાદીના સી.ડી.આર. મેળવેલા નહી. એ વાત ખરી છે કે બનાવના વિડીયોમાં ગુજરનાર કોણ છે, મારનાર કોણ છે, તેવી ઓળખપરેડ કોઈ સાહેદ પાસે મેં કરાવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓના વોઈસ સેમ્પલ મેળવવા મેં ના.કોર્ટમાંથી કોઈ પરવાનગી મેળવેલ નથી. સાહેદ સ્પષ્ટતા કરે છે કે તા.૧૬.૧૦.૨૦૧૯ ના રોજ આવી પરવાનગી માંગવામાં આવેલી છે અને કોર્ટના હુકમ વગર આરોપીના વોઈસ સેમ્પલ લેવામાં આવતા જ નથી. **સવાલ**– તા.૧૭.૧૨.૨૦૧૯ સુધી તમે આરોપીઓને વોઈસ સેમ્પલ લેવા માટે લઈ ગયેલા નહી? **જવાબ**– એફએસએલ માંથી આ કામગીરી માટે જે તારીખ આપવામાં આવે તે જ તારીખે આરોપીઓને રજુ કરવાના હોય છે. તા.૧૭.૧૨.૨૦૧૯ સુધી એફએસએલમાંથી કોઈ તારીખ મળેલી નહી.

એ વાત ખરી છે કે અનિરૂદ્ધસિંહ ગજેન્દ્રસિંહ ઝાલા નાઓએ મારી રૂબરૂના નિવેદનમાં રવી,વિપુલ અને કાકા બનાવ સ્થળે હાજર હોય તેવુ લખાવેલ નથી. સાહેદ સ્પષ્ટતા કરે છે કે તેના નિવેદનમાં અનિરૂદ્ધસિંહ મોહીત પાસે ગયા અને તેની પાસેથી જે વિગતો જાણેલી અને તે આધારે આરોપીઓના નામ આપેલા છે તેમાં રવીના નામનો ઉલ્લેખ છે. એ વાત ખરી છે કે ફરીયાદી મોહીતભાઈ અને ગુજરનાર જયદીપના પિતા રામહરી નાઓ આ બનાવના નજરે જોનાર સાહેદો નથી. એ વાત ખરી છે કે મને આ તપાસ અગાઉ અન્ય ખુન કેસની તપાસનો અનુભવ હતો.

એ વાત ખરી છે કે અનિરૂદ્ધસિંહ ગજેન્દ્રસિંહ ઝાલા અને અર્જુનસિંહ રણજીતસિંહ ઝાલા તે મરણજનાર જયદીપના મિત્રો હતા તેવુ મારી તપાસમાં ખુલેલ છે. એ વાત ખરી છે કે તા.૨૭.૦૭.૨૦૧૯ પહેલા અનિરૂદ્ધસિંહ ગજેન્દ્રસિંહ ઝાલા અને અર્જુનસિંહ રણજીતસિંહ ઝાલા નાઓના નિવેદન નોંધેલા હોય તેવુ બનેલુ નથી. એ વાત ખરી છે કે તપાસ દરમિયાન તટસ્થ સાક્ષીઓના નિવેદન નોંધવાનો આગ્રહ રાખવામાં આવેલ છે. એ વાત ખરી નથી કે આ બનાવ જાહેર જગ્યાએ બનાવ હોવા છતા અને અન્ય ઘણા લોકોએ બનાવ જોયેલ હોવા છતા મેં તટસ્થ સાહેદોના નિવેદનો નોંધેલા નથી. એ વાત ખરી છે કે અનિરૂદ્ધસિંહ ગજેન્દ્રસિંહ ઝાલા અને અર્જુનસિંહ રણજીતસિંહ ઝાલા તે મરણજનારના મિત્રો છે તેવો કોઈ ઉલ્લેખ મારી રૂબરૂના તેમના નિવેદનોમાં નથી. એ વાત ખરી છે કે અનિરૂદ્ધસિંહ ગજેન્દ્રસિંહ ઝાલા

અને અર્જુનસિંહ રણજીતસિંહ ઝાલા તથા નાથુરામ રામદીનના બનાવ સમયેના મોબાઈલ લોકેશનની મેં તપાસ કરેલી નથી. એ વાત ખરી છે કે ફરીયાદ સીમ્સ હોસ્પીટલ સોલા ખાતે લેવાયેલી. **સવાલ**– ઈજા પામનારની સ્થિતિ ગંભીર છે અને મરણ જઈ શકે છે તેવુ તમને ક્યારે લાગેલુ નહી, માટે તમે તેના ડી.ડી. નોંધવા માટેની કોઈ કાર્યવાહી કરેલી નહી? **જવાબ**– મરણજનાર ભાનમાં આવેલા નહી માટે આ કાર્યવાહી કરેલી નહી.

એ વાત ખરી છે કે મરણજનારને ઘટનાસ્થળેથી રીક્ષામા બેસાડનાર કોઈ પોલીસવાળાના કપડા લોહીવાળા થયા હોય અને તે કપડા મેં કબજે કર્યા હોય તેવુ બનેલુ નથી. અનિરૂદ્ધસિંહ ગજેન્દ્રસિંહ ઝાલા અને અર્જુનસિંહ રણજીતસિંહ ઝાલાએ પોલીસને બનાવ વખતે ફોન કરેલ હોય તેની મેં કોઈ તપાસ કરેલી નહી. એ વાત ખરી છે કે તા.૨૦.૦૭.૨૦૧૯ ના સવારના પોણા દશેક વાગ્યાના અરસામાં ગુજરનાર જયદીપ અને શૈલેષ રબારી વચ્ચે કોઈ માથાકુટ થયેલ હોય અને તે અંગે મેં તપાસ કરી હોય તેવુ બનેલ નહી. સાહેદ સ્પષ્ટતા કરે છે કે ફરીયાદીએ આ અંગે હકીકત જણાવેલ છે પરંતુ તે તકરારના કોઈ સાઈન્ટીફીક પુરાવા મળી આવેલા નહી.

**૪૦.૨** સદરહું સાહેદનો પુરાવો ચકાસતાં, સદર સાહેદ તપાસ કરનાર અધિકારીના પુરાવા દ્વારા ફરિયાદ પક્ષ સાહેદ નંબર–૬ સચિનભાઈ હરિભાઈ ભરવાડ કે જેઓની વાત આરોપી નંબર–૩ મહેશ સાથે થયેલાનો કેસ છે અને એવા સાહેદ સચિનભાઈ ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય તેઓએ પોલીસ રૂબરૂ આપેલું નિવેદન હાલના તપાસ કરનાર અધિકારી દ્વારા નિવેદન આપેલાનું પુરવાર કરવાનું પ્રયત્ન થયેલો હોવાનું જણાય આવે છે. સાહેદ સચિન ભાઈનું નિવેદન કે જે હાલના તપાસ કરનાર અધિકારી પોતાની સરતપાસમાં જણાવે છે, તે નિવેદનમાં બનાવનો હેતુ અને કારણમાં પહેલા મગજમારી થઈ હતી ત્યારે તેને મારા ભાઈને છરી મારી હતી આવું બનાવ પહેલાનું કારણ અને હેતુ હોવાનું ખુલે છે. જ્યારે ફરિયાદ પક્ષના કેસનો આ બનાવ માટે મુખ્ય હેતુ અને કારણ સાહેદ નંબર–૨૫ ફરિયાદી મોહિત સતપ્રકાશ શર્માના઼ ઓ જણાવે છે કે, તારીખ ૨૦/૦૭/૨૦૧૯ ના રોજ એટલે કે બનાવના દિવસે સવારે મરણજનાર જયદીપનો સાહેદ મોહિતને ફોન આવે છે અને જણાવે છે કે નોકરી ઉપર જતો હતો ત્યારે હાથીજણ ગામના શૈલેષ રબારી ગાડી લઈને મારી પાછળ આવેલો અને મને બે–ત્રણ વાર કટ મારીને ગાડી મારી ઉપર ચઢાવવાનો

પ્રયત્ન કરેલો, થોડીવાર ત્યાં ઉભો રહી ત્યાંથી તે જતો રહેલો અને પછી નોકરીએ ગયેલો. આ સાહેદ મોહિત મરણજનાર જયદીપને એમ જણાવે છે કે, સાંજે તું ઘરે આવ પછી કેસ કરવા જઈશું. આમ બનાવના હેતુ અને કારણમાં ફરિયાદ પક્ષના કેસમાં જ મૂળતઃ વિરોધાભાસી પુરાવો આ તપાસ કરનાર અધિકારીના પુરાવા ઉપરથી ફલિત થઈ આવે છે જેથી બનાવનો હેતુ અને કારણ જ ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

૪૦.૩ અગાઉ વિસ્તૃત પણ ચર્ચા કરી તે મુજબ મરણજનાર જયદીપને એલ.જી. હોસ્પિટલમાં સારવારમાં લાવવામાં આવ્યા ત્યારે તે ભાનમાં ન હોવા માટે આ જ તપાસ કરનાર અધિકારી દ્વારા આંક-૨૮૫ થી એલ.જી. હોસ્પિટલની વર્ધી રજૂ થયેલ છે અને તેમાં થયેલી નોંધ મુજબ દર્દી ભાનમાં નથી તે પુરવાર થયેલ છે.

૪૦.૪ તેમજ આ તપાસ કરનાર અધિકારીના પુરાવા ઉપરથી એ પણ પુરવાર થયેલ છે કે સાહેદ નંબર-૨૫ મોહિત સતપ્રકાશ શર્માના હોય પોતાની ફરિયાદ કે વિશેષ નિવેદનમાં આરોપીઓના નામ ચિઠ્ઠીમાં લખી લીધેલ હોય તેવું જણાવેલ નથી, તેમજ આવી કોઈ ચીઠ્ઠી પોતાની સમક્ષની તપાસમાં રજૂ કરેલ નથી. જેથી ગુજરનાર જયદીપએ આ સાહેદ મોહિતને જણાવેલા નામ અને એવા લખી લીધેલા નામ વાળી ચિઠ્ઠીનો પુરાવો પણ શંકા રહિત રહેતો નથી.

૪૦.૫ વધુમાં આ તપાસ કરનાર અધિકારીના પુરાવા ઉપરથી એ પણ પુરવાર થાય છે કે સાહેદ નંબર-૨૫ ફરિયાદી મોહિત કે અન્ય સાહેદોએ આરોપીઓના નામ સરનામા કે વર્ણન જણાવેલા નથી. આ તપાસ કરનાર અધિકારીના પુરાવા ઉપરથી એ પણ પુરવાર થાય છે કે કોઈપણ સાહેદો મારફતે આરોપીઓની ઓળખ પરેડ કરવામાં આવેલ નથી. આમ ઓળખ અંગે પણ પુરાવો શંકા રહિત રહેતો નથી.

૪૦.૬ ફરિયાદપક્ષ મુજબ જે નજરે જોનાર કે ચાન્સ વિટનેસ તરીકે હોવાનો સાહેદ નંબર-૧૮ અનિરુદ્ધસિંહ, સાહેદ નંબર-૨૩ અર્જુનસિંહ, કે સાહેદ નંબર-૨૦ નાથુરામ રામદિન હોવાનો જે કેસ છે તે માટે અગાઉ આ દરેક સાહેદોના પુરાવામાં વિસ્તૃતપણે ચર્ચા કરેલ જ છે, પરંતુ હાલના તપાસ કરનાર અધિકારીના પુરાવા ઉપરથી એ પુરવાર થાય છે કે, આવા સાહેદોના તપાસના કામે નિવેદનો બનાવની તારીખ ૨૦/૦૭/૨૦૧૯ ના અઠવાડિયા પછી અનુક્રમે તારીખ ૨૭/૦૭/૨૦૧૯

અને તા.૨૮/૦૭/૨૦૧૯ ના રોજ લેવામાં આવેલ છે અને તે રીતે એ સાહેદોના પુરાવા અને તપાસ કરનાર અધિકારીના પુરાવા સમગ્ર રીતે ચકાસતા આવા સાહેદોને પાછળથી ઉભા કરેલાની શક્યતાને નકારી શકાય તેમ નથી. તે રીતે પણ ફરિયાદ પક્ષનો આવો પુરાવો શંકા રહિત રહેતો નથી. વળી, તપાસ કરનાર અધિકારીના પુરાવા ઉપરથી એ પણ પુરવાર થાય છે કે, આ સાહેદ અનિરુદ્ધસિંહ અને અર્જુનસિંહ એ મરણજનાર જયદીપના મિત્રો હતા અને સાહેદ નાથુરામ તો મરણજનાર જયદીપના કાકા છે. આમ સાહેદો હિતરસ ધરાવતા હોવાનું નકારી શકાય તેમ નથી.

**૪૦.૭** ફરિયાદ પક્ષ દ્વારા એવો પણ કેસ છે કે, સાહેદ નંબર-૬ સચિન અને આરોપી નંબર-૩ મહેશ બંનેની વચ્ચે થયેલી વાતચીત અંગેનો જે કંઈ ઓડિયો હતો તેમજ વિડીયો હતો તે અંગે વીડિયોમાંથી ફોટા મેળવેલા, પરંતુ હાલના તપાસ કરનાર અધિકારી દ્વારા અપાયેલા પુરાવા ઉપરથી પુરવાર થાય છે કે આવા વીડિયો કે મેળવેલ ફોટા માટે પણ કોઈ સાહેદો દ્વારા ઓળખપરેડ થયેલ નથી. આમ આરોપીઓની ઓળખ માટેનો આવો પુરાવો પણ શંકા રહિત રહેતો નથી.

**૪૦.૮** સદર તપાસ કરનાર અધિકારીના પુરાવા ઉપરથી એ પણ પુરવાર થાય છે કે, મરણજનાર જયદીપનું ડી.ડી. નોંધવા માટેની કાર્યવાહી એટલા માટે કરવામાં આવેલી નહીં કારણ કે, દર્દી ભાનમાં આવેલા નહીં. આમ સારવાર દરમિયાન જયદીપ ભાનમાં ન હોવાનું પણ પુરવાર થાય છે. આમ સમગ્ર પુરાવાની ચર્ચા ને અંતે ફરિયાદપક્ષ આરોપીઓ વિરુદ્ધની ગુનામાં સંડોવણી નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ ન હોય ઉપરોકત તમામ ચર્ચાના અંતે **મુદ્દા નંબર-૦૨ નો** જવાબ **નકારમાં ઠરાવુ છું** અને મુદ્દા નં.૦૩ પરત્વે ન્યાયનાહીતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

## <u>-/ હુકમ /-</u>

૦૧. આથી સેશન્સ કેસ નં.૪૫૯/૨૦૧૯, વિવેકાનંદનગર પોલીસ સ્ટેશન, ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર-૨૯/૨૦૧૯ ના કામે આરોપીઓ (૧) શૈલેષ ઉર્ફે ટાઈગર ગણેશભાઈ રબારી, (૨) પાર્થ ઉર્ફે ભોલ્યો જયરામભાઈ રબારી, (૩) મહેશ ઉર્ફે માંજરો નવઘણભાઈ રબારી, (૪) અમીત ઉર્ફે અમરત માલજીભાઈ દેસાઈ, (૫) વિપુલભાઈ માલજીભાઈ દેસાઈ, (૬) બીરજુભાઈ ભલાભાઈ રબારી, (૭) મનુભાઈ ઉર્ફે મનુ ભુવો લીલાભાઈ દેસાઈ, (૮) રવિભાઈ મેલાભાઈ રબારી, (૯) પ્રજ્ઞેશભાઈ ઉર્ફે પકો લક્ષ્મણભાઈ રબારી ,(૧૦)અનિકેત ઉર્ફે અનીકેત ભુવો માલજીભાઈ રબારી, (૧૧)જશુભાઈ ઉર્ફે જહુ ભુવો પ્રભાતભાઈ દેસાઈ તમામ રહે.ગામ-હાથીજણ,

રબારીવાસ, તા.સિટી પૂર્વે, અમદાવાદ નાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧) મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૪૨૭, ૪૦૩, ૫૦૬(૨), ૧૧૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી), ૩૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) વગેરેના મુજબના ગુનામાં પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મૂકતો હુકમ કરવામાં આવે છે.

૦૨. આ કામે **આરોપી નં.૩** મહેશ ઉર્ફે માંજરો નવઘણભાઈ રબારી, **આરોપી નં.૬** બીરજુભાઈ ભલાભાઈ રબારી તથા **આરોપી નં.૮** રવિભાઈ મેલાભાઈ રબારી નાઓ જેલમાં હોય, અન્ય કોઈ ગુનામાં જરૂરીયાત ન હોય તો, આ ગુનાના કામે જેલ મુકત કરવા.

૦૩. વધુમા, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(એ) અન્વયે દરેક આરોપીને રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પૂરા)ના જામીન તથા જાતખત રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

૦૪. આ કામે બિનકિમતી મુદામાલનો અપીલ સમય બાદ જો અપીલ થયેલ ન હોય તો તે બિનકીમતી મુદામાલનો નાશ કરવો.

**સંલગ્ન જેલને જરૂરી યાદી કરવી.**

આ હુકમ આજ રોજ તારીખઃ૨૨, માહે સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ- ૨૨/૦૯/૨૦૨૫.
સ્થળ - અમદાવાદ.

**(મનીષ પ્રદ્યુમન પુરોહિત)**
અધિક મુખ્ય ન્યાયાધીશ, કોર્ટ નં.૦૨,
સિટી સિવીલ એન્ડ સેશન્સ કોર્ટ,
અમદાવાદ.
(કોડ નં. જીજે૦૦૬૦૪)

mkm